








# સમ્યગ્દર્શન

## ભાગ-૧




ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને
આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે.

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ–૪૧

ૐ

માનવભવનું મહાન કર્તવ્ય

# સમ્યગ્દર્શન

[ભાગ–૧]

(પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોમાંથી
સમ્યગ્દર્શન સંબંધી વિધવિધ લેખોનો સંગ્રહ)

卐

: સંકલન :
બ્ર. હરિલાલ જૈન
સોનગઢ

卐

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦




| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત ૧૫૦૦ | વીર સં. ૨૪૭૬ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત ૧૦૦૦ | વીર સં. ૨૪૯૧ |
| તૃતીય આવૃત્તિ | પ્રત ૧૫૦૦ | વીર સં. ૨૫૩૪ |


સમ્યગ્દર્શન (ભાગ–૧) નાં

**❁ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ❁**

શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,
પાર્લા—સાંતાક્રુઝ (મુંબઈ)
હસ્તે કેટલાંક મુમુક્ષુભાઈઓ-બહેનો

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૨૭=૭૫ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૨૪=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૧૨=૦૦ રાખવામાં આવી છે.


**કિંમત રૂા. ૧૨=૦૦**


મુદ્રક

**કહાન મુદ્રણાલય**
જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
✆ **(02846) 244081**

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

# નિવેદન

સંસારમાં મનુષ્યપણું દુર્લભ છે. મનુષ્યભવ અનંતકાળે મળે છે, પરંતુ સમ્યગ્દર્શન તો એનાથીયે અનંતુ દુર્લભ છે. મનુષ્યપણું અનંતવાર મળ્યું છે પણ સમ્યગ્દર્શન પૂર્વે કદી પ્રાપ્ત કર્યું નથી. મનુષ્યપણું પામીને પણ સમ્યક્ત્વ હીન જીવ ફરીથી પાછો સંસારમાં રખડે છે, પરંતુ સમ્યગ્દર્શન તો એવી ચીજ છે કે એકવાર પણ જો તેને પામે તો જીવનો અવશ્ય મોક્ષ થાય. માટે મનુષ્યભવ કરતાંય અનંતગણા દુર્લભ એવા સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો પ્રયત્ન કરવો એ જ આ દુર્લભ માનવજીવનનું મહા કર્તવ્ય છે. સમ્યગ્દર્શન વગર સાચું જૈનત્વ હોતું નથી; એ સમ્યગ્દર્શન મહાન દુર્લભ અને અપૂર્વ વસ્તુ હોવા છતાં તે અશક્ય નથી. સત્સમાગમે આત્મસ્વભાવનો પ્રયત્ન કરે તો તે સહજ વસ્તુ છે, આત્માના પોતાના ઘરની તે ચીજ છે.

આ કાળે આ ભરતક્ષેત્રમાં એવા સમ્યગ્દર્શનધારક મહાત્માઓની ઘણી જ વિરલતા છે, છતાં પણ તદ્દન અભાવ નથી. અત્યારે પણ ખારા પાણીના સમુદ્રમાં મીઠા પાણીની વીરડી માફક, સમ્યગ્દષ્ટિ ધર્માત્મા આ ભૂમિમાં વિચરે છે. એવા એક પવિત્ર મહાત્મા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પોતાના સ્વાનુભવપૂર્વક ભવ્ય જીવોને સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજાવી રહ્યા છે. તેઓશ્રીના સાક્ષાત્ સમાગમમાં રહીને સમ્યગ્દર્શનના પરમ મહિમાનું અને તેની પ્રાપ્તિના ઉપાયનું શ્રવણ કરવું એ માનવજીવનની કૃતાર્થતા છે. પૂ. ગુરુદેવશ્રી પોતાના કલ્યાણકારી ઉપદેશ વડે સમ્યગ્દર્શનનું જે સ્વરૂપ સમજાવી રહ્યા છે તેનો એક બહુ જ અલ્પ અંશ અહીં અપાયો છે.

જિજ્ઞાસુ જીવ એક વાત ખાસ લક્ષમાં રાખે કે સમ્યગ્દર્શન પ્રગટ થયા પહેલાં દેશનાલબ્ધિ અવશ્ય હોય છે. છ દ્રવ્ય અને નવ પદાર્થના ઉપદેશનું નામ દેશના છે અને એવી દેશનાપરિણત આચાર્ય વગેરેની

ઉપલબ્ધિને તથા તેમના દ્વારા ઉપદિષ્ટ અર્થનાં ગ્રહણ–ધારણ તથા વિચારણાની શક્તિના સમાગમને દેશનાલબ્ધિ કહે છે. (જુઓ, શ્રી ષટ્ખંડાગમ પુસ્તક ૬ પૃ. ૨૦૪) એટલે સમ્યગ્જ્ઞાની પાસેથી ઉપદેશનું સીધું શ્રવણ કર્યા વગર સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. માત્ર શાસ્ત્રના વાંચનથી સમ્યગ્દર્શન થઈ શકતું નથી. માટે જેને સમ્યગ્દર્શન પ્રગટ કરીને આ સંસારના જન્મ-મરણથી છૂટવું હોય, ફરીથી નવી માતાના પેટે ન પૂરાવું હોય તેણે સત્સમાગમનું સેવન કરીને દેશનાલબ્ધિ પ્રગટ કરવી જોઈએ. માત્ર એક સેકંડનું સમ્યગ્દર્શન જીવના અનંત ભવનો નાશ કરીને તેને ભવસમુદ્રથી પાર લઈ જાય છે. જિજ્ઞાસુ જીવો એ સમ્યક્ત્વના દિવ્ય મહિમાને સમજો અને સત્સમાગમે તે કલ્યાણકારી સમ્યક્ત્વને પામીને આ ભવસમુદ્રનો પાર પામો.—એ જ આ માનવજીવનનું મહાકર્તવ્ય છે.

‘‘શ્રી વીર–દિવ્યધ્વનિ દિન’’<br>
વીર સં. ૨૪૭૫<br>
અષાડ વદ-૧

વકીલ રામજીભાઈ માણેકચંદ દોશી<br>
પ્રમુખ<br>
શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

❀

## પ્રકાશકીય નિવેદન (દ્વિતીય આવૃત્તિ)

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ખપી જવાથી તથા આ પુસ્તક મુમુક્ષુઓને લાભદાયી જણાવાથી તેની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવે છે.

આ પુસ્તકના પઠન-પાઠનથી મુમુક્ષુ આત્મલક્ષી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માર્થને વિશેષ પુષ્ટ કરે એજ ભાવના.

પૂજ્ય બહેનશ્રીની<br>
૭૬મી સમ્યક્ત્વજયંતી<br>
ફાગણ વદ ૧૦<br>
તા. ૧-૪-૨૦૦૮

સાહિત્યપ્રકાશનસમિતિ<br>
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ<br>
સોનગઢ-૩૬૪૨૫૦

❀

# અનુક્રમણિકા


લેખ ---------- પૃષ્ઠ

કલ્યાણની મૂર્તિ સમ્યગ્દર્શન ---------- ૧

સમ્યક્ત્વને નમસ્કાર ---------- ૨

સમ્યક્ત્વની આરાધના કરો ---------- ૩

આત્મ-અનુભવની પ્રેરણા ---------- ૪

દ્રવ્યદૃષ્ટિનો મહિમા ---------- ૭

આત્મહિતના અભિલાષીનું પ્રથમ કર્તવ્ય : તત્ત્વનિર્ણય ---------- ૧૧

શ્રાવકે પ્રથમ શું કરવું? ---------- ૧૬

સુખનું મૂળ સમ્યક્ત્વ ---------- ૨૦

મોક્ષનો ઉપાય : ભગવતી પ્રજ્ઞા ---------- ૨૨

ભગવતી પ્રજ્ઞાછીણી : જેનો અફર ઘા આત્માનો અનુભવ કરાવે છે ---------- ૩૫

જીવનનું કર્તવ્ય ---------- ૪૨

દંસણમૂલો ધમ્મો—ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે ---------- ૪૪

સમ્યગ્દર્શન—પર્યાય ---------- ૪૬

હે જીવો! સમ્યક્ત્વની આરાધના કરો ---------- ૪૯

સમ્યગ્દર્શનની રીત ---------- ૫૧

રે ભવ્ય! તું તત્ત્વનો કૌતૂહલી થઈ આત્માનો અનુભવ કર ---------- ૬૫

પાપ, પુણ્ય અને ધર્મ ---------- ૬૯

પ્રભુ તારી પ્રભુતા! (એક વાર તો હા પાડ) ---------- ૭૧

અંતરથી સત્‌નો હકાર (હકારનું ફળ સિદ્ધ....નકારનું ફળ...? ---------- ૭૨

ભવરહિત સ્વભાવની નિઃશંકતા ---------- ૭૫

ધર્મ ધર્માત્મા વગર હોતો નથી ---------- ૭૬

સત્‌ની પ્રાપ્તિ માટે અર્પણતા ---------- ૭૮

સમ્યગ્દૃષ્ટિની રીતિ (કાવ્ય—ચિન્મૂરત દૃગધારીકી....) ---------- ૮૧

જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો? ---------- ૮૨

આત્માના પ્રગટ અનુભવની રીત ---------- ૯૩

એકવાર પણ જે મિથ્યાત્વનો ત્યાગ કરે તે જરૂર મોક્ષ પામે... ---------- ૧૦૩
શ્રદ્ધા જ્ઞાન અને ચારિત્રની ભિન્ન ભિન્ન અપેક્ષાઓ ---------- ૧૦૫
કોણ પ્રસંશનીય છે? ---------- ૧૦૭
સમ્યગ્દર્શન—ધર્મ ---------- ૧૦૮
હે જીવો! મિથ્યાત્વના મહા પાપને છોડો ---------- ૧૦૯
દર્શન—આચાર અને ચારિત્ર—આચાર ---------- ૧૧૩
મિથ્યાદષ્ટિનું વર્ણન ---------- ૧૧૮
સમ્યગ્દષ્ટિનું વર્ણન ---------- ૧૧૯
કોણ સમ્યગ્દષ્ટિ છે? ---------- ૧૨૦
સ્વભાવનો અનુભવ કરવાની રીત ---------- ૧૨૧
પુનિત સમ્યક્દર્શન ---------- ૧૨૪
સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તે કેમ પ્રગટે? ---------- ૧૨૮
હે ભવ્ય! આટલું તો જરૂર કરજે ---------- ૧૩૫
મિથ્યાત્વનું મહા પાપ. તે કેમ ટળે? ---------- ૧૩૯
સમ્યગ્દર્શન વગર બધું કર્યું, પણ તેથી શું? ---------- ૧૪૦
દ્રવ્યદષ્ટિ જ સમ્યગ્દષ્ટિ છે ---------- ૧૪૮
ધર્મની પહેલી ભૂમિકા (લેખ ૧) ---------- ૧૫૧
ધર્મની પહેલી ભૂમિકા (લેખ ૨) ---------- ૧૫૭
જિજ્ઞાસુની પાત્રતા અને ધર્મનું સાધન ---------- ૧૬૫
સમ્યક્ત્વનો પ્રભાવ....(કોણ પશુ ને કોણ માનવ?) ---------- ૧૬૬
સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીઓ ---------- ૧૬૮
એકત્વમાં વર્તતો જીવ દુઃખથી છૂટે છે ---------- ૧૭૨
પ્રેરણા ---------- ૧૭૪
સંતોની સાથે મોક્ષમાં જઈએ ---------- ૧૭૬
નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાનનો પ્રયત્ન ---------- ૧૭૭

❀

# કલ્યાણની મૂર્તિ—સમ્યગ્દર્શન

હે જીવો! જો તમે આત્મકલ્યાણને ચાહતા હો તો સ્વતઃશુદ્ધ અને સમસ્ત પ્રકારે પરિપૂર્ણ આત્મસ્વભાવની રુચિ તેનું જ લક્ષ અને આશ્રય કરો. એ સિવાય બીજું જે કાંઈ છે તે સર્વની રુચિ, લક્ષ અને આશ્રય છોડો. કેમ કે સુખ સ્વાધીન સ્વભાવમાં છે, પરદ્રવ્યો તમને સુખ કે દુઃખ કરવા સમર્થ નથી. તમે તમારા સ્વાધીન સ્વભાવનો આશ્રય છોડીને પોતાના દોષથી જ પરાશ્રય વડે અનાદિથી પોતાનું અકલ્યાણ કરી રહ્યા છો. માટે હવે સર્વ પરદ્રવ્યોનું લક્ષ અને આશ્રય છોડીને સ્વદ્રવ્યનું જ્ઞાન, શ્રદ્ધાન તથા સ્થિરતા કરો. સ્વતત્ત્વમાં બે પડખાં છે—એક તો ત્રિકાળ શુદ્ધ સ્વતઃ પરિપૂર્ણ નિરપેક્ષસ્વભાવ, અને બીજું વર્તમાન વર્તતી હાલત; પર્યાયના લક્ષે પૂર્ણતાની પ્રતીતરૂપ સમ્યગ્દર્શન નહિ પ્રગટે, પણ જે ત્રિકાળી સ્વભાવ છે તે સદા શુદ્ધ છે, પરિપૂર્ણ છે અને વર્તમાનમાં પણ તે પ્રકાશમાન છે તેથી તેના આશ્રયે પૂર્ણતાની પ્રતીતરૂપ સમ્યગ્દર્શન પ્રગટ થશે. એ સમ્યગ્દર્શન પોતે કલ્યાણસ્વરૂપ છે અને તે જ સર્વ કલ્યાણનું મૂળ છે. જ્ઞાનીઓ સમ્યગ્દર્શનને ‘કલ્યાણની મૂર્તિ’ કહે છે. માટે હે જીવો, તમે સર્વ પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો અભ્યાસ કરો.

❀

# સમ્યક્ત્વને નમસ્કાર હો

હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યગ્દર્શન!

તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

આ અનાદિ સંસારમાં અનંત-અનંત જીવો તારા આશ્રય વિના અનંત-અનંત દુઃખને અનુભવે છે.

તારા પરમ અનુગ્રહથી સ્વ—સ્વરૂપમાં રુચિ થઈ;

પરમ વીતરાગ સ્વભાવ પ્રત્યે નિશ્ચય આવ્યો;

કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો.

હે જિન વીતરાગ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું.

તમે આ પામર પ્રત્યે અનંત-અનંત ઉપકાર કર્યો છે.

હે કુન્દકુન્દાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવાયોગ્ય નથી.

—શ્રીમદ્ રાજચંદ્ર

❁

# સમ્યક્ત્વની આરાધના કરો

હજારો શાસ્ત્રોએ સમ્યક્ત્વનો મહિમા ગાયો છે, અને તેની આરાધનાનો પ્રધાન ઉપદેશ આપ્યો છે. સમ્યક્ત્વ વગરના જીવો પુણ્ય સહિત હોય તો પણ જ્ઞાનીઓ તેને પાપી કહે છે; કારણ કે પુણ્ય-પાપ રહિત સ્વરૂપનું ભાન ન હોવાથી પુણ્યના ફળની મીઠાશમાં પુણ્યનો વ્યય કરીને પાપમાં જવાના છે.

સમ્યક્ત્વ સહિત નરકવાસ પણ ભલો છે અને સમ્યક્ત્વ રહિતનો દેવલોકમાં નિવાસ પણ શોભા પામતો નથી. (પરમાત્મપ્રકાશ પૃ. ૨૦૦)

અપાર એવા સંસારસમુદ્રથી રત્નત્રયીરૂપ જહાજને પાર કરવા માટે સમ્યગ્દર્શન ચતુર ખેવટિયો (નાવિક) છે.

જે જીવને સમ્યગ્દર્શન છે તે અનંત સુખ પામે છે અને જે જીવને સમ્યગ્દર્શન નથી તે પુણ્ય કરે તો પણ અનંત દુઃખ ભોગવે છે.

—આવા અનેક મહિમાઓ શ્રી સમ્યગ્દર્શનના છે, માટે દરેક જીવ કે જે સદા અનંતસુખ જ ઈચ્છે છે તેને તે પામવાનો પ્રથમ ઉપાય સમ્યગ્દર્શન જ છે, તેની આરાધના કરો.

શ્રીમદ્ રાજચંદ્ર પણ આત્મસિદ્ધિના પ્રથમ જ પદમાં કહે છે કે—

**જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,**
**સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.**

જે સ્વરૂપ સમજ્યા વિના—એટલે—આત્માના ભાન વગર અર્થાત્ સમ્યગ્દર્શન પામ્યા વગર અનાદિ કાળથી અનંતદુઃખ એકલું દુઃખ જ ભોગવ્યું છે, તે અનંત દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક માત્ર સમ્યગ્દર્શન જ છે, બીજો નથી.

તે સમ્યગ્દર્શન આત્માનો સ્વભાવ જ છે.

હે જીવો! સુખી થવા માટે સમ્યગ્દર્શન પ્રગટાવો.

# આત્મ-અનુભવની પ્રેરણા

પોતાનું આત્મસ્વરૂપ સમજવું સુગમ છે, અનાદિથી સ્વરૂપના અનઅભ્યાસને કારણે અઘરું લાગે છે, પરંતુ જો યથાર્થરુચિ કરીને સમજવા માગે તો પોતાનું સ્વરૂપ સમજવું તે સહેલું છે.

જો આત્મસ્વરૂપની ઓળખાણ કરવા માગે તો તે બે ઘડીમાં પણ થઈ શકે છે. આઠ વર્ષનું બાળક મણિકા ન ઉપાડી શકે, પરંતુ સાચી સમજણ દ્વારા આત્માનું ભાન કરીને કેવળજ્ઞાન પામી શકે. આત્મા પર દ્રવ્યમાં કાંઈ જ ફેરફાર ન કરી શકે પણ સ્વદ્રવ્યમાં તો પુરુષાર્થ દ્વારા સમસ્ત અજ્ઞાનનો નાશ કરી સમ્યગ્જ્ઞાન પ્રગટાવી કેવળજ્ઞાન કરી શકે છે. સ્વના પરિણામ કરવા આત્મા પરિપૂર્ણ સ્વતંત્ર છે, પણ પરમાં કાંઈ કરવા માટે આત્મામાં કિંચિત્ સામર્થ્ય નથી. આત્મામાં એવો બેહદ સ્વાધીન પુરુષાર્થ છે કે જો તે ઊંધો પડે તો બે ઘડીમાં સાતમી નરકે જાય અને સવળો પડે તો બે ઘડીમાં કેવળજ્ઞાન લઈ સિદ્ધ થાય.

પરમાગમ શ્રી સમયસારજીમાં કહ્યું છે કે—‘જો આ આત્મા બે ઘડી પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે (તેમાં લીન થાય), પરિષહ આવ્યે ડગે નહિ, તો ઘાતિકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થાય. આત્મ-અનુભવનું એવું માહાત્મ્ય છે, તે મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તે સુલભ છે; માટે શ્રી ગુરુઓએ એ જ ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે.’’

(પાનું–૫૨)

શ્રી સમયસાર પ્રવચનોમાં આત્માની સમજણ કરવાની પ્રેરણા વારંવાર કરી છે—

(૧) ચૈતન્યની વિલાસરૂપ મોજને, જરીક છૂટો પડીને જો; તે

મોજને અંદર દેખતાં શરીરાદિના મોહને તું તરત જ છોડી શકીશ. 'झगिति' એટલે ઝટ દઈને છોડી શકીશ. આ વાત સહેલી છે કેમ કે તારા સ્વભાવની છે.

(૨) સાતમી નરકની અનંતી વેદનામાં પડેલા પણ આત્માનો અનુભવ પામ્યા છે, તો સાતમી નરક જેટલી પીડા તો અહીં નથી ને! મનુષ્યપણું પામીને રોદણાં શું રોયા કરે છે? સત્સમાગમે આત્માની પિછાણ કરી આત્માનુભવ કર.

આ રીતે જ્ઞાનીઓએ વારંવાર–હજારોવાર આત્માનો અનુભવ કરવાની પ્રેરણા કરી છે, જૈનશાસ્ત્રોનું ધ્યેયબિંદુ જ આત્મસ્વરૂપની સમજણ કરાવવી તે છે.

'અનુભવ પ્રકાશ' ગ્રંથમાં આત્માનુભવની પ્રેરણા કરતાં કહે છે કે–કોઈ એમ જાણે કે 'આજના સમયમાં સ્વરૂપ કઠણ છે' તો તે સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે છે, પણ ત્યારે સ્વરૂપના પરિણામ કરે તો કોણ રોકે છે? પરપરિણામ સુગમ અને નિજપરિણામ વિષમ બતાવે છે! દેખો અચરજની વાત! પોતે દેખે છે–જાણે છે છતાં દેખ્યો ન જાય, જાણ્યો ન જાય એમ કહેતાં લાજ પણ આવતી નથી? જેનો જશ ભવ્યજીવો ગાય છે, જેનો અપાર મહિમા જાણ્યે મહા ભવભાર મટે એવો આ સમયસાર શુદ્ધ આત્મા અવિકાર જાણી લેવો.

આ જીવ અનાદિથી અજ્ઞાનને લીધે પરદ્રવ્યને પોતાનું કરવા મથે છે, અને શરીરાદિને પોતાનું કરીને રાખવા માગે છે, પરંતુ પરદ્રવ્યનું પરિણમન જીવને આધીન નથી, તેથી અનાદિથી જીવની મહેનત (અજ્ઞાનભાવ)ના ફળમાં એક પરમાણુ પણ જીવનો થયો નથી. અનાદિથી દેહદ્રષ્ટિપૂર્વક શરીરને પોતાનું માન્યું છે પણ હજી સુધી એક પણ રજકણ જીવનો થયો નથી અને કદી થવાનો પણ નથી, બન્ને દ્રવ્ય ત્રિકાળ જુદાં જ છે. જીવ પોતાના સ્વરૂપની સાચી સમજણ કરવા માગે તો તે સુગમ છે. જે પોતાના સ્વરૂપને સમજવા માગે તે પુરુષાર્થ દ્વારા

અલ્પકાળમાં સમજી શકે છે. જીવ પોતાનું સ્વરૂપ જ્યારે સમજવા માગે ત્યારે સમજી શકે છે. સ્વરૂપ સમજવામાં અનંતકાળ લાગતો નથી તેથી સાચી સમજણ સુલભ છે.

સાચી સમજણ કરવાની રુચિના અભાવે જ જીવ અનાદિથી પોતાનું સ્વરૂપ સમજ્યો નથી. માટે આત્મસ્વરૂપ સમજવાની રુચિ કરો અને જ્ઞાન કરો....

❀

### ❀ સમ્યક્ત્વની પ્રતિજ્ઞા ❀

સમ્યક્ત્વ કહે છે—''મને ગ્રહણ કરવાથી, ગ્રહણ કરવાની ઈચ્છા ન થાય તો પણ મારે તેને પરાણે મોક્ષ લઈ જવો પડે છે; માટે મને ગ્રહણ કરવા પહેલાં એ વિચાર કરવો કે મોક્ષે જવાની ઈચ્છા ફેરવવી હશે તો પણ કામ આવવાની નથી. મને ગ્રહણ કરવા પછી તો મારે તેને મોક્ષે પહોંચાડવો જ જોઈએ. ગ્રહણ કરનાર કદાચ શિથિલ થઈ જાય તો પણ બને તો તે જ ભવે અને ન બને તો વધારેમાં વધારે પંદર ભવે મારે તેને મોક્ષે પહોંચાડવો જોઈએ. કદાચ મને છોડી મારાથી વિરુદ્ધ આચરણ કરે અથવા પ્રબળમાં પ્રબળ એવા મોહને ધારણ કરે તો પણ અર્ધપુદ્ગલપરાવર્તનની અંદર મારે તેને મોક્ષે પહોંચાડવો એ મારી પ્રતિજ્ઞા છે!'' —*શ્રીમદ્ રાજચંદ્ર*

# દ્રવ્યદષ્ટિનો મહિમા

જે જીવ એકવાર પણ દ્રવ્યદષ્ટિ ધારણ કરે તેનો મોક્ષ થાય જ

## (૧) દ્રવ્યદષ્ટિમાં ભવ નથી

આત્મા વસ્તુ છે; વસ્તુ એટલે શક્તિ-સામર્થ્યથી પૂર્ણ ત્રિકાળ એકરૂપ ટકતું દ્રવ્ય. એ દ્રવ્યનું વર્તમાન તો દરેક સમયે હોય જ. હવે એ વર્તમાન જો નિમિત્તને આધીન હોય તો વિકાર છે અર્થાત્ સંસાર છે; અને જો તે સ્વલક્ષે-સ્વાશ્રયપણે હોય તો, દ્રવ્યમાં વિકાર ન હોવાથી તે પર્યાયમાં પણ વિકાર હોય નહિ એટલે કે મુક્તિ જ હોય. દષ્ટિએ જે દ્રવ્યનું લક્ષ કર્યું છે તે દ્રવ્યમાં ભવ કે ભવનો ભાવ નથી, તેથી તે દ્રવ્યના લક્ષે થતી અવસ્થામાં પણ ભવ કે ભવનો ભાવ નથી. એટલે દ્રવ્યદષ્ટિમાં તો ત્રિકાળ મુક્તિ જ છે, તેમાં ભવ નથી.

જો દ્રવ્યની વર્તમાન અવસ્થા પોતાના લક્ષને ચૂકીને જીવ કરતો હોય તો તે વિકારી છે, છતાં પણ તે વિકાર તો એક જ સમય પૂરતો છે, ત્રિકાળ દ્રવ્યમાં તે વિકાર નથી, એટલે ત્રિકાળી દ્રવ્યના લક્ષે વર્તમાન અવસ્થા થાય તેમાં ઊણપ કે વિકાર નથી, અને જ્યાં ઊણપ કે વિકાર નથી ત્યાં ભવનો ભાવ નથી, અને ભવનો ભાવ નથી માટે ભવ પણ નથી, એટલે દ્રવ્યસ્વભાવમાં ભવ નહિ હોવાથી દ્રવ્યસ્વભાવની દષ્ટિમાં ભવનો અભાવ જ છે. દ્રવ્યદષ્ટિ ભવને સ્વીકારતી નથી. (રાત્રિચર્ચા)

આત્માનો સ્વભાવ નિઃસંદેહ છે તેથી તેમાં ૧—સંદેહ, ૨—રાગ-દ્વેષ કે ૩—ભવ નથી; તે કારણે સમ્યગ્દષ્ટિને ૧—પોતાના સ્વરૂપનો સંદેહ નથી, ૨—રાગ-દ્વેષનો આદર નથી, અને ૩—પોતાને ભવની શંકા નથી. દષ્ટિ એકલા સ્વભાવને જ જુએ છે. દષ્ટિ પરવસ્તુને કે પરનિમિત્તની અપેક્ષાથી

થતા વિભાવભાવોને પણ સ્વીકારતી નથી; તેથી વિભાવભાવને કારણે થતા ભવ પણ દૃષ્ટિમાં નથી. દૃષ્ટિ એકલી સ્વવસ્તુને જ જોતી હોવાથી તેમાં પરદ્રવ્ય સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વગર એકલો સ્વભાવ જ રહ્યો, સ્વભાવભાવમાં ભવ નથી, તેથી દ્રવ્યદૃષ્ટિમાં ભવ નથી. આમ હોવાથી દ્રવ્યદૃષ્ટિનું જોર નવા ભવનું બંધન પડવા દેતું નથી.

## (૨) દ્રવ્યદૃષ્ટિ ભવને બગડવા દેતી નથી

દ્રવ્યદૃષ્ટિ થયા પછી કદાચ અસ્થિરતા રહી જાય અને એક–બે ભવ હોય તો પણ તે દૃષ્ટિ ભવને બગડવા દેતી નથી, દ્રવ્યદૃષ્ટિ પછી જીવ કદાચ લડાઈમાં ઊભો હોય અને બાણ ઉપર બાણ છોડતો હોય અને નીલ —કાપોત લેશ્યાના અશુભભાવ આવે છતાં તે વખતે નવા ભવના આયુનો બંધ પડે નહિ, કેમ કે દિવ્યદૃષ્ટિનું બેહદ જોર પડ્યું છે તે જોર ભવને બગડવા દેતું નથી. તેમ જ ભવને વધવા દેતું નથી; જ્યાં દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ પડી ત્યાં સ્વભાવ તેનું કાર્ય કર્યા વગર રહેશે નહિ; તેથી દ્રવ્યદૃષ્ટિ થયા પછી હલકી ગતિનો બંધ ન પડે તેમજ ભવ વધે પણ નહિ. એવો જ દ્રવ્યસ્વભાવ છે. (તા. ૨૧-૯-૪૪ ચર્ચાના આધારે)

## (૩) દ્રવ્યદૃષ્ટિને શું માન્ય છે?

દ્રવ્યદૃષ્ટિ કહે છે કે—"હું એકલો પરિપૂર્ણ આત્માને જ સ્વીકારું છું." એકલા આત્મામાં પરનો સંબંધ હોય નહિ, તેથી પરના સંબંધે થતાં ભાવોને તે દૃષ્ટિ સ્વીકારતી નથી. અરે! ચૌદ ગુણસ્થાનભેદો પણ પર સંયોગે થતા હોવાથી તેને પણ સ્વીકાર શુદ્ધ દૃષ્ટિમાં નથી. દૃષ્ટિને તો એકલો આત્મસ્વભાવ જ માન્ય છે. જે જેનો સ્વભાવ હોય તેનો તેમાં કદી જરા પણ અભાવ થાય નહિ અને અંશે પણ અભાવ કે ફેરફાર થાય તે વસ્તુનો સ્વભાવ નથી; એટલે જે ત્રિકાળ એકરૂપ રહે છે તે જ વસ્તુનો સ્વભાવ છે અને દૃષ્ટિ તેને જ માને છે. દ્રવ્યદૃષ્ટિ કહે છે કે :—"હું જીવને માનું છું,—એ જીવ કેટલો?....સંબંધ વિના રહે તેટલો. એટલે કે સર્વ પર પદાર્થનો સંબંધ કાઢી નાંખતાં જે એકલું સ્વતત્ત્વ રહે તે જીવ છે, તેને જ હું સ્વીકારું છું. મારા

લક્ષ્યરૂપ ચૈતન્યભગવાનને પરની અપેક્ષાએ ઓળખાવવો તેમાં લાજપ છે, —મારા ચૈતન્યને પરની અપેક્ષા નથી. એક સમયમાં પરિપૂર્ણ દ્રવ્ય તે જ મને માન્ય છે.'' (૧૮-૧-૪૫ના પ્રવચનમાંથી : સ. ગાથા ૬૮)

## (૪) મોક્ષ પણ દ્રવ્યદૃષ્ટિને આધીન છે

જો કોઈ જીવ એકવાર પણ દ્રવ્યદૃષ્ટિને ધારણ કરે તો તે જીવ જરૂર મોક્ષ પામે જ. અને દ્રવ્યદૃષ્ટિ વગર બીજા અનંત ઉપાયો કરે તો પણ જીવ મોક્ષ પામે નહિ. શ્રીમદ્ રાજચંદ્રજી સમ્યક્ત્વ સંબંધમાં કહે છે કે ''સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવાયોગ્ય નથી.'' માટે જેને મોક્ષ જોઈતો હોય તેણે દ્રવ્યદૃષ્ટિ ધારણ કરવી જોઈએ. જે જીવને દ્રવ્યદૃષ્ટિ થઈ છે તેનો મોક્ષ છે જ, અને જે જીવને દ્રવ્યદૃષ્ટિ નથી તેને મોક્ષ નથી જ. એ રીતે મોક્ષ દ્રવ્યદૃષ્ટિને આધીન છે.

## (૫) જ્ઞાન પણ દૃષ્ટિને આધીન

જે જીવને દ્રવ્યદૃષ્ટિ નથી તે જીવનું જ્ઞાન સાચું નથી. ભલે કોઈ જીવ અગિયાર અંગનું જ્ઞાન કરે પણ જો દ્રવ્યદૃષ્ટિ ન કરે તો તેનું બધું જ જ્ઞાન મિથ્યાજ્ઞાન જ છે; અને કોઈ જીવ કદાચ નવતત્ત્વનાં નામ ન જાણતો હોય છતાં પણ જો દ્રવ્યદૃષ્ટિ હોય તો તે જીવનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શનને નમસ્કાર કરતાં શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે—''અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યંતર કરી જેણે ભવનિવૃતિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.'' દ્રવ્યદૃષ્ટિ વગરનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે અને તે સંસારનું કારણ છે; દ્રવ્યદૃષ્ટિ થતાં જ્ઞાન સમ્યક્પણું પામે છે; તેથી જ્ઞાન પણ દ્રવ્યદૃષ્ટિને આધીન છે.

(દ્રવ્યદૃષ્ટિ કહો કે આત્મસ્વરૂપની દૃષ્ટિ કહો, તેમજ સમ્યગ્દૃષ્ટિ, પરમાર્થદૃષ્ટિ, વસ્તુદૃષ્ટિ, સ્વભાવદૃષ્ટિ, યથાર્થદૃષ્ટિ, ભૂતાર્થદૃષ્ટિ—એ બધા એકાર્થવાચક છે.)

## (૬) ઊંધી દૃષ્ટિની ઊંધાઈનું માપ

જે જીવોને ઉપર કહી શકે તેવી દ્રવ્યદૃષ્ટિ ન હોય તે જીવને ઊંધી દૃષ્ટિ હોય છે. (ઊંધી દૃષ્ટિ એટલે મિથ્યાદૃષ્ટિ, અયથાર્થ દૃષ્ટિ, ખોટી દૃષ્ટિ, વિકાર દૃષ્ટિ, અભૂતાર્થ દૃષ્ટિ) એ ઊંધી દૃષ્ટિ એક સમયમાં અખંડ પરિપૂર્ણ સ્વભાવને માનતી નથી; એટલે એક સમયમાં અખંડ પરિપૂર્ણ વસ્તુનો નકાર કરવાનું અનંતુ ઊંધું સામર્થ્ય તે દૃષ્ટિમાં છે. આખા સ્વભાવનો અનાદર કરનાર તે દૃષ્ટિ અનંતા સંસારનું કારણ છે, અને તે દૃષ્ટિ એક સમયમાં મહા પાપનું કારણ છે. હિંસા, ચોરી, જૂઠું, શિકાર વગેરે સાત વ્યસનોના પાપ કરતાં પણ ઊંધી દૃષ્ટિનું પાપ વધારે કહ્યું છે.

## (૭) દ્રવ્યદૃષ્ટિ એ કર્તવ્ય છે

અનાદિકાળથી ચાલ્યા આવતા આ સંસારના ભયંકર દુઃખોનો નાશ કરવા માટે તેના મૂળ બીજરૂપ મિથ્યાત્વનો નાશ આત્માની સાચી સમજણરૂપ સમ્યક્ત્વ દ્વારા કરવો—એ જ જીવનું કર્તવ્ય છે. અનાદિથી સંસારપરિભ્રમણ કરતાં આ જીવે અજ્ઞાનપૂર્વક દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા વગેરે બધું અનંતવાર કર્યું છે, અને પુણ્ય કરી સ્વર્ગનો દેવ અનંતવાર થયો છે, છતાં સંસાર-ભ્રમણ ટળ્યું નથી; તેનું એક માત્ર કારણ એ જ છે કે જીવે પોતાના આત્મસ્વરૂપને જાણ્યું નથી, સાચી દૃષ્ટિ કરી નથી. અને સાચી દૃષ્ટિ કર્યા વગર ભવના નીવેડા આવે તેમ નથી. તેથી આત્મહિત માટે દ્રવ્યદૃષ્ટિ કરી સમ્યગ્દર્શન પ્રગટાવવું એ જ સર્વ જીવોનું કર્તવ્ય છે. અને તે કર્તવ્ય સત્સમાગમે સ્વ તરફના પુરુષાર્થથી દરેક જીવ કરી શકે છે. એ સમ્યગ્દર્શન કરવાથી જીવનો જરૂર મોક્ષ થાય છે.

આત્મહિતના અભિલાષીનું પ્રથમ કર્તવ્ય

# તત્ત્વનિર્ણય

તત્ત્વનિર્ણયરૂપ ધર્મ તો બાળ, વૃદ્ધ, રોગી, નીરોગી, ધનવાન, નિર્ધન, સુક્ષેત્રી તથા કુક્ષેત્રી આદિ સર્વ અવસ્થામાં પ્રાપ્ત થવા યોગ્ય છે, તેથી જે પુરુષ પોતાના હિતનો વાંછક છે તેણે સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે.

(शार्दूलविक्रीडित)

**न क्लेशो न धनव्ययो न गमनं देशान्तरे प्रार्थना**
**केषांचिन्न बलक्षयो न तु भयं पीडा न कस्माश्च न**
**सावद्यं न न रोग जन्मपतनं नैवान्य सेवा न हि**
**चिद्रूपं स्मरणे फलं बहुतरं किन्नाद्रियन्ते बुधाः॥**

(तत्त्वज्ञानतरंगिणी)

**અર્થ** :—ચિદ્રૂપ (જ્ઞાનસ્વરૂપ) આત્માનું સ્મરણ કરવામાં નથી ક્લેશ થતો, નથી ધન ખર્ચવું પડતું, નથી દેશાંતરે જવું પડતું, નથી કોઈ પાસે પ્રાર્થના કરવી પડતી, નથી બળનો ક્ષય થતો, નથી કોઈ તરફથી ભય કે પીડા થતી; વળી તે સાવદ્ય (પાપનું કાર્ય) નથી, રોગ કે જન્મ-મરણમાં પડવું પડતું નથી, કોઈની સેવા કરવી પડતી નથી; આવી કોઈ મુશ્કેલી વિના જ્ઞાનસ્વરૂપ આત્માના સ્મરણનું ઘણું જ ફળ છે, તો પછી ડાહ્યા પુરુષો તેને કેમ આદરતા નથી?

વળી, જેઓ તત્ત્વનિર્ણયની સન્મુખ નથી થયા તેમને જાગૃત કરવા ઠપકો આપે છે કે :—

साहिणे गुरुजोगे जे ण सुणंतीह धम्मवयणाई।
ते धिट्ठ दुट्ठचित्ता अह सुहडा भवभयविहुणा॥

**અર્થ** :—ગુરુનો યોગ સ્વાધીન હોવા છતાં જેઓ ધર્મવચનોને સાંભળતા નથી તેઓ ધીઠ અને દુષ્ટ ચિત્તવાળા છે અથવા તેઓ ભવભયરહિત સુભટ છે,—જે સંસારથી શ્રી તીર્થંકરાદિક ડર્યા તેનાથી તેઓ ડરતા નથી! આમ કહીને તેના ઉપર કટાક્ષ કર્યો છે.

જેઓ શાસ્ત્રાભ્યાસ દ્વારા તત્ત્વનિર્ણય તો નથી કરતા અને વિષય કષાયના કાર્યોમાં જ મગ્ન છે તેઓ તો અશુભોપયોગી મિથ્યાદૃષ્ટિ છે; તથા જેઓ સમ્યગ્દર્શન વિના પૂજા, દાન, તપ, શીલ સંયમાદિ વ્યવહારધર્મમાં (શુભભાવમાં) મગ્ન છે તેઓ શુભોપયોગી મિથ્યાદૃષ્ટિ છે. માટે ભાગ્યોદયથી જેઓ મનુષ્યપર્યાય પામ્યા છે તેમણે તો સર્વ ધર્મનું મૂળ કારણ સમ્યગ્દર્શન, અને તેનું મૂળ કારણ તત્ત્વનિર્ણય, તથા તેનું પણ મૂળ કારણ સત્સમાગમ અને શાસ્ત્રાભ્યાસ, તે અવશ્ય કરવાયોગ્ય છે.

જે આવા અવસરને વ્યર્થ ગુમાવે છે તેમના ઉપર બુદ્ધિમાન કરુણા કરીને કહે છે કે :—

प्रज्ञैव दुर्लभा सुष्ठु दुर्लभा सान्यजन्मने।
तां प्राप्य ये प्रमाद्यन्ति ते शोच्याः खलु धीमताम्॥

(આત્માનુશાસન : ૯૪)

**અર્થ** :—પ્રથમ તો સંસારમાં બુદ્ધિ હોવી જ દુર્લભ છે, અને પરલોક અર્થે બુદ્ધિ થવી તો અતિ દુર્લભ છે. એવી બુદ્ધિ પ્રાપ્ત થયા છતાં જેઓ પ્રમાદ કરે છે તે જીવો વિષે જ્ઞાનીઓને શોચ થાય છે.

આ દુર્લભ મનુષ્ય જન્મ પામીને જેને સાચા જૈની થવું છે તેણે તો સત્સમાગમ અને શાસ્ત્રના આશ્રયે તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે; પણ જે તત્ત્વનિર્ણય તો નથી કરતો, અને પૂજા, સ્તોત્ર, દર્શન, ત્યાગ, તપ, વૈરાગ્ય, સંયમ, સંતોષ આદિ બધાંય કાર્યો કરે છે, તેનાં એ બધાંય કાર્યો અસત્ય છે. તેનાથી મોક્ષ નથી. માટે સત્સમાગમે આગમનું સેવન, યુક્તિનું

અવલંબન, પરંપરા ગુરુઓનો ઉપદેશ અને સ્વાનુભવ દ્વારા તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે. જિનવચન તો અપાર છે, તેનો પૂરો પાર તો શ્રી ગણધરદેવ પણ પામ્યા નહિ. માટે જે મોક્ષમાર્ગની પ્રયોજનભૂત રકમ છે તે તો નિર્ણયપૂર્વક અવશ્ય જાણવાયોગ્ય છે. કહ્યું છે કે :—

अन्तो णत्थि सुईणं कालो थोओवयं च दुम्मेहा।
तं णवरं सिक्खियव्वं जिं जरमरणक्खयं कुणहि॥

**અર્થ** :—શ્રુતિઓનો અંત નથી, કાળ થોડો છે, અને બુદ્ધિ અલ્પ છે; માટે હે જીવ! તારે તો શીખવાયોગ્ય એ છે કે જેથી તું જન્મ-મરણનો નાશ કરી શકે.

## ❁ આત્મહિત માટે પ્રથમ સર્વજ્ઞનો નિર્ણય ❁

હે જીવો! તમારે જો પોતાનું ભલું કરવું છે તો સર્વ આત્મહિતનું મૂળ કારણ જે આપ્ત તેના સાચા સ્વરૂપનો નિર્ણય કરી, જ્ઞાનમાં લાવો. કારણ કે સર્વે જીવોને સુખ પ્રિય છે, સુખ ભાવકર્મોના નાશથી થાય છે, ભાવકર્મનો નાશ સમ્યક્ચારિત્રથી થાય છે, સમ્યક્ચારિત્ર સમ્યગ્દર્શન -જ્ઞાનપૂર્વક થાય છે, સમ્યગ્જ્ઞાન આગમથી થાય છે, આગમ કોઈ સર્વજ્ઞ વીતરાગ પુરુષની વાણીથી ઊપજે છે. માટે જે સત્પુરુષ છે તેમણે પોતાના કલ્યાણ અર્થે સર્વ સુખનું મૂળ કારણ જે આપ્ત—અર્હંત સર્વજ્ઞ પરમાત્મા તેમનો યુક્તિપૂર્વક સારી રીતે સર્વથી પ્રથમ નિર્ણય કરી આશ્રય લેવો યોગ્ય છે. હવે જેનો ઉપદેશ સાંભળીએ છીએ, જેના કહેલા માર્ગ ઉપર ચાલવા માગીએ છીએ, જેની સેવા, પૂજા, આસ્તિક્યતા, જાપ, સ્મરણ, સ્તોત્ર, નમસ્કાર અને ધ્યાન કરીએ છીએ એવા જે અર્હંત સર્વજ્ઞદેવ, તેમનું પ્રથમ પોતાના જ્ઞાનમાં સ્વરૂપ તો ભાસ્યું જ નથી તો તમે નિશ્ચય કર્યા વિના કોનું સેવન કરો છો? લોકમાં પણ એવી પદ્ધતિ છે કે અત્યંત નિષ્પ્રયોજન વાતનો પણ નિર્ણય કરી પ્રવર્તે છે, અને તમે આત્મહિતના મૂળ આધારભૂત જે અર્હંતદેવ તેનો પણ નિર્ણય કર્યા વિના જ પ્રવર્તો છો, તો એ મોટું આશ્ચર્ય છે!

વળી, તમને નિર્ણય કરવાયોગ્ય જ્ઞાન પણ પ્રાપ્ત થયું છે માટે તમે આ અવસરને વૃથા ન ગુમાવો. આળસ આદિ છોડી, તેના નિર્ણયમાં પોતાને લગાવો કે જેથી તમને વસ્તુનું સ્વરૂપ, જીવાદિનું સ્વરૂપ, સ્વ-પરનું ભેદવિજ્ઞાન, આત્માનું સ્વરૂપ, હેય-ઉપાદેય અને શુભ-અશુભ-શુદ્ધ અવસ્થા-રૂપ પોતાના પદ-અપદનું સ્વરૂપ એ બધાનું સર્વ પ્રકારથી યથાર્થ જ્ઞાન થાય. સર્વ મનોરથ સિદ્ધ કરવાનો ઉપાય જે અર્હંત-સર્વજ્ઞનું યથાર્થ જ્ઞાન, તે જે પ્રકારથી સિદ્ધ થાય તે પ્રથમ કરવા યોગ્ય છે. આ રીતે સર્વથી પ્રથમ અર્હંત સર્વજ્ઞનો નિર્ણય કરવારૂપ કાર્ય કરવું એ શ્રીગુરુની મૂળ શિક્ષા છે.

## ❀ સાચું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને હોય છે ❀

પોતપોતાના પ્રકરણમાં પોતપોતાના જ્ઞેયસંબંધી અલ્પ વા વિશેષ જ્ઞાન સર્વને હોય છે, કારણ કે લૌકિક કાર્ય તો બધાય જીવો જાણપણાપૂર્વક જ કરે છે, તેથી લૌકિક જાણપણું તો સર્વ જીવોને થોડું વા ઘણું બની જ રહ્યું છે. પણ મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જે આપ્ત-આગમ આદિ પદાર્થો તેનું સાચું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ હોય છે, તથા સર્વ જ્ઞેયનું જ્ઞાન કેવળી ભગવાનને જ હોય છે, એમ જાણવું.

## ❀ જિનમતની આજ્ઞા ❀

કોઈ કહે છે કે :—સર્વજ્ઞની સત્તા (હયાતી)નો નિશ્ચય અમારાથી ન થયો તો શું થયું? એ દેવ તો સાચા છે ને? માટે પૂજનાદિ કરવા અફળ થોડા જ જાય છે? તેનો **ઉત્તર** :—જો તમારી કિંચિત્ મંદ કષાયરૂપ પરિણતિ થશે તો પુણ્યબંધ તો થશે; પરંતુ જિનમતમાં તો દેવ દર્શનથી આત્મદર્શનરૂપ ફળ થવું કહ્યું છે, તે તો નિયમથી સર્વજ્ઞની સત્તા જાણવાથી જ થશે, અન્ય પ્રકારથી નહિ થાય; એ જ શ્રી પ્રવચનસાર ગાથા ૮૦માં કહ્યું છે.

વળી, તમે લૌકિક કાર્યોમાં તો એવા ચતુર છો કે વસ્તુના સત્તા આદિ નિશ્ચય કર્યા વિના જરાય પ્રવર્તતા નથી; અને અહીં તમે સત્તાનો નિશ્ચય પણ ન કરતાં ઘેલા અનધ્યવસાયી (નિર્ણય વગરના) થઈ પ્રવર્તો

છો, એ મોટું આશ્ચર્ય છે! શ્રી શ્લોકવાર્તિકમાં કહ્યું છે કે–જેની સત્તાનો જ નિશ્ચય નથી થયો તેનું પરીક્ષાવાળાએ કેવી રીતે સ્તવન કરવા યોગ્ય છે? માટે તમે સર્વ કાર્યોની પહેલાં પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરો, એ જ ધર્મનું મૂળ છે તથા એ જ જિનમતની આમ્નાય છે.

## ❀ આત્મકલ્યાણના અભિલાષીને ભલામણ ❀

જેણે આત્મકલ્યાણ કરવું છે તેણે જિનવચનરૂપ આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરા ગુરુનો ઉપદેશ તથા સ્વાનુભવ એ કર્તવ્ય છે; પ્રથમ પ્રમાણ, નય, નિક્ષેપ આદિ ઉપાયથી જિનવચનનું સત્યપણું પોતાના જ્ઞાનમાં નક્કી કરવું. અને ગમ્યમાન થયેલાં સત્યરૂપ સાધનના બળથી ઉત્પન્ન થયેલું જે અનુમાન, તેનાથી સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરી, તેનાં શ્રદ્ધાન, જ્ઞાન, દર્શન, પૂજન, ભક્તિ, સ્તોત્ર અને નમસ્કારાદિ કરવા યોગ્ય છે.

શ્રી જિનેન્દ્રદેવનો સેવક જાણે છે કે મારું ભલું–બૂરું મારા પરિણામોથી જ થાય છે. આમ સમજીને તે પોતાના હિતના ઉદ્યમમાં પ્રવર્તે છે, તથા અશુદ્ધ કાર્યોને છોડે છે. જેણે જિનદેવના સાચા સેવક થવું હોય, વા જિનદેવે ઉપદેશેલા મોક્ષમાર્ગમાં પ્રવર્તવું હોય તેણે સર્વથી પહેલાં જિનદેવના સાચા સ્વરૂપનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરી તેનું શ્રદ્ધાન કરવું, એ કર્તવ્ય છે.

### સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ પણ શ્રેષ્ઠ છે

સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ તો મોક્ષમાર્ગમાં રહેલો છે, પરંતુ મિથ્યાદષ્ટિ મુનિ મોક્ષમાર્ગી નથી; માટે મિથ્યાદષ્ટિ મુનિ કરતાં સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ શ્રેષ્ઠ છે. રત્નકરંડશ્રાવકાચાર : ૩૩

# શ્રાવકે પ્રથમ શું કરવું?

અષ્ટપ્રાભૃત-મોક્ષપ્રાભૃતમાં કુંદકુંદસ્વામીએ શ્રાવકનાં પ્રથમ કર્તવ્યનો સુંદર ઉપદેશ આપ્યો છે, જે સમ્યક્ત્વની ભક્તિ અને પ્રેરણા જગાડે છે.

**गहिऊण य सम्मत्तं सुणिम्मलं सुरगिरीव णिक्कंपं।**
**तं झाणे झाइज्जइ सावध! दुक्खक्खयठाए।।८६।।**

**અર્થ :—**હે શ્રાવક! પ્રથમ તો સુનિર્મલ અને મેરુવત્ નિષ્કંપ, અચળ, ચળ, મલિન તથા અગાઢ એ ત્રણ દૂષણ રહિત અત્યંત નિશ્ચળ એવા સમ્યક્ત્વને ગ્રહણ કરી, તેને (સમ્યક્ત્વના વિષયભૂત એકરૂપ આત્માને) ધ્યાનમાં ધ્યાવવું; શા માટે ધ્યાવવું? કે દુઃખના ક્ષયને અર્થે ધ્યાવવું.

**ભાવાર્થ :—**શ્રાવકે પહેલાં તો નિરતિચાર નિશ્ચળ સમ્યક્ત્વને ગ્રહણ કરી તેનું ધ્યાન કરવું, કે જે સમ્યક્ત્વની ભાવનાથી ગૃહસ્થને ગૃહકાર્યસંબંધી આકુળતા, ક્ષોભ, દુઃખ હોય તે મટી જાય. કાર્યના બગડવા—સુધરવામાં વસ્તુના સ્વરૂપનો વિચાર આવે ત્યારે દુઃખ મટી જાય. સમ્યગ્દષ્ટિને એવો વિચાર હોય છે કે સર્વજ્ઞે જેવું વસ્તુનું સ્વરૂપ જાણ્યું છે, તેમ નિરંતર પરિણમે છે, અને તેમ થાય છે, તેમાં ઈષ્ટ-અનિષ્ટ માની દુઃખી-સુખી થવું તે નિષ્ફળ છે; એવા વિચારથી દુઃખ મટે, તે પ્રત્યક્ષ અનુભવગોચર છે. તેથી સમ્યક્ત્વનું ધ્યાન કરવાનું કહ્યું છે.

## ❀ સમ્યક્ત્વના ધ્યાનનો મહિમા ❀

**सम्मत्तं जो झायइ सम्माइट्ठी हवेइ सो जीवो।**
**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माणि।।८७।।**

**અર્થ :—**જે જીવ સમ્યક્ત્વને ધ્યાવે છે, તે સમ્યગ્દષ્ટિ છે; અને સમ્યક્ત્વરૂપ પરિણમતો તે દુષ્ટ જે આઠ કર્મો ક્ષય કરે છે.

**ભાવાર્થ :**—સમ્યક્ત્વનું ધ્યાન એવું છે કે જો પહેલાં સમ્યક્ત્વ ન થયું હોય તોપણ તેના સ્વરૂપને જાણી તેને ધ્યાવે તો તે સમ્યગ્દષ્ટિ થઈ જાય છે. વળી, સમ્યક્ત્વ પ્રાપ્ત થયે જીવનાં પરિણામ એવાં હોય છે કે સંસારના કારણરૂપ જે દુષ્ટ આઠ કર્મો તેનો ક્ષય થાય છે; સમ્યક્ત્વ થતાં જ કર્મની ગુણશ્રેણી નિર્જરા થતી જાય છે. અનુક્રમે મુનિ થાય ત્યારે, ચારિત્ર અને શુક્લધ્યાન તેના સહકારી થતાં સર્વે કર્મોનો નાશ થાય છે.

## ❀ સમ્યક્ત્વનું માહાત્મ્ય ❀

**किं बहुणा भणिएणं जे सिद्धा णरवरा गए काले।**
**सिज्झिहहि जे वि भविया तं जाण सम्मत्तमाहप्पं।।८८।।**

**અર્થ :**—ભગવાન સૂત્રકાર કહે છે કે—ઘણું કહેવાથી શું સાધ્ય છે? જે નરપ્રધાન ભૂતકાળમાં સિદ્ધ થયા તથા ભવિષ્યમાં સિદ્ધ થશે તે સમ્યક્ત્વનું માહાત્મ્ય જાણો.

**ભાવાર્થ :**—આ સમ્યક્ત્વનું એવું માહાત્મ્ય છે કે આઠ કર્મોનો નાશ કરી જે ભૂતકાળમાં મુક્તિ પ્રાપ્ત થયા છે તથા ભવિષ્યમાં થશે, તે આ સમ્યક્ત્વથી જ થયા છે અને થશે. તેથી આચાર્યદેવ કહે છે કે વિશેષ શું કહેવું? સંક્ષેપમાં સમજો કે મુક્તિનું પ્રધાન કારણ આ સમ્યક્ત્વ જ છે. એમ ન જાણો કે ગૃહસ્થીઓને શું ધર્મ હોય? આ સમ્યક્ત્વધર્મ એવો છે કે જે સર્વ ધર્મના અંગને (શ્રાવકધર્મ તેમજ મુનિધર્મને) સફળ કરે છે.

## જે નિરંતર સમ્યક્ત્વ પાળે છે, તે ધન્ય છે

**ते धण्णा सुकयत्था ते सूरा ते वि पंडिया मणुया।**
**सम्मत्तं सिद्धियरं सिविणे वि ण मइलियं जेहिं।।८९।।**

**અર્થ :**—જે પુરુષને મુક્તિનું કરવાવાળું સમ્યક્ત્વ છે, અને તેને (સમ્યક્ત્વને) સ્વપ્નાવસ્થા વિષે પણ મલિન કર્યું નથી—અતિચાર લગાવ્યો નથી, તે પુરુષ ધન્ય છે, તે જ મનુષ્ય છે, તે જ કૃતાર્થ છે, તે જ શૂરવીર છે, અને તે જ પંડિત છે.

**ભાવાર્થ :—**લોકમાં કંઈ દાનાદિ કરે તેને ધન્ય કહે છે, તથા વિવાહ–પૂજન–યજ્ઞાદિ કરે તેને કૃતાર્થ કહે છે, યુદ્ધમાં પાછો ન ફરે તેને શૂરવીર કહે છે, ઘણા શાસ્ત્રો ભણે તેને પંડિત કહે છે,—એ બધું કથનમાત્ર છે. મોક્ષનું કારણ જે સમ્યક્ત્વ તેને મલિન ન કરે, નિરતિચાર પાળે, તે જ ધન્ય છે, તે જ કૃતાર્થ છે, તે જ શૂરવીર છે, તે જ પંડિત છે, તે જ મનુષ્ય છે; એ (સમ્યક્ત્વ) વિના મનુષ્ય પશુસમાન છે; એવું સમ્યક્ત્વનું માહાત્મ્ય કહ્યું છે.

સમ્યક્ત્વ એ જ પ્રથમ ધર્મ છે અને એ જ પ્રથમ કર્તવ્ય છે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન, ચારિત્ર, વીર્ય અને તપમાં સમ્યક્પણું આવતું નથી; સમ્યગ્દર્શન જ જ્ઞાન, ચારિત્ર, વીર્ય અને તપનો આધાર છે. જેમ મોઢાને સુંદરતા આંખો વડે પ્રાપ્ત થાય છે તેમ જ્ઞાનાદિમાં સમ્યક્પણું સમ્યગ્દર્શનથી પ્રાપ્ત થાય છે.

શ્રી રત્નકરંડ–શ્રાવકાચારમાં કહ્યું છે કે :–

**न सम्यक्त्वसमं किंचित्त्रैकाल्ये त्रिजगत्यपि।**
**श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसम नान्यत्तनूभृताम्।।३४।।**

અર્થ :–આ જીવને ત્રણકાળ, ત્રણલોકમાં સમ્યક્ત્વસમાન બીજું કોઈ કલ્યાણરૂપ નથી અને મિથ્યાત્વસમાન બીજું કોઈ અકલ્યાણ નથી.

ભાવાર્થમાં કહ્યું છે કે–અનંતકાળ તો વીતી ગયો, એક સમય વર્તમાન ચાલે છે અને ભવિષ્યમાં અનંતકાળ આવશે–એ ત્રણે કાળમાં અને અધોલોક, મધ્યલોક તથા ઊર્ધ્વલોક–એ ત્રણે લોકમાં જીવને સર્વોત્કૃષ્ટ ઉપકાર કરનાર સમ્યક્ત્વ સમાન બીજું કોઈ છે નહિ, થયું નથી, થશે નહિ. ત્રણલોકમાં રહેલા એવા તીર્થંકર, ઈન્દ્ર, ચક્રવર્તી, નારાયણ, બલભદ્ર વગેરે ચેતન, તેમ જ મણિ, મંત્ર, ઔષધ વગેરે જડ, એ કોઈ દ્રવ્ય સમ્યક્ત્વ સમાન ઉપકાર કરનાર નથી; અને આ જીવનું સૌથી મહાન અહિત–બૂરું જેવું મિથ્યાત્વ કરે છે એવું અહિત કરનાર કોઈ ચેતન કે અચેતન દ્રવ્ય ત્રણકાળ, ત્રણલોકમાં થયું નથી, છે નહિ, થશે નહિ. તેથી મિથ્યાત્વને

છોડવા માટે પરમ પુરુષાર્થ કરો. સમસ્ત સંસારના દુઃખનો નાશ કરનાર ને આત્મકલ્યાણ પ્રગટ કરનાર એક સમ્યક્ત્વ છે, માટે તે પ્રગટ કરવાનો જ પુરુષાર્થ કરો!

સમ્યક્ત્વરૂપ પરિણમતો જીવ દુષ્ટ આઠ કર્મો તેનો ક્ષય કરે છે.

❀

## ❀ સમ્યક્ત્વના પ્રતાપથી પવિત્રતા ❀

શ્રી ગણધરદેવોએ સમ્યગ્દર્શન–સંપન્ન ચંડાળને પણ દેવસમાન કહ્યો છે. ભસ્મમાં છૂપાયેલ અગ્નિની ચિનગારીની જેમ તે આત્મા ચાંડાળદેહમાં રહેલો હોવા છતાં સમ્યક્દર્શનના પ્રતાપથી પવિત્ર થઈ ગયો છે, તેથી તે દેવ છે. **રત્નકરંડશ્રાવકાચાર**

## ❀ જીવને કલ્યાણકારી કોણ? ❀

ત્રણકાળ અને ત્રણલોકમાં પણ પ્રાણીઓને સમ્યક્ત્વ સમાન બીજું કોઈ શ્રેયરૂપ નથી, તેમ જ મિથ્યાદર્શન સમાન કોઈ બીજુ અહિતરૂપ નથી. **રત્નકરંડશ્રાવકાચાર : ૩૪**

## ❀ સર્વગુણની શોભા સમ્યગ્દર્શનથી છે ❀

જેવી રીતે નગરની શોભા દરવાજાથી છે, મુખની શોભા ચક્ષુથી છે, અને વૃક્ષની સ્થિરતા મૂળથી છે તેવી રીતે જ્ઞાન, ચારિત્ર અને વીર્યની શોભા સમ્યગ્દર્શનથી છે. **ભગવતી આરાધના : ૭૪૦**

# સુખનું મૂળ સમ્યક્ત્વ

જગતના જીવો અનંત પ્રકારનાં દુઃખો ભોગવી રહ્યા છે, તે દુઃખોથી હંમેશને માટે મુક્ત થવા એટલે કે અવિનાશી સુખને મેળવવા તેઓ અહર્નિશ ઉપાયો કરી રહ્યા છે; પણ તેઓના તે ઉપાયો ખોટા હોવાથી દુઃખ મટતું નથી. એક કે બીજી પ્રકારે દુઃખ ચાલ્યા જ કરે છે. જો મૂળભૂત ભૂલ ન હોય તો દુઃખ હોય નહિ; અને તે ભૂલ ટળતાં સુખ થયા વગર રહે જ નહિ એવો અબાધિત સિદ્ધાંત છે. તેથી દુઃખ ટાળવા માટે પ્રથમ ભૂલ ટાળવી જોઈએ; એ મૂળભૂત ભૂલ ટાળવા માટે વસ્તુનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ.....એટલે કે સમ્યક્ત્વ કરવું જોઈએ.

વસ્તુના સાચા સ્વરૂપ સંબંધી જીવને જો ખોટી માન્યતા ન હોય તો જ્ઞાનમાં ભૂલ થાય નહિ. જ્યા માન્યતા સાચી હોય ત્યાં જ્ઞાન સાચું જ હોય. સાચી માન્યતા અને સાચા જ્ઞાનપૂર્વક જ યથાર્થ વર્તન હોય; સાચી માન્યતા અને સાચા જ્ઞાનપૂર્વક થતા સાચા વર્તન દ્વારા જ જીવો દુઃખથી મુક્ત થઈ શકે છે.

'પોતે કોણ છે', એ સંબંધી જગતના જીવોની મહાન ભૂલ અનાદિથી ચાલી આવે છે. ઘણા જીવો શરીરને પોતાનું સ્વરૂપ માને છે. અથવા તો શરીર પોતાના તાબાની વસ્તુ છે, એમ માને છે. તેથી શરીરની સંભાળ રાખવા તેઓ અનેક પ્રકારે સતત્ પ્રયત્ન કર્યા કરે છે. શરીરને પોતાનું માનતો હોવાથી શરીરની સગવડ જે જડ કે ચેતન પદાર્થો તરફથી મળે છે એમ જીવ માને તે તરફ તેને રાગ થાય જ; અને જે જડ કે ચેતન તરફથી અગવડ મળે છે એમ તે માને તે તરફ તેને દ્વેષ થાય જ. આ રીતે જ્યાં આ ભૂલવાળી માન્યતા છે ત્યાં આકુળતા રહ્યા જ કરે છે.

જીવની આ મહાન ભૂલને શાસ્ત્રમાં મિથ્યાદર્શન કહેવામાં આવે છે. જ્યાં મિથ્યાદર્શન હોય ત્યાં જ્ઞાન અને ચારિત્ર પણ મિથ્યા જ હોય; તેથી મિથ્યાદર્શનરૂપ મહાન ભૂલને મહાપાપ પણ કહેવામાં આવે છે. સર્વ દુઃખોનું મહા બળવાન મૂળિયું તે જ છે.—આ ભૂલની ભયંકરતાનું લક્ષ જીવોને નહિ હોવાથી, તે લક્ષ કરાવવા, અને તે ભૂલ ટાળીને તેઓ અવિનાશી સુખ તરફ પગલાં માંડે એ હેતુથી આચાર્ય ભગવંતોએ સૌથી પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો ઉપદેશ વારંવાર આપ્યો છે. હે જીવ! તારે સાચું સુખ જોઈતું હોય તો પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ.

સંસારસમુદ્રથી રત્નત્રયરૂપી જહાજને પાર કરવા માટે સમ્યગ્દર્શન ચતુર ખેવટીઓ એટલે કે નાવિક છે. જે જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તે અનંત સુખને પામે છે. અને જે જીવને સમ્યગ્દર્શન નથી તે પુણ્ય કરે તો પણ અનંત દુઃખને પામે છે; માટે ખરું સુખ પ્રાપ્ત કરવા જીવોએ તત્ત્વનું યથાર્થ સ્વરૂપ સમજી સમ્યગ્દર્શન પ્રગટ કરવું.

વંદન હો સમ્યક્ત્વને અને સમ્યક્ત્વધારક સન્તોને.

❁

## ❁ અહો, સમ્યગ્દર્શન! ❁

એક સેકંડ માત્રનું સમ્યગ્દર્શન અનંત જન્મ-મરણનો નાશ કરનાર છે. એક માત્ર સમ્યગ્દર્શન સિવાય જીવ અનંત કાળમાં બધું કરી ચૂક્યો છે, પણ સમ્યગ્દર્શન કદી એક સેકંડ માત્ર પણ પ્રગટ કર્યું નથી. જો એક સેકંડમાત્ર પણ સમ્યગ્દર્શન પ્રગટ કરે તો તેની મુક્તિ થયા વિના રહે નહિ. સમ્યગ્દર્શન એ જ માનવજીવનનું મહા કર્તવ્ય છે.

**—પૂ. કાનજીસ્વામી**

# મોક્ષનો ઉપાય—ભગવતી પ્રજ્ઞા

જીવ અને બંધભાવને જુદા કરવા તે મોક્ષ અને તે મોક્ષાર્થીનું કાર્ય. તેનો કરનારો આત્મા છે. મોક્ષ તે આત્માની પવિત્ર દશા છે અને તે દશારૂપે થનાર આત્મા છે. પરંતુ તે —રૂપે થવાનું સાધન શું, ઉપાય શું? તેના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે આ ભગવતી પ્રજ્ઞા વડે જ આત્માના સ્વભાવને અને બંધભાવને જુદા જાણીને છેદવામાં આવતાં મોક્ષ થાય છે. આત્માનો સ્વભાવ બંધનથી રહિત છે એમ જાણનારું સમ્યગ્જ્ઞાન તે જ બંધ અને આત્માને જુદા પાડવાનું સાધન છે. અહીં 'ભગવતી' વિશેષણ વડે જ સમ્યગ્જ્ઞાનનો આચાર્યદેવે મહિમા કર્યો છે.

આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે? એમ પૂછવામાં આવતાં તેનો ઉત્તર કહે છે—

**જીવ બંધ બન્ને નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદાં પડી જાય છે. ૨૯૪.**

આત્મા અને બંધના ચોક્કસ લક્ષણો જુદાં છે, તે વડે તેમને જુદા જુદા ઓળખવાં. આત્માને અને બંધને ચેતક-ચેત્ય સંબંધ છે, અર્થાત્ આત્મા જાણનાર-ચેતક છે અને બંધભાવ તેના જ્ઞાનમાં જણાય છે તેથી ચેત્ય છે. બંધભાવમાં ચેતકપણું નથી અને ચેતકપણામાં બંધભાવ નથી. બંધભાવ પોતે કાંઈ જાણતા નથી, પણ આત્મા પોતાના ચેતક-સ્વભાવ વડે જાણે છે. આત્માનો ચેતક-સ્વભાવ હોવાથી અને બંધભાવનો ચેત્યસ્વભાવ હોવાથી આત્માના જ્ઞાનમાં બંધભાવ જણાય છે ખરા; ત્યાં બંધભાવને જાણતાં અજ્ઞાનીને ભેદજ્ઞાનના અભાવને લીધે જ્ઞાન અને

બંધભાવ એક જેવા ભાસે છે; ચેતક-ચેત્યપણાને લીધે તેમને અત્યંત નિકટપણું હોવા છતાં બંનેના લક્ષણ જુદા જુદા છે; 'અત્યંત નિકટ કહેતાં જ જુદાપણું આવી જાય છે.

ચેતક-ચેત્યપણાને લીધે અત્યંત નિકટપણું હોવાથી આત્મા અને બંધના ભેદજ્ઞાનના અભાવને લીધે તેમનામાં એકપણાનો વ્યવહાર કરવામાં આવે છે. પરંતુ ભેદજ્ઞાન વડે તે બન્નેનું ભિન્નપણું સ્પષ્ટ જણાય છે. પર્યાયમાં જોતાં બંધ અને જ્ઞાન એકસાથે હોય તેમ દેખાય છે, પરંતુ દ્રવ્યસ્વભાવથી જોતાં બંધ અને જ્ઞાન જુદાં દેખાય છે. જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે અને બંધ તે બહાર જતી વિકારી લાગણી છે.

## ❀ બંધભાવ અને જ્ઞાનની ભિન્નતા જાણે તો બંધને છેદે ❀

બંધભાવ આત્માની અવસ્થામાં થાય છે, તે કાંઈ પરમાં થતા નથી. તે બંધભાવની લાગણી આત્માના સ્વભાવ સાથે એકમેક હોય તેમ અજ્ઞાનીને લાગે છે. અંતરસ્વરૂપ શું અને બહાર જતી લાગણી શું–તેના સૂક્ષ્મભેદના અભાનને લીધે જ્ઞાનના ઘોલનમાં તે લાગણી જાણે કે એકમેક થઈ જતી હોય તેમ અજ્ઞાનીને દેખાય છે અને તેથી બંધભાવથી જુદું જ્ઞાન તેના અનુભવમાં આવતું નથી અને બંધનો છેદ થતો નથી. જો બંધ અને જ્ઞાનને જુદા જાણે તો જ્ઞાનની એકાગ્રતા વડે બંધનનો છેદ કરે.

રાગ અનેક પ્રકારનો છે અને સ્વભાવ એક પ્રકારનો છે. પ્રજ્ઞા વડે બધાય પ્રકારના રાગથી આત્માને જુદો પાડવો. આ મોક્ષનો ઉપાય છે.

રાગ અને આત્મા જુદો છે એમ કહ્યું : 'જુદો' એટલે શું? આત્મા અહીં અને રાગ તેનાથી દસ ફૂટ દૂર એમ ક્ષેત્રથી જુદાપણું નથી, પરંતું ભાવથી જુદાપણું છે. રાગાદિ બંધભાવો આત્માની ઉપર ઉપર તરે છે, પરંતુ અંદર પ્રવેશતા નથી; એટલે કે ક્ષણિક રાગભાવ હોવા છતાં ત્રિકાળી સ્વભાવ તે રાગરૂપ નથી, તેથી વિકાર તે સ્વભાવની ઉપર તરે છે, એમ કહ્યું છે. વિકાર અને સ્વભાવને ભિન્ન જાણવાથી જ મોક્ષ થાય છે, અને તે માટે પ્રજ્ઞા જ સાધન છે.

## ❀ પ્રજ્ઞાછીણી કેવી રીતે પટકવી? ❀

પ્રજ્ઞા એટલે સમ્યગ્જ્ઞાન. સમયસાર–સ્તુતિમાં પણ કહ્યું છે કે :—

'તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા'

જ્ઞાન એટલે આત્માનો સ્વભાવ અને ઉદય એટલે બંધભાવ. સ્વભાવ અને બંધભાવની બધી સંધિને છેદવા માટે આત્માની પ્રજ્ઞાછીણી તે જ સાધન છે. જ્ઞાન અને રાગ બંને એક પર્યાયમાં વર્તતા હોવા છતાં બંનેના લક્ષણ કદી એક થયા નથી, બંને પોતપોતાના સ્વ-લક્ષણોમાં ભિન્ન-ભિન્ન છે; એમ લક્ષણભેદ વડે તેમને જુદા ઓળખીને તેમની સૂક્ષ્મ અંતરસંધિમાં પ્રજ્ઞારૂપી છીણીને પટકવાથી તેઓ અવશ્ય જુદા પડે છે.

જેમ પત્થરની સાંધને લક્ષમાં લઈને તે સાંધમાં સુરંગ ફોડતાં ફડાક કટકા થઈ જાય છે તેમ અહીં સમ્યગ્જ્ઞાનરૂપી સુરંગ છે તથા આત્મા અને બંધ વચ્ચેની સૂક્ષ્મ સાંધને લક્ષમાં લઈને સાવધાનપણે તેમાં તે સુરંગ પટકવાની છે.—એમ કરવાથી આત્મા અને બંધ જુદા થાય છે.

'સાવધાન થઈને' પટકવાનું કહ્યું છે એટલે કે ગમે તે પ્રકારનો રાગ હોય તે બધો ય મારા જ્ઞાનથી ભિન્ન છે, હું જ્ઞાનસ્વભાવ વડે રાગનો જાણનાર જ છું પણ રાગનો કરનાર નથી—એમ બધી તરફથી ભિન્નપણું જાણીને અર્થાત્ મોહનો અભાવ કરીને જ્ઞાનને આત્મામાં એકાગ્ર કરવું. સાવધાન થઈને, જગતની અનુકૂળતામાં અટક્યા વગર અને પ્રતિકૂળતાથી ડર્યા વગર, જ્ઞાનને અંતરમાં સ્વ તરફ વાળતાં, બંધન બહાર રહી જાય છે....એટલે આત્મા બંધનથી છૂટી જાય છે.

'પ્રજ્ઞાછીણી પટકવી' એટલે કાંઈ હાથમાં પકડીને મારવી એમ નથી; પ્રજ્ઞા અને આત્મા કાંઈ જુદા નથી; તીવ્ર પુરુષાર્થ વડે જ્ઞાનને આત્માના સ્વભાવમાં એકાગ્ર કરતાં રાગનું લક્ષ છૂટી જાય છે, તે જ પ્રજ્ઞાછીણીનો ઘા છે. પ્રજ્ઞાછીણી પટકવી એટલે કે ઉપયોગને અંતરમાં વાળવો.

'સૂક્ષ્મ અંતરસંધિમાં પટકવી એટલે કે શરીર વગેરે પરદ્રવ્યો તો જુદા છે જે, કર્મો વગેરે પણ જુદા જ છે, પરંતુ પર્યાયમાં જે રાગ-દ્વેષ થાય છે

તેઓ સ્થૂળપણે આત્મા સાથે એક જેવા દેખાય છે, પરંતુ તે સ્થૂળદૃષ્ટિ છોડીને સૂક્ષ્મપણે જોતાં આત્માના સ્વભાવને અને રાગને સૂક્ષ્મ ભેદ છે તે જણાય છે. સ્વભાવદૃષ્ટિ વડે જ રાગ અને આત્મા જુદા જણાય છે તેથી સૂક્ષ્મ અંતરદૃષ્ટિ વડે જ્ઞાન અને રાગનું ભિન્નપણું ઓળખીને, જ્ઞાનમાં એકાગ્ર થતાં રાગ ટળી જાય છે એટલે કે મુક્તિ થાય છે. આ રીતે મોક્ષનો ઉપાય સમ્યગ્જ્ઞાનરૂપી પ્રજ્ઞાછીણી જ છે.

## ❀ જ્ઞાન જ મોક્ષનું સાધન છે ❀

ત્રિકાળી જ્ઞાતાસ્વભાવ અને વર્તમાન વિકાર વચ્ચે સૂક્ષ્મ અંતરસંધિ જાણીને આત્માની અને બંધની અંતર સાંધને તોડવાનું જ કહ્યું છે, આત્માને બંધનભાવથી જુદો પાડતાં ન આવડે તો આત્માને શું લાભ? જેણે આત્મા અને બંધ વચ્ચેના ભેદને જાણ્યો નથી તે અજ્ઞાનપણે બંધભાવોને મોક્ષનું કારણ માને છે અને બંધભાવોનો આદર કરી સંસાર જ વધારે છે. તેથી આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! એક પ્રજ્ઞાછીણી જ મોક્ષનું સાધન છે, આ ભગવતી પ્રજ્ઞા સિવાય અન્ય કોઈ ભાવો મોક્ષનું સાધન નથી.

ધ્યાન કરતાં પ્રથમ ચૈતન્ય તરફનો વિકલ્પ આવે છે, તે નિર્વિકલ્પ ધ્યાનનું સાધન છે–એ વાત પણ યથાર્થ નથી. વિકલ્પ તે તો બંધભાવ છે અને નિર્વિકલ્પ તે શુદ્ધ ભાવ છે. પહેલાં અનિહિતવૃત્તિએ (–ભાવના વગર, ઈચ્છા વગર) વિકલ્પ આવે છે, પરંતુ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી તે વિકલ્પને મોક્ષમાર્ગ તરીકે સ્વીકારતી નથી પણ તેને બંધમાર્ગ તરીકે જાણીને છોડી દે છે. આ રીતે વિકલ્પને છોડીને જ્ઞાન રહી જાય છે. આવું વિકલ્પને પણ જાણી લેનારું ને જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થનારું જ્ઞાન તે જ મોક્ષનું સાધન છે. પરંતુ કોઈ વિકલ્પ તે મોક્ષનું સાધન નથી. જેઓ શુભવિકલ્પોને મોક્ષના સાધન તરીકે સ્વીકારે છે તેઓને ‘ભગવતી પ્રજ્ઞા’ પ્રગટી નથી તેથી તેઓ બંધભાવ અને મોક્ષભાવને જુદા ઓળખતા નથી, અને અજ્ઞાનને લીધે બંધભાવને જ આત્માપણે અંગીકાર કરીને તેઓ નિરંતર બંધાય જ છે. જ્યારે જ્ઞાનીને તો આત્મા અને બંધભાવનું બરાબર ભેદજ્ઞાન હોવાથી મોક્ષમાર્ગમાં વચ્ચે આવી પડતા બંધભાવોને બંધ તરીકે નિઃશંકપણે જાણીને

તેને છોડતા જાય છે અને જ્ઞાનમાં એકાગ્ર થયા છે તેથી જ્ઞાની ક્ષણે ક્ષણે બંધભાવોથી મુક્ત છે. આ ભેદજ્ઞાનનો પ્રતાપ છે.

## ❀ ભેદવિજ્ઞાનનો મહિમા ❀

આમાં તો ભેદવિજ્ઞાનને જ મલાવ્યું છે; ભેદવિજ્ઞાનનું અપાર માહાત્મ્ય છે. ભેદવિજ્ઞાનનો મહિમા બતાવતાં કહે છે કે—

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किलकेचन।**
**अस्यैवाभावतो बध्धा बध्धा ये किलकेचन॥१३१॥**

**અર્થ :**—જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ થયા છે. જે કોઈ બંધાયા છે તે તેના (ભેદવિજ્ઞાનના) જ અભાવથી બંધાયા છે.

અનાદિ કાળથી માંડીને જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી તે બંધાયા જ કરે છે—સંસારમાં રઝળ્યા જ કરે છે; જે જીવને ભેદવિજ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે—મોક્ષ પામે જ છે. માટે કર્મબંધનું કારણ અર્થાત્ મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને મોક્ષનું પ્રથમ કારણ ભેદવિજ્ઞાન જ છે. ભેદવિજ્ઞાન વિના કોઈ સિદ્ધિ પામી શકતું જ નથી.

## ❀ આત્મા અને બંધભાવ વચ્ચે ભેદ ❀

આત્માના બધા ગુણોમાં અને બધી ક્રમવર્તી પર્યાયોમાં ચેતના વ્યાપીને પ્રવર્તે છે તેથી ચેતના જ આત્મા છે. રાગ તે આત્મા નથી કેમ કે રાગ આત્માની બધી પર્યાયોમાં વ્યાપીને પ્રવર્તતો નથી. રાગ વગરનો આત્મા તો હોઈ શકે, પરંતુ ચેતના વગરનો આત્મા કદી હોય નહિ. ચેતના તો આત્માની દરેક પર્યાયમાં હોય જ. માટે રાગ તે આત્મા નથી પણ ચેતના તે જ આત્મા છે. બંધભાવો તરફ ન ઢળતાં અંતરસ્વભાવ તરફ ઢળીને જે ચૈતન્ય સાથે એકમેક થાય છે એવી નિર્મળ પર્યાયો તે જ આત્મા છે. આ રીતે નિર્મળ પર્યાયોને આત્મા સાથે અભેદ કરીને તેને જ આત્મા કહ્યો અને વિકારભાવને બંધભાવ કહીને તેને આત્માથી જુદો પાડ્યો; આ ભેદજ્ઞાન થયું.

બંધરહિત પોતાના શુદ્ધસ્વરૂપને જાણ્યા વગર બંધભાવને પણ યથાર્થપણે જાણી શકાય નહિ. પુણ્ય-પાપ બંને વિકાર છે. તેઓ આત્મા નથી; આ ચૈતન્યસ્વભાવ તે જ આત્મા છે. જેટલા દયા-દાન-ભક્તિ વગેરેના શુભભાવો છે તેઓનો મેળ (એકતા) આત્મા સાથે નથી પણ બંધ સાથે છે.

પર જીવને બચાવવાની ક્રિયા કાંઈ આત્માની નથી; આત્મા તો ફક્ત તેના પ્રત્યે દયાની શુભ લાગણી કરે; પરંતુ જો દયાની શુભ લાગણીને પોતાનું સ્વરૂપ (સ્વભાવ) માને તો તેને મિથ્યાત્વનું પાપ લાગે. શુભ કે અશુભ કોઈપણ લાગણી આત્મકલ્યાણમાં કિંચિત્ મદદગાર નથી કેમ કે તે લાગણીઓ આત્માના સ્વભાવથી વિપરીત લક્ષણવાળી છે, પુણ્ય-પાપના ભાવ તે અનાત્મા છે; તેઓ બંધનું લક્ષણ છે, આત્માનું નહિ.

## ❁ રાગથી ભિન્ન જ્ઞાનનું કાર્ય ❁

સાધકદશામાં રાગ થાય છતાં જ્ઞાન તેનાથી જુદું છે. રાગ વખતે રાગને રાગ તરીકે જાણી લીધો ત્યાં તે જાણનારું જ્ઞાન રાગથી જુદું રહ્યું છે. જો જ્ઞાન અને રાગ એકમેક થઈ ગયા હોય તો રાગને રાગ તરીકે જાણે કોણ? રાગને જાણનારું જ્ઞાન આત્મા સાથે એકતા કરે છે અને રાગ સાથે અનેકતા (ભિન્નતા) કરે છે. જ્ઞાનનું સામર્થ્ય એવું છે કે રાગને પણ જાણે છે. જ્ઞાનમાં રાગ જણાય છે તે તો જ્ઞાનની સ્વપરપ્રકાશક શક્તિનો વિકાસ છે, પરંતુ અજ્ઞાનીને પોતાના સ્વતત્ત્વની શ્રદ્ધા નહિ હોવાથી તે રાગને અને જ્ઞાનને જુદા પાડી શકતો નથી તેથી તે રાગને જ પોતાનું સ્વરૂપ માને છે, તે જ સ્વતત્ત્વનો વિરોધ છે. ભેદજ્ઞાન થતાં જ જ્ઞાન અને રાગ જુદા જણાય છે. ભેદવિજ્ઞાની જીવ જ્ઞાનને પોતાપણે અંગીકાર કરે છે અને રાગને બંધપણે જાણીને છોડી દે છે. આ ભેદજ્ઞાનનો જ મહિમા છે...ને એ જ સિદ્ધિનો માર્ગ છે.

'રાગ વખતે હું રાગપણે જ (સ્વભાવે) થઈ ગયો છું' એમ માનવું તે એકાંત છે, પરંતુ રાગ વખતે હું તો જ્ઞાનપણે જ છું, હું રાગપણે થઈ ગયો નથી—એમ ભિન્નપણાની પ્રતીત કરવી તે અનેકાંત છે. રાગને જાણતાં

જ્ઞાન એમ જાણે છે કે 'આ રાગ છે;' પરંતુ ''આ રાગ હું છું'' એમ જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) જાણતું નથી, કેમ કે જ્ઞાન પોતાનું કાર્ય રાગથી જુદું રહીને કરે છે. દૃષ્ટિનું જોર જ્ઞાનસ્વભાવ તરફ વળવું જોઈએ, તેને બદલે અજ્ઞાનીને રાગ તરફ વળે છે તે જ અજ્ઞાન છે. જેનું વજન જ્ઞાન તરફ ઢળે છે તે રાગને નિઃશંકપણે જાણે છે, પણ રાગને જાણતાં પોતાના જ્ઞાનસ્વભાવમાં તેને શંકા પડતી નથી. અને જેને જ્ઞાન તરફ વજન નથી તેને રાગને જાણતાં ભ્રમ પડે છે કે આ રાગ કેમ? રાગ વખતે રાગથી જુદું જ્ઞાનસ્વરૂપ છે તે તેને ભાસતું નથી. પણ ભાઈ! તારી દૃષ્ટિ જ્ઞાનસ્વભાવ ઉપરથી ખસીને રાગ ઉપર કેમ જાય છે? આ રાગ જણાય છે તે તો જ્ઞાનની જાણવાની તાકાત ખીલી છે તેથી જણાય છે—એમ જ્ઞાન અને રાગને જુદા ઓળખીને તારા જ્ઞાનસ્વભાવ તરફ વળ, એ જ મુક્તિનો ઉપાય છે. જ્ઞાન ઉપર જોર દેતાં જ્ઞાન સંપૂર્ણ ખીલી જશે, અને રાગ સર્વથા તૂટી જશે—એટલે મુક્તિ થશે. ભેદજ્ઞાનનું જ તે ફળ છે.

રાગ વખતે, 'આ રાગ જણાય છે તે મારા જ્ઞાનનું સામર્થ્ય છે પણ રાગનું સામર્થ્ય નથી, આમ જેણે રાગથી ભિન્નપણે જ્ઞાનસામર્થ્યની પ્રતીત કરી તેને એકલું જ્ઞાતાપણું રહી ગયું અને જ્ઞાતાપણાના જોરે બધાય વિકારનો કર્તાભાવ ઉડાડી દીધો, તે ધર્મ છે.

## ❀ જ્ઞાનનું સામર્થ્ય; ચારિત્રનું સાધન ❀

કોઈ એમ માને કે મહાવ્રતના શુભવિકલ્પથી ચારિત્રદશા પ્રગટે, તો તે મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે વ્રતનો વિકલ્પ તે તો રાગ હોવાથી બંધનું લક્ષણ છે અને ચારિત્ર તે તો આત્મા છે. શુભરાગને ચારિત્રનું સાધન માન્યું તેણે બંધને અને આત્માને એક માન્યાં પણ જુદા જાણ્યાં નહિ તેથી તે મિથ્યાદૃષ્ટિ છે, તેણે રાગરહિત આત્માના જ્ઞાનસામર્થ્યને ઓળખ્યું નથી. વ્રતનો શુભ વિકલ્પ ઊઠ્યો તે વખતે આત્માના જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય જ એવું ખીલ્યું છે કે તે જ્ઞાન આત્માના સ્વભાવને પણ જાણે અને વિકલ્પને પણ જાણે. પરંતુ ત્યાં જે વિકલ્પ છે તે ચારિત્રનું સાધન નથી, જે જ્ઞાનસામર્થ્ય ખીલ્યું છે તે જ્ઞાન જ પોતે ચારિત્રનું સાધન છે. હે આત્મા! તારી જ્ઞાયકપર્યાય

તે જ તારી શુદ્ધતાનું સાધન છે અને વ્રતનો રાગ તે તો તારી જ્ઞાયકપર્યાયનું તે સમયનું પરજ્ઞેય છે. મહાવ્રતનો વિકલ્પ ઊઠ્યો માટે ચારિત્ર પ્રગટ્યું એમ નથી, પરંતુ જ્ઞાન તે વૃત્તિને અને સ્વભાવને બંનેને ભિન્ન જાણીને સ્વભાવ તરફ ઢળ્યું તેથી જ ચારિત્ર પ્રગટ્યું છે. શુભવૃત્તિ તો બંધભાવ છે અને હું તો જ્ઞાયક છું એમ જ્ઞાયકભાવની દૃઢતાના જોરે વૃત્તિને તોડીને પોતાના સ્વરૂપમાં લીન થાય છે, અને ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન અને મોક્ષ પામે છે. આથી ભગવતી પ્રજ્ઞારૂપી છીણી તે જ મોક્ષનું સાધન છે.

## ❀ જ્ઞાન વિકારનું નાશક છે ❀

જ્ઞાનમાં વિકાર જણાય છે તે તો જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય જ તેવું ખીલ્યું છે—એમ કહીને જ્ઞાન અને વિકાર વચ્ચે ભેદ પાડ્યો છે; તેને બદલે કોઈ એમ માની બેસે કે "ભલે વિકાર થયા કરે, તે તો જ્ઞાનનું જ્ઞેય છે ને!" તો તે જ્ઞાનનું સ્વરૂપ જ સમજ્યો નથી. ભાઈ, જેના પુરુષાર્થનો પ્રવાહ જ્ઞાન પ્રત્યે ઢળ્યો તેના પુરુષાર્થનો પ્રવાહ વિકાર પ્રત્યેથી અટકી ગયો એટલે તેને ક્ષણે ક્ષણે વિકારનો નાશ જ થાય છે. આ રીતે દરેક પર્યાયમાં જ્ઞાનનું વલણ સ્વભાવમાં વળતું જાય છે અને વિકારથી છૂટતું જાય છે. "વિકાર ભલે થાય" એ ભાવના મિથ્યાદૃષ્ટિની જ છે. જ્ઞાની તો જાણે છે કે કોઈ વિકાર મારું સ્વરૂપ જ નથી, તેથી તે જ્ઞાનની જ ભાવના કરે છે અને વિકાર તરફથી તેનો પુરુષાર્થ પાછો ખેંચાઈ ગયો છે. જ્ઞાનની અસ્તિમાં વિકારની નાસ્તિ છે.

પહેલાં રાગાદિ કાંઈ ઓળખાતું ન હતું, અને હવે સૂક્ષ્મ રાગાદિને પણ જ્ઞાન જાણી લે છે તે જ્ઞાનનું સામર્થ્ય ખીલી ગયું છે. સૂક્ષ્મ વિકલ્પને પણ બંધભાવ તરીકે જ્ઞાન જાણી લે છે. ત્યાં રાગનું સામર્થ્ય ન રહ્યું પણ જ્ઞાનનું સામર્થ્ય છે. આવા સ્વાશ્રયજ્ઞાનની ઓળખાણ રુચિ, શ્રદ્ધા અને સ્થિરતા સિવાયના બીજા બધાય ઉપાય આત્મહિત માટે નકામા છે. અહો! પોતાના પરિપૂર્ણ સ્વાધીન સ્વતત્ત્વના સામર્થ્યની પ્રતીત વગર જીવ પોતાની સ્વાધીનદશા ક્યાંથી લાવશે? સ્વની પ્રતીતવાળો સ્વમાં ઢળશે અને મુક્તિ પામશે, અને જેને સ્વની પ્રતીત નથી તે વિકારમાં ઢળશે,

અને સંસારમાં રખડશે. જ્ઞાન ચેતનાર છે એટલે કે સદાય ચેતતું–જાગતું રહે છે; જે વૃત્તિ આવે તેને જ્ઞાન પ્રજ્ઞા છીણી વડે તત્ક્ષણ ફડાક છેદી નાખે છે, અને પર્યાયે–પર્યાયે જ્ઞાનનું સામર્થ્ય વધતું જ જાય છે. એકપણ વૃત્તિને કદી પણ મોક્ષમાર્ગ તરીકે જે સ્વીકાર કરતું નથી એવું નિર્મળ ભેદજ્ઞાન, વૃત્તિઓને તોડતું, સ્વરૂપની એકાગ્રતા વધારતું વધારતું, મોક્ષમાર્ગ પૂર્ણ કરીને મોક્ષરૂપે પરિણમી જાય છે. આવા પૂરા જ્ઞાનસ્વભાવસામર્થ્યનું જોર જેને પ્રતીતમાં બેઠું તેને અલ્પકાળમાં મોક્ષ જ છે. મોક્ષનું મૂળ ભેદવિજ્ઞાન જ છે. રાગને જાણીને રાગથી જુદું રહેનાર જ્ઞાન મોક્ષ પામે છે, અને રાગને જાણતાં રાગમાં અટકી જનારું જ્ઞાન બંધાય છે. જ્ઞાનીને પ્રજ્ઞાછીણીનું જોર છે કે—આ લાગણીઓ તો ક્ષણે ક્ષણે ચાલી જ જાય છે અને લાગણી રહિત મારું જ્ઞાન વધતું જ જાય છે. અજ્ઞાનીને એમ થાય છે કે–અરે! મારા જ્ઞાનમાં આ લાગણી થઈ, અને લાગણી સાથે મારું જ્ઞાન પણ ચાલ્યું જાય છે. અજ્ઞાનીને રાગ અને જ્ઞાન વચ્ચે અભેદબુદ્ધિ (એકત્વબુદ્ધિ) છે તે મિથ્યાજ્ઞાન છે, જ્ઞાનીએ પ્રજ્ઞાછીણી વડે રાગ અને જ્ઞાનને જુદા ઓળખ્યા છે–તે સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે અને જ્ઞાન જ મોક્ષ છે. જે સમ્યગ્જ્ઞાન સાધકદશાપણે હતું તે જ સમ્યગ્જ્ઞાન વધીને સાધ્યદશારૂપે થાય છે. આ રીતે જ્ઞાન જ સાધક-સાધ્ય છે. આત્માને પોતાના મોક્ષ માટે પોતાના ગુણ સાથે સંબંધ હોય કે પરદ્રવ્યો સાથે હોય? આત્માને પોતાના જ્ઞાન સાથે જ સંબંધ છે, પરદ્રવ્ય સાથે આત્માના મોક્ષનો સંબંધ નથી. આત્મા પરથી તો છૂટો છે જ, પણ અહીં તો વિકારથી પણ છૂટો–એમ અંતરમાં ભેદજ્ઞાન કરાવે છે. વિકારથી આત્માનો ભેદ પાડવો તે જ વિકારના નાશનો ઉપાય છે. રાગની ક્રિયા મારા સ્વભાવમાં નથી એમ સ્વભાવસામર્થ્યનો સમ્યગ્જ્ઞાન વડે સ્વીકાર કર્યો ત્યાં વિકારનો જ્ઞાતા જ થઈ ગયો. જેમ પર્વતમાં વીજળી પડતાં તિરાડ પડી જાય તેમ પ્રજ્ઞારૂપી વીજળી પડતાં સ્વભાવ અને વિકાર વચ્ચે તિરાડ પાડીને જ્ઞાન સ્વમાં વળ્યું, અનાદિથી ઊંધું પરિણમન હતું તે અટકીને હવે સ્વભાવ તરફનું પરિણમન શરૂ થયું. અહો! આમાં સ્વભાવનો અનંત પુરુષાર્થ છે.

## ❀ દ્રવ્યલિંગી સાધુએ શું કર્યું? ❀

રાગ-દ્વેષ વખતે અજ્ઞાનીને જ્ઞાન જુદું નહિ દેખાતું હોવાથી તેણે આત્મા અને બંધ વચ્ચે ભેદ જાણ્યો નથી. આત્મા અને બંધ વચ્ચે ભેદ જાણ્યા વગર દ્રવ્યલિંગી સાધુ થઈને નવમી ગ્રૈવેયકે જાય તેવા ચારિત્ર પાળ્યાં અને એવા મંદ કષાય કર્યા કે કોઈ બાળી મૂકે તોય મનમાં ક્રોધ ન કરે, છ–છ માસ આહાર ન કરે, છતાં ભેદજ્ઞાનના અભાવને લીધે તે સંસારમાં જ રખડ્યો. તેણે આત્માના હિતનો કાંઈ ઉપાય કર્યો નથી, માત્ર બંધભાવનો પ્રકાર ફેરવ્યો છે.

**પ્રશ્ન** :—આટલું બધું કર્યું તો ય કાંઈ નહિ?

**ઉત્તર** :—આટલું બધું કર્યું એમ જેને લાગે છે તેને મિથ્યાત્વનું જોર છે; શરીરની ક્રિયા વગેરે બહારની દૃષ્ટિથી જોનારને 'આટલું બધું કર્યું' એમ લાગે છે; પણ જ્ઞાની કહે છે કે તેણે કાંઈ જ અપૂર્વ કર્યું નથી, માત્ર બંધભાવ જ કર્યો છે, શરીરની ક્રિયાનો અને શુભરાગનો અહંકાર કર્યો છે. વ્યવહારે કહો તો પુણ્યભાવ કર્યા છે અને પરમાર્થથી તો તેણે અજ્ઞાન જ કર્યું છે રાગ કે વિકલ્પથી આત્માને લાભ માનવો તે મિથ્યાત્વ છે, તેને ભગવાન પાપ કહે છે. એક પ્રકારનો બંધભાવ છોડીને બીજા પ્રકારનો બંધભાવ કર્યો, પરંતુ બંધરહિત જ્ઞાનમૂર્તિ આત્માને ઓળખ્યો નહિ; બંધભાવની દૃષ્ટિ છોડીને અબંધ—આત્મસ્વભાવને જ્યાં સુધી ન ઓળખે ત્યાં સુધી આત્મદૃષ્ટિએ તેણે કાંઈ કર્યું નથી. ખરેખર તે બંધભાવમાં જ ઊભો છે—કેમ કે સર્વ બંધભાવોનું મૂળ એવું મિથ્યાત્વ ટાળ્યું નથી.

## ❀ બાહ્યત્યાગી...છતાં અધર્મી ❀

જે જીવ પોતે ખાવા-પીવાનો, વસ્ત્રનો, પૈસાનો ઈત્યાદિ સંબંધી તીવ્ર રાગ છોડી શકતો નથી તે બીજા કોઈ અજ્ઞાનીને બહારમાં વસ્ત્ર, પૈસા, આહાર વગેરેનો ત્યાગ દેખીને 'તેણે ઘણું કર્યું અને તે મારા કરતાં ઊંચો છે' એમ બાહ્યદૃષ્ટિથી દેખે છે; પરંતુ તે જીવ બહારમાં ત્યાગી હોવા છતાં અંતરમાં અજ્ઞાનનું મહાપાપ સેવી રહ્યો હોવાથી તે પણ તેના જેવો જ છે,

વીતરાગધર્મનું સેવન તો તેણે જરાય કર્યું નથી. અંતરની ઓળખાણ વગર બહારથી માપ કાઢે તો સાચું ન આવે.

## ❀ બાહ્ય અત્યાગી...છતાં...ધર્માત્મા ❀

ઉપર જેમ ત્યાગી–અજ્ઞાનીનું દૃષ્ટાંત કહ્યું, તેમ તેનાથી ઊલટું અત્યાગી–જ્ઞાની વિષે સમજવું. જ્ઞાની ગૃહસ્થદશામાં હોય અને રાગ પણ હોય, છતાં તેને અંતરમાં સર્વ પરદ્રવ્યો પ્રત્યે ઉદાસીનભાવ વર્તે છે, રાગનું પણ સ્વામીત્વ માનતા નથી, તે ધર્માત્મા મોક્ષમાર્ગી છે. જે જીવ આવા ધર્માત્માને અંતર ઓળખાણ વડે ઓળખે નહિ અને બહારથી માપ કાઢે તે જીવ આત્માને સમજ્યો નથી. જેઓ અંતરમાં આત્માની પવિત્રદશા સમજતા નથી તેઓ એકલા સંયોગ ઉપરથી માપ કાઢે છે. સંયોગ ઉપરથી તો ધર્મી-અધર્મીનું માપ નથી, પરંતુ રાગની મંદતા ઉપરથી પણ ધર્મી-અધર્મીનું માપ નથી. ધર્મી-અધર્મીનું માપ તો અંતર-અભિપ્રાય ઉપરથી છે.

બાહ્યત્યાગી અને મંદરાગી હોવા છતાં જે બંધભાવને પોતાનું સ્વરૂપ માને છે તે અધર્મી છે. અને બાહ્યમાં રાજપાટના સંયોગ હોય અને અવ્રત સંબંધી રાગ વિશેષ ટળ્યો ન હોય છતાં અંતરમાં બંધભાવથી ભિન્ન પોતાના સ્વરૂપનું ભાન છે તે ધર્મી છે. શરીરની ક્રિયાથી, બહારના ત્યાગથી કે રાગની મંદતાથી જેણે આત્માની મહત્તા માની તેણે શરીરથી ભિન્ન, સંયોગથી રહિત અને વિકાર રહિત એવા આત્મસ્વભાવની મહત્તા જાણી નથી. સ્વભાવની પ્રતીતના અપાર મહિમાની તેને ખબર નથી. વિપરીત શ્રદ્ધા વડે સ્વભાવની હિંસા થાય છે તે મોટું પાપ છે.

બહારનો ઘણો ત્યાગ અને ઘણો શુભરાગ કરીને એમ માને કે હવે આનાથી મારી મુક્તિ થઈ જશે; પણ ભાઈ રે! તેં આત્માના ધર્મનો રસ્તો જ હજી જાણ્યો નથી, તો પછી મુક્તિ તો ક્યાંથી થાય? અંતરસ્વભાવના જ્ઞાન વગર અંતરની શાંતિ નહિ આવે, અને વિકારભાવની આકુળતા નહિ ટળે.

## ❀ સમ્યગ્જ્ઞાન એ જ મુક્તિનો સરળ માર્ગ છે ❀

આત્માનો સ્વભાવ સમજવાનો પંથ સીધો–સરળ છે. સાચો માર્ગ જાણીને ધીમે ધીમે ચાલવા માંડે તોપણ માર્ગ કપાય, પરંતુ માર્ગ જાણ્યા વગર આંખે પાટા બાંધીને ઘાંચીના બળદની જેમ ગમે તેટલું ચાલે તોપણ ફરી ફરીને ત્યાં ને ત્યાં જ ઊભો રહે. તેમ સ્વભાવનો સરળ માર્ગ છે તે જાણ્યા વિના જ્ઞાનચક્ષુઓ બંધ કરીને પરભાવમાં ગમે તેટલા ચક્કર લગાવ્યા કરે અને મેં ઘણું કર્યું એમ માને, પણ જ્ઞાનીઓ કહે છે કે ભાઈ, તેં કાંઈ નથી કર્યું, તું સંસારના ચકરાવામાં જ ઊભો છે, જરાય આગળ વધ્યો નથી. વિકાર રહિત તારા જ્ઞાનસ્વરૂપને તેં જાણ્યું નથી એટલે તારું ગાડું દોડાવીને બહુ તો અશુભમાંથી શુભ કરીને તેમાં તું ધર્મ માની લે છે, પરંતુ એ તો ફરી ફરીને પાછો ત્યાં ને ત્યાં વિકારમાં જ ઊભો રહ્યો; વિકારચક્રમાં આંટા માર્યા, પરંતુ વિકારથી છૂટીને જ્ઞાનમાં આવ્યો નહિ, તો તેં શું કર્યું?

જ્ઞાન વગર ગમે તેટલો રાગ ઘટાડે કે ત્યાગ કરે, પરંતુ સાચી સમજણ વગર તેને સમ્યગ્દર્શન થશે નહિ અને મુક્તિમાર્ગ તરફ તો નહિ જાય, પરંતુ વિકારમાં અને જડની ક્રિયામાં કર્તૃત્વનો અહંકાર કરીને તત્ત્વની વિરાધનાથી સંસારમાર્ગમાં દુર્ગતિમાં ધસી પડશે. સાચા જ્ઞાન વગર કોઈ પણ રીતે મુક્તદશાનો માર્ગ હાથ આવે નહિ. જેમણે આત્મભાન કર્યું તેઓ ત્યાગ કે વ્રત કર્યા વગર પણ એકાવતારી થઈ ગયા, જેમ કે રાજા શ્રેણિક.

## ❀ સંસારનું મૂળ ❀

આત્માના સ્વભાવનો માર્ગ સરળ હોવા છતાં કેમ નથી સમજાતો? તેનું કારણ એ છે કે અજ્ઞાનીને અનાદિથી આત્મા અને રાગના એકપણાનો વ્યામોહ છે, ભ્રમ છે, ગાંડપણ છે. જેને અંતરમાં રાગરહિત સ્વભાવની દ્રષ્ટિનું જોર છે તે આત્માના અનુભવની સાચી પ્રતીતને લીધે એકાદ ભવે મોક્ષ જશે, અને જેને આત્માની સાચી પ્રતીત નથી એવો અજ્ઞાની બીજી અનેક શુભક્રિયાઓ કરે તોય આત્માના ભાવ

વગર એક પણ ભવ ઘટે નહિ કેમ કે તેને આત્મા અને રાગના એકપણાનો વ્યામોહ જ સંસારનું મૂળ છે.

### ❀ અજ્ઞાન ટાળવાનો ઉપાય ❀

હવે શિષ્ય પૂછે છે કે અજ્ઞાનીનો તે વ્યામોહ કોઈ રીતે છેદી શકાય કે નહિ? ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે હા, પ્રજ્ઞારૂપી છીણી વડે તે જરૂર છેદી શકાય છે. જેમ અંધકાર ટાળવાનો ઉપાય પ્રકાશ જ છે તેમ અજ્ઞાન ટાળવાનો ઉપાય સમ્યગ્જ્ઞાન જ છે.

(વ્યામોહ=અજ્ઞાન; પ્રજ્ઞાછીણી=સમ્યગ્જ્ઞાન)

આત્મા સંબંધી અજ્ઞાન ટાળવા માટેનો ઉપાય ક્યાંય બહારમાં કે રાગમાં નથી પણ આત્મા અને રાગના જુદાપણાનું સમ્યગ્જ્ઞાન તે જ એકમાત્ર વ્યામોહ છેદવાનો ઉપાય છે. આ જ ઉપાયથી વ્યામોહ છેદીને આત્મા મુક્તિના પંથે પ્રયાણ કરે છે, એમ જ્ઞાનીઓ જાણે છે.

❀

**दंसणंमूलो धम्मो ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.**

# ભગવતી પ્રજ્ઞાછીણી

## જેનો અફર ઘા આત્માનો અનુભવ કરાવે છે

આત્મા અને રાગની સાંધ વચ્ચે પ્રજ્ઞાછીણીનો ઘા કેવી રીતે પડે? અર્થાત્ સમ્યગ્જ્ઞાન કેમ પ્રગટે? જ્ઞાન માટે તો કંઈક બીજા સાધનની જરૂર પડતી હશે ને?–તો કહે છે કે ના; જ્ઞાનનો ઉપાય જ્ઞાન જ છે. જ્ઞાનનો અભ્યાસ તે જ પ્રજ્ઞાછીણી પ્રગટવાનું કારણ છે. શુભરાગ તે પ્રજ્ઞાનો ઉપાય નથી. સ્વભાવની રુચિપૂર્વક સ્વભાવનો તીવ્ર અભ્યાસ કરવાથી આત્મા અને રાગની સાંધ વચ્ચે પ્રજ્ઞાછીણીનો ઘા પડે છે અને તત્ક્ષણ જ બંને જુદા અનુભવાય છે. સ્વભાવનું જ્ઞાન અને મોક્ષમાર્ગ પ્રગટવાનો આ જ ઉપાય છે એમ આચાર્યદેવ શ્લોક દ્વારા દર્શાવે છે–

(સ્રગ્ધરા : ક્યારે એ માનસ્તંભે......એ રાગ)

**प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः**
**सूक्ष्मेऽन्तः संधिबंधे निपतति रभसादात्मकर्मोभयस्य।**
**आत्मानं मग्नमंतःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे**
**बंधं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ॥**

આ શ્લોક ધીમી શાંત હલક છે અને એમાં ભાવ એવો છે કે હે જીવ! અંતરમાં તારા ચૈતન્યસ્વભાવને અવલોકવામાં ધીરો થા, ધીરો થા! અંતરના અનુભવની અદ્ભુત રીત આ શ્લોકમાં દેખાડી છે.

આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી પ્રવીણ પુરુષો વડે કોઈ પણ પ્રકારે –યત્નપૂર્વક સાવધાનપણે (–નિષ્પ્રમાદપણે) પટકવામાં આવી થકી, આત્મા અને કર્મ-બંનેની સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં (–અંદરની સાંધના

જોડાણમાં) શીઘ્ર પડે છે. કેવી રીતે પડે છે? આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં (—ચૈતન્યના પ્રવાહમાં) મગ્ન કરે છે અને બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (—નિયત) કરે છે,—એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન—ભિન્ન કરતી પડે છે.

આ કળશમાં આત્મસ્વભાવનો પુરુષાર્થ વર્ણવ્યો છે, અનુભવના ભાવો બતાવ્યા છે, ભેદજ્ઞાનનો ઉપાય દર્શાવ્યો છે. આ કળશના ભાવ ખાસ આત્મામાં પરિણમાવવા યોગ્ય છે. ૧. તીક્ષ્ણછીણી, ૨. કોઈ પણ રીતે, ૩. નિપુણ પુરુષો દ્વારા, ૪. સાવધાન થઈને પટકવામાં આવી થકી અને ૫. શીઘ્ર પડે છે—આ રીતે, પુરુષાર્થ બતાવનારાં પાંચ વિશેષણો વાપર્યા છે.

**૧. તીક્ષ્ણ છીણી**—જડ શરીરમાંથી વિકારી રોગનું ઓપરેશન કરવા માટે તીખાં ઝીણાં ચમકતા શસ્ત્રો આવે છે તેમ અહીં તો ચૈતન્ય આત્મા અને રાગાદિ વિકાર વચ્ચે ઓપરેશન કરીને તે બંનેને જુદાં પાડવા છે, તે માટે તીક્ષ્ણ ઉગ્ર પ્રજ્ઞારૂપી છીણી છે, અર્થાત્ સમ્યગ્જ્ઞાનરૂપી પર્યાય અંતરમાં ઢળીને સ્વભાવમાં મગ્ન થાય છે અને રાગ છૂટો પડી જાય છે, તે જ ભેદવિજ્ઞાન છે. તેમાં જ્ઞાન ઉપયોગને ઘણો સૂક્ષ્મ એટલે કે અતીન્દ્રિય કરવો પડે.

**૨. કોઈ પણ રીતે**—પૂર્વે કળશ ૨૩માં કહ્યું હતું કે હે ભાઈ! તું કોઈ પણ રીતે—મરીને પણ તત્ત્વનો કૌતૂહલી થા! તેમ અહીં પણ કહે છે કે કોઈ પણ રીતે, આખા જગતની ને દેહની દરકાર છોડી દઈને પણ, સમ્યગ્જ્ઞાનરૂપી પ્રજ્ઞાછીણીને આત્મા અને બંધ વચ્ચે પટકવી. 'કોઈ પણ રીતે' કહેતાં કર્મ વગેરે નડે એ વાત ઉડાડી દીધી. કોઈ પણ રીતે એટલે તું તારામાં પુરુષાર્થ કરીને પ્રજ્ઞાછીણી વડે ભેદજ્ઞાન કર. શરીરનું ગમે તેમ થાય પણ આત્મા જ પ્રાપ્ત કરવો છે, એ જ કર્તવ્ય છે, એમ તીવ્ર ઝંખના અને રુચિ કરીને સમ્યગ્જ્ઞાન કર. જેમ વીજળીના ઝબકારામાં સોય પરોવવી હોય

તો તેમાં કેટલી એકાગ્રતા જોઈએ! વીજળી થાય કે તરત જ સોય પરોવી લે, ત્યાં એક સેકંડમાત્રનો પ્રમાદ ન કરે, તેમ ચૈતન્યમાં સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવવા માટે ચૈતન્યની એકાગ્રતા અને ઝંખના જોઈએ. અહો! અનંતકાળે આ ચૈતન્ય ભગવાનને ઓળખવાના ટાણાં મળ્યાં છે, ક્ષણ ક્ષણ લાખેણી જાય છે, આત્મભાન વગર ઉગરવાનો ક્યાંય આરો નથી, માટે અત્યારે જ કોઈ પણ પ્રકારે આત્મભાન કરવું છે–એમ સ્વભાવની રુચિ પ્રગટ કરતાં વિકારનો મહિમા ટળે છે. આ વિકાર તે મારા ચૈતન્યની શોભા નથી પણ કલંક છે, મારું ચૈતન્યતત્ત્વ તેનાથી ભિન્ન અસંગી છે—આ પ્રમાણે નિરંતર સ્વભાવની રુચિ અને પુરુષાર્થના અભ્યાસ વડે પ્રજ્ઞાછીણીને પટકવી.

૩. **નિપુણ પુરુષો દ્વારા**—અહીં લૌકિક નિપુણતાની વાત નથી, પણ સ્વભાવનો પુરુષાર્થ કરવામાં નિપુણતાની વાત છે. લૌકિક બુદ્ધિમાં નિપુણ હોવા છતાં તેને પોતાને શંકા રહ્યા કરે કે મારું શું થશે? તેમ “તીવ્રકર્મો ઉદયમાં આવશે તો મારું શું થશે? મારે હજી ઘણા ભવ હશે તો? મને પ્રતિકૂળતા આવી પડશે તો?” એમ જેને શંકા રહ્યા કરે છે તે નિપુણ નથી પણ નમાલો પુરુષાર્થહીન છે; જે આવી પુરુષાર્થહીનતાની વાતો કરે છે તે પ્રજ્ઞાછીણીનો ઘા મારી શકશે નહિ; તેથી કહ્યું છે કે ‘નિપુણ પુરુષો દ્વારા પટકવામાં આવી થકી’ એટલે જેને કર્મોના ઉદયનું લક્ષ નથી પણ એકલા સ્વભાવની પ્રાપ્તિનું જ લક્ષ છે અને પોતાના સ્વભાવની પ્રાપ્તિના પુરુષાર્થના જોરે જેને મુક્તિની નિઃસંદેહતા છે એવા નિપુણ પુરુષો જ તીવ્ર પુરુષાર્થ વડે પ્રજ્ઞાછીણીને પટકીને ભેદવિજ્ઞાન કરે છે.

૪. **સાવધાન થઈને પટકવામાં આવી થકી**—એટલે પ્રમાદ અને મોહને દૂર કરીને પટકવી. જો એક ક્ષણ પણ ચૈતન્યનો સાવધાન થઈને અભ્યાસ કરે તો અવશ્ય ભેદજ્ઞાન અને મોક્ષ પામે જ. જે ચૈતન્યમાં સાવધાન છે તેને કર્મના ઉદયની શંકા હોતી જ નથી. અનાદિથી વિકારને પોતાનું સ્વરૂપ માનીને અસાવધાન થયો હતો તેને

બદલે હવે ચૈતન્યસ્વરૂપના લક્ષે સાવધાન થઈને વિકારનું લક્ષ છોડી દીધું;—એટલે હવે વિકાર થાય તોપણ 'તે મારા ચૈતન્યસ્વરૂપથી ભિન્ન છે' એમ પ્રજ્ઞા વડે જાણે છે. આ રીતે સાવધાન થઈને આત્મા અને બંધની વચ્ચે પ્રજ્ઞાછીણીને પટકવી.

'પ્રજ્ઞાછીણી પટકવી' એટલે શું? કે સમ્યગ્જ્ઞાનને આત્મામાં એકાગ્ર કરવું. આ ચૈતન્યસ્વરૂપ હું આત્મા અને આ પર તરફ જતી લાગણી તે રાગ—એમ આત્મા અને બંધની જુદાપણાની સાંધ જાણીને અર્થાત્ બન્નેના જુદા જુદા લક્ષણ દ્વારા તેમને ભિન્ન-ભિન્ન જાણીને જ્ઞાનને ચૈતન્યસ્વભાવી આત્મામાં એકાગ્ર કરતાં રાગ સાથેની એકતા છૂટી જાય છે,—તે જ પ્રજ્ઞાછીણીનું પટકવું છે, તે જ ભેદજ્ઞાન છે.

૫. **પ્રજ્ઞાછીણી શીઘ્ર પડે છે**—પ્રજ્ઞાછીણી પડતાં વાર લાગતી નથી પણ જે ક્ષણે ચૈતન્યમાં એકાગ્ર થયો તે જ ક્ષણે રાગ અને આત્મા ભિન્નપણે અનુભવાય છે. અત્યારે ન થઈ શકે—એ વાત જ નથી, આ તો દરેક ક્ષણે થઈ શકે છે.

પ્રજ્ઞાછીણી પડતાં શું થાય છે અર્થાત્ પ્રજ્ઞાછીણી કેવી રીતે પડે છે? અંતરમાં જેનું ચૈતન્ય તેજ સ્થિર છે એવા જ્ઞાયકભાવને જ્ઞાયકપણે પ્રકાશમાન કરે છે. 'હું જ્ઞાન છું' એવો વિકલ્પ પણ અસ્થિર છે, તે વિકલ્પને તોડીને સમ્યગ્જ્ઞાન એકલા ચૈતન્યમાં મગ્ન થાય છે; રાગથી છૂટું પડીને જ્ઞાન ચૈતન્યમાં સ્થિર થાય છે, એ રીતે પ્રજ્ઞાછીણી ચૈતન્યમાં મગ્ન થતી નિર્મળપણે પડે છે; અને જેટલી પુણ્ય-પાપની વૃત્તિઓનું ઉત્થાન છે તે સર્વેને બંધભાવમાં નિશ્ચળ કરે છે; આ રીતે આત્માને આત્મામાં મગ્ન કરતી અને બંધને અજ્ઞાનભાવમાં નિયત કરતી પ્રજ્ઞાછીણી પડે છે.—આ જ પવિત્ર સમ્યગ્દર્શન છે. એક સેંકડ માત્ર પણ જો જીવ આવા સમ્યગ્દર્શનને અંતરમાં ધારણ કરે તો તેના અનંત ભવનો નાશ થઈ જાય.

પ્રજ્ઞાછીણી પડે છે—એ સંબંધી અહીં ક્રમથી વાત કરી છે, સમજાવવા માટે ક્રમથી કથન કર્યું છે, પરંતુ ખરેખર અંતરમાં ક્રમ

પડતા નથી, પણ એક સાથે જ વિકલ્પ તૂટીને જ્ઞાન સ્વમાં એકાગ્ર થાય છે. જે સમયે જ્ઞાન સ્વમાં એકાગ્ર થયું તે જ સમયે રાગથી જુદું પડ્યું. પરંતુ પહેલાં જ્ઞાન સ્વમાં ઢળ્યું અને પછી રાગથી જુદું પડ્યું—એમ ક્રમ પડતા નથી.

**પ્રશ્ન :**—આ તો સમજવું અઘરું લાગે છે, આ સિવાય બીજો કોઈ માર્ગ છે?

**ઉત્તર :**—અરે ભાઈ, બહારમાં તો ઘણી બુદ્ધિ ચલાવે છે, ત્યાં બધુંય સમજાય છે અને બુદ્ધિ ચાલે છે, અને આ પોતાના આત્માની વાત સમજવામાં બુદ્ધિ ન ચાલે એ કેમ બને? પોતાને આત્માની દરકાર નથી અને સમજવાની રુચિ નથી તેથી જ અઘરું લાગે છે, અને નથી સમજાતું. પરંતુ ભાઈ! આ સમજ્યા વગર અન્ય કોઈ પણ ઉપાય મુક્તિ માટેનો નથી.

અરે ભાઈ સંસારના કામમાં ડહાપણ કરીને તું રાગને પોષે છે ત્યાં 'નથી આવડતું' એમ કહીને તે કામ મૂકી નથી દેતો, અને અહીં આત્માની સમજણનો પ્રયત્ન કરવાની વાત આવે ત્યાં કહે છે કે મને ન સમજાય; પણ ન સમજાય તે કોના ઘરની વાત? તું આત્મા છો કે જડ? જો આત્માને નહિ સમજાય તો શું જડ સમજશે? ચૈતન્યના જ્ઞાનમાં ન સમજાય એવું કાંઈ છે જ નહિ. ચૈતન્યમાં બધું સમજવાની તાકાત છે. 'ન સમજાય' એ વાત જડના ઘરની છે, 'આત્મા ન સમજાય' એમ કહેનારને આત્માની રુચિ જ નથી પણ જડની રુચિ છે. મુક્તિનો રસ્તો એક સમ્યગ્જ્ઞાન જ છે. અને સંસારનો રસ્તો પણ એક અજ્ઞાન જ છે.

**પ્રશ્ન :**—આવા કપરા સંજોગો વખતે જો આત્માનું સમજવામાં રોકાય તો પછી આજીવિકા અને ધંધો કેમ ચલાવવો?

**ઉત્તર :**—જેને આત્માની રુચિ નથી પણ સંયોગની રુચિ છે તેને જ આ પ્રશ્ન ઉઠે છે. આજીવિકા વગેરેનો સંયોગ તો પૂર્વના પુણ્યના કારણે મળે છે, તેમાં વર્તમાન પુરુષાર્થ ડહાપણ કાર્યકારી નથી. બહારનો

સંયોગ-વિયોગ તો પૂર્વ પ્રારબ્ધ અનુસાર જેમ થવાનો હોય તેમ થયા જ કરે છે, તેમાં આત્મા કિંચિત્ ફેરફાર કરી શકતો નથી, પણ આત્માની સમજણમાં પૂર્વનાં પુણ્ય કામ ન આવે અને વર્તમાન પુણ્ય પણ કામ ન આવે, એ તો પુરુષાર્થ વડે અપૂર્વ અંતર–સંશોધનથી પ્રાપ્ત થાય છે, બાહ્ય–સંશોધનથી તે મળે તેમ નથી. હે જીવ! જો તને આત્માની રુચિ હોય તો પહેલાં તું એ નક્કી કર કે હું પરથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ છું. કોઈ પણ પરવસ્તુ મારી નથી, પરવસ્તુ મને સુખ–દુઃખ કરતી નથી, હું પરનું કાંઈ કરતો નથી.–આમ બધા પરની દૃષ્ટિ છોડીને સ્વને જો. પોતાની પર્યાયમાં રાગ હોય તે રાગને કારણે પરવસ્તુ મળતી નથી, તેમજ તે રાગ વડે આત્મા પણ મળતો નથી, માટે રાગ નિરર્થક છે; તે ચૈતન્યનું સ્વરૂપ નથી. આમ ભેદજ્ઞાન થતાં રાગ પ્રત્યેનો પુરુષાર્થ લૂલો થઈ જાય છે. ચૈતન્યસ્વરૂપ આત્માને પરની ક્રિયાથી જુદો જાણ્યા પછી હવે અંતરમાં રાગથી જુદો જાણીને તે રાગથી જુદો પાડવાની ક્રિયા કરવાનું રહ્યું. આ રીતે જ્ઞાનક્રિયા તે જ આત્માનું કર્તવ્ય છે. પરની ક્રિયા તો આત્મા કરી શકતો જ નથી. પણ પરથી જુદાપણાનું ભાન કરનાર આત્મા છે, અને પ્રજ્ઞાછીણી વડે જ આત્મા બંધથી ભિન્નપણે ઓળખાય છે. આ પ્રજ્ઞાછીણી જ મોક્ષનો ઉપાય છે તેથી તેને 'ભગવતી' એવું પવિત્ર વિશેષણ આચાર્યદેવે આપ્યું છે.

## અનાદિથી જીવે શું કર્યું? અને હવે શું કરવું?

અનાદિથી આજ સુધી કોઈ પણ ક્ષણમાં કોઈ જીવે પરનું કાંઈ કર્યું જ નથી, માત્ર સ્વનું લક્ષ ચૂકીને પરની ચિંતા જ કરી છે. હે ભાઈ! પરનો બોજો તારા ઉપર નથી. જેટલી તું તારા તત્ત્વની ભાવના છોડીને પર તત્ત્વની ચિંતા કરે તે ચિંતાનો બોજો તારા ઉપર છે, તે ચિંતાનું તને દુઃખ છે, પણ તારી તે ચિંતાને લીધે પરના કોઈ કાર્ય થતાં નથી અને તારું સ્વકાર્ય બગડે છે. માટે હે ભાઈ! અનાદિથી આજ સુધીની તારી પરસંબંધીની સર્વ ચિંતા ખોટી થઈ –નિષ્ફળ ગઈ.... માટે હવે પ્રજ્ઞા વડે ચિંતાથી ભિન્ન તારા

ચૈત્યસ્વરૂપને જાણીને તેમાં એકાગ્ર થા. પરની ચિંતા તે તારું સ્વરૂપ નથી. માટે નિશ્ચિંત થઈ નિજસ્વરૂપના ચિંતન વડે તારા સ્વકાર્યને સાધ.

તું પરવસ્તુને પોતાની માનીને તેની ચિંતા કરે તોપણ પરવસ્તુઓનું તો જે પરિણમન થવાનું છે તે જ થશે; અને તું પરવસ્તુને ભિન્ન જાણીને તેનું લક્ષ છોડી દે તોપણ તેઓ તો સ્વયં પરિણમ્યા જ કરશે. તારી ચિંતા હો કે ન હો તેની સાથે પરદ્રવ્યોના પરિણમનને કાંઈ સંબંધ નથી. માટે હે જીવ! તું પરની વ્યર્થ ચિંતા છોડીને સ્વમાં એકાગ્ર થા.

અનાદિથી આત્માએ પરનું કાંઈ કર્યું નથી, માત્ર પરની ચિંતા પોતાને ભૂલીને કરી છે. પણ હે આત્મા! શરૂઆતથી છેડા સુધીની તારી ચિંતા નિષ્ફળ ગઈ, માટે હવે તો સ્વરૂપની ભાવના કર. હવે શરીરાદિ પરવસ્તુની ચિન્તા છોડીને સ્વને જો; સ્વને ઓળખતાં પરની ચિન્તા છૂટી જશે અને આત્માની શાંતિ અનુભવાશે. તારે તારા ધર્મનો સંબંધ આત્મા સાથે રાખવો છે કે પર સાથે? આત્માના ધર્મનો સંબંધ કોની સાથે છે, તે અહીં સમજાવ્યું છે.

હું ગમે ત્યાં હોઉં પણ મારી પર્યાયનો સંબંધ મારા દ્રવ્ય સાથે છે, બહારના સંયોગ સાથે નથી. ગમે તે ક્ષેત્રે પણ આત્માનો ધર્મ તો આત્મામાંથી જ ઉત્પન્ન થાય છે, શરીરમાંથી—સંયોગમાંથી ધર્મની ઉત્પત્તિ થતી નથી.—આવી સ્વાધીનતાની શ્રદ્ધા અને જ્ઞાન કરે તેને ક્યે ઠેકાણે આત્મા સાથે સંબંધ ન હોય? અને આવી શ્રદ્ધા-જ્ઞાન હોય તે ક્યા ઠેકાણે શરીરાદિનો સંબંધ માને? તેને કદી સ્વભાવનો સંબંધ તૂટે નહિ અને પરનો સંબંધ ક્યાંય માને નહિ. બસ, આ જ ધર્મ છે, ને એનાથી જ મુક્તિ છે.

એક સેકંડમાત્રનું ભેદજ્ઞાન અનંત ભવનો નાશ કરીને મુક્તિ પમાડે છે. તેથી તે ભેદજ્ઞાન નિરંતર ભાવવાયોગ્ય છે.

**‘દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ’**

❒

# જીવનનું કર્તવ્ય

અધ્યાત્મતત્ત્વની વાત સમજવા આવનાર જિજ્ઞાસુને વૈરાગ્ય અને કષાયની મંદતા તો હોય જ. જેને કષાયની મંદતા અને વૈરાગ્ય હોય તેને જ આત્મસ્વરૂપ સમજવાની જિજ્ઞાસા જાગે. મંદ કષાયની વાત તો બધાય કરે છે, પણ જે સર્વ કષાયથી રહિત છે એવું પોતાના આત્મતત્ત્વનું સ્વરૂપ તે સમજીને જન્મ-મરણના અંતની નિઃશંકતા આવી જાય તેની વાત અહીં જિનધર્મમાં છે. અનંતકાળે તત્ત્વ સમજવાના ટાણાં આવ્યાં, દેહ ક્યારે છૂટશે એનો કોઈ ભરોસો નથી, એવા કાળે જો કષાયને મૂકીને આત્મસ્વરૂપ નહિ સમજે તો ક્યારે સમજશે? પુરુષાર્થસિદ્ધિઉપાયમાં તો કહ્યું છે કે જિજ્ઞાસુ જીવને પહેલાં સમ્યગ્દર્શનપૂર્વક મુનિપણાનો ઉપદેશ આપવો; અહીં તો હજી પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ કરવાની વાત છે. ભાઈ, માનવજીવનની દેહસ્થિતિ પૂરી થતાં જો તું સ્વભાવની રુચિ અને પરિણતિ સાથે ન લઈ જા તો તેં તારા જીવનમાં કાંઈ આત્મકાર્ય કર્યું નથી. દેહ છોડીને જતાં જીવની સાથે શું આવશે? જો જીવનમાં તત્ત્વ સમજવાની દરકાર કરી હશે તો મમતારહિત સ્વરૂપની રુચિ અને પરિણતિ સાથે લઈ જશે; અને તે દરકાર નહિ કરી હોય તથા પરનાં મમત્વ કરવામાં જ જીવન કાઢ્યું હશે તો તેને માત્ર મમતાભાવની આકુળતા સિવાય બીજું કાંઈ સાથે જવાનું નથી. કોઈ પણ જીવને પરવસ્તુઓ સાથે જતી નથી, માત્ર પોતાનો ભાવ જ સાથે લઈ જાય છે.

માટે અહીં આચાર્યદેવ કહે છે કે ચેતના વડે આત્માનું ગ્રહણ કરવું. જેણે ચેતના વડે આત્માનું ગ્રહણ કર્યું છે તે સદા આત્મામાં જ છે. જેણે ચેતના વડે શુદ્ધ આત્માને જાણ્યો છે તે કદી પરપદાર્થને કે પરભાવોને આત્માના સ્વભાવ તરીકે ગ્રહણ કરતા નથી પણ શુદ્ધાત્માને જ પોતાપણે જાણીને તેનું જ ગ્રહણ કરે છે, એટલે તે સદાય પોતાના આત્મામાં જ છે. કોઈ પૂછે કે કુંદકુંદપ્રભુ ક્યાં છે? તો જ્ઞાની ઉત્તર

આપે છે કે ખરેખર કુંદકુંદપ્રભુ સ્વર્ગાદિ બાહ્યક્ષેત્રોમાં નથી પણ તેમના નિર્મળ આત્મામાં જ છે. જેણે કદી કોઈ પરપદાર્થોને પોતાના માન્યાં નથી અને એક ચેતનાસ્વભાવને જ સ્વપણે અંગીકાર કર્યો છે. તે ચેતનાસ્વભાવ સિવાય બીજે ક્યાં જાય! જેણે ચેતના વડે આત્માનું ગ્રહણ કર્યું છે તે સદા પોતાના આત્મામાં ટકી કહે છે. જેમાં જેની દ્રષ્ટિ પડી છે તેમાં જ તે કાયમ રહેલા છે, પોતાની ચૈતન્યભૂમિકાથી બહાર ખરેખર કોઈ જીવ રહેતો નથી. પોતાની ચૈતન્યભૂમિકામાં જેવા ભાવ કરે તેવા ભાવમાં રહે છે; જ્ઞાની જ્ઞાનભાવમાં રહે છે અને અજ્ઞાની અજ્ઞાનભાવમાં રહે છે. બહારમાં ગમે તે ક્ષેત્ર હોય પણ જીવ પોતાની ચૈતન્યભૂમિકામાં જે ભાવ કરે તે ભાવને જ તે ભોગવે છે, બહારના સંયોગને ભોગવતો નથી. આમ સમજીને નિજભાવમાં રહેવું તે જીવનનું કર્તવ્ય છે.

*(શ્રી સમયસાર ગાથા ૨૯૭ના વ્યાખ્યાનમાંથી)*

❁

## ❁ ત્રણ લોકમાં સમ્યગ્દર્શનની શ્રેષ્ઠતા ❁

એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણલોકના રાજ્યનો લાભ થતો હોય તો ત્યાં ત્રણલોકના લાભ કરતાં પણ સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે; કેમ કે ત્રણલોકનું રાજ્ય પામીને અલ્પ પરિમિત કાળમાં તે છૂટી જાય છે અને સમ્યગ્દર્શનનો લાભ થતાં તો તે જીવ અક્ષય મોક્ષસુખને પામે છે.

*—ભગવતી આરાધના : ૭૪૬–૭૪૭*

# ‘‘દંસણમૂલો ધમ્મો’’ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન

**‘सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः’**

મોક્ષમાર્ગ—પ્રતિપાદક આ સિદ્ધાંતસૂત્રમાં પહેલું સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન પોતે ધર્મ છે, તેમજ તે ધર્મનું મૂળ છે.

રત્નત્રયધર્મ કે દશલક્ષણધર્મ, મુનિધર્મ કે શ્રાવકધર્મ એ બધા ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. એના વિના એકેય ધર્મ હોતો નથી. જે જીવ સમ્યગ્દર્શનનો ઉદ્યમ કરતો નથી, અને શુભભાવથી ધર્મ માનીને તેનું સેવન કરે છે તે જીવને તે શુભ વખતે જ મિથ્યાત્વનું પાપ ભેગુ બંધાય છે, એટલે કે તેને મુખ્યપણે તો અશુભબંધ જ થાય છે; અને જ્ઞાની જીવ એમ જાણે છે કે આ શુભનો અભાવ કરવાથી જ શુદ્ધતા થાય છે તેથી તેને કદાપિ શુભની રુચિ હોતી નથી એટલે તેઓ અલ્પકાળમાં શુભનો પણ અભાવ કરીને શુદ્ધભાવરૂપ થઈ જાય છે; તેમનો શુભબંધ પણ વિશિષ્ટ હોય છે.

મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્યની રુચિપૂર્વક શુભભાવ કરીને નવમી ગ્રૈવેયક સુધી ગયો છતાં ત્યાંથી પાછો નિગોદાદિમાં ગયો, કેમ કે મિથ્યાત્વીને શુભભાવની રુચિ છે તે સંસારનું મૂળ છે. સીધી રીતે અશુભમાં તો ધર્મ માને જ નહિ પરંતુ શુભમાં ધર્મ માનીને તેમાં તે અટકી જાય છે. જે પોતે અધર્મરૂપ છે એવો રાગભાવ તે વીતરાગધર્મને કઈ રીતે મદદ કરી શકે? ધર્મનું કારણ તો ધર્મરૂપ ભાવ હોય કે ધર્મનું કારણ અધર્મરૂપભાવ હોય? અધર્મભાવનો છેદ તે જ ધર્મભાવનું કારણ છે એટલે કે અશુભ તેમ જ શુભભાવનો છેદ તે જ ધર્મભાવનું કારણ છે. (—તેહ શુભાશુભ છેદતાં ઉપજે મોક્ષસ્વભાવ.)

શુભભાવ તે ધર્મનું પગથિયું નથી, પણ સમ્યક્ સમજણ તે જ ધર્મનું પગથિયું છે; કેવળજ્ઞાનદશા તે સંપૂર્ણ ધર્મ છે અને સમ્યક્સમજણ તે અંશે ધર્મ (શ્રદ્ધારૂપી ધર્મ) છે,તે શ્રદ્ધારૂપી ધર્મ એ જ ધર્મનું પહેલું પગથિયું છે. આ રીતે ધર્મનું પગથિયું તે ધર્મરૂપ જ છે, અધર્મરૂપ એવો શુભભાવ તે કદાપિ ધર્મનું પગથિયું નથી. શ્રદ્ધાધર્મ પછી જ ચારિત્રધર્મ હોઈ શકે છે તેથી જ શ્રદ્ધારૂપી ધર્મ તે ધર્મનું પગથિયું છે.—ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે કે–'**દંસણમૂલો ધમ્મો**'–સમ્યગ્દર્શન જેનું મૂળ છે તે ધર્મ છે. એટલે ધર્મ માટે સમ્યગ્દર્શનનો ઉદ્યમ તે પ્રથમ કર્તવ્ય છે.

❁

સમ્યક્ત્વના મહિમા બાબત સારસમુચ્ચયમાં કહે છે કે—

જે પ્રાણી કષાયના આતાપથી તપ્ત છે, ઇન્દ્રિયવિષરૂપી રોગથી મૂર્છિત છે અને ઇષ્ટવિયોગ તથા અનિષ્ટસંયોગથી ખેદખિન્ન છે, તે બધાને માટે સમ્યક્ત્વ પરમ હિતકારી ઔષધ છે. સમ્યગ્દર્શન સહિત નરકવાસ પણ ભલો છે, પરંતુ સમ્યગ્દર્શનરહિત જીવનો સ્વર્ગમાં વાસ પણ શોભતો નથી; કેમ કે આત્મભાન વગર નરકમાં પણ તે દુઃખી છે. જ્યાં આત્મજ્ઞાન છે ત્યાં જ સાચું સુખ છે. શંકાદિ દોષોથી રહિત એવું સમ્યગ્દર્શન તે પરમ રત્ન છે, અને તે સંસારરૂપી દરિદ્રતાનો જરૂર નાશ કરે છે. જે જીવ સમ્યક્ત્વથી ભૂષિત છે તે ચોક્કસપણે નિર્વાણને પામે છે; અને મિથ્યાદૃષ્ટિ જીવ સદા સંસારમાં પરિભ્રમણ કરે છે. *(ગાથા ૩૮ થી ૪૧)*

# સમ્યગ્દર્શન–પર્યાય

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. એમાં સમ્યગ્દર્શન પણ મોક્ષમાર્ગરૂપ છે. મોક્ષમાર્ગ તે પર્યાય છે, પણ ગુણ નથી. ગુણનો કદી નાશ ન થાય, તેમજ તેની કદી ઉત્પત્તિ ન થાય. મોક્ષમાર્ગ તે પર્યાય હોવાથી ઉત્પન્ન થાય છે.

ગુણની વ્યાખ્યા તો એમ છે કે 'જે દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વે હાલતોમાં વ્યાપે તે ગુણ છે'. હવે જો સમ્યગ્દર્શન તે ગુણ હોય તો આત્માની બધી હાલતોમાં તે રહેવું જોઈએ. પરંતુ એ તો સ્પષ્ટ છે કે આત્માની મિથ્યાત્વદશામાં સમ્યગ્દર્શન રહેતું નથી. તેથી તે ગુણ નથી પણ પર્યાય છે. પર્યાયનું લક્ષણ ઉત્પાદ-વ્યય છે, ગુણનું લક્ષણ ધ્રુવતા છે.

**પ્રશ્ન :**—સમ્યગ્દર્શનને પર્યાય માનવાથી તેનું માહાત્મ્ય ઊડી જશે, કેમ કે પર્યાય તો ક્ષણિક હોય છે, અને પર્યાયદૃષ્ટિને તો શાસ્ત્રમાં મિથ્યાત્વ કહ્યું છે?

**ઉત્તર :**—સમ્યગ્દર્શનને પર્યાય માનવાથી કાંઈ તેનું માહાત્મ્ય ઊડી જતું નથી. કેવળજ્ઞાન પણ પર્યાય છે અને સિદ્ધપણું એ પણ પર્યાય છે. પર્યાયને પર્યાય તરીકે જેમ છે તેમ જાણવાથી જ તેનું સાચું માહાત્મ્ય આવે છે. ભલે સમ્યગ્દર્શન–પર્યાય ક્ષણિક છે પણ તે સમ્યગ્દર્શનનું કાર્ય શું છે? સમ્યગ્દર્શનનું કાર્ય આખા ત્રિકાળી દ્રવ્યને સ્વીકારવાનું છે અર્થાત્ સમ્યગ્દર્શન તે ત્રિકાળી દ્રવ્યની પ્રતીત કરે છે, અને તે પર્યાય ત્રિકાળી દ્રવ્ય સાથે એકાકાર થાય છે, તેથી તેનું અપાર માહાત્મ્ય છે. આ રીતે સમ્યગ્દર્શન પર્યાય માનવાથી તેનું માહાત્મ્ય ઊડી જતું નથી. કોઈ વસ્તુના કાળ ઉપરથી તેનું માહાત્મ્ય નથી પણ તેના ભાવ ઉપરથી માહાત્મ્ય છે.

વળી, પર્યાયદૃષ્ટિને શાસ્ત્રમાં મિથ્યાત્વ કહ્યું છે એ વાત સાચી જ છે;

પરંતુ 'પર્યાયદૃષ્ટિ' એટલે શું તે સમજવું પડશે. સમ્યગ્દર્શન તે પર્યાય છે અને પર્યાયનું પર્યાય તરીકે જ્ઞાન કરવું એનું નામ કાંઈ પર્યાયદૃષ્ટિ નથી. દ્રવ્યને દ્રવ્ય તરીકે અને પર્યાયને પર્યાય તરીકે જાણવું તે તો સમ્યગ્જ્ઞાનનું કામ છે. પરંતુ પર્યાયને જ દ્રવ્ય માની લ્યે અર્થાત્ એક પર્યાય જેટલું જ આખા દ્રવ્યને માની લ્યે તો તે પર્યાયના જ લક્ષે અટકી જાય પણ પર્યાયના લક્ષથી ખસીને દ્રવ્યનું લક્ષ કરી શકે નહિ, એનું જ નામ પર્યાયદૃષ્ટિ છે. અને એવો પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દર્શનને પર્યાય તરીકે જાણવું અને શ્રદ્ધાગુણ તો આત્મા સાથે ત્રિકાળ છે. એમ દ્રવ્ય-ગુણને ત્રિકાળરૂપ જાણીને તેની પ્રતીત કરવી એનું જ નામ દ્રવ્યદૃષ્ટિ છે અને એ જ સમ્યગ્દર્શન છે.

વળી, જે જીવ સમ્યગ્દર્શનને ગુણ માને તે જીવ સમ્યગ્દર્શન પ્રગટાવવાનો પુરુષાર્થ શા માટે કરે? કેમ કે ગુણ તો ત્રિકાળ છે, તે કાંઈ નવો પ્રગટ કરવો પડતો નથી. તેથી તે જીવ સમ્યગ્દર્શન પ્રગટાવવાનો પુરુષાર્થ કરે નહિ, એટલે તેને સમ્યગ્દર્શન કદી પ્રગટે નહિ અને મિથ્યાત્વ કદી ટળે નહિ; પણ જો સમ્યગ્દર્શનને પર્યાય તરીકે જાણે તો તે પર્યાય નવી પ્રગટ કરવાનો પુરુષાર્થ કરે. જે પર્યાય હોય તે ત્રિકાળી ગુણના આશ્રયે હોય અને ગુણ દ્રવ્ય સાથે એકરૂપ હોય. એટલે સમ્યગ્દર્શન-પર્યાય શ્રદ્ધાગુણમાંથી પ્રગટે છે અને શ્રદ્ધાગુણ આત્મા સાથે ત્રિકાળ છે, એમ ત્રિકાળી દ્રવ્યના લક્ષે સમ્યગ્દર્શનનો પુરુષાર્થ પ્રગટે છે.

શાસ્ત્રમાં પાંચ ભાવોનું વર્ણન કરતાં ઔપશમિક ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવના ભેદમાં સમ્યગ્દર્શનને ગણાવ્યું છે. એ ઔપશમિકાદિ ત્રણે ભાવો તો પર્યાયરૂપ છે, તો પછી સમ્યગ્દર્શન તે પણ પર્યાયરૂપ જ છે. જો સમ્યગ્દર્શન ગુણ હોય તો ગુણને ઔપશમિક વગેરે અપેક્ષા લાગી શકે નહિ.

કોઈ વાર અભેદનયે સમ્યગ્દર્શનને જ આત્મા કહેવામાં આવે છે; ત્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનું લક્ષ છોડાવીને અભેદ વસ્તુનું લક્ષ કરાવવાનું પ્રયોજન છે. અભેદદૃષ્ટિમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ભેદ નથી, પરંતુ જ્યારે

પર્યાયાર્થિકનયે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જુદું જુદું સ્વરૂપ વિચારવું હોય ત્યારે તો જે દ્રવ્ય છે તે ગુણ નથી, જે ગુણ છે તે પર્યાય નથી, કેમ કે ત્રણેનું લક્ષણ ભિન્ન-ભિન્ન છે, એમ સમજવું જોઈએ. દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપને જેમ છે તેમ જાણ્યા પછી તેના ભેદનો વિકલ્પ તોડીને અભેદ આત્મસ્વભાવમાં ઢળતાં એકલી અભેદ વસ્તુ અનુભવમાં આવે છે. આવો અનુભવ કરાવવા દ્રવ્ય-ગુણ-પર્યાયને અભેદ વર્ણવ્યા છે. પરંતુ તેથી એમ ન સમજવું કે સમ્યગ્દર્શન તે ત્રિકાળી ગુણ છે, પરંતુ સમ્યગ્દર્શન તો પર્યાય જ છે, એમ સમજવું.

વળી, સમ્યગ્દર્શન કેટલીક વાર 'ગુણ' કહેવામાં આવે છે. વાસ્તવિકપણે તો તે શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે; પણ જેમ ગુણ ત્રિકાળ નિર્મળ છે તેમ તેની વર્તમાનપર્યાય પણ નિર્મળ થઈ ગઈ હોવાથી—અર્થાત્ નિર્મળ પર્યાય ગુણ સાથે અભેદ થતી હોવાથી અભેદનયે તે પર્યાયને પણ ગુણ કહેવામાં આવે છે.

સમ્યક્ત્વ (અર્થાત્ શ્રદ્ધા) ગુણની બે પ્રકારની પર્યાયો છે—એક સમ્યગ્દર્શન, બીજી મિથ્યાદર્શન. જીવોને અનાદિથી સમ્યક્ત્વગુણની પર્યાય મિથ્યાત્વરૂપ હોય છે. પોતાના પુરુષાર્થ વડે ભવ્ય જીવો તે મિથ્યાત્વપર્યાય ટાળીને સમ્યક્ત્વપર્યાય કરે છે. સમ્યગ્દર્શનપર્યાય પ્રગટ થતાં, ગુણ-પર્યાયની અભેદવિવક્ષાથી 'સમ્યક્ત્વગુણ પ્રગટ્યો' એમ પણ કહેવાય છે. જેવા શુદ્ધ ત્રિકાળી ગુણો છે તેવી જ શુદ્ધ પર્યાયો સિદ્ધદશામાં પ્રગટ હોય છે, એથી સિદ્ધભગવાનને સમ્યક્ત્વ વગેરે આઠ ગુણો હોય છે—એમ કહેવાય છે; ખરેખર તે સમ્યક્ત્વાદિ આઠ ગુણો નથી પ્રગટ્યા પણ તેની નિર્મળ પર્યાયો પ્રગટી છે—એમ સમજવું. ગુણ ત્રિકાળી શક્તિરૂપ હોય છે અને પર્યાય તે-તે સમયે વ્યક્તિરૂપ હોય છે. ગુણ કાર્યરૂપ નથી પણ પર્યાય કાર્યરૂપ છે. શ્રદ્ધાગુણની ક્ષાયિક પર્યાય (—ક્ષાયિકસમ્યગ્દર્શન) પ્રગટે ત્યારથી તે અનંતકાળ સુધી એવી જ રહે છે તો પણ સમયે-સમયે નવી પર્યાયનો ઉત્પાદ અને જૂની પર્યાયનો વ્યય તો થયા જ કરે છે. એ પ્રમાણે સમ્યગ્દર્શન તે શ્રદ્ધા-ગુણની નિર્મળપર્યાય છે, અને તે ભવભ્રમણના છેદનો મુખ્ય ઉપાય હોવાથી મુમુક્ષુનું પ્રથમ કર્તવ્ય છે.

# હે જીવો! સમ્યક્ત્વની આરાધના કરો

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોનો યથાવત્ નિશ્ચય–આત્મામાં તેનો વાસ્તવિક પ્રતિભાસ તે જ સમ્યગ્દર્શન છે. પંડિત અને બુદ્ધિમાન મુમુક્ષુને મોક્ષસ્વરૂપ પરમ સુખસ્થાને નિર્વિઘ્ન પહોંચાડવામાં એ પ્રથમ પગથિયારૂપ છે. માટે પ્રથમ તેની આરાધના કરવાનો સંતોનો ઉપદેશ છે.

જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણે સમ્યક્ત્વ સહિત હોય તો જ મોક્ષાર્થે સફળ છે, વંદનીય છે, કાર્યગત છે; અન્યથા એટલે સમ્યક્ત્વ વગરના (જ્ઞાન, ચારિત્ર અને તપ) સંસારના કારણરૂપપણે જ પરિણમ્યે જાય છે. ટૂકામાં સમ્યક્ત્વરહિત જ્ઞાન તે જ અજ્ઞાન, સમ્યક્ત્વરહિત ચારિત્ર તે જ કષાય અને સમ્યક્ત્વ વિનાનું તપ તે જ કાયક્લેશ છે. જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણે ગુણોને ઉજ્જ્વળ કરનાર એવી એ સમ્યક્શ્રદ્ધા પ્રથમ આરાધના છે. બાકીની ત્રણ આરાધના એક સમ્યક્ત્વના વિદ્યમાનપણામાં જ આરાધકભાવે પ્રવર્તે છે. એ પ્રકારે સમ્યક્ત્વનો કોઈ અકથ્ય અને અપૂર્વ મહિમા જાણી તે પવિત્ર કલ્યાણમૂર્તિરૂપ સમ્યગ્દર્શનને, આ અનંત–અનંત દુઃખરૂપ એવા અનાદિ સંસારની આત્યંતિક નિવૃત્તિ અર્થે હે ભવ્યો! તમે ભક્તિપૂર્વક અંગીકાર કરો, સમયે–સમયે આરાધો.

(શ્રી આત્માનુશાસન પાનું ૯)

ચાર આરાધનામાં સમ્યક્ત્વ આરાધનાને પ્રથમ કહેવાનું શું કારણ? એવો શિષ્યને પ્રશ્ન થતાં શ્રી આચાર્ય તેનું સમાધાન કરે છે—

शुभ बोध वृत्त तपसां पाषाणस्यैव गौरवं पुषः।
पूज्यं महामणेरिव तदेव सम्यक्त्वसंयुक्तम्॥१५॥

આત્માને મંદ કષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ એનું જે મહત્પણું છે તે સમ્યક્ત્વ વગર તો માત્ર પાષાણબોજ સમાન છે, આત્માર્થ ફળદાતા નથી. પરંતુ જો તે જ સામગ્રી સમ્યક્ત્વસહિત હોય તો મહા મણિસમાન પૂજનીક થઈ પડે છે, અર્થાત્ વાસ્તવ્ય ફળદાતા અને ઉત્કૃષ્ટ મહિમા યોગ્ય થાય છે.

પાષાણ તથા મણિ એ બંને એક પત્થરની જાતિના છે અર્થાત્ જાતિ અપેક્ષાએ તો એ બંને એક છે, તોપણ શોભા, ઝલક આદિના વિશેષપણાને લઈને મણિનો થોડો ભાર ગ્રહણ કરે તોપણ ઘણી જ મહત્ત્વતાને પામે, પણ પાષાણનો ઘણો ભાર પણ તેના ઉઠાવનારને માત્ર કષ્ટરૂપ જ થાય છે, તેવી જ રીતે મિથ્યાત્વક્રિયા અને સમ્યક્ત્વક્રિયા એ બંને ક્રિયા અપેક્ષાએ તો એક જ છે; તથાપિ અભિપ્રાયના સત્-અસત્પણાના તથા વસ્તુના ભાન -બેભાનપણાના કારણને લઈને મિથ્યાત્વસહિત ક્રિયાનો ઘણો ભાર વહન કરે તોપણ વાસ્તવ્ય મહિમાયુક્ત અને આત્મલાભપણાને પામે નહિ, પરંતુ સમ્યક્ત્વ સહિત અલ્પ પણ ક્રિયા યથાર્થ આત્મલાભદાતા અને અતિ મહિમાયોગ્ય થાય. *(શ્રી આત્માનુશાસન પાનું-૧૧)*

❁

## મોક્ષ અને બંધનું કારણ

સાધક જીવને જ્યાં સુધી રત્નત્રયભાવની પૂર્ણતા નથી ત્યાં સુધી તેને જે કર્મનું બંધન થાય છે. તેમાં રત્નત્રયનો દોષ નથી. રત્નત્રય તો મોક્ષનાં જ સાધક છે, તે બંધનાં કારણ થતાં નથી. પરંતુ તે વખતે રત્નત્રયભાવનો વિરોધી એવો જે રાગાંશ હોય છે તે જ બંધનું કારણ છે.

જીવને જેટલા અંશે સમ્યગ્દર્શનાદિ છે તેટલા અંશે બંધન થતું નથી; પણ તેની સાથે જેટલા અંશે રાગ છે તે રાગાંશથી તેટલા અંશે બંધન થાય છે. *(પુરુષાર્થસિદ્ધિઉપાય ગા. ૨૧૨, ૨૧૫)*

# સમ્યગ્દર્શનની રીત

આજે માંગળિક પ્રસંગ છે ને ગાથા બરાબર અલૌકિક આવી છે. આ ગાથા ૮૦મી છે. ૮૦ એટલે આઠ અને શૂન્ય. આઠ કર્મનો અભાવ કરીને સિદ્ધદશા કેમ થાય, તેની આમાં વાત છે.

(સં. ૨૦૦૫ કારતક સુદ ૧૩નું પ્રવચન)

જે જાણતો અર્હંતને ગુણ દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.

(૧) આ પ્રવચનસારની ૮૦મી ગાથા છે. આત્મામાં અનાદિકાળથી જે મિથ્યાત્વભાવ છે તેને ટાળીને સમ્યગ્દર્શન કેમ પ્રગટે, તેનો ઉપાય આ ગાથામાં વર્ણવ્યો છે. આ આત્માનો સ્વભાવ અરિહંત ભગવાન જેવો જ, પુણ્ય–પાપરહિત છે. આત્માના સ્વભાવને ચૂકીને જે પુણ્ય-પાપ થાય તેને પોતાનું સ્વરૂપ માનવું તે મિથ્યાત્વ છે. શરીર, મન, વાણી આત્માના તાબે છે ને તેમની ક્રિયા આત્મા કરી શકે છે એમ માનવું તે પણ મિથ્યાત્વ છે; તથા આત્મા શરીર-મન-વાણીને તાબે છે ને તેમની ક્રિયાથી આત્માને ધર્મ થાય છે, એમ માનવું તે પણ મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વનો નાશ કર્યા વગર ધર્મ થતો નથી. તે મિથ્યાત્વનો નાશ કેમ થાય તેનો ઉપાય અહીં બતાવે છે.

(૨) જે કોઈ જીવ ભગવાન અરિહંતના આત્માને દ્રવ્ય-ગુણ -પર્યાયપણે બરાબર જાણે છે તે જીવ ખરેખર પોતાના આત્માને જાણે છે ને તેનો મિથ્યાત્વરૂપ મોહ ચોક્કસ નાશ પામે છે, એટલે તેને શુદ્ધ સમ્યક્ત્વ પ્રગટે છે;—આ ધર્મનો ઉપાય છે. અરિહંતના આત્માનો કાયમી એકરૂપ રહેનાર સ્વભાવ કેવો છે, તેના જ્ઞાનાદિ ગુણો કેવા છે,

તેને જે જાણે તે જીવ અરિહંત જેવા પોતાના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખીને પછી અભેદ આત્માની અંતરદૃષ્ટિ કરીને મિથ્યાત્વને ટાળે ને સમ્યગ્દર્શન પ્રગટ કરે. આ ૮૦મી ગાથાનો ટૂંકો સાર.

(૩) કુંદકુંદાચાર્યદેવે આ ગાથામાં અરિહંત થવાનો સચોટ માર્ગ દર્શાવ્યો છે. અરિહંત ભગવાનનો આત્મા પણ પૂર્વે અજ્ઞાન દશામાં હતો ને સંસારમાં રખડતો હતો, પછી આત્માનું ભાન કરીને મોહનો ક્ષય કર્યો, ને અરિહંત દશા પ્રગટી. પહેલાં અજ્ઞાન દશામાં પણ તે જ આત્મા હતો ને અત્યારે અરિહંતદશામાં પણ તે જ આત્મા છે; એમ આત્મા ત્રિકાળ રહે છે તે દ્રવ્ય છે, આત્મામાં જ્ઞાનાદિ અનંતગુણો એકસાથે રહેલા છે તે ગુણ છે અને અરિહંતને અનંત કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય પ્રગટ્યાં છે તે તેની પર્યાય છે; તેમને રાગ-દ્વેષ કે અપૂર્ણતા જરાપણ રહ્યાં નથી.—આમ અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જીવ જાણે તે જીવ પોતાના આત્માને તેવો જ જાણે, કેમ કે આ આત્મા પણ અરિહંતની જ જાતનો છે, જેવો અરિહંતના આત્માનો સ્વભાવ છે તેવો જ આ આત્માનો સ્વભાવ છે. નિશ્ચયથી તેમાં કાંઈ તફાવત નથી. તેથી પહેલાં અરિહંતના આત્માને જાણતાં અરિહંત જેવા પોતાના આત્માને પણ જીવ મન વડે (વિકલ્પથી) જાણી લે છે. ને પછી અંતરમાં વળીને ગુણ-પર્યાયોથી અભેદરૂપ એક આત્મસ્વભાવને અનુભવે છે ત્યારે દ્રવ્ય-પર્યાયની એકતા થતાં તે જીવ ચિન્માત્રભાવને પામે છે; ત્યારે મોહનો કોઈ આશ્રય નહિ રહેવાથી તે અવશ્ય નાશ પામે છે ને જીવને સમ્યગ્દર્શન પ્રગટે છે; તે અપૂર્વ છે. સમ્યગ્દર્શન વગર ત્રણકાળમાં ધર્મ હોતો નથી.

(૪) જેવો અરિહંતભગવાનનો આત્મા છે તેવો જ આ આત્મા છે; તેમાં ચેતન તે દ્રવ્ય છે, ચેતન એટલે આત્મા તે દ્રવ્ય છે, ચૈતન્ય તેનો ગુણ છે. ચૈતન્ય એટલે જ્ઞાન-દર્શન, તે આત્માનો ગુણ છે. અને તે ચૈતન્યની ગ્રંથિઓ એટલે જ્ઞાનદર્શનની અવસ્થાઓ, જ્ઞાનદર્શનનું પરિણમન તે આત્માની પર્યાયો છે. એ સિવાય કોઈ રાગાદિ ભાવો કે શરીર-મન

-વાણીની ક્રિયાઓ તે ખરેખર આત્માનું સ્વરૂપ નથી. જે અજ્ઞાનીને અરિહંત જેવા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર નથી તે રાગાદિને અને શરીરાદિની ક્રિયાને પોતાનાં માને છે. 'હું તો ચેતન–દ્રવ્ય છું, મારામાં ચૈતન્ય–ગુણ છે અને મારામાં ક્ષણે-ક્ષણે ચૈતન્યની હાલત થાય છે,–તે મારું સ્વરૂપ છે, એ સિવાય જે રાગાદિ ભાવો થાય છે તે મારું ખરું સ્વરૂપ નથી, ને જડની ક્રિયા તો મારામાં કદી નથી'—એમ જે અરિહંત જેવા પોતાના આત્માને મનથી બરાબર જાણી લે છે તે જીવ આત્મસ્વભાવના આંગણે આવ્યો છે. અહીં તો, જે સ્વભાવના આંગણે આવ્યો તે જીવ સ્વભાવમાં જરૂર પ્રવેશ કરે છે–એવી જ શૈલી છે. આત્માના સ્વભાવની નિર્વિકલ્પ પ્રતીતિ ને અનુભવ તે સમ્યક્ત્વ છે, તે અપૂર્વ ધર્મ છે.

તે સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે જીવ પહેલાં તો પોતાના આત્માને મન વડે સમજી લે છે. –કેવો સમજે છે? મારો સ્વભાવ દ્રવ્ય -ગુણ-પર્યાયથી અરિહંત જેવો જ છે. જેવા અરિહંતના ત્રિકાળ દ્રવ્ય-ગુણ છે તેવા જ દ્રવ્ય-ગુણ મારામાં છે. અરિહંતના પર્યાયમાં રાગ-દ્વેષ નથી, તેમ મારા પર્યાયમાં રાગ-દ્વેષ થાય તે મારું સ્વરૂપ નથી; આમ જેણે પોતાના આત્માને રાગ-દ્વેષ–રહિત પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવવાળો નક્કી કર્યો તે જીવ સમ્યગ્દર્શન પ્રગટ થવાના આંગણે આવીને ઊભો છે. હજી અહીં સુધી મનના અવલંબન દ્વારા સ્વભાવ નક્કી કર્યો છે તેથી આંગણું કહ્યું છે. મનનું અવલંબન છોડીને સીધો સ્વભાવનો અનુભવ કરશે તે સાક્ષાત્ સમ્યગ્દર્શન છે. ભલે પહેલાં મનનું અવલંબન છે પણ નિર્ણયમાં તો 'અરિહંત જેવો મારો સ્વભાવ છે' એમ નક્કી કર્યું છે, 'હું રાગી-દ્વેષી છું, હું શરીરની ક્રિયા કરું છું'—એમ નક્કી નથી કર્યું; માટે તેને સમ્યગ્દર્શનનું આંગણું કહ્યું.

(૬) આ ગાથા ઘણી ઊંચી છે, આ એક ગાથામાં હજારો શાસ્ત્રોનો સાર સમાઈ જાય છે. ક્ષાયિક સમ્યગ્દષ્ટિ થઈને કેવળજ્ઞાન લ્યે એવી આ ગાથામાં વાત છે. શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે તેમને

ક્ષાયિક સમ્યગ્દર્શન છે. આ ગાથામાં કહ્યું તેમ અરિહંત જેવા પોતાના આત્માનું ભાન છે. ભરતચક્રવર્તીને છ ખંડનું રાજ હતું છતાં ક્ષાયિક સમ્યગ્દર્શન હતું, અરિહંત જેવા પોતાના આત્મસ્વભાવનું ભાન એક ક્ષણ પણ ચૂકતા ન હતા. એવું સમ્યગ્દર્શન કેમ પ્રગટે તેની આ વાત છે.

(૭) અરિહંત જેવા પોતાના આત્માને મન દ્વારા જેણે જાણ્યો તે જીવ આત્માના સમ્યગ્દર્શનના આંગણે આવ્યો છે, કોઈ બહારના પદાર્થથી આત્માને ઓળખી શકાય નહીં. લખપતિ કે કરોડપતિ આત્મા નથી, લક્ષ્મી તો જડ છે, તેનો સ્વામી આત્મા નથી. આત્મા તો અનંતપતિ છે. પોતાના અનંતગુણોનો સ્વામી છે. ભગવાન અરિહંતને તેરમા ગુણસ્થાને જે કેવળજ્ઞાનાદિ દશા પ્રગટી તે બધું મારું સ્વરૂપ છે, ને ભગવાનને રાગ-દ્વેષ-મોહ ટળી ગયા તે આત્માનું સ્વરૂપ ન હતું તેથી જ ટળી ગયા, માટે તે રાગાદિ મારા સ્વરૂપની ચીજ નથી. આટલું સમજ્યો ત્યારે જીવ સમ્યગ્દર્શન માટે પાત્ર થયો છે. આટલું સમજનારને મોહભાવ મંદ પડી ગયો છે,—ને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા તો છૂટી જ ગઈ છે.

(૮) ત્રણલોકના નાથ શ્રી તીર્થંકર ભગવાન કહે છે કે મારો અને તારો આત્મા એક જ જાતનો છે, બંનેની એક જ નાત છે. જેવો મારો સ્વભાવ છે તેવો તારો સ્વભાવ છે. કેવળજ્ઞાનદશા પ્રગટી તે બહારથી પ્રગટી નથી પણ આત્મામાં શક્તિ છે તેમાંથી જ પ્રગટી છે. તારા આત્મામાં પણ તેવી જ પરિપૂર્ણ શક્તિ છે. અરિહંત જેવી પોતાના આત્માની શક્તિ છે તેને જે જીવ ઓળખે તે પોતાના સ્વભાવની સન્મુખ થઈને મોહનો નાશ કર્યા વગર રહે નહિ.

જેમ મોરના નાના ઈંડામાં સાડાત્રણ હાથનો મોર થવાનો સ્વભાવ પડ્યો છે, તેથી તેમાંથી મોર થાય છે. મોર થવાની શક્તિ ઢેલમાંથી આવી નથી તેમજ ઈંડાના ઉપલા ફોતરામાંથી પણ આવી નથી પણ ઈંડાની અંદરના રસમાં તે શક્તિ છે. તેમ આત્મામાં કેવળજ્ઞાન પ્રગટવાની શક્તિ છે, તેમાંથી કેવળજ્ઞાન ખીલે છે. શરીર-મન-વાણી કે

દેવ-ગુરુ-શાસ્ત્ર તો (ઢેલની જેમ) પરવસ્તુ છે, તેમાંથી આ જીવનું કેવળજ્ઞાન આવતું નથી. અને પુણ્યના ભાવો તે ઉપલા ફોતરાં જેવા છે, તેમાં કેવળજ્ઞાન થવાની તાકાત નથી. અરિહંત જેવો આત્માનો સ્વભાવ છે, તે શરીર-મન-વાણીથી તથા પુણ્ય-પાપથી રહિત છે, તે સ્વભાવમાં કેવળજ્ઞાન પ્રગટવાની તાકાત છે. જેમ મોટા મોટા ઝેરી સર્પોને ગળી જાય તેવો મોર થવાની શક્તિ ઈંડામાં છે, તેમ મિથ્યાત્વ વગેરેનો નાશ કરીને કેવળજ્ઞાન પામે તેવી શક્તિ દરેક આત્મામાં છે. ચેતનદ્રવ્ય, ચૈતન્યગુણ અને જાણવા-દેખવારૂપ પર્યાય—તેનો પિંડ આત્મા છે, તેનો સ્વભાવ મિથ્યાત્વને ટકાવવાનો નથી પણ મિથ્યાત્વને ગળી જવાનો—નષ્ટ કરવાનો તેનો સ્વભાવ છે. એવા સ્વભાવને ઓળખે તેને મિથ્યાત્વનો ક્ષય થયા વિના રહે નહિ. પરંતુ જેમ 'ઈંડામાં મોર કેમ હોય?' એવી શંકા કરીને ઈંડાને ખખડાવે તો તેનો રસ સૂકાઈ જાય છે ને મોર થતો નથી, તેમ આત્માના સ્વભાવ—સામર્થ્યનો વિશ્વાસ કરે નહિ અને 'અત્યારે આત્મા ભગવાન જેવો કેમ હોય?' એમ સ્વભાવમાં શંકા કરે તો તેને સમ્યગ્દર્શન થતું નથી, ને મોહ ટળતો નથી, સમ્યગ્દર્શન વગર કદી ધર્મ થતો નથી.

(૯) હવે મોરના નાના ઈંડામાં મોર થવાનો સ્વભાવ છે તે સ્વભાવ કઈ રીતે જણાય? તે સ્વભાવ કોઈ ઈન્દ્રિયોથી જણાતો નથી; તેમ આત્મામાં કેવળજ્ઞાન થવાનો સ્વભાવ છે; તે સ્વભાવ કાનથી, આંખથી, નાકથી, જીભથી કે સ્પર્શથી જણાતો નથી, મન દ્વારા કે રાગ દ્વારા પણ ખરેખર તે સ્વભાવ જણાતો નથી; ઈન્દ્રિય અને મનનું અવલંબન છોડીને સ્વભાવ તરફ વળે તે અતીન્દ્રિયજ્ઞાનથી જ આત્મસ્વભાવ જણાય છે. અહીં 'મન દ્વારા આત્માને કળી લે છે' એમ કહ્યું છે, ત્યાં સુધી હજી સમ્યગ્દર્શન થયું નથી, હજી તો રાગવાળું જ્ઞાન છે. મનનું અવલંબન છોડીને અભેદસ્વભાવને સીધા જ્ઞાનથી લક્ષમાં લ્યે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન કેમ થાય તેની આ રીત છે.

(૧૦) જેમ દીવાસળીના ટોપકામાં ભડકો થવાનો સ્વભાવ છે,

—તે આંખ, કાન વગેરે કોઈ ઇન્દ્રિઓથી જણાતો નથી પણ જ્ઞાન દ્વારા જ જણાય છે. પહેલાં દીવાસળીના ટોપકામાં ભડકો થવાની તાકાત છે—એમ તેના સ્વભાવનો વિશ્વાસ કરીને પછી તે ટોપકાવાળા ભાગને ઘસતાં ભડકો થાય છે. તેમ આત્મામાં કેવળજ્ઞાન પ્રગટે તેવો સ્વભાવ છે. તે સ્વભાવ કોઈ ઇન્દ્રિયો દ્વારા દેખાતો નથી, પણ અતીન્દ્રિયજ્ઞાનથી જ જણાય છે. પહેલાં પરિપૂર્ણ સ્વભાવનો વિશ્વાસ કરીને પછી તેમાં એકાગ્રતારૂપી ઘસારો કરતાં કેવળજ્ઞાનજ્યોત પ્રગટે છે. શરીર-મન-વાણી તો દીવાસળીના ખોખાં જેવાં છે; જેમ દીવાસળીના ખોખામાં ભડકો થવાની તાકાત નથી, તેમ શરીરાદિની ક્રિયામાં કે પુણ્ય-પાપમાં સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થવાની તાકાત નથી. તો તે તાકાત શેમાં છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને કેવળજ્ઞાન થવાની તાકાત ચૈતન્યસ્વભાવમાં છે. પહેલાં તે સ્વભાવની પ્રતીત કરતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે, ને પછી તેમાં એકાગ્રતા કરતાં સમ્યક્ચારિત્ર અને કેવળજ્ઞાન થાય છે એ સિવાય બીજી રીતે ધર્મ થતો નથી. પુણ્ય-પાપ સિવાયનો ત્રિકાળી ચૈતન્યરૂપ આત્મસ્વભાવ છે, તેની પ્રતીતિ અને અનુભવ કરે તો સમ્યગ્દર્શનરૂપ પહેલો ધર્મ થાય, અને પછી તેમાં એકાગ્રતા કરતાં સમ્યક્ચારિત્રરૂપ ધર્મ થાય. સમ્યગ્દર્શન વગર ગમે તેટલું કરે તોપણ તે ધર્મ ન ગણાય, અને તે કરતાં-કરતાં ધર્મ થાય નહિ. સમ્યગ્દર્શન થયા પહેલાં શું કરવું? કે અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે અને તેના જેવો પોતાનો આત્મા છે એમ નક્કી કરીને તેના અનુભવનો અભ્યાસ કરે તો તેને ધર્મસન્મુખ કહેવાય, તે જીવ ધર્મના આંગણે આવ્યો છે.

(૧૧) અરિહંત જેવો પોતાનો આત્મા છે એમ જ્યાં મનથી જાણ્યું ત્યાં જ પર તરફની એકાગ્રતાથી કે પુણ્યથી આત્માને લાભ થાય એ માન્યતા ટળી ગઈ. 'મારા આવા આત્માની પ્રતીતિ અને અનુભવ કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે, ને તેમાં એકાગ્ર થવાથી જ કેવળજ્ઞાન થાય છે' એમ નક્કી કરી લીધું; એટલે હવે તે સ્વભાવ તરફ વળવાનું જ રહ્યું. તે જીવ સ્વભાવ તરફ વળીને મોહનો ક્ષય કઈ રીતે કરે છે

તે વાત હારનું દૃષ્ટાંત આપીને આચાર્ય ભગવાન બહુ જ સ્પષ્ટ સમજાવશે.

(૧૨) સ્વભાવ તરફ વલણ કરીને મોહનો ક્ષય કરવાની ને સમ્યગ્દર્શન પ્રગટ કરવાની આ રીત છે. સમ્યગ્દર્શન પ્રગટાવવા માટેનો આ અલૌકિક અધિકાર છે. ઘણો ઊંચો અને અપૂર્વ અધિકાર આવ્યો છે. આ અધિકાર સમજીને યાદ રાખવા જેવો છે ને અંદર આત્મામાં ઓગાળવા જેવો છે. પોતાના અંતર્સ્વભાવમાં એકાગ્રતાથી જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રગટે છે.

(૧૩) જેણે અરિહંત જેવા પોતાના આત્માને મન વડે જાણી લીધો તે જીવ સ્વભાવના આંગણે આવ્યો છે; પરંતુ આંગણે આવ્યા પછી હવે સ્વઘરમાં પ્રવેશીને સ્વભાવનો અનુભવ કરવામાં અનંતો અપૂર્વ પુરુષાર્થ છે. જે વિકલ્પમાં જ અટકી રહે તેને અનુભવ થાય નહિ, ને તે આંગણે આવ્યો કહેવાય નહીં. જેમ મોટા રાજા-મહારાજાના મહેલના આંગણા સુધી આવ્યા પછી મહેલમાં દાખલ થવા માટે હિંમત જોઈએ. તેમ આ ચૈતન્યભગવાનના આંગણા પછી એટલે કે મન વડે આત્મસ્વભાવને જાણ્યા પછી ચૈતન્યસ્વભાવની અંદર ઢળીને અનુભવ કરવા માટે અનંત પુરુષાર્થ હોય તે જ ચૈતન્યમાં ઢળીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. જે જીવો શુભ વિકલ્પમાં અટકી જાય છે તેઓ પુણ્યમાં અટકી જાય છે, તેમને ધર્મ થતો નથી. પરંતુ અહીં તો આંગણે અટકવાની વાત જ નથી જે જીવ સ્વભાવના આંગણે આવ્યો તે જીવ સ્વભાવમાં વળીને અનુભવ કરે જ —એવી અપ્રતિહતપણાની જ વાત લીધી છે. આંગણે આવીને પાછો ફરે એવી વાત જ અહીં નથી.

(૧૪) પહેલાં મન દ્વારા અરિહંત જેવા પોતાના આત્મસ્વભાવને જાણ્યા પછી હવે અંતર્સ્વભાવમાં વળીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, તેની વાત જણાવે છે. હવે અંતરમાં ઢળવાની વાત છે. બહારમાં અરિહંત ભગવાનનું તો લક્ષ છોડ્યું ને પોતામાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનું લક્ષ છોડીને અંતરના અભેદ સ્વભાવમાં જાય છે. પહેલાં અરિહંત જેવા

દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા તે ભૂમિકા થઈ, આંગણું થયું હવે તે ભૂમિકા વટાવીને અંતરના અનુભવમાં પ્રવેશ કરવાની વાત છે. માટે બરાબર ધ્યાન રાખીને સમજવું.

(૧૫) અહીં મોતીના હારનું દૃષ્ટાંત આપીને સમજાવે છે; જેમ હાર ખરીદનાર પહેલાં તો હાર, તેની સફેદતા ને તેનાં મોતી એ ત્રણેનું સ્વરૂપ વિચારે છે, પણ પછી હાર પહેરે ત્યારે તે વિચાર રહેતા નથી, એકલા હાર સંબંધી સંતોષને જ વેદે છે. અહીં હારને દ્રવ્યની ઉપમા છે, સફેદતાને ગુણની ઉપમા છે ને મોતીને પર્યાયની ઉપમા છે. મોહનો ક્ષય કરનાર જીવ, પહેલાં તો અરિહંત જેવા પોતાના આત્માના દ્રવ્ય -ગુણ-પર્યાયને જાણે છે, પણ જ્યાં સુધી એ ત્રણે ઉપર લક્ષ રહે છે ત્યાં સુધી રાગ રહે છે ને અભેદ આત્માનો અનુભવ થતો નથી; તેથી દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણી લીધા પછી, હવે ગુણ અને પર્યાયોને દ્રવ્યમાં જ સંકેલીને અભેદ આત્માનો અનુભવ કઈ રીતે કરે છે, તેની આ વાત છે. અહીં પહેલાં પર્યાયને દ્રવ્યમાં લીન કરવાની અને પછી ગુણને દ્રવ્યમાં લીન કરવાની વાત કરી છે, કહેવામાં તો ક્રમથી જ કહેવાય, પણ ખરેખર ગુણ અને પર્યાય બંનેનું લક્ષ એક સાથે જ છૂટી જાય છે; જ્યાં અભેદદ્રવ્યને લક્ષમાં લીધું ત્યાં ગુણ અને પર્યાય બંનેના વિકલ્પ એક સાથે જ છૂટી ગયા, ને સાક્ષાત્ આત્માનો અનુભવ રહ્યો. જ્યાં દ્રવ્યને લક્ષમાં લઈને એકાગ્ર થયો ત્યાં ગુણ-પર્યાય બંને ગૌણ થઈ ગયા, ને એક દ્રવ્યનો અનુભવ રહ્યો. આ પ્રમાણે દ્રવ્ય ઉપર લક્ષ કરીને આત્માનો અનુભવ કરવો તે સમ્યગ્દર્શન પ્રગટવાની રીત છે.

(૧૬) સમ્યગ્દર્શન વગર ધર્મ હોતો નથી, તેથી અહીં પહેલાં જ સમ્યગ્દર્શનની રીત બતાવી છે. પુણ્ય-પાપ થાય તે નિષેધ કરવા માટે જાણવા યોગ્ય છે, પણ સમ્યગ્દર્શનની રીતમાં પુણ્ય કે પાપ નથી. અહીં દૃષ્ટાંતમાં 'ઝૂલતો હાર' લીધો છે તેમ સિદ્ધાંતમાં 'પરિણમતું દ્રવ્ય' બતાવવું છે; સ્વાનુભવ વખતે પણ પરિણમન તો છે. પર્યાયોને ત્રિકાળી પરિણમતા દ્રવ્યમાં જ લીન કરીને, અને ગુણના ભેદનો વિચાર છોડીને દ્રવ્યમાં ઢળે છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. પર્યાયોને દ્રવ્યમાં અભેદ કર્યા

અને 'જ્ઞાન તે આત્મા' એવા ગુણ-ગુણીના ભેદની વાસનાનો પણ લોપ કર્યો, ત્યાં વિકલ્પ ન રહ્યો, મોહને રહેવાનું સ્થાન ન રહ્યું, એટલે મોહ નાશ પામ્યો ને સમ્યગ્દર્શન થયું.

(૧૭) જુઓ ભાઈ, આ જ આત્માના હિતની વાત છે. આ સમજણ પૂર્વે અનંતકાળમાં એક સેકંડ પણ કરી નથી. એક સેકંડ પણ આવી સમજણ કરે તેને ભવભ્રમણ રહે નહિ. આ સમજ્યા સિવાય બહારનો ગમે તેટલો વૈભવ ભેગો થાય તેમાં આત્માને કાંઈ લાભ નથી. આત્માનું લક્ષ કર્યા વગર આત્માના અનુભવની લાખેણી ઘડીનો લાભ નહિ મળે. જેણે આવા આત્માનો નિર્ણય કર્યો, પછી તેને આહાર, વિહારાદિ સંયોગ હોય ને પુણ્ય-પાપનાં પરિણામ પણ થતાં હોય છતાં આત્માનું લક્ષ છૂટતું નથી, આત્માનો નિર્ણય કર્યો છે તે કોઈ પ્રસંગે ખસતો નથી, એટલે તેને ક્ષણે–ક્ષણે ધર્મ થયા કરે છે.

(૧૮) પોતે સાચું સમજે ત્યાં ખોટું એની મેળે ટળી જાય છે, તેને માટે પ્રતિજ્ઞા કરવી પડતી નથી. કોઈ કહે કે અગ્નિ ઉષ્ણ છે એમ મેં જાણ્યું, હવે મને 'અગ્નિ ઠંડો છે' એમ ન માનવાની પ્રતિજ્ઞા આપો. પણ તેમાં પ્રતિજ્ઞા શું? અગ્નિનો સ્વભાવ ઉષ્ણ છે એમ જાણ્યું ત્યાં જ તેને ઠંડો ન માનવાની પ્રતિજ્ઞા થઈ જ ગઈ. તેમ જેણે આત્મસ્વભાવ જાણ્યો તેને ખોટી માન્યતા તો ટળી જ ગઈ. સ્વભાવને જાણ્યો ત્યાં 'ખોટું ન માનવાની પ્રતિજ્ઞા' તેમાં આવી જ ગઈ. સાચું જ્ઞાન થયું તે પોતે જ ખોટું ન માનવાની પ્રતિજ્ઞાવાળું છે. 'ખોટાને ન માનવું એવી પ્રતિજ્ઞા માગે, તો તેનો અર્થ એ થયો કે હજી તેને ખોટાની માન્યતા ઊભી છે, ને સાચાનો નિર્ણય થયો નથી. આત્માના ગુણ-પર્યાયને અભેદ દ્રવ્યમાં જ પરિણમાવીને જેણે અભેદ આત્માનો નિર્ણય કર્યો તેને અભેદ આત્મસ્વભાવની પતીતિરૂપ પ્રતિજ્ઞા થઈ, ત્યાં તેનાથી ઊંધી માન્યતાઓ ટળી જ ગઈ; એટલે ઊંધી માન્યતા ન કરવાની પ્રતિજ્ઞા થઈ ગઈ. તે જ પ્રમાણે જેણે ચારિત્ર પ્રગટ કર્યું તેને અચારિત્ર ન કરવાની પ્રતિજ્ઞા થઈ જ ગઈ.

(૧૯) આ ગાથામાં અરિહંત જેવા આત્માને જાણવાની વાત કરી, તેમાં એટલું તો આવી ગયું કે પાત્ર જીવને અરિહંતદેવ સિવાય સર્વે કુદેવાદિની માન્યતા તો છૂટી જ ગઈ છે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને ત્યાં અટકતો નથી પણ પોતાના આત્મા તરફ વળે છે. દ્રવ્ય -ગુણ ને પર્યાયથી પરિપૂર્ણ મારું સ્વરૂપ છે, રાગ-દ્વેષ મારું સ્વરૂપ નથી —એમ નક્કી કરીને, પછી પર્યાયનું લક્ષ છોડીને અને ગુણભેદનું પણ લક્ષ છોડીને અભેદ આત્માને લક્ષમાં લે છે ત્યારે એકલા ચિન્માત્ર સ્વભાવનો અનુભવ થાય છે, તે જ વખતે સમ્યગ્દર્શન થાય છે, ને મોહનો ક્ષય થઈ જાય છે.

(૨૦) આત્માનો અનુભવ કરવા માટે પહેલાં તો તેના દ્રવ્ય-ગુણ -પર્યાયનું સ્વરૂપ વિચારે છે; પર્યાયમાં રાગ-દ્વેષ થાય તે મારું સ્વરૂપ(સ્વભાવ) નથી, કેમ કે અરિહંતના પર્યાયમાં રાગ-દ્વેષ નથી, રાગરહિત કેવળજ્ઞાન પર્યાય મારું સ્વરૂપ છે તે પર્યાય ક્યાંથી આવે છે? ત્રિકાળી ચૈતન્યગુણ છે તેમાંથી તે પર્યાય પ્રગટે છે. અને એવા જ્ઞાન, દર્શન, સુખ, અસ્તિત્વ વગેરે અનંત ગુણોનો એકરૂપ પિંડ તે આત્મદ્રવ્ય છે.—એમ જાણ્યા પછી ભેદનું લક્ષ છોડીને અભેદ આત્માને લક્ષમાં લઈને એક આત્માને જ જાણતાં વિકલ્પરહિત નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે; તે જ નિર્વિકલ્પ આત્મસમાધિ છે, તે જ આત્મસાક્ષાત્કાર છે, તે જ સ્વાનુભવ છે, તે જ ભગવાનનાં દર્શન છે, તે જ સમ્યગ્દર્શન છે. જે કહો તે એક જ ધર્મ છે. જેમ દોરો પરોવેલી સોય ખોવાતી નથી, તેમ આત્મામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવી લ્યે તો તે આત્મા સંસારમાં ભ્રમણ કરે નહિ.

(૨૧) પહેલાં અરિહંત જેવા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને અરિહંતનું લક્ષ છોડીને પોતાના આત્મા તરફ વળ્યો; હવે અંતરમાં દ્રવ્ય -ગુણ-પર્યાયના વિકલ્પ છોડીને એક ચેતનસ્વભાવને લક્ષમાં લઈને એકાગ્ર થતાં આત્મામાં મોહક્ષય માટેની કેવી ક્રિયા થાય છે, તે કહે છે ગુણ -પર્યાયને દ્રવ્યમાં જ અભેદ કરીને અંતરમાં વળ્યો ત્યાં ઉત્તરોત્તર ક્ષણે કર્તા-કર્મ—ક્રિયાના ભેદનો ક્ષય થતો જાય છે અને જીવ નિષ્ક્રિય

ચિન્માત્રભાવને પામે છે. અંતરમાં વળ્યો ત્યાં 'હું કર્તા છું, ને આત્માની શ્રદ્ધા કરવા તરફ વળું છું' એવા ભેદનો વિકલ્પ રહેતો નથી 'હું કર્તા છું, પર્યાય કર્મ છે, પુણ્ય-પાપનો કર્તા નથી ને સ્વભાવપર્યાયનો કર્તા છું, પર્યાયને અંતરમાં એકાગ્ર કરવાની ક્રિયા કરું છું, મારો પર્યાય અંતરમાં એકાગ્ર થતો જાય છે'....એવા પ્રકારે કર્તા, કર્મ અને ક્રિયાની વહેંચણીના વિકલ્પો નાશ થઈ જાય છે. વિકલ્પરૂપ ક્રિયા રહેતી નથી માટે તે જીવ નિષ્ક્રિય ચિન્માત્રભાવને પામે છે. 'જે પર્યાય દ્રવ્યમાં વળીને એકાગ્ર થયો તે પર્યાયને મેં વાળ્યો'—એવો કર્તા-કર્મના વિભાગનો વિકલ્પ અનુભવ વખતે હોતો નથી. એકલા ચિન્માત્ર-ભાવ આત્માનો અનુભવ રહી જાય છે, તે જ ક્ષણે મોહ નિરાશ્રય થયો થકો નાશ પામે છે; આ જ અપૂર્વ સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન થાય ત્યારે 'હું પર્યાયને અંતરમાં વાળું છું' એવો વિકલ્પ હોતો નથી. 'હું પર્યાયને દ્રવ્યમાં વાળું અથવા આ વર્તમાન અંશને ત્રિકાળમાં અભેદ કરું' એવો વિકલ્પ રહે તો રાગ થાય છે ને અભેદ દ્રવ્ય અનુભવમાં આવતું નથી. અભેદસ્વભાવ તરફ ઢળતાં તે વિકલ્પનો ક્ષય થઈ જાય છે, અને આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય છે. જીવને આવો અનુભવ થયો ત્યારે તે સમ્યગ્દૃષ્ટિ થયો, જૈનધર્મી થયો. એ સિવાય ખરેખર જૈનધર્મી એટલે કે મોક્ષનો સાધક કહેવાય નહિ.

સમ્યગ્દૃષ્ટિ એટલે કે પહેલામાં પહેલો જૈન કેમ થવાય તેની આ રીત કહેવાય છે. આત્મા પરના કામ કરે એમ માને તે તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ અજૈન છે. પુણ્ય-પાપના ભાવ થાય તેને આત્માનું કર્તવ્ય માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે, તેને જૈનધર્મ નથી; અને અંતરમાં કર્તા-કર્મના ભેદના વિકલ્પમાં રોકાઈ રહે તો પણ મિથ્યાત્વ ટળતું નથી. 'મારો પર્યાય અંતરમાં વળે છે અને પહેલા કરતાં બીજા પર્યાયમાં અંતરની એકાગ્રતા વધતી જાય છે'—એમ કર્તા-કર્મ ને ક્રિયાના ભેદનું લક્ષ રહે તે વિકલ્પની ક્રિયા છે, અંતરસ્વભાવમાં વળતાં તે વિકલ્પની ક્રિયાનો ક્ષય થતો જાય છે અને આત્મા નિષ્ક્રિય (એટલે કે વિકલ્પની ક્રિયા રહિત) ચિન્માત્ર ભાવને પામે છે; એટલે તે જીવ સમ્યગ્દૃષ્ટિ થયો, ધર્મી થયો,

જૈન થયો. પછી અસ્થિરતાના કારણે તેને જે રાગ-દ્વેષના વિકલ્પ ઉઠે તેમાં એકતાબુદ્ધિ થતી નથી, ને સ્વભાવની દૃષ્ટિ ટળતી નથી, તેથી સમ્યગ્દર્શનધર્મ ટકી રહે છે.

(૨૨) આ અપૂર્વ વાત છે. જેમ વેપાર-ધંધામાં વ્યાજ વગેરે ગણવામાં ધ્યાન રાખે છે તેમ અહીં આત્માની રુચિ કરીને બરાબર ધ્યાન રાખવું જોઈએ, અંતરમાં મેળવણી કરવી જોઈએ. બરાબર માંગળિક ટાણે અપૂર્વ વાત આવી છે. આ કાંઈક અપૂર્વ વાત છે. સમજવા જેવી છે એમ રુચિ લાવીને ૬૦ મિનિટ બરાબર લક્ષ રાખીને સાંભળે તોય બીજા કરતાં જુદી જાતના મહાન પુણ્ય થઈ જાય. અને જો આત્માનું લક્ષ રાખીને અંતરમાં સમજે તો તો અનંતકાળે નહિ મળેલો એવો અપૂર્વ સમ્યગ્દર્શનનો લાભ થાય આ વાત સાંભળવા મળવી પણ મોંઘી છે.

(૨૩) સમ્યગ્દર્શનની અંતરક્રિયા છે, તે જ ધર્મની પહેલી ક્રિયા છે. આત્મામાં નિર્મળ પર્યાય પ્રગટે છે તે પોતે ધર્મક્રિયા છે, પણ ‘હું નિર્મળ પર્યાય પ્રગટ કરું, અભેદ આત્મામાં પર્યાયને વાળું’ એવો ભેદનો વિકલ્પ તે રાગ છે. તે ધર્મની ક્રિયા નથી; અનુભવ સમયે તે વિકલ્પની ક્રિયાનો અભાવ છે તેથી ‘નિષ્ક્રિય ચિન્માત્રભાવને પામે છે’ એમ કહ્યું છે. નિષ્ક્રિય ચિન્માત્રભાવની પ્રાપ્તિ તે જ સમ્યગ્દર્શન છે.

(૨૪) જાણનાર-દેખનાર તે હું; રાગની ક્રિયા હું નહિ—એમ પહેલાં સ્વરૂપનો નિર્ણય કરતાં રાગ હતો, પણ ત્યારેય દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જાણીને અભેદસ્વભાવમાં ઢળવાનું જ લક્ષ હતું. જ્યાં સુધી ભેદનું લક્ષ રહે ત્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય, અભેદસ્વભાવમાં ઢળતાં ભેદનું લક્ષ છૂટી જાય છે અને સમ્યગ્દર્શન થાય છે. આ અંતરના સ્વભાવની ક્રિયા છે. આમાં અપૂર્વ સ્વભાવનો પુરુષાર્થ છે. સ્વભાવના અનંત પુરુષાર્થ વગર જો તરી જવાતું હોત તો તો બધા જીવ મોક્ષમાં ચાલ્યા જાત! પુરુષાર્થ વગર આ સમજાય તેમ નથી. સ્વભાવની રુચિપૂર્વક અનંતો પુરુષાર્થ માગે છે. આ સમજવા માટે ધીરજથી સદ્ગુરુગમે અભ્યાસ કરવો જોઈએ.

(૨૫) પહેલાં અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે જીવ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, અને પછી અંતરમાં પોતાના અભેદ સ્વભાવ તરફ વળીને આત્માને જાણતાં તેનો મોહ ક્ષય થઈ જાય છે. 'હું અંદર ઢળું છું માટે હમણાં કાર્ય પ્રગટ થશે' એવા વિકલ્પ પણ છોડીને સહજ સ્વભાવમાં ઢળે છે, ત્યાં મોહ નિરાશ્રય થઈને નાશ પામી જાય છે.

(૨૬) આ ૮૦ મી ગાથામાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમ્યગ્દર્શનનો અપૂર્વ ઉપાય બતાવ્યો છે. જે આત્મા અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તેને પોતાના આત્માની ખબર પડે કે હું પણ અરિહંતની જાતનો છું, અરિહંતોની પંક્તિમાં બેસું તેવો મારો સ્વભાવ છે. એમ નક્કી કર્યા પછી પર્યાયમાં જે કચાશ છે તે ટાળીને અરિહંત જેવી પૂર્ણતા કરવા માટે પોતાના આત્મસ્વભાવમાં જ એકાગ્ર થવાનું રહ્યું. એટલે તે જીવ પોતાના આત્મા તરફ વળવાની ક્રિયા કરે છે ને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. તે સમ્યગ્દર્શન માટેની ક્રિયાનું આ વર્ણન છે. આ ધર્મની પહેલામાં પહેલી ક્રિયા છે; નાનામાં નાનો જૈનધર્મી એટલે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ થવાની આ વાત છે. આ સમજ્યા વગર કોઈ જીવને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની મુનિદશા, કે પાંચમા ગુણસ્થાનની શ્રાવકદશા હોય જ નહિ; વસ્તુસ્વરૂપ શું છે તે સમજ્યા વગર ઉતાવળા થઈને બાહ્ય ત્યાગ કરવા માંડે તેથી કાંઈ ધર્મ થાય નહિ. ભરત ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય હતું, તેમને અબજો વર્ષો સુધી રાજપાટમાં રહેવા છતાં આવી દશા હતી...જેણે આત્મસ્વભાવનું ભાન કર્યું તેને તે ભાન સદાય રહ્યા કરે છે, ખાતાં-પીતાં ક્યારેય આત્માનું ભાન ભુલાય નહિ ને સદાય આવું ભાન રહ્યા કરે–તે જ સદાય કરવાનું છે. આવું ભાન થયા પછી તે ગોખવું ન પડે. ધર્મી જીવ ક્યારેય ઊંઘમાં પણ ચૈતન્યનું ભાન ભૂલતા નથી; સમ્યગ્દર્શનરૂપ ધર્મ ચોવીશે કલાક રહ્યા કરે છે.

(૨૭) આ વાત અંતરમાં પકડવા જેવી છે. રુચિપૂર્વક ધીમેથી પરિચય કરે તો આ વાત પકડાય તેમ છે, પોતાની માનેલી બધી પક્કડ

મૂકીને સત્સમાગમે પરિચય કર્યા વગર ઉતાવળથી આ વાત પકડાય એમ નથી. પહેલાં સત્સમાગમે શ્રવણ, ગ્રહણ ને ધારણા કરીને, શાંતિથી અંતરમાં વિચારવું જોઈએ. આ તો એકલા અંતરના વિચારનું કાર્ય છે, પણ સત્સમાગમે શ્રવણ-ગ્રહણ ને ધારણા જ ન કરે તો પછી વિચારીને અંતરમાં કેવી રીતે ઉતારે? અંતરમાં અપૂર્વ હોંશથી આત્માની દરકારપૂર્વક અભ્યાસ કરવો જોઈએ, પૈસામાં સુખ નથી છતાં પૈસા મળવાની વાત કેવી હોંશથી સાંભળે છે! આ તો આત્માની મુક્તિ મળે તેવી વાત છે, તે સમજવા માટે અંતરમાં હોંશ અને ઉત્સાહ જોઈએ. જીવનમાં આ જ કરવા જેવું છે.

(૨૮) પહેલાં સ્વભાવ તરફ ઢળવાની વાત કરી ત્યારે આત્માને ઝૂલતા હારની ઉપમા આપી હતી, અને પછી અંતરમાં એકાગ્ર થઈને અનુભવ કર્યો ત્યારે 'અકંપ પ્રકાશવાળા મણિ'ની ઉપમા આપી છે. 'એ રીતે મણિની જેમ જેનો નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે એવા તે (ચિન્માત્રભાવને પામેલા) જીવને મોહાંધકાર નિરાશ્રયપણાને લીધે અવશ્યમેવ પ્રલય પામે છે.' જેમ મણિનો પ્રકાશ પવનથી હાલતો નથી તેમ અહીં આત્માને એવી અડગ શ્રદ્ધા થઈ કે આત્માની શ્રદ્ધામાં કદી ડગે નહિ. જીવ જ્યાં આત્માની નિશ્ચલ પ્રતીતિમાં ટક્યો ત્યાં મિથ્યાત્વ ક્યાં રહે? જીવ પોતાના સ્વભાવને અનુભવે ત્યાં તેને મિથ્યાત્વકર્મનો જરૂર ક્ષય થઈ જાય છે. આમાં ક્ષાયિકસમ્યગ્દર્શન જેવી વાત છે. પંચમ આરામાં મુનિ પંચમ આરાના જીવોને માટે વાત કરે છે છતાં મોહના ક્ષયની જ વાત કરી છે. ક્ષયોપશમસમ્યક્ત્વ પણ અપ્રતિહતપણે ક્ષાયિક જ થાય—એવી વાત લીધી છે. અને ક્રમે-ક્રમે અકંપપણે આગળ વધીને તે જીવ ચારિત્રદશા પ્રગટ કરીને કેવળજ્ઞાન પામીને સિદ્ધ થાય છે.

*

# રે ભવ્ય! તું તત્ત્વનો કૌતૂહલી થઈ આત્માનો અનુભવ કર

(પૂ. બેનશ્રીબેનલિખિત સમયસાર-પ્રવચનો ભાગ ૩ માંથી)

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्
अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विलसन्तं स्वं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्॥२३॥

શ્રી આચાર્યદેવ કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ! તું કોઈ પણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થઈ આ શરીરાદિ મૂર્તદ્રવ્યનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પર દ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિ મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે એકપણાના મોહને તું તુરત જ છોડશે.

મિથ્યાદષ્ટિના મિથ્યાત્વનો નાશ કેમ થાય? અને ઊંધી માન્યતા ને ઊંધા પાપ અનાદિનાં કેમ ટળે? તેનો ઉપાય બતાવે છે.

આચાર્યદેવ કડક સંબોધન કરીને કહેતા નથી પણ કોમળ સંબોધન કરીને કહે છે કે હે ભાઈ! તને શોભે છે! કોમળ સંબોધન કરીને જગાડે છે કે તું કોઈ પણ રીતે મહાકષ્ટે અથવા મરીને પણ —મરણ જેટલાં કષ્ટ આવે તો પણ તે બધું સહન કરીને તત્ત્વનો કૌતૂહલી થા.

જેમ કૂવામાં કોશિયો મારી તાગ લાવે છે તેમ જ્ઞાનથી ભરેલા ચૈતન્ય કૂવામાં પુરુષાર્થરૂપ ઊંડો કોશિયો મારી તાગ લાવ, વિસ્મયતા લાવ, દુનિયાની દરકાર છોડ. દુનિયા એકવાર તને ગાંડો કહેશે, ભંગડાભૂત પણ કહેશે. દુનિયાની અનેક પ્રકારની પ્રતિકૂળતા આવે

તોપણ તેને સહન કરીને, તેની ઉપેક્ષા કરીને ચૈતન્ય ભગવાન કેવા છે તેને જોવાને એકવાર કૌતૂહલ તો કર! જો દુનિયાની અનુકૂળતા કે પ્રતિકૂળતામાં રોકાઈશ તો તારા ચૈતન્યભગવાનને તું જોઈ શકીશ નહિ. માટે દુનિયાનું લક્ષ છોડી દઈ અને તેનાથી એકલો પડી એકવાર મહાન કષ્ટે પણ તત્ત્વનો કૌતૂહલી થા.

જેમ સૂતર અને નેતરને મેળ ખાય નહિ તેમ જેને આત્માની ઓળખાણ કરવી હોય તેને અને જગતને મેળ નહિ ખાય. સમ્યક્દ્રષ્ટિરૂપ સૂતર અને મિથ્યાદ્રષ્ટિરૂપ નેતરને મેળ નહિ ખાય. આચાર્યદેવ કહે છે કે હે બંધુ! તું ચોરાશીના કૂવામાં પડ્યો છે, તેમાંથી પાર પામવા માટે ગમે તેટલા પરિષહો કે ઉપસર્ગો આવે, મરણ જેટલા કષ્ટો આવે તોપણ તેની દરકાર છોડીને, પુણ્ય-પાપરૂપ વિકારભાવનો બે ઘડી પાડોશી થા, તો ચૈતન્યદળ તને જુદું જણાશે. 'શરીરાદિ તથા શુભાશુભભાવ એ બધું મારાથી જુદું છે ને હું એનાથી જુદો છું, પાડોશી છું' એમ એકવાર પાડોશી થઈ આત્માનો અનુભવ કર.

સાચી સમજણ કરીને નજીકમાં રહેલા પદાર્થોથી હું જુદો, જાણનાર–દેખનાર છું; શરીર, વાણી, મન તે બધાં બહારનાં નાટક છે, તેને નાટકસ્વરૂપે જો. તું તેનો સાક્ષી છો. સ્વાભાવિક અંતર-જ્યોતિથી જ્ઞાનભૂમિકાની સત્તામાં આ બધું જે જણાય છે તે હું નહિ પણ તેને જાણનારો તેટલો હું એમ તેને જાણ તો ખરો! અને તેને જાણીને તેમાં લીન તો થા! આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા પ્રગટ થાય છે તેનું આશ્ચર્ય લાવી એકવાર પાડોશી થા.

જેમ મુસલમાનનું ઘર અને વાણિયાનું ઘર નજીક–નજીક હોય તો વાણિયો તેનો પાડોશી થઈ રહે છે, પણ તે મુસલમાનનું ઘર પોતાનું માનતો નથી; તેમ હે ભવ્ય! તું પણ ચૈતન્યસ્વભાવમાં ઠરી પર પદાર્થોનો બે ઘડી પાડોશી થા, પરથી ભિન્ન આત્માનો અનુભવ કર.

શરીર, મન, વાણીની ક્રિયા તથા પુણ્ય-પાપના પરિણામ તે બધું

પર છે. ઊંધા પુરુષાર્થ વડે પરનું માલિકીપણું માન્યું છે, વિકારીભાવ તરફ તારું બહારનું લક્ષ છે; તે બધું છોડી સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા કરી એક અંતર્મુહૂર્ત એટલે બે ઘડી છૂટો પડી ચૈતન્યમૂર્તિ આત્માને છૂટો જો. ચૈતન્યની વિલાસરૂપ મોજને જરાક છૂટો પડીને જો. તે મોજને અંદરમાં દેખતાં શરીરાદિના મોહને તું તુરત જ છોડી શકશે. 'झगिति' એટલે ઝટ દઈને છોડી શકીશ. આ વાત સહેલી છે, કેમ કે તારા સ્વભાવની છે. કેવળજ્ઞાન–લક્ષ્મીને સ્વરૂપ સત્તાભૂમિમાં ઠરીને જો, તો પર સાથેના મોહને ઝટ દઈને છોડી શકીશ.

ત્રણ કાળ, ત્રણ લોકની પ્રતિકૂળતાના ગંજ એક સાથે સામે આવીને ઊભા રહે તો પણ માત્ર જ્ઞાતાપણે રહીને તે બધું સહન કરવાની શક્તિ આત્માના જ્ઞાયક સ્વભાવની એક સમયની પર્યાયમાં રહેલી છે. શરીરાદિથી ભિન્નપણે આત્માને જાણ્યો તેને એ પરિષહોના ગંજ જરાપણ અસર કરી શકે નહિ એટલે ચૈતન્ય પોતાના વેપારથી જરાપણ ડગે નહિ.

જેમ કોઈ જીવતા રાજકુમારને–કે જેનું શરીર કોમળ છે તેને જમશેદપુરની અગ્નિની ભઠ્ઠીમાં એકદમ નાખી દે અને તેને જે દુઃખ થાય તેના કરતાં અનંતગણું દુઃખ પહેલી નરકે છે, અને પહેલી નરક કરતાં બીજી, ત્રીજી આદિ સાતમી નરકે એક–એકથી અનંતગણું દુઃખ છે, એવા અનંતા દુઃખની પ્રતિકૂળતાની વેદનામાં પડેલો, મહા આકરા પાપ કરીને ત્યાં ગયેલો, તીવ્ર વેદનાના ગંજમાં પડેલો છતાં, તેમાં કોઈ વાર કોઈ જીવને એવો વિચાર આવે કે અરેરે! આવી વેદના! આવી પીડા! એવા વિચાર કરતાં સ્વસન્મુખ વેગ વળતાં સમ્યગ્દર્શન થઈ જાય છે. ત્યાં સત્સમાગમ નથી પણ પૂર્વે એકવાર સત્સમાગમ કર્યો હતો, સત્‌નું શ્રવણ કર્યું હતું અને વર્તમાન સમ્યક્ વિચારના બળથી સાતમી નરકની મહા તીવ્ર પીડામાં પડેલો છતાં પીડાનું લક્ષ ચૂકી જઈને સમ્યગ્દર્શન થાય છે, આત્માનું વેદન થાય છે. સાતમી નરકમાં રહેલા સમ્યગ્દર્શન પામેલા જીવને તે નરકની પીડા અસર કરી શકતી

નથી, કારણ કે તેને ભાન છે કે મારા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યને કોઈ પરપદાર્થ અસર કરી શકતો નથી. એવી અનંતી વેદનામાં પડેલા આ આત્માનો અનુભવ પામ્યા છે, તો સાતમી નરક જેટલી પીડા તો અહીં નથી ને? મનુષ્યપણું પામીને રોદણાં શું રોયા કરે છે? હવે સત્સમાગમે આત્માની પિછાણ કરી આત્માનુભવ કર. આત્માનુભવ એવું માહાત્મ્ય છે કે પરિષહ આવ્યે પણ ડગે નહિ ને બે ઘડી સ્વરૂપમાં લીન થાય તો પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરે, જીવન્મુક્ત દશા થાય અને મોક્ષદશા થાય; તો પછી મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે તો સુગમ છે.

*

**જે સમ્યક્ત્વપ્રધાન બુધ, તે જ ત્રિલોક પ્રધાન;**
**પામે કેવળજ્ઞાન ઝટ, શાશ્વત સૌખ્યનિધાન.**

(યોગસાર–૯૦)

જેને સમ્યક્ત્વની પ્રધાનતા છે તે જ્ઞાની છે, અને તે જ ત્રણલોકમાં પ્રધાન છે; જેને સમ્યક્ત્વની પ્રધાનતા છે તે જીવ શાશ્વતસુખના નિધાન એવા કેવળજ્ઞાનને પણ જલદી પ્રાપ્ત કરી લે છે.

# પાપ, પુણ્ય અને ધર્મ

## ❀ મહાન પાપ મિથ્યાત્વ; પ્રથમ ધર્મ સમ્યક્ત્વ ❀

**પ્રશ્ન** :—જગતમાં સૌથી મોટામાં મોટું પાપ ક્યું?

**ઉત્તર** :—મિથ્યાત્વ એ જ સૌથી મોટામાં મોટું પાપ છે.

**પ્રશ્ન** :—સોથી મોટામાં મોટું પુણ્ય ક્યું?

**ઉત્તર** :—તીર્થંકર નામકર્મ તે સૌથી મોટામાં મોટું પુણ્ય છે; આ પુણ્ય સમ્યગ્દર્શન પછીની જ ભૂમિકામાં શુભરાગ વડે બંધાય છે, મિથ્યાદૃષ્ટિને આ પુણ્ય બંધાતા નથી.

**પ્રશ્ન** :—સૌથી પહેલામાં પહેલો ધર્મ ક્યો?

**ઉત્તર** :—સમ્યગ્દર્શન એ જ સૌથી પહેલામાં પહેલો ધર્મ છે. સમ્યગ્દર્શન વગર જ્ઞાન, ચારિત્ર, તપ, દયા, અહિંસા વગેરે એકે ધર્મ સાચા હોતા નથી. તે બધા ધર્મો સમ્યગ્દર્શન પછી જ હોય છે, માટે સમ્યગ્દર્શન એ જ ધર્મનું મૂળ છે.

**પ્રશ્ન** :—મિથ્યાત્વને સૌથી મોટામાં મોટું પાપ શા માટે કહ્યું?

**ઉત્તર** :—મિથ્યાત્વ એટલે ઊંધી માન્યતા, ખોટી સમજણ. જીવ પરનું કરી શકે અને પુણ્યથી ધર્મ થાય—એમ જેણે માન્યું તેની તે ઊંધી માન્યતામાં એકેક ક્ષણમાં અનંત પાપ આવે છે, કઈ રીતે? તે કહે છે —‘પુણ્યથી ધર્મ થાય અને જીવ બીજાનું કરી શકે’ એમ જેણે માન્યું છે તેણે ‘પુણ્યથી ધર્મ ન થાય અને જીવ પરનું કાંઈ ન કરી શકે—એમ કહેનારા બધા ખોટા’ એમ પણ માન્યું છે, અને તેથી ‘પુણ્યથી ધર્મ ન થાય અને જીવ પરનું ન કરે’ એમ કહેનારા ત્રણે કાળના અનંત તીર્થંકરો, કેવળી ભગવંતો, સંત-મુનિઓ અને સમ્યગ્જ્ઞાની જીવો એ બધાયને તેણે એક ક્ષણમાં ખોટા માન્યા, અને વસ્તુસ્વભાવને પણ

વિપરીતપણે માન્યો. આ રીતે મિથ્યાત્વના એક સમયના ઊંધા વીર્યમાં અનંત સત્‌ના નકારનું મહાપાપ છે.

વળી, જેમ મારો જીવ પરનો કર્તા છે અને પુણ્ય-પાપનો કર્તા છે તેમ જગતના સર્વે જીવો સદાકાળ પરવસ્તુના અને પુણ્ય-પાપરૂપ વિકારના કર્તા છે—એમ મિથ્યાદૃષ્ટિ જીવના અભિપ્રાયમાં આવ્યું, એ રીતે ઊંધી માન્યતાથી તેણે જગતના બધા જીવોને પરના કર્તા અને વિકારના ધણી ઠરાવ્યા—એટલે કે બધા જ જીવોના શુદ્ધ અવિકાર સ્વરૂપનો પોતાના ઊંધા અભિપ્રાયનો ઘાત કર્યો, તે મહા ઊંધી દૃષ્ટિનું સૌથી મોટું પાપ છે. ત્રિકાળી સત્‌નો એક સમયમાં અનાદર તે જ જગતનું સૌથી મોટું પાપ છે.

વળી, એક જીવ બીજા જીવનું કરી શકે એટલે કે બીજા જીવો મારું કાર્ય કરે અને હું બીજા જીવોનું કાર્ય કરું એમ મિથ્યાત્વી જીવ માને છે, તેથી જગતના બધા જીવો એક બીજાના ઓશિયાળા—પરાધીન છે એમ માન્યું; એ રીતે પોતાની ઊંધી માન્યતામાં જગતના બધા જ જીવોના સ્વાધીનસ્વભાવની હિંસા કરી, તેથી મિથ્યા માન્યતા એ જ મહાન હિંસક-ભાવ છે અને તે જ મહાનમાં મહાન પાપ છે.

શ્રી પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે સમ્યક્ત્વસહિત નરકવાસ પણ ભલો છે, અને મિથ્યાત્વસહિત સ્વર્ગવાસ પણ બૂરો છે; માટે જીવોએ સર્વથી પહેલાં સાચી સમજણરૂપ ધર્મ વડે મિથ્યાત્વનું મોટું પાપ ટાળવાનો ઉપાય કરવો જોઈએ. આ જગતમાં જીવને મિથ્યાત્વસમાન અહિત કરનાર બીજું કોઈ નથી, અને સમ્યક્ત્વસમાન ઉપકાર કરનાર બીજું કોઈ નથી. આ જાણીને તીવ્ર ઉદ્યમથી મિથ્યાત્વને છોડો, ને સમ્યક્ત્વને આરાધો.

❀

# પ્રભુ તારી પ્રભુતા!

[એક વાર તો હા પાડ]

હે જીવ! હે પ્રભુ! તું કોણ છો, તેનો કદી વિચાર કર્યો છે? ક્યું તારું રહેઠાણ અને ક્યું તારું કાર્ય તેની તને ખબર છે? પ્રભુ! વિચાર તો ખરો કે તું ક્યાં છે અને આ બધું શું છે? તને કેમ શાંતિ નથી?

પ્રભુ! તું સિદ્ધ છો, સ્વતંત્ર છો, પરિપૂર્ણ છો, વીતરાગ છો. પણ તને તારા સ્વરૂપની ખબર નથી તેથી જ તને શાંતિ નથી. ભાઈ! ખરેખર તું ઘર ભૂલ્યો છો, ભૂલો પડ્યો છો, પારકા ઘરને તું તારું રહેઠાણ માની બેઠો; પણ બાપુ! એમ અશાંતિના અંત નહીં આવે!

ભગવાન! શાંતિ તો તારા સ્વઘરમાં જ ભરી છે. ભાઈ! એકવાર બધાયનું લક્ષ છોડીને તારા સ્વઘરમાં તો જો! તું પ્રભુ છો, તું સિદ્ધ છો. પ્રભુ! તું તારા સ્વઘરને જો, પરમાં ન જો. પરમાં લક્ષ કરી કરીને તો તું અનાદિથી ભ્રમણ કરી રહ્યો છો, હવે તારા અંતરસ્વરૂપ તરફ નજર તો કર! એકવાર તો અંદર જો! અંદર પરમ આનંદના અનંતા ખજાના ભર્યા છે, તેને સંભાળ તો ખરો! એકવાર ડોકિયું કર તો તને તારા સ્વભાવના કોઈ અપૂર્વ પરમ સહજ સુખનો અનુભવ થશે.

અનંતા જ્ઞાનીઓ કહે છે કે 'તું પ્રભુ છો.'
પ્રભુ! તારા પ્રભુત્વની એકવાર હા તો પાડ!

# અંતરથી સત્‌નો હકાર

## હકારનું ફળ સિદ્ધ....નકારનું ફળ...?

પરમ સત્ય સાંભળવા છતાં સમજાતું નથી તેનું કારણ સત્ સ્વભાવ પ્રત્યે ઉલ્લાસ નથી. જેને સત્ સ્વભાવનો અંતરથી પહેલે ધડાકે હકાર આવ્યો તે જરૂર સત્‌ને સમજે છે. મોક્ષાર્થીને સત્ સાંભળતાં જ અંતરથી ઊછળીને હકાર આવે છે. સત્યથી વિરુદ્ધ વાતો તો દુનિયા અનાદિથી કરી જ રહી છે, આજે નવી નથી. અંતરવસ્તુના ભાન વગર બહારમાં ત્યાગી થઈને અનંતવાર સૂકાઈ ગયો તોપણ અંતરથી હકાર વગર ધર્મ સમજ્યો નહીં.

જ્યારે જ્ઞાનીઓ કહે છે કે ‘સર્વે જીવો સિદ્ધસમ છે, તું પણ સિદ્ધસમાન છે, ભૂલ વર્તમાન એક સમય પૂરતી છે અને તું સમજીશ માટે કહીએ છીએ.’ એમ કહે છે ત્યારે આ જીવ ‘હું લાયક નથી, મને આ ન સમજાય’ એવી રીતે જ્ઞાનીઓએ કહેલા સત્‌નો નકાર કરીને સાંભળે છે, તેથી જ તેને સમજાતું નથી.

ભૂલ સ્વભાવમાં નથી, માત્ર એક સમય પૂરતી પર્યાયમાં છે, તે ભૂલ બીજે સમયે રહેતી નથી, જો પોતે બીજે સમયે નવી કરે તો થાય છે. પહેલા સમયની ભૂલ તો બીજે સમયે નાશ પામી જાય છે.

શરીર તે અનંત પરમાણુંઓનું દળ છે અને આત્મા ચૈતન્યમૂર્તિ છે, શરીર સાથે તેને લાગેવળગે શું? એક દ્રવ્યની પર્યાય બીજું દ્રવ્ય ઉત્પન્ન કરી શકે નહીં એવું જૈનધર્મનું ત્રિકાળી સત્ય છે, તે નહીં માનતાં ‘‘મારાથી પરની અવસ્થા થાય’ એમ માને છે તે જ અજ્ઞાન છે. જ્યાં જૈનની કથની પણ ન માને તો જૈનધર્મ તો ક્યાંથી સમજશે? જો પરનું કાંઈ કરી શકતો હોય તો પરનું ન કરવાનો કે પરનો ત્યાગ કરવાનો પ્રશ્ન આવે ને?

વિકાર પરમાં નથી પણ પોતાની એક સમયની માન્યતામાં છે.

બીજે સમયે વિકાર નવો કરે તો થાય છે. રાગનો ત્યાગ તે નાસ્તિથી છે, અસ્તિસ્વરૂપના ભાન વગર રાગની નાસ્તિ કરશે કોણ? આત્મામાં પર કોઈ ગરી ગયાં જ નથી તો ત્યાગ કોનો? મફતનું ખોટું માની રાખ્યું છે–તે માન્યતા જ છોડવાની છે.

**પ્રશ્ન :–**જો સાચું સમજે તો વર્તનમાં કાંઈ અસર ન દેખાય? અથવા લોકો પર તેના જ્ઞાનની છાપ ન પડે?

**ઉત્તર :–**એક દ્રવ્યની છાપ બીજા દ્રવ્ય ઉપર પડે નહીં; દરેક સ્વતંત્ર છે. જો એકની છાપ બીજા ઉપર પડતી હોય તો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની છાપ અભવી પર કેમ નથી પડતી? જ્યારે પોતે પોતાથી જ્ઞાન કરીને પોતાની ઓળખાણની છાપ પોતા ઉપર પાડે ત્યારે નિમિત્તનો આરોપ કરીને બોલાય. બહારથી જ્ઞાની ઓળખાય નહીં. ચક્રવર્તી જેવા કોઈ જ્ઞાની હોય અને બહારથી હજારો સ્ત્રીઓ હોય, અને કોઈક અજ્ઞાનીને બહારમાં કાંઈ ન હોય. જ્ઞાન થાય તેથી બહારમાં સ્થૂળ ફેર દેખાય કે ન દેખાય પણ અંતરદ્રષ્ટિમાં ફેર પડી જ જાય. જ્ઞાનીને ઓળખવા માટે તત્ત્વદ્રષ્ટિ હોય તો જ ઓળખાય.

સત્ સાંભળતાં જ એક કહે કે 'અત્યારે જ સત્ સમજું.' એમ કહેનાર સત્નો હકાર લાવીને સાંભળે છે, તે સમજવાને લાયક છે. અને બીજો કહે–"હમણાં આ નહીં, હમણાં મને ન સમજાય" એમ કહેનાર સત્ના નકારથી સાંભળે છે, તેથી તે સમજી શકે નહીં.

શ્રી સમયસારજીની પહેલી જ ગાથામાં "હું અને તું સિદ્ધ છીએ" એમ આચાર્યદેવે સ્થાપ્યું છે. જો તે સાંભળતાં પહેલે જ ધડાકે હા આવી તો તે લાયક છે–તેની અલ્પકાળમાં મુક્તિ છે; અને જો તેમાં વચ્ચે નકાર આવ્યો તો તે જીવે સમજવાની આડ નાખી છે.

**પ્રશ્ન :–**સારો સત્સમાગમ હોય તો તેની અસર થાય ને?

**ઉત્તર :–**બિલકુલ ન થાય. કોઈની અસર પર ઉપર થાય જ નહીં, સત્સમાગમ પણ પર છે. પરની છાપ પોતા ઉપર પડે નહીં.

ખરેખર આ તત્ત્વ બોધિદુર્લભ છે.

સાચી સમજણ માટે પહેલે જ ધડાકે સત્‌નો હકાર આવવો જોઈએ.

મુખ્ય ગતિ બે છે—એક નિગોદ, બીજી સિદ્ધ. સત્‌ની જો ના પાડી તો કદાચિત્ એકાદ ભવ બીજો કરીને પણ પછી નિગોદમાં જ જાય. સત્‌ના વિરોધનું ફળ નિગોદ જ છે. અને એકવાર પણ સત્‌નો અંતરથી યથાર્થ હકાર આવ્યો તો તેની મુક્તિ જ છે. હકારનું ફળ સિદ્ધ; નકારનું ફળ નિગોદ. આ જે કહેવાય છે તે ત્રિકાળ પરમ સત્ય છે, ત્રણકાળ, ત્રણલોકમાં સત્ જોઈતું હોય તો જગતને આ માન્યે જ છૂટકો છે.

**સત્ ફરે તેમ નથી, સત્‌ને સમજવા તારે ફરવું પડશે.**

**સિદ્ધ થવા માટે સિદ્ધસ્વરૂપનો હકાર લાવો!**

❁

**શેષ અચેતન સર્વ છે, જીવ સચેતન સાર;**
**જાણી જેને મુનિવરો, શીઘ્ર લહે ભવપાર. ૩૬.**

જીવ સિવાયના જેટલા પદાર્થો છે તે બધા અચેતન છે, ચેતન તો કેવળ જીવ જ છે અને એ જ સારભૂત છે; તેને જાણીને પરમ મુનિવરો શીઘ્ર ભવનો પાર પામે છે.

**જો શુદ્ધાતમ અનુભવો, તજી સકલ વ્યવહાર,**
**જિનપ્રભુ એમ જ ભણે, શીઘ્ર થશો ભવપાર. ૩૭.**

શ્રી જિનેન્દ્રદેવ કહે છે કે જીવ! સર્વ વ્યવહારને છોડીને તું નિર્મળ આત્માનો અનુભવ કર. તેથી તું શીઘ્ર ભવપાર થઈ જઈશ. *(યોગસાર)*

# ભવરહિત સ્વભાવની નિઃશંકતા

જેનું વીર્ય ભવના અંતની નિઃસંદેહ શ્રદ્ધામાં નથી વર્તતું અને હજી ભવની શંકામાં વર્તે છે તેનું વીર્ય નિજ સ્વભાવ તરફ વળ્યું નથી; વિકારમાં વર્તતું તેનું વીર્ય સંસારભ્રમણનું કારણ છે.

ભવરહિત થયેલા ભગવાને કહ્યું છે કે–'તારા સ્વભાવમાં ભવ નથી,' અને જો તને ભવની શંકા પડી તો તેં ભગવાનની વાણીને કે તારા ભવરહિત સ્વભાવને માન્યો નથી. જેનું વીર્ય હજી ભવરહિત સ્વભાવની નિઃસંદેહ શ્રદ્ધામાં પણ નથી વર્તી શકતું, ભવી છું એટલો પણ જેને નિર્ણય નથી તેનું વીર્ય વીતરાગની વાણીનો નિર્ણય કેમ કરી શકશે? અને વીતરાગની વાણીના નિર્ણય વિના તેને પોતાના સ્વભાવની ઓળખાણ કેમ થશે? માટે પહેલાં તો ભવરહિત સ્વભાવની નિઃશંકતા લાવો.

❁

## ❁ સર્વ ધર્મનું મૂળિયું ❁

જ્ઞાન અને ચારિત્રનું બીજ સમ્યગ્દર્શન જ છે,
યમ અને પ્રશમભાવનું જીવન સમ્યગ્દર્શન જ છે,
અને તપ તથા સ્વાધ્યાયનો આધાર પણ સમ્યગ્દર્શન જ છે,
એમ આચાર્યોએ કહ્યું છે. *(જ્ઞાનાર્ણવ અ. ૬ ગા. ૫૪)*

# ધર્માત્મા વગર ધર્મ હોતો નથી

## न धर्मो धार्मिकैर्विना

શ્રી રત્નકરંડ-શ્રાવકાચારની ૨૬મી ગાથામાં સમન્તભદ્ર સ્વામીએ કહ્યું છે કે —''**न धर्मो धार्मिकैर्विना**'' ધાર્મિક વિના ધર્મ હોતો નથી. એમાં બે પડખેથી વાત કરી, એક તો જેને પોતાના નિર્મળ શુદ્ધ સ્વરૂપની અરુચિ છે તે મિથ્યાદૃષ્ટિ છે; અને બીજું—જેને ધર્મનાં સ્થાનો પ્રત્યે, ધર્મી જીવો પ્રત્યે અરુચિ છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. તેનાથી વિરુદ્ધ બે પડખાં લઈએ તો જેને ધર્મની રુચિ છે તેને આત્માની રુચિ છે, અને બીજા ધર્માત્મામાં જ્યાં ધર્મ જુએ છે ત્યાં તેને પ્રમોદ આવે છે. જેને ધર્મની રુચિ થઈ છે તેને ધર્મસ્વભાવી આત્માની રુચિ હોય જ, અને ધર્માત્માઓની રુચિ પણ હોય જ. અંતરમાં જેને ધર્મી જીવો પ્રત્યે કાંઈ પણ અરુચિ થઈ તેને ધર્મની અરુચિ છે, આત્માની તેને રુચિ નથી.

ધર્મીની રુચિ ન હોય અને ધર્મની રુચિ હોય એમ બને જ નહિ; કેમ કે ધર્મ તો સ્વભાવ છે, તે ધર્મી વગર હોતો નથી. ધર્મ પ્રત્યે જેને રુચિ હોય તેને કોઈ ધર્માત્મા ઉપર ક્રોધ અરુચિ-અપ્રેમ-અનાદર હોય જ નહિ, પણ વાત્સલ્ય ને આદર હોય. જેને ધર્માત્માનો પ્રેમ નથી તેને ધર્મનો પ્રેમ નથી અને જેને ધર્મનો પ્રેમ નથી તે મિથ્યાદૃષ્ટિ છે. જે ધર્માત્માનો તિરસ્કાર કરે છે તે ધર્મનો જ તિરસ્કાર કરે છે, કેમ કે ધર્મ અને ધર્મી જુદા નથી.

જેને આત્માનો ધર્મ રુચ્યો છે તેને જ્યાં જ્યાં ધર્મ જુએ ત્યાં ત્યાં પ્રમોદ અને આદરભાવ આવ્યા વગર રહે નહિ. ધર્મસ્વરૂપનું ભાન થયા પછી હજી પોતે વીતરાગ થયો નથી એટલે પોતાને પોતાના ધર્મની પૂર્ણતાની ભાવનાનો વિકલ્પ ઊઠે છે. અને પોતાને ધર્મની પ્રભાવનાનો વિકલ્પ ઊઠતાં જ્યાં જ્યાં ધર્મી જીવોને જુએ છે ત્યાં ત્યાં તેને રુચિ, પ્રમોદ અને ઉત્સાહ આવે જ છે; ખરેખર તો તેને પોતાના અંતરંગધર્મની પૂર્ણતાની રુચિ છે.

ધર્મનાયક તીર્થંકર દેવાધિદેવ અને મુનિ-ધર્માત્માઓ, સમકિતી-જ્ઞાનીઓ એ બધા ધર્માત્માઓ ધર્મનાં સ્થાનો છે, તેમના પ્રત્યે ધર્માત્માને આદર -પ્રમોદભાવ ઊછળ્યા વગર રહેતો નથી; જેને ધર્માત્માઓ પ્રત્યે અરુચિ છે તેને પોતાના ધર્મની અરુચિ છે, પોતાના આત્મા ઉપર ક્રોધ છે.

જેનો ઉપયોગ ધર્મી જીવોને હીણા બતાવીને પોતાની મોટાઈ લેવાના ભાવરૂપ થયો છે, ધર્મીનો વિરોધ કરીને જે મોટાઈ ઈચ્છે છે તે પોતાના આત્મકલ્યાણનો વેરી છે, મિથ્યાદષ્ટિ છે. ધર્મ એટલે સ્વભાવ અને તેનો ધારણ કરનાર ધર્મી એટલે આત્મા. જેને ધર્માત્માની અરુચિ તેને ધર્મની અરુચિ, ધર્મની અરુચિ તેને આત્માની અરુચિ, અને આત્માની અરુચિપૂર્વકના જે ક્રોધ, માન, માયા, લોભ તે જ અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ...એટલે જે ધર્માત્માનો અનાદર કરે છે તે અનંતાનુબંધી રાગ-દ્વેષવાળો છે અને તેનું ફળ અનંત સંસાર છે.

જેને ધર્મની રુચિ છે તેને પરિપૂર્ણ સ્વભાવની રુચિ છે. તેને બીજા ધર્માત્માઓ પ્રત્યે અણગમો કે અદેખાઈ ન હોય. પોતાની પહેલાં બીજો કેવળજ્ઞાન પામીને સિદ્ધ થઈ જાય તો તેને ખેદ ન થાય પણ અંતરથી પ્રમોદ જાગે કે અહા! ધન્ય છે આ ધર્માત્માને! જે મારે જોઈએ છે તે તેમણે પ્રગટ કર્યું છે, મને તેની રુચિ છે, આદર છે, ભાવના છે. એમ બીજા જીવોમાં ધર્મની વૃદ્ધિ જોઈને ધર્માત્મા પોતાના ધર્મની પૂર્ણતાની ભાવના કરે છે, એટલે તેને બીજા ધર્માત્માઓને જોઈને હરખ આવે છે, ઉલ્લાસ આવે છે. અને એ રીતે ધર્મનો આદરભાવ હોવાથી તે પોતાના ધર્મની વૃદ્ધિ કરીને પૂર્ણ ધર્મ પ્રગટ કરી સિદ્ધ થઈ જવાના.....!

❁

# સત્‌ની પ્રાપ્તિ માટે અર્પણતા

એકવાર તું દેવ-ગુરુના ચરણે અર્પાઈ જા! પછી દેવ-ગુરુ જ તને તારામાં સમાઈ જવાની આજ્ઞા આપશે. એકવાર તો તું સત્‌ને શરણે ઝુકાઈ જા! તેની હા એ હા, અને તેની ના એ ના. તારી સત્‌ની અર્પણતા આવ્યા પછી સંત કહેશે કે તું પરિપૂર્ણ છે, તને અમારી જરૂર નથી, તું તારા સામે જો. એ જ આજ્ઞા છે અને એ જ ધર્મ છે.

આત્મા વહાલો ક્યારે થયો કહેવાય અર્થાત્ આત્માની દરકાર થઈ છે, એમ ક્યારે કહેવાય? પ્રથમ તો જે વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા થઈ ગયા છે એવા અરિહંતદેવની સાચી પ્રીતિ થવી જોઈએ. વિષય-કષાય કે કુદેવાદિ પ્રત્યેનો રાગ તે તીવ્ર રાગ છે, તેને ટાળીને સાચા દેવ-ગુરુ પ્રત્યેની ભક્તિ આદિમાં મંદરાગ કરવાનાં પણ જે જીવને ઠેકાણાં નથી તે જીવ તદ્દન રાગરહિત આત્મસ્વરૂપની શ્રદ્ધા ક્યાંથી લાવશે? જેનામાં પરમ ઉપકારી વીતરાગી દેવ-ગુરુ-ધર્મની ખાતર રાગ ઓછો કરવાની પણ ત્રેવડ નથી તે પોતાના આત્માની ખાતર તદ્દન રાગનો અભાવ કેમ કરી શકશે? જેનામાં બે પાઈ આપવાની તાકાત નથી તે બે લાખ રૂપિયા કેમ આપી શકશે? તેમ જેને દેવ-ગુરુની સાચી પ્રીતિ નથી—વ્યવહારમાં પણ હજી જેને રાગ ઘટાડવો પાલવતો નથી તે નિશ્ચયમાં 'રાગ મારૂં સ્વરૂપ જ નથી' એવી પ્રતીતિ લાવશે ક્યાંથી? જેને દેવ-ગુરુની સાચી શ્રદ્ધા અને ભક્તિ નથી તેને તો નિશ્ચય-વ્યવહાર બેમાંથી એકકે સાચાં નથી, તેને એકલો મૂઢભાવ પોષાય છે, તીવ્ર કષાય અને શુષ્કજ્ઞાનને તે સેવે છે. પ્રથમ દશામાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિનો શુભરાગ આવે કે દેવ-ગુરુ-ધર્મને માટે તૃષ્ણા ઘટાડી અર્પાઈ જાઉં; તેમને માટે ગમે તેટલું કરું તોપણ ઉપકાર પૂરો ન થાય, એમ પોતાના ભાવમાં સર્વસ્વ અર્પણતા આવ્યા વગર દેવ-ગુરુ-ધર્મની સાચી પ્રીતિ થાય

નહિ; અને દેવ-ગુરુ-ધર્મની પ્રીતિ વગર આત્માની ઓળખાણ થાય નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિ અને અર્પણતા જાગે ત્યારે જ આત્માની સાક્ષી ઊગે ને આત્મામાં સ્વને માટે અર્પણતા પ્રગટે.

ભાઈ! એકવાર સત્‌ને ચરણે ઝુકાઈ જા, સાચા દેવ-ગુરુની અર્પણતા વગર આત્માનો ઉદ્ધાર થાય નહિ, પરંતુ તેનો જ આશ્રય માની બેસે તોપણ તે પરાશ્રયે આત્માનો ઉદ્ધાર થાય નહિ. આ રીતે પરમાર્થસ્વરૂપમાં તો ભગવાન આત્મા જ છે, પરંતુ તે પરમાર્થસ્વરૂપને પહોંચી ન શકે ત્યાં, પહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રને અંતરના આંગણે પધરાવવા તે વ્યવહાર છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-પૂજા વગર એકલા નિશ્ચયની માત્ર વાતો કરનાર શુષ્કજ્ઞાની છે.

દેવ-ગુરુ-ધર્મને તો કોઈની ભક્તિની જરૂર નથી, પરંતુ જિજ્ઞાસુ જીવોને સાધક દશામાં અશુભરાગથી બચવા સત્‌નું બહુમાન આવ્યા વગર રહેતું નથી. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે ‘જો કે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, તોપણ તેમ કર્યા વિના મુમુક્ષુ જીવને કલ્યાણ થતું નથી; સંતોના હૃદયમાં રહેલું આ ગુપ્તરહસ્ય પાને ચડાવ્યું છે.’’ સત્‌ના જિજ્ઞાસુને સત્ નિમિત્તરૂપ સત્પુરુષની ભક્તિનો ઉલ્લાસ આવ્યા વગર રહેતો નથી.

પ્રથમ તો ઉલ્લાસ આવે કે અહો! અત્યાર સુધીમાં અસંગ ચૈતન્યજ્યોત આત્માની વાત પણ ન બેસી, અને સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાંથી પણ ગયો; આટલો કાળ વીતી ગયો;—એમ જિજ્ઞાસુને પૂર્વની ભૂલનો પશ્ચાત્તાપ થાય અને વર્તમાનમાં ઉલ્લાસ આવે. પણ એ દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ આત્મસ્વભાવને પ્રગટ કરાવતો નથી. પ્રથમ તે રાગ આવે છે, પરંતુ ‘‘આ રાગ પણ મારું સ્વરૂપ નથી’’ એમ સ્વભાવદૃષ્ટિના જોરે અપૂર્વ આત્મભાન પ્રગટે છે.

ખરેખર તો દેવ-ગુરુ-શાસ્ત્રને સાચી અર્પણતા અનાદિથી કરી નથી અને તેમનું કહેવું સાંભળ્યું નથી; નહિતર દેવ-ગુરુ-શાસ્ત્ર તો એમ કહે છે કે તારે અમારો આશ્રય નથી, તું સ્વતંત્ર છે. જો દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા કરી હોત તો પોતાની સ્વતંત્રતાની શ્રદ્ધા જરૂર થઈ જાત. દેવ-ગુરુ

-શાસ્ત્રના વિનયમાં તન-મન-ધન અર્પણ કર્યા વિના, જેમાં આખા આત્માની અર્પણતા છે એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો ક્યાંથી પ્રગટશે?

અહો! જગતને વસ્ત્ર, મકાન, ધન વગેરેમાં મોટપ લાગે છે પણ જેઓ જગતનું કલ્યાણ કરી રહ્યા છે એવા દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા અને ભક્તિ અર્પણતા આવતી નથી! તે વગર ઉદ્ધારનાં ટાણાં ક્યાં?

**પ્રશ્ન** :—આત્માના સ્વરૂપમાં રાગ નથી છતાં દેવ-ગુરુ-શાસ્ત્રનો શુભ રાગ કરવાનું કેમ કહો છો?

**ઉત્તર** :—જેમ, કોઈ મ્લેચ્છને માંસ છોડાવવા માટે તેની સાથે મ્લેચ્છ ભાષા વાપરવી પડે, પરંતુ તેથી કાંઈ બ્રાહ્મણનું બ્રાહ્મણપણું ચાલ્યું જાય નહિ; તેમ તદ્દન રાગ છોડાવવા માટે, જે તીવ્ર અશુભરાગમાં છે તેને પ્રથમ તો રાગની દિશા બદલવા દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે શુભરાગ કરવાનું કહેવાય છે, પણ ત્યાં રાગ કરાવવાનો હેતુ નથી પણ રાગ છોડાવવાનો હેતુ છે; જે રાગ ટળ્યો તેટલું પ્રયોજન છે, રાગ રહે તે પ્રયોજન નથી. પહેલાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ કરવામાં પણ આશય તો એ છે કે "દેવ-ગુરુ-શાસ્ત્રનો શુભરાગ પણ મારું સ્વરૂપ નહિ"—એમ રાગનો નકાર કરી વીતરાગ સ્વરૂપની શ્રદ્ધા કરવી.

પ્રભુ! તારી પ્રભુતા પ્રગટાવવા માટે, પહેલાં જેમણે પ્રભુતા પ્રગટી છે એવા દેવ-ગુરુની ભક્તિ અને મહિમા ઓળખ; દેવ-ગુરુની ભક્તિ—બહુમાન ન આવે અને જગતની મોટપ આવે ત્યાં સુધી તારી પ્રભુતા ઊઘડશે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહારશ્રદ્ધા તો જીવે અનંતવાર કરી પણ તેમનું પરમાર્થ સ્વરૂપ ઓળખ્યું નહિ. દેવ-ગુરુની ને પોતાના આત્માની સાચી ઓળખાણરૂપ પરમાર્થ શ્રદ્ધા અનંતકાળથી જીવે કરી નથી, પરમાર્થ સમજ્યો નથી; શુભ રાગમાં અટકી ગયો છે; તેથી જ સંસારમાં પરિભ્રમણ કરે છે. જો એકવાર પણ આત્માની યથાર્થ શ્રદ્ધા કરે તો જન્મ-મરણ ટાળીને મોક્ષ થયા વગર રહે નહિ.

❈

# સમ્યગ્દષ્ટિની રીતિ

ચિન્મૂરત દ્રગધારીકી મોહે
રીતિ લગત હૈ અટાપટી...ચિન્મૂ૦

બાહિર નારકીકૃત દુઃખ ભોગે
અંતર સુખરસ ગટાગટી;
રમત અનેક સુરનિ સંગ પૈ
તિસ પરનતિતૈં નિત હટાહટી...ચિન્મૂ૦ ૧

જ્ઞાન વિરાગ શક્તિતૈં વિધિફલ
ભોગત પૈ વિધિ ઘટાઘટી;
સદનનિવાસી તદપિ ઉદાસી
તાતૈં આસ્રવ છટાછટી...ચિન્મૂ૦ ૨

જે ભવહેતુ અબુધકે તે તસ
કરત બન્ધકી ઝટાઝટી;
નારક પશુ તિય વિકલત્રય
પ્રકૃતિનકી હૈ કટાકટી...ચિન્મૂ૦ ૩

સંયમ ધર ન સકૈ પૈ સંયમ-
ધારન કી ઉર ચટાચટી;
તાસુ સુયશ ગુનકી ‘દૌલત’ કો
લગી રહે નિત રટારટી...ચિન્મૂ૦ ૪

[ સં. ૨૦૦૧માં ઈન્દોરના શેઠ સર હુકમચંદજીએ
સોનગઢમાં ગાયેલું સ્તવન]

❁

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો?

પ્રથમ તો જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરીને....પછી તેની પ્રગટ પ્રસિદ્ધિ એટલે કે સાક્ષાત્ અનુભવ કઈ રીતે કરવો તેની અંતરંગ રીત સમજાવીને આચાર્યદેવે સમ્યગ્દર્શન કરાવ્યું છે.

જે જીવ જિજ્ઞાસુ થઈ સ્વભાવ સમજવા આવ્યો છે તે સુખ લેવા આવ્યો છે અને દુ:ખ ટાળવા આવ્યો છે. સુખ પોતાનો સ્વભાવ છે, અને જે દુ:ખ છે તે ક્ષણિક વિકૃતિ છે તેથી તે ટળી શકે છે. વર્તમાન દુ:ખઅવસ્થા ટાળીને સુખરૂપ અવસ્થા પોતે પ્રગટ કરી શકે છે; આટલું તો, જે સત્ સમજવા આવ્યો તેણે સ્વીકારી જ લીધું છે. આત્માએ પોતાના ભાવમાં પુરુષાર્થ કરી વિકારરહિત સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. વર્તમાન વિકાર હોવા છતાં વિકારરહિત સ્વભાવની શ્રદ્ધા કરી શકાય છે એટલે કે આ વિકાર અને દુ:ખથી રહિત મારું સ્વરૂપ સુખમય છે, એમ નક્કી કરીને સુખનો અનુભવ થઈ શકે છે.

## ❀ પાત્ર જીવનું લક્ષણ ❀

જિજ્ઞાસુ જીવોને સ્વરૂપ પ્રગટ કરવા માટે પહેલી જ સત્સમાગમરૂપ જ્ઞાનક્રિયા શાસ્ત્રોએ બતાવી છે, એટલે શ્રુતજ્ઞાનથી આત્માનો નિર્ણય કરવાનું કહ્યું છે. કુદેવ-કુગુરુ અને કુશાસ્ત્ર તરફનો આદર અને તે તરફનું વલણ તો જિજ્ઞાસુને ખસી જ જાય, તથા વિષયાદિ પરવસ્તુમાં સુખબુદ્ધિ ટળી જાય; બધા તરફથી રુચિ ટળીને પોતાની તરફ રુચિ વળે અને દેવ-ગુરુ -શાસ્ત્રને યથાર્થપણે ઓળખી તે તરફ આદર કરે. આ બધું સ્વભાવના લક્ષે થયેલ હોય તો તે જીવને પાત્રતા થઈ કહેવાય. આટલી પાત્રતા તે હજી સમ્યગ્દર્શન નથી, સમ્યગ્દર્શન તો ચૈતન્યસ્વભાવમાં ઉપયોગ વાળીને

નિર્વિકલ્પ પ્રતીત કરવી તે છે. આવું સમ્યગ્દર્શન પ્રગટ કરવા પાત્ર જીવે શું કરવું તે આ સમયસારજીમાં સ્પષ્ટ બતાવ્યું છે.

## ❁ સમ્યગ્દર્શન માટે સમયસારમાં બતાવેલી ક્રિયા ❁

''પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પરપદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિયો દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ–તેમને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાનતત્ત્વને આત્મસન્મુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના પક્ષોના આલંબનથી થતાં અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાનતત્ત્વને પણ આત્મસન્મુખ કરતો અત્યંત વિકલ્પરહિત થઈને, તત્કાળ....પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્‌પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે, તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.'' (સમયસાર ગાથા–૧૪૪ ટીકા) આ વિષય ઉપર સ્પષ્ટીકરણ કરાય છે.

## ❁ શ્રુતજ્ઞાન કોને કહેવું? શ્રુતનું લક્ષણ અનેકાન્ત ❁

''પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો''–આમ કહ્યું છે. શ્રુતજ્ઞાન કોને કહેવું? સર્વજ્ઞ ભગવાને કહેલું શ્રુતજ્ઞાન અસ્તિ-નાસ્તિ દ્વારા વસ્તુસ્વરૂપને સિદ્ધ કરે છે, 'અનેકાન્તસ્વરૂપ વસ્તુ સ્વપણે છે અને પરપણે નથી' એમ જે વસ્તુને સ્વતંત્ર સિદ્ધ કરે છે તે શ્રુતજ્ઞાન છે.

એક વસ્તુ પોતાપણે છે અને તે વસ્તુ અનંત પર દ્રવ્યોથી છૂટી છે, આમ પરથી ભિન્નતા બતાવીને સ્વ તરફ વળવાનું બતાવે છે—તે શ્રુતજ્ઞાનનું લક્ષણ છે. વસ્તુ સ્વપણે છે અને પરપણે નથી—એમ કહીને શ્રુતજ્ઞાને વસ્તુની પરિપૂર્ણતા સિદ્ધ કરી છે, ને સ્વાશ્રય કરવાનું બતાવ્યું છે. શ્રુતજ્ઞાને બતાવેલું આવું સ્વરૂપ નક્કી કરવું જોઈએ.

અનંત પરવસ્તુથી આ આત્મા જુદો છે એમ સિદ્ધ થતાં પોતાના

દ્રવ્ય-પર્યાયમાં જોવાનું આવ્યું. મારું ત્રિકાળી દ્રવ્ય તે એક સમયના વિકાર જેટલું નથી, એટલે કે વિકાર ક્ષણિક પર્યાયપણે છે, પરંતુ ત્રિકાળી સ્વરૂપપણે વિકાર નથી,—આમ વિકાર રહિત સ્વભાવની સિદ્ધિ પણ અનેકાંત વડે જ થાય છે. ભગવાનના કહેલાં સત્શાસ્ત્રોની મહત્તા અનેકાંતથી જ છે.

ભગવાને પણ પોતાનું કાર્ય પૂરેપૂરું કર્યું અને બીજાનું કાંઈ કર્યું નહિ, કેમ કે એ તત્ત્વ પોતાપણે છે અને પરપણે નથી તેથી તે કોઈ બીજાનું કાંઈ કરી શકે નહિ. દરેક દ્રવ્ય જુદાં જુદાં સ્વતંત્ર છે કોઈ કોઈનું કાંઈ કરી શકે નહિ—આમ જાણવું તે જ ભગવાનના શાસ્ત્રની ઓળખાણ છે, તે જ શ્રુતજ્ઞાન છે...આ તો હજી સ્વરૂપને સમજનારની પાત્રતા કહેવાય છે.

કોઈ જીવ પરદ્રવ્યની પ્રભાવના કરી શકતો નથી, પરંતુ જૈનધર્મ એટલે કે આત્માનો વીતરાગસ્વભાવ, તેની પ્રભાવના ધર્મી જીવો કરે છે. આત્માને જાણ્યા વગર આત્માના સ્વભાવની વૃદ્ધિરૂપ પ્રભાવના કેવી રીતે કરે? પ્રભાવના કરવાનો વિકલ્પ ઊઠે તે પણ પરના કારણે નથી. બીજા માટે કાંઈ પણ પોતામાં થાય એમ કહેવું તે જૈનશાસનની મર્યાદામાં નથી. જૈનશાસન તો વસ્તુને સ્વતંત્ર સ્વાધીન પરિપૂર્ણ સ્થાપે છે.

આત્માના સ્વભાવને ઓળખીને કષાયભાવથી પોતાના આત્માને બચાવવો–તે કરવાનું ભગવાને કહ્યું છે; તે જ ખરી દયા છે. જીવ પોતાના આત્માનો નિર્ણય કર્યા વગર શું કરશે? ભગવાનના શ્રુતજ્ઞાનમાં તો એમ કહ્યું છે કે–તું તારાથી પરિપૂર્ણ વસ્તુ છે. દરેક તત્ત્વો પોતાથી જ સ્વતંત્ર છે, કોઈ તત્ત્વને બીજા તત્ત્વનો આશ્રય નથી–આ પ્રમાણે વસ્તુના સ્વરૂપને છૂટું સમજીને સ્વાશ્રયે વીતરાગભાવ પ્રગટ કરવો તે અહિંસા છે, અને એક બીજાનું કરી શકે એમ વસ્તુને પરાધીન માનીને કર્તૃત્વબુદ્ધિ ને રાગ-દ્વેષ કરવા તે હિંસા છે.

## ❀ આનંદ પ્રગટાવવાની ભાવનાવાળો શું કરે? ❀

જગતના જીવોને સુખ જોઈએ છે; સુખ કહો કે ધર્મ કહો. ધર્મ

કરવો છે એટલે આત્મશાંતિ જોઈએ છે, આત્માની અવસ્થામાં દુઃખનો નાશ કરીને વીતરાગી આનંદ પ્રગટ કરવો છે. એ આનંદ એવો હોવો જોઈએ કે જે સ્વાધીન હોય; જેના માટે પરનું અવલંબન ન હોય. આવો આનંદ પ્રગટાવવાની જેને યથાર્થ ભાવના હોય તે જિજ્ઞાસુ કહેવાય. પોતાનો પૂર્ણાનન્દ પ્રગટાવવાની ભાવનાવાળો જિજ્ઞાસુ પહેલાં એ જુએ કે એવો પૂર્ણાનન્દ કોને પ્રગટ્યો છે? પોતાને હજી તેવો આનંદ પ્રગટ નથી, કેમ કે જો પોતાને તેવો આનંદ પ્રગટ હોય તો પ્રગટાવવાની ભાવના ન હોય. એટલે પોતાને હજી તેવો આનંદ પ્રગટ્યો નથી, પણ પોતાને જેની ભાવના છે તેવો આનંદ બીજા કોઈકને પ્રગટ્યો છે, અને જેમને તે આનંદ પ્રગટ્યો છે તેઓના નિમિત્તથી પોતે તે આનંદ પ્રગટાવવાનો સાચો માર્ગ જાણે,— એટલે આમાં સાચાં નિમિત્તોની ઓળખાણ પણ આવી ગઈ. આટલું કરે ત્યાં સુધી હજી જિજ્ઞાસુ છે.

પોતાની અવસ્થામાં અધર્મ–અશાંતિ છે તે ટળીને ધર્મ શાંતિ પ્રગટાવવી છે. તે શાંતિ પોતાને આધારે અને પરિપૂર્ણ જોઈએ છે. આવી જેને જિજ્ઞાસા થાય તે પ્રથમ એમ નક્કી કરે છે કે..હું એક આત્મા મારું પરિપૂર્ણ સુખ પ્રગટાવવા માગું છું, તો એવું પરિપૂર્ણ સુખ કોઈને પ્રગટ્યું હોવું જોઈએ; જો પરિપૂર્ણ સુખ–આનંદ પ્રગટ ન હોય તો દુઃખી કહેવાય. જેને પરિપૂર્ણ અને સ્વાધીન આનંદ પ્રગટ્યો હોય તે જ સંપૂર્ણ સુખી છે; તેવા સર્વજ્ઞ છે...આ રીતે જિજ્ઞાસુ પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞનો નિર્ણય કરે છે. પરનું કરવા–મૂકવાની વાત તો છે જ નહિ; જ્યારે પરથી જરા છૂટો પડ્યો ત્યારે તો આત્માની જિજ્ઞાસા થઈ છે. આ તો પરથી ખસીને હવે જેને પોતાનું હિત કરવાની ઝંખના જાગી છે એવા જિજ્ઞાસુ જીવની વાત છે. પરદ્રવ્ય પ્રત્યેની સુખબુદ્ધિ અને રુચિ ટાળીને સ્વભાવની રુચિ કરી તે પાત્રતા છે.

દુઃખનું મૂળ ભૂલ છે. જેણે પોતાની ભૂલથી દુઃખ ઉત્પન્ન કર્યું છે તે પોતાની ભૂલ ટાળે તો તેનું દુઃખ ટળે...બીજા કોઈએ ભૂલ કરાવી નથી, તેથી બીજો કોઈ પોતાનું દુઃખ ટાળવા સમર્થ નથી.

## ❀ શ્રુતજ્ઞાનનું અવલંબન—એ જ પહેલી ક્રિયા ❀

જે આત્મકલ્યાણ કરવા તૈયાર થયો છે એવા જિજ્ઞાસુએ પ્રથમ શું કરવું—તે બતાવાય છે. આત્મકલ્યાણ એની મેળે થઈ જતું નથી પણ પોતાના જ્ઞાનમાં રુચિ અને પુરુષાર્થથી આત્મકલ્યાણ થાય છે. પોતાનું કલ્યાણ કરવા માટે, જેઓને પૂર્ણ કલ્યાણ પ્રગટ્યું છે તે કોણ છે, તેઓ શું કહે છે, તેઓએ પ્રથમ શું કર્યું હતું—એનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરવો પડશે; એટલે કે સર્વજ્ઞનું સ્વરૂપ જાણીને તેમના કહેલા શ્રુતજ્ઞાનના અવલંબનથી પોતાના આત્માનો નિર્ણય કરવો જોઈએ; એ પ્રથમ કર્તવ્ય છે. કોઈ પરના અવલંબનથી ધર્મ પ્રગટતો નથી; છતાં જ્યારે પોતે પોતાના પુરુષાર્થથી સમજે છે ત્યારે તેમાં નિમિત્ત તરીકે સત્‌દેવ-ગુરુ જ હોય છે.

આ રીતે પહેલો જ નિર્ણય એ આવ્યો કે કોઈ પૂર્ણ પુરુષ સંપૂર્ણ સુખી છે અને સંપૂર્ણ જ્ઞાતા છે; તે જ પુરુષ પૂર્ણ સુખનો પૂર્ણ સત્ય માર્ગ કહી શકે છે; પોતે તે સમજીને પોતાનું પૂર્ણ સુખ પ્રગટ કરી શકે છે અને પોતે સમજે ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રો જ નિમિત્તરૂપ હોય છે. જેને સ્ત્રી, પુત્ર, પૈસા, વગેરેની એટલે કે સંસારના નિમિત્તો તરફની તીવ્ર પ્રીતિ હોય ને ધર્મનાં નિમિત્તો દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની પ્રીતી ન હોય તેને શ્રુતજ્ઞાનનું અવલંબન પ્રગટશે નહિ; અને શ્રુતજ્ઞાનના અવલંબન વગર આત્માનો નિર્ણય થાય નહિ. એટલે જે કુદેવાદિને માને તેને આત્મનિર્ણય હોય જ નહિ.

યથાર્થ ધર્મ કેમ થાય તે માટે પ્રથમ પૂર્ણ જ્ઞાની ભગવાન અને તેમનાં કહેલાં શાસ્ત્રોના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવાનો ઉદ્યમી થાય. ધર્મની કળા જ જગત સમજ્યું નથી. જો ધર્મની એક કળા પણ શીખે તો તેનો મોક્ષ થયા વગર રહે નહિ.

જિજ્ઞાસુ જીવ પહેલાં સુદેવાદિનો અને કુદેવાદિનો નિર્ણય કરીને કુદેવાદિને છોડે છે, અને સત્‌દેવ-ગુરુની એવી લગની લાગી છે કે સત્‌પુરુષો શું કહે છે તે સમજવાનું જ લક્ષ છે, એટલે તીવ્ર અશુભથી તો

હઠી જ ગયો છે. જો સાંસારિક રુચિથી પાછો નહિ હઠે તો વીતરાગી શ્રુતના અવલંબનમાં ટકી શકશે નહિ.

## ❁ ધર્મ ક્યાં છે અને કેમ થાય? ❁

ઘણા જિજ્ઞાસુઓને પ્રશ્ન ઊઠે છે કે ધર્મ માટે પ્રથમ શું કરવું? તેના જવાબમાં જ્ઞાની કહે છે કે બહારમાં ક્યાંય આત્માનો ધર્મ નથી. ધર્મ તો પોતાનો સ્વભાવ છે. ધર્મ પરાધીન નથી. કોઈના અવલંબને ધર્મ થતો નથી, ધર્મ કોઈનો આપ્યો અપાતો નથી, પણ પોતાની ઓળખાણથી જ ધર્મ થાય છે. જેને પોતાનો પૂર્ણાનન્દ જોઈએ છે તેણે પૂર્ણ આનંદનું સ્વરૂપ શું છે, અને તે કોને પ્રગટ્યો છે તે નક્કી કરવું જોઈએ. જે આનંદ હું ઈચ્છું છું તે પૂર્ણ અબાધિત ઈચ્છું છું, એટલે કોઈ આત્માઓ તેવી પૂર્ણાનન્દદશા પામ્યા છે અને તેઓને પૂર્ણાનંદદશામાં જ્ઞાન પણ પૂર્ણ જ છે; આ રીતે જેમને પૂર્ણાનંદ પ્રગટ્યો છે એવા સર્વજ્ઞ ભગવાન છે તેમનો, અને તેઓ શું કહે છે તેનો જિજ્ઞાસુએ નિર્ણય કરવો જોઈએ. તેથી જ કહ્યું છે કે પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો. આમાં ઉપાદાન-નિમિત્તની સંધિ રહેલી છે. જ્ઞાની કોણ છે, સત્ વાત કોણ કહે છે,–એ બધું નક્કી કરવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. જીવને જો સ્ત્રી-કુટુંબ -લક્ષ્મીનો પ્રેમ અને સંસારની રુચિમાં ઓછપ નહિ થાય તો તે સત્સમાગમ માટે નિવૃત્તિ લઈ શકશે નહિ. શ્રુતનું અવલંબન લેવાનું કહ્યું ત્યાં જ તીવ્ર અશુભ ભાવનો તો ત્યાગ આવી ગયો. અને સાચા નિમિત્તોની ઓળખાણ કરવાનું પણ આવી ગયું.

## ❁ સુખનો ઉપાય—જ્ઞાન અને સત્સમાગમ ❁

હે જીવ! તારે સુખ જોઈએ છે ને? જો તારે સુખ જોઈતું હોય તો તું પહેલાં સુખ ક્યાં છે અને કેમ પ્રગટે તેનો નિર્ણય કર, જ્ઞાન કર. સુખ ક્યાં છે અને તે કેમ પ્રગટે તેના વગર સુકાઈ જાય તોપણ સુખ ન મળે, ધર્મ ન થાય. સર્વજ્ઞ ભગવાને કહેલા શ્રુતજ્ઞાનના અવલંબન વડે એ નિર્ણય થાય છે, અને તે નિર્ણય કરવો એ જ પ્રથમ ધર્મ છે. જેને ધર્મ કરવો હોય તે ધર્મીને ઓળખી, તેઓ શું કહે છે તેનો નિર્ણય કરવા માટે

સત્સમાગમ કરે. સત્સમાગમે જેને શ્રુતજ્ઞાનનું અવલંબન થયું કે અહો! પરિપૂર્ણ આત્મવસ્તુ, આ જ ઉત્કૃષ્ટ મહિમાવંત છે, મારા આવા પરમસ્વરૂપને મેં અનંતકાળમાં સાંભળ્યું પણ નથી,—આમ થતાં તેને સ્વરૂપની રુચિ જાગે અને સત્સમાગમનો રંગ લાગે, એટલે તેને કુદેવાદિ કે સંસાર પ્રત્યેનો રંગ ઉડી જાય.

જો વસ્તુનો મહિમા ઓળખે તો તેને પ્રેમ જાગે અને તે તરફ પુરુષાર્થ વળે. આત્મા અનાદિથી સ્વભાવને ચુકીને પરભાવરૂપી પરદેશમાં રખડે છે, સ્વરૂપથી બહાર સંસારમાં રખડતાં–રખડતાં પરમ પિતા સર્વજ્ઞ પરમાત્મા અને પરમ હિતકારી ગુરુ ભેટ્યા, તેઓ પૂર્ણ હિત કેમ થાય તે સંભળાવે છે અને આત્માના સ્વરૂપની ઓળખાણ કરાવે છે. પોતાનું સ્વરૂપ સાંભળતાં ક્યા જિજ્ઞાસુને ઉલ્લાસ ન આવે? આવે જ. આત્મસ્વભાવની વાત સાંભળતાં જિજ્ઞાસુ જીવોને મહિમા આવે જ.... અહો! અનંતકાળથી આ અપૂર્વ જ્ઞાન ન થયું, સ્વરૂપની બહાર પરભાવમાં ભમીને અનંતકાળ દુઃખી થયો; આ અપૂર્વ જ્ઞાન પૂર્વે જો કર્યું હોત તો આ દુઃખ ન હોત....આમ સ્વરૂપની ઝંખના લાગે, રસ આવે, મહિમા જાગે....અને એ મહિમાને યથાર્થપણે ઘૂંટતાં સ્વરૂપનો નિર્ણય કરે. આ રીતે જેને ધર્મ કરીને સુખી થવું હોય તેણે પ્રથમ શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને આત્માનો નિર્ણય કરવો. ભગવાને કહેલ શ્રુતજ્ઞાનરૂપી દોરીને દ્રઢપણે પકડીને તેના અવલંબનથી સ્વરૂપમાં પહોંચી જવાય છે. શ્રુતજ્ઞાનનું અવલંબન એટલે શું? જેને સાચા શ્રુતજ્ઞાનનો જ રસ છે, અન્ય કુશ્રુતજ્ઞાનનો રસ નથી, સંસારની વાતોનો રસ ટળી ગયો છે, ને શ્રુતજ્ઞાનનો તીવ્ર રસ લાગ્યો છે, આ રીતે શ્રુતજ્ઞાનના અવલંબન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવા જે તૈયાર થયો છે, તેને અલ્પકાળમાં આત્મભાન થશે. સંસારનો તીવ્ર લોહવાટ જેના હ્રદયમાં ઘોળાતો હોય તેને તો આ પરમ શાંતસ્વભાવની વાત સમજવાની પાત્રતા નહિ જાગે. અહીં જે 'શ્રુતનું અવલંબન' કહ્યું છે તે અવલંબન તો સ્વભાવના લક્ષે છે, પાછા ન ફરવાના લક્ષે છે, સમયસારજીમાં અપ્રતિહત શૈલીથી જ કથન છે. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવા

માટે જેણે શ્રુતનું અવલંબન ઉપાડ્યું તે આત્મસ્વભાવનો નિર્ણય કરે જ કરે, પાછો ન ફરે, એવી વાત જ સમયસારજીમાં લીધી છે.

સંસારની રુચિ ઘટાડીને આત્માનો નિર્ણય કરવાના લક્ષે જે અહીં સુધી આવ્યો તેને શ્રુતજ્ઞાનના અવલંબને નિર્ણય થવાનો જ; નિર્ણય ન થાય તેમ બને જ નહિ. શાહૂકારના ચોપડે દિવાળાંની વાત જ ન હોય, તેમ અહીં દીર્ઘસંસારની વાત જ નથી. અહીં તો અલ્પકાળે મોક્ષ જનાર જીવોની જ વાત છે. બધી વાતની હા જી હા ભણે અને એકેય વાતનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરે નહિ એવા 'ધજાની પૂંછડી' જેવા જીવોની વાત નથી લીધી. ટંકણખાર જેવી વાત છે જે અનંતકાળના સંસારનો અંત લાવવા માટે પૂર્ણ સ્વભાવના લક્ષે શરૂઆત કરવા નીકળ્યો છે એવા જીવની શરૂઆત પાછી નહિ ફરે,—એવાની જ અહીં વાત છે. આ તો અપ્રતિહત માર્ગ છે. પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. પૂર્ણતાના લક્ષે ઉપડેલી શરૂઆત પાછી ન ફરે...પૂર્ણતાના લક્ષે પૂર્ણતા થાય જ.

### ❀ જે તરફની રુચિ તે તરફનું ઘોલન ❀

આમાં એકને એક વાત ફેરવીને વારંવાર કહેવાય છે, તેથી રુચિવંત જીવને કંટાળો ન આવે. જેમ નાટકની રુચિવાળો નાટકમાં 'વન્સમોર' કરીને પણ પોતાની રુચિવાળી વસ્તુને વારંવાર જુએ છે; તેમ જે ભવ્યજીવોને આત્માની રુચિ થઈ અને આત્માનું હિત કરવા માટે નીકળ્યા તે વારંવાર રુચિપૂર્વક દરેક વખતે-ખાતાં, પીતાં, ચાલતા, સૂતાં, બેસતાં, બોલતાં, વિચારતાં-નિરંતર શ્રુતનું જ અવલંબન, સ્વભાવના લક્ષે કરે છે, તેમાં કોઈ કાળ કે ક્ષેત્રની મર્યાદા કરતા નથી. શ્રુતજ્ઞાનની રુચિ અને જિજ્ઞાસા એવી જામી છે કે ક્યારેય પણ તે ખસતી નથી. અમુક કાળ અવલંબન કરવું ને પછી મૂકી દેવું એમ નથી કહ્યું, પરંતુ શ્રુતજ્ઞાનના અવલંબન વડે આત્માનો નિર્ણય કરવાનું કહ્યું છે. જેને સાચા તત્ત્વની રુચિ થઈ છે તે બીજા સર્વ કામોની પ્રીતિને ગૌણ જ કરે છે.

**પ્રશ્ન** :—ત્યારે શું સત્‌ની પ્રીતિ થાય એટલે ખાવા-પીવાનું અને ધંધા-વેપાર બધું છોડી દેવું? શ્રુતજ્ઞાન સાંભળ્યા જ કરવું, પરંતુ સાંભળીને કરવું શું?

**ઉત્તર** :—સત્‌ની પ્રીતિ થાય એટલે તરત જ ખાવા-પીવાનું બધું છૂટી જ જાય એવો નિયમ નથી, પરંતુ તે તરફની રુચિ તો અવશ્ય ઘટે જ. પરમાંથી સુખબુદ્ધિ ઊડી જાય અને બધામાં એક આત્મા જ આગળ હોય, એટલે નિરંતર આત્માની જ ધગશ અને ઝંખના હોય. માત્ર 'શ્રુતજ્ઞાન સાંભળ્યા જ કરવું' એમ કહ્યું નથી, પરંતુ શ્રુતજ્ઞાન દ્વારા આત્માનો નિર્ણય કરવો; શ્રુતના અવલંબનની ધૂન ચડતાં—દેવ, ગુરુ, શાસ્ત્ર, ધર્મ, નિશ્ચય, વ્યવહાર વગેરે બધાં પડખાં જાણીને એક જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો જોઈએ; આમાં ભગવાન કેવા, તેનાં શાસ્ત્રો કેવાં, અને તેઓ શું કહે છે, એ બધાનું અવલંબન એમ નિર્ણય કરાવે છે કે તું જ્ઞાન છો; આત્મા જ્ઞાનસ્વરૂપી જ છે, જ્ઞાન સિવાય બીજું કાંઈ તું કરી શકતો નથી.

દેવ-ગુરુ-શાસ્ત્ર કેવાં હોય અને તે દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેમનું અવલંબન લેનાર પોતે શું સમજ્યો હોય તે આમાં બતાવ્યું છે. 'હે જીવ! તું જ્ઞાનસ્વભાવી આત્મા છે, તારો સ્વભાવ જાણવાનો જ છે, કાંઈ પરનું કરવું કે પુણ્ય-પાપના ભાવ કરવા તે તારું સ્વરૂપ નથી' આમ જે બતાવતા હોય તે સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર છે, અને આ પ્રમાણે જે સમજે તે જ દેવ-ગુરુ-શાસ્ત્રના અવલંબને શ્રુતજ્ઞાનને સમજ્યો છે. પણ જે રાગથી ધર્મ મનાવતા હોય, શરીરની ક્રિયા આત્મા કરે એમ મનાવતા હોય, જડ કર્મ આત્માને હેરાન કરે એમ જે કહેતા હોય તે કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર સાચાં નથી, કેમ કે તેઓ જેમ છે તેમ વસ્તુસ્વરૂપના જાણકાર નથી અને તેથી ઊલટું સ્વરૂપ બતાવે છે.

## ❀ શ્રુતજ્ઞાનના અવલંબનનું ફળ—આત્મઅનુભવ ❀

'હું આત્મા તો જ્ઞાયક છું, પુણ્ય-પાપની વૃત્તિઓ મારું જ્ઞેય છે, તે મારા જ્ઞાનથી જુદી છે' આમ પહેલાં વિચાર દ્વારા દેવ-ગુરુ-શાસ્ત્રના અવલંબને યથાર્થ નિર્ણય જિજ્ઞાસુ જીવ કરે છે; હજી જ્ઞાનસ્વભાવનો

અનુભવ થયો નથી ત્યાર પહેલાંની આ વાત છે. જેણે સ્વભાવના લક્ષે શ્રુતનું અવલંબન લીધું છે તે અલ્પકાળમાં આત્મઅનુભવ કરશે જ. પ્રથમ વિચારમાં એમ નક્કી કર્યું કે પરથી તો હું જુદો, પુણ્ય-પાપ પણ મારું સ્વરૂપ નહિ, મારા શુદ્ધ સ્વભાવ સિવાય દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ અવલંબન પરમાર્થે નહિ, હું તો સ્વાધીન જ્ઞાનસ્વભાવી છું;—આમ જેણે નિર્ણય કર્યો તેને જ્ઞાનસ્વભાવી આત્માનો અનુભવ થયા વગર રહેશે જ નહિ. અહીં શરૂઆત જ એવી જોરદાર ઉપાડી છે કે પાછા પડવાની વાત જ નથી.

'પુણ્ય-પાપ મારું સ્વરૂપ નથી, હું જ્ઞાયક છું' આવી જેણે નિર્ણય દ્વારા હા પાડી તેનું પરિણમન પુણ્ય-પાપ તરફથી પાછું ખસીને જ્ઞાયકસ્વભાવ તરફ ઢળ્યું, એટલે તેને પુણ્ય-પાપનો આદર ન રહ્યો, તેથી તે અલ્પકાળમાં પુણ્ય-પાપ રહિત જ્ઞાનસ્વભાવનો અનુભવ કરીને અને તેમાં સ્થિરતા કરીને વીતરાગ થઈ પૂર્ણ પરમાત્મા થઈ જશે, પૂર્ણની જ વાત છે, શરૂઆત અને પૂર્ણતા વચ્ચે આંતરો પડ્યો જ નથી, શરૂઆત થઈ છે તે પૂર્ણતાને લક્ષમાં લઈને જ થઈ છે. સંભળાવનાર અને સાંભળનાર બંનેને પૂર્ણતાનું જ ધ્યેય છે. જેઓ પૂર્ણ સ્વભાવની વાત કરે છે તે દેવ-ગુરુ અને શાસ્ત્ર એ ત્રણે તો પવિત્ર જ છે. તેના અવલંબને જેણે હા પાડી તેનું પણ પરિણમન પવિત્રતા તરફ વળ્યું છે. પૂર્ણની હા પાડીને આવ્યો છે તે પૂર્ણ થશે જ. આ રીતે ઉપાદાન-નિમિત્તની સંધિ સાથે જ છે.

## ❀ સમ્યગ્દર્શન થયા પહેલાં..... ❀

આત્માનંદ પ્રગટ કરવા માટેની પાત્રતાનું સ્વરૂપ કહેવાય છે. હે ભાઈ! તારે ધર્મ કરવો છે ને! તો તું તને ઓળખ. પહેલાં સાચો નિર્ણય કરવાની વાત છે. અરે, તું છો કોણ? શું ક્ષણિક પુણ્ય-પાપનો કરનાર તે જ તું છો? ના, ના; તું તો જ્ઞાન કરનાર જ્ઞાનસ્વભાવી છો. પરને ગ્રહનાર કે છોડનાર તું નથી, જાણનાર જ તું છો. આવો નિર્ણય તે જ ધર્મની પહેલી શરૂઆતનો (સમ્યગ્દર્શનનો) ઉપાય છે. શરૂઆતમાં એટલે કે સમ્યગ્દર્શન પહેલાં આવો નિર્ણય ન કરે તો તે પાત્રતામાં પણ નથી. મારો સહજ સ્વભાવ જાણવાનો છે—આવો શ્રુતના અવલંબને જે નિર્ણય કરે છે તે પાત્ર

જીવ છે. જેને પાત્રતા પ્રગટી તેને અંતર અનુભવ થવાનો જ છે. સમ્યગ્દર્શન કરવા માટે પહેલાં જિજ્ઞાસુ જીવ, ધર્મસન્મુખ થયેલો જીવ, સત્સમાગમે આવેલો જીવ શ્રુતજ્ઞાનના અવલંબને જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરે છે.

હું જ્ઞાનસ્વભાવી જાણનાર છું, જ્ઞેયમાં ક્યાંય રાગ-દ્વેષ કરીને અટકે તેવો મારો જ્ઞાનસ્વભાવ નથી. પર ગમે તેમ હો, હું તો તેનો માત્ર જાણનાર છું, મારો જાણનાર સ્વભાવ પરનું કાંઈ કરનાર નથી. હું જેમ જ્ઞાનસ્વભાવી છું તેમ જગતના બધા આત્માઓ જ્ઞાનસ્વભાવી છે; જેઓ પોતે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય ચૂક્યા છે તેઓ દુઃખી છે, તેઓ જાતે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે તો તેઓનું દુઃખ ટળે. હું કોઈને ફેરવવા સમર્થ નથી. પર જીવોનું દુઃખ હું ટાળી શકું નહિ, કેમ કે દુઃખ તેઓએ પોતાની ભૂલથી કર્યું છે; તેઓ પોતાની ભૂલ ટાળે તો તેમનું દુઃખ ટળે. કોઈ પરના લક્ષે અટકવાનો જ્ઞાનનો સ્વભાવ નથી.

પ્રથમ શ્રુતનું અવલંબન બતાવ્યું તેમાં પાત્રતા થઈ છે, એટલે કે શ્રુતના અવલંબનથી આત્માનો અવ્યક્ત નિર્ણય થયો છે; ત્યાર પછી પ્રગટ અનુભવ કેમ થાય તે હવે કહેશે.

## ❀ સમ્યક્ત્વ પ્રભુ છે ❀

સમ્યક્ત્વ ખરેખર પ્રભુ છે, તેથી તે પરમ આરાધ્ય છે, કેમ કે તેના જ પ્રસાદથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને તેના જ નિમિત્તથી મનુષ્યનું એવું માહાત્મ્ય પ્રગટ થાય છે કે જેથી તે જીવ જગત ઉપર વિજય પ્રાપ્ત કરી લે છે અર્થાત્ સર્વજ્ઞ થઈને સમસ્ત જગતને જાણે છે. સમ્યક્ત્વનો એવો મહિમા છે કે તેનાથી સમસ્ત સુખની પ્રાપ્તિ થાય છે.

અધિક શું કહેવું? ભૂતકાળમાં જેટલા નરપુંગવો સિદ્ધ થયા છે અને ભવિષ્યમાં થશે તે બધો આ સમ્યક્ત્વનો જ પ્રતાપ છે.

*(અનાગારધર્મામૃત પૃ. ૧૮૭-૮૮)*

# આત્માના પ્રગટ અનુભવની રીત

સમ્યગ્દર્શન પ્રગટ્યા પહેલાં શ્રુતજ્ઞાનના અવલંબનના જોરે આત્માના જ્ઞાનસ્વભાવને અવ્યક્તપણે લક્ષમાં લીધો છે, હવે પ્રગટરૂપ લક્ષમાં લ્યે છે—અનુભવ કરે છે–આત્મસાક્ષાત્કાર અર્થાત્ સમ્યગ્દર્શન કરે છે, તે કઈ રીતે? તે બતાવે છે.

“.....પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે પરપદાર્થથી પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિય અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તેમને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાનતત્ત્વને આત્મસન્મુખ કર્યું છે....” અપ્રગટરૂપ નિર્ણય થયો હતો તે હવે પ્રગટરૂપ કાર્ય લાવે છે; જે નિર્ણય કર્યો હતો તેનું ફળ પ્રગટે છે.

આ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય જગતના બધા આત્માઓ કરી શકે છે. બધા આત્માઓ પરિપૂર્ણ ભગવાન જ છે, તેથી બધા પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરી શકવા સમર્થ છે. જે પોતાના આત્માનું હિત કરવા માગે તેને તે થઈ શકે છે. પરંતુ જીવે અનાદિથી પોતાની દરકાર કરી નથી. ભાઈ રે! તું કોણ વસ્તુ છો, તે જાણ્યા વિના તું કરીશ શું? પહેલાં આ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો જોઈએ. એ નિર્ણય થતાં અવ્યક્તપણે આત્માનું લક્ષ આવ્યું, પછી પરનું લક્ષ અને વિકલ્પથી ખસીને સ્વનું લક્ષ પ્રગટ અનુભવપણે કેમ કરવું તે બતાવે છે.

આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, ઈન્દ્રિય અને મનથી જે પર લક્ષ જાય છે તેને ફેરવીને તે મતિજ્ઞાનને સ્વમાં એકાગ્ર કરતાં આત્માનું લક્ષ થાય છે એટલે કે આત્માની પ્રગટપણે પ્રસિદ્ધિ થાય છે; આત્માનો પ્રગટરૂપ અનુભવ થવો તે જ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન એ જ ધર્મ છે.

## ❀ ધર્મ માટે પહેલાં શું કરવું? ❀

આ કર્તા-કર્મ અધિકારની છેલ્લી ગાથા છે, આ ગાથામાં જિજ્ઞાસુને માર્ગ બતાવ્યો છે. માણસો કહે છે કે આત્માનું કાંઈ ન સમજાય તો પુણ્યના શુભભાવ તો કરવા કે નહિ? તેનો ઉત્તર કહે છે કે પ્રથમ સ્વભાવ સમજવો તે જ ધર્મ છે. ધર્મ વડે જ સંસારનો અંત આવે છે; શુભભાવથી ધર્મ થાય નહિ અને ધર્મ વગર સંસારનો અંત આવે નહિ. ધર્મ તો પોતાનો સ્વભાવ છે, માટે પહેલાં સ્વભાવ સમજવો જોઈએ. શુભભાવ થાય ખરા, પણ તે કર્તવ્ય નથી. શુભ-અશુભભાવ તો અનાદિકાળથી કરતો આવે છે, તે કાંઈ ધર્મનો ઉપાય નથી. પણ તે શુભ-અશુભભાવથી રહિત જ્ઞાનસ્વભાવી આત્માની ઓળખાણ કરવી તે જ ધર્મ છે.

**પ્રશ્ન** :—સ્વભાવ ન સમજાય તો શું કરવું? સમજતાં વાર લાગે તો શું કરવું?

**ઉત્તર** :—પ્રથમ તો રુચિથી પ્રયત્ન કરે તેને આ વાત ન સમજાય એમ બને નહિ. સમજતાં વાર લાગે ત્યાં સમજણના લક્ષે અશુભભાવ ટાળી શુભભાવ તો સહેજે થાય છે, પરંતુ શુભભાવથી ધર્મ થતો નથી એમ જાણવું. જ્યાં સુધી કોઈ પણ જડ વસ્તુની ક્રિયા અને રાગની ક્રિયા જીવ પોતાની માને ત્યાં સુધી તે સાચી સમજણના માર્ગે નથી.

## ❀ સુખનો રસ્તો સાચી સમજણ, વિકારનું ફળ જડ ❀

જીવને જો આત્માની સાચી રુચિ થાય તો તે સમજણનો રસ્તો લીધા વગર રહે નહિ; સત્ય જોઈતું હોય, સુખ જોઈતું હોય તો આ જ રસ્તો છે. સમજતા ભલે વાર લાગે, પરંતુ માર્ગ તો સાચી સમજણનો લેવો જોઈએ ને! સાચી સમજણનો માર્ગ લ્યે તો સત્ય સમજાયા વગર રહે જ નહિ. જો આવા મનુષ્ય અવતારમાં અને સત્સમાગમના યોગે પણ સત્ય ન સમજે તો ફરી સત્યનાં આવા ટાણાં મળવાં દુર્લભ છે. હું કોણ છું તેની જેને ખબર નથી અને અહીં જ સ્વરૂપ ચૂકીને જાય છે તે પરભવમાં જ્યાં જશે ત્યાં શું કરશે? સ્વરૂપના ભાન વગર શાંતિ ક્યાંથી

લાવશે? આત્માના ભાન વગર કદાચ શુભભાવ કર્યા હોય તોપણ તે શુભનું ફળ જડમાં જાય છે, આત્મામાં પુણ્યનું ફળ આવતું નથી. જેણે આત્માની દરકાર કરી નથી અને અહીં જ જે મૂઢ થઈ ગયો છે તે કદાચ શુભભાવ કરે તો રજકણો બંધાશે અને તે રજકણોના કણમાં પણ રજકણોનો સંયોગ મળે તેમાં આત્માને શું? આત્માની શાંતિ તો આત્મામાં છે, પરંતુ તેની તો દરકાર કરી નથી.

## ❀ અસાધ્ય કોણ અને શુદ્ધાત્મા કોણ? ❀

જે જીવ અહીં જ જડ સાથે એકત્વબુદ્ધિ કરીને જડ જેવો થઈ ગયો છે, પોતાને ભૂલીને સંયોગદૃષ્ટિથી મરે છે, અસાધ્યપણે વર્તે છે એટલે ચૈતન્યસ્વરૂપનું ભાન નથી, તે જીવતાં જ અસાધ્ય છે. ભલે, શરીર હાલે -ચાલે-બોલે, પણ એ તો જડની ક્રિયા છે, તેનો ધણી થયો પણ અંતરમાં સાધ્ય જે જ્ઞાનસ્વરૂપ તેની જેને ખબર નથી તે 'અસાધ્ય' (ચાલતું ક્લેવર) છે. વસ્તુનો સ્વભાવ યથાર્થપણે સમ્યગ્દર્શનપૂર્વકના જ્ઞાનથી ન સમજે તો જીવને સ્વરૂપનો કિંચિત્ લાભ નથી. સમ્યગ્દર્શન વડે સ્વરૂપની ઓળખાણ અને નિર્ણય કરીને જે ઠર્યો તેને જ 'શુદ્ધ આત્મા' એવું નામ મળે છે, તે જ સમયસાર છે અને એ જ સમ્યક્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; 'હું શુદ્ધ છું' એવો વિકલ્પ છૂટીને એકલો આત્મઅનુભવ થાય ત્યારે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. આ સમ્યક્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ કાંઈ આત્માથી જુદું નથી, તે શુદ્ધ આત્મારૂપ જ છે.

સત્ય જેને જોઈતું હોય તેવા જિજ્ઞાસુ સમજુ જીવને કોઈ અસત્ય કહે તો તે અસત્યની હા પાડી દે નહિ,–તે અસત્નો સ્વીકાર ન કરે. રાગથી સ્વભાવનો અનુભવ થશે એવી વાત તેને બેસે નહિ. જેને સત્સ્વભાવ જોઈતો હોય તે સ્વભાવથી વિરુદ્ધભાવની હા ન પાડે, તેને પોતાનાં ન માને. વસ્તુનું સ્વરૂપ શુદ્ધ છે તેનો બરાબર નિર્ણય કર્યો અને રાગથી ભિન્ન પડીને જ્ઞાન સ્વસન્મુખ થતાં જે અભેદ શુદ્ધ અનુભવ થયો તે જ સમયસાર છે, અને તે જ ધર્મ છે. આવો ધર્મ કેવી રીતે થાય, ધર્મ કરવા માટે પ્રથમ તે શું કરવું? તે સંબંધી આ કથન ચાલે છે.

## ❀ ધર્મની રુચિવાળા જીવ કેવા હોય? ❀

ધર્મને માટે પહેલાં શ્રુતજ્ઞાનનું અવલંબન લઈ શ્રવણ-મનનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો કે હું એક જ્ઞાનસ્વભાવ છું, મારા જ્ઞાનસ્વભાવમાં જ્ઞાન સિવાય કાંઈ કરવા-મૂકવાનો સ્વભાવ નથી. આ પ્રમાણે સત્ સમજવામાં જે કાળ જાય છે તે પણ અનંતકાળે નહિ કરેલો એવો અપૂર્વ અભ્યાસ છે. જીવને સત્ તરફની રુચિ એટલે વૈરાગ્ય જાગે અને આખા સંસાર તરફની રુચિ ઊડી જાય. ચોરાશીના અવતારનો ત્રાસ થઈ જાય કે 'અરે! આ ત્રાસ શા? આ દુઃખ ક્યાં સુધી? સ્વરૂપનું ભાન નહિ અને ક્ષણે ક્ષણે પરાશ્રય ભાવમાં રાચવું આ તે કાંઈ મનુષ્યના જીવન છે? તિર્યંચ વગેરેનાં દુઃખની તો વાત જ શી, પરંતુ આ મનુષ્યમાં પણ આવા જીવન? અને મરણ ટાણે સ્વરૂપનાં ભાન વગર અસાધ્ય થઈને મરવું?' નહિ; હવે આનાથી છૂટવાનો ઉપાય કરું ને શીઘ્ર આ દુઃખથી આત્માને મુક્ત કરું.—આ પ્રમાણે સંસારનો ત્રાસ થતાં સ્વરૂપ સમજવાની રુચિ થાય. વસ્તુ સમજવા માટે જે કાળ જાય તે પણ જ્ઞાનની ક્રિયા છે, સત્‌નો માર્ગ છે.

જિજ્ઞાસુઓએ પ્રથમ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો; હું એક જાણનાર છું. મારું સ્વરૂપ જ્ઞાન છે, તે જાણવાવાળું છે, પુણ્ય-પાપ કોઈ મારા જ્ઞાનનું સ્વરૂપ નથી, પુણ્ય-પાપના ભાવ કે સ્વર્ગ-નરક આદિ કોઈ મારો સ્વભાવ નથી—એમ શ્રુતજ્ઞાન વડે આત્માનો પ્રથમ નિર્ણય કરવો તે જ પ્રથમ ઉપાય છે.

## ❀ ઉપાદાન-નિમિત્ત અને કારણ-કાર્ય ❀

(૧) સાચા શ્રુતજ્ઞાનના અવલંબન વિના અને (૨) શ્રુતજ્ઞાનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યા વિના આત્મા અનુભવમાં આવે નહિ. આમાં આત્માનો અનુભવ કરવો તે કાર્ય છે. આત્માનો નિર્ણય તે ઉપાદાનકારણ છે અને શ્રુતનું અવલંબન તે નિમિત્ત છે. શ્રુતના અવલંબનથી જ્ઞાનસ્વભાવનો જે નિર્ણય કર્યો તેનું ફળ, તે નિર્ણય અનુસાર કરવો તે છે. આત્માનો નિર્ણય તે કારણ અને આત્માનો અનુભવ તે કાર્ય એ રીતે અહીં

લીધું છે, એટલે જે નિર્ણય કરે તેને અનુભવ થાય જ એમ વાત કરી છે. કારણના સેવન અનુસાર કાર્ય પ્રગટે જ.

## ❁ અંતર-અનુભવનો ઉપાય અર્થાત્ જ્ઞાનની ક્રિયા ❁

આત્માનો નિર્ણય કર્યા પછી તેનો પ્રગટ અનુભવ કઈ રીતે કરવો તે બતાવે છે : નિર્ણય અનુસાર જ્ઞાનનું આચરણ તે અનુભવ છે. પ્રગટ અનુભવમાં શાંતિનું વેદન લાવવા માટે એટલે આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે પરપદાર્થની પ્રસિદ્ધિના કારણને છોડી દેવા જોઈએ. પ્રથમ 'હું જ્ઞાનાનંદસ્વરૂપી આત્મા છું' એમ નિશ્ચય કર્યા પછી આત્માના આનંદનો પ્રગટ ભોગવટો કરવા (–વેદન કરવા–નિર્વિકલ્પ અનુભવ કરવા) માટે, પરપદાર્થની પ્રસિદ્ધિનાં કારણો–જે ઈન્દ્રિય અને મન દ્વારા પરલક્ષે પ્રવર્તતું જ્ઞાન તેને સ્વ તરફ વાળવું, દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરપદાર્થ તરફનું લક્ષ તથા મનના અવલંબને પ્રવર્તતી બુદ્ધિ અર્થાત્ મતિજ્ઞાન તેને સંકોચીને મર્યાદામાં લાવીને પોતા તરફ વાળવું, તે અંતર્-અનુભવનો પંથ છે, અને તે જ સહજ શીતળસ્વરૂપ અનાકુળ સ્વભાવની છાયામાં પેસવાનું દ્વાર છે.

પ્રથમ હું આત્મા જ્ઞાનસ્વભાવ છું એવો બરાબર નિશ્ચય કરીને, પછી પ્રગટ અનુભવ કરવા માટે, પર તરફ વળતા મતિ અને શ્રુતજ્ઞાનને સ્વ તરફ એકાગ્ર કરવા, જે જ્ઞાન વિકલ્પમાં અટકતું તે જ્ઞાનને ત્યાંથી ખસેડીને સ્વભાવમાં વાળવું. જ્ઞાનને આત્મસન્મુખ કરતાં સ્વભાવનો અનુભવ થાય છે.

## ❁ જ્ઞાનમાં ભવ નથી ❁

જેણે મનના અવલંબને પ્રવર્તતા જ્ઞાનને મનથી છોડાવી સ્વ તરફ વાળ્યું છે અર્થાત્ મતિજ્ઞાન પર તરફ વળતું તેને મર્યાદામાં લઈને આત્મસન્મુખ કર્યું છે તેના જ્ઞાનમાં અનંત સંસારનો નાસ્તિભાવ અને જ્ઞાનસ્વભાવનો અસ્તિભાવ છે. આવી સમજણ અને આવું જ્ઞાન કરવું તેમાં અનંત પુરુષાર્થ છે. સ્વભાવમાં ભવ નથી, તેથી જેને સ્વભાવ તરફનો પુરુષાર્થ ઊગ્યો તેને ભવની શંકા રહેતી નથી. જ્યાં ભવની શંકા છે ત્યાં

સાચું જ્ઞાન નથી અને જ્યાં સાચું જ્ઞાન છે ત્યાં ભવની શંકા નથી—આ રીતે ‘જ્ઞાન’ અને ‘ભવ’ની એક બીજામાં નાસ્તિ છે.

પુરુષાર્થ વડે સત્સમાગમથી એકલા જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યો પછી ‘હું અબંધ છું કે બંધવાળો છું, શુદ્ધ છું કે અશુદ્ધ છું, ત્રિકાળ છું કે ક્ષણિક છું’ એવી જે વૃત્તિઓ ઊઠે તેમાં પણ હજી આત્મશાંતિ નથી, તે વૃત્તિઓ આકુળતામય છે, આત્મશાંતિની વિરોધિની છે. નયપક્ષોના અવલંબનથી થતા મનસંબંધી અનેક પ્રકારના વિકલ્પો તેને પણ મર્યાદામાં લાવીને અર્થાત્ તે વિકલ્પોને રોકવાના પુરુષાર્થ વડે શ્રુતજ્ઞાનને પણ આત્મસન્મુખ કરતાં શુદ્ધાત્માનો અનુભવ થાય છે; આ રીતે મતિ અને શ્રુતજ્ઞાનને આત્મસન્મુખ કરવા તે જ સમ્યગ્દર્શનની રીત છે. ઈન્દ્રિય અને મનના અવલંબને મતિજ્ઞાન પર લક્ષે પ્રવર્તતું તેને, અને મનના અવલંબને શ્રુતજ્ઞાન અનેક પ્રકારના નયપક્ષોના વિકલ્પોમાં અટકતું તેને—એટલે કે પરાવલંબને પ્રવર્તતા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને મર્યાદામાં લાવીને -અંતરસ્વભાવસન્મુખ કરીને, જ્ઞાનસ્વભાવને પકડીને (લક્ષમાં લઈને) નિર્વિકલ્પ થઈને તત્કાળ નિજરસથી જ પ્રગટ થતા શુદ્ધાત્માનો અનુભવ કરવો, તે અનુભવ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

## ❀ અનુભવમાં આવતો શુદ્ધાત્મા કેવો છે? ❀

શુદ્ધસ્વભાવ આદિ-મધ્ય-અંતરહિત ત્રિકાળ એકરૂપ છે, તેમાં બંધ -મોક્ષ નથી, તે અનાકુળસ્વરૂપ છે, ‘હું શુદ્ધ છું કે અશુદ્ધ છું’ એવા વિકલ્પથી થતી જે આકુળતા તેનાથી રહિત છે. લક્ષમાંથી પુણ્ય-પાપનો આશ્રય છૂટતાં એકલો આત્મા જ અનુભવમાં આવે છે, કેવળ એક આત્મામાં પુણ્ય-પાપના કોઈ ભાવો નથી, જાણે કે આખાય વિશ્વ ઉપર તરતો હોય એટલે કે સમસ્ત વિભાવોથી જુદો થઈ ગયો હોય તેવો ચૈતન્યસ્વભાવ છૂટો અખંડ પ્રતિભાસમય અનુભવાય છે. આત્માનો સ્વભાવ પુણ્ય-પાપની ઉપર તરતો છે, એટલે તેમાં ભળી જતો નથી, તે—રૂપ થતો નથી, પરંતુ તેનાથી છૂટો ને છૂટો રહે છે. વળી અનંત છે એટલે કે જેના સ્વભાવનો કદી અંત નથી, પુણ્ય-પાપ તો અંતવાળા છે, જ્ઞાનસ્વરૂપ અનન્ત છે; અને વિજ્ઞાનઘન છે,

એકલા જ્ઞાનનો જ પિંડ છે. એકલા જ્ઞાનપિંડમાં રાગ-દ્વેષ જરા પણ નથી. રાગનો અજ્ઞાનભાવે કર્તા હતો પણ સ્વભાવભાવે રાગનો કર્તા નથી. અખંડ આત્મસ્વભાવનો નિર્ણય કરીને પછી, સમસ્ત વિભાવભાવોનું લક્ષ છોડીને જ્યારે આ આત્મા, વિજ્ઞાનઘન (એટલે જેમાં કોઈ વિકલ્પો પ્રવેશ કરી શકે નહિ એવા જ્ઞાનના નિવડ પિંડરૂપ) પરમાત્મસ્વરૂપ સમયસારને અનુભવે છે ત્યારે તે પોતે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપ છે.

## ❀ નિશ્ચય અને વ્યવહાર ❀

આમાં નિશ્ચય-વ્યવહાર બંને આવી જાય છે. અખંડ વિજ્ઞાનઘનસ્વરૂપ જ્ઞાનસ્વભાવી આત્મા તે નિશ્ચય છે અને પરિણતિને સ્વભાવસન્મુખ કરવી તે વ્યવહાર છે. મતિશ્રુતજ્ઞાનને સ્વ તરફ વાળવાના પુરુષાર્થરૂપી જે પર્યાય તે વ્યવહાર છે, અને અખંડ આત્મસ્વભાવ તે નિશ્ચય છે. જ્યારે મતિ-શ્રુતજ્ઞાનને સ્વ તરફ વાળ્યા અને આત્માનો અનુભવ કર્યો તે જ વખતે આત્મા સમ્યક્પણે દેખાય છે—શ્રદ્ધાય છે. આ સમ્યગ્દર્શન પ્રગટવા વખતની વાત કરી છે.

## ❀ સમ્યગ્દર્શન થતાં શું થાય? ❀

સમ્યગ્દર્શન થતાં સ્વરસનો અપૂર્વ આનંદ અનુભવાય છે, આત્માનો સહજ આનંદ પ્રગટ થાય છે, આત્મિક આનંદનો ઊછાળો આવે છે; અંતરમાં આત્મશાંતિનું વેદન થાય છે; આત્માનું સુખ અંતરમાં છે તે પ્રગટ અનુભવવામાં આવે છે; એ અપૂર્વ સુખનો રસ્તો સમ્યગ્દર્શન જ છે. 'હું ભગવાન આત્મા સમયસાર છું' એમ જે નિર્વિકલ્પ શાંતરસ અનુભવાય છે તે જ સમયસાર અને સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન છે. અહીં તો સમ્યગ્દર્શન અને આત્મા બંને અભેદ લીધા છે. આત્મા પોતે સમ્યગ્દર્શન-સ્વરૂપ છે.

## ❀ વારંવાર જ્ઞાનમાં એકાગ્રતાનો અભ્યાસ કરવો ❀

અહીં સૌથી પહેલાં આત્માનો નિર્ણય કરીને પછી અનુભવ કરવાનું કહ્યું છે. પહેલામાં પહેલાં 'હું નિશ્ચય જ્ઞાનસ્વરૂપ છું, બીજું કાંઈ રાગાદિ

મારું સ્વરૂપ નથી' એવો નિર્ણય કરવા માટે સત્સમાગમે સાચા શ્રુતજ્ઞાનને ઓળખીને તેનો પરિચય કરવો; સત્શ્રુતના પરિચયથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યા પછી મતિ-શ્રુતજ્ઞાનને તે જ્ઞાનસ્વભાવ તરફ વાળવાનો પ્રયત્ન કરવો, નિર્વિકલ્પ થવાનો પુરુષાર્થ કરવો. આ જ સમ્યક્ત્વનો માર્ગ છે. આમાં તો વારંવાર જ્ઞાનમાં એકાગ્રતાનો અભ્યાસ જ કરવાનો છે, બહારમાં કાંઈ કરવાનું ન આવ્યું પણ જ્ઞાનમાં જ સમજણ અને એકાગ્રતાનો પ્રયાસ કરવાનું આવ્યું. જ્ઞાનમાં અભ્યાસ કરતાં કરતાં જ્યાં એકાગ્ર થયો ત્યાં તે જ વખતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપે આ આત્મા પ્રગટ થાય છે. આ જ જન્મ-મરણ ટાળવાનો ઉપાય છે. એકલો જાણકસ્વભાવ છે તેમાં બીજું કાંઈ કરવાનો સ્વભાવ નથી. નિર્વિકલ્પ અનુભવ થયા પહેલાં આવો નિશ્ચય કરવો જોઈએ. આ સિવાય બીજું માને તો વ્યવહારે પણ આત્માનો નિશ્ચય નથી. બહારમાં બીજા લાખ ઉપાયે પણ જ્ઞાન ન થાય, પણ જ્ઞાનસ્વભાવની પક્કડથી જ જ્ઞાન થાય. આત્મા તરફ લક્ષ અને શ્રદ્ધા કર્યા વગર સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન થાય ક્યાંથી? પહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રના સેવનથી અનેક પ્રકારે શ્રુતજ્ઞાન જાણે અને તે બધામાંથી એક જ્ઞાનસ્વભાવી આત્માને તારવે, પછી તેનું લક્ષ કરી પ્રગટ અનુભવ કરવા માટે, મતિ -શ્રુતજ્ઞાનની બહાર વળતી પર્યાયોને સ્વસન્મુખ કરતાં તત્કાળ નિર્વિકલ્પ નિજસ્વભાવરસ આનંદનો અનુભવ થાય છે. પરમાત્મસ્વરૂપનું દર્શન જે વખતે કરે છે તે જ વખતે આત્મા પોતે સમ્યગ્દર્શનરૂપ પ્રગટ થાય છે; જેને આત્માની પ્રતીત આવી ગઈ છે તેને પાછળથી વિકલ્પ આવે ત્યારે પણ તે આત્મદર્શન થઈ ગયું છે તેનું તો ભાન છે, એટલે કે આત્માનુભવ પછી વિકલ્પ ઊઠે તેથી સમ્યગ્દર્શન ચાલ્યું જતું નથી. સમ્યગ્દર્શન એ કોઈ વેષ નથી પણ સ્વાનુભવરૂપ પરિણમેલો આત્મા તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

સમ્યક્દર્શનથી જ્ઞાનસ્વભાવી આત્માનો અનુભવ કર્યા પછી પણ શુભભાવ આવે ખરા, પરંતુ આત્મહિત તો જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવાથી જ થાય છે. જેમ જેમ જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા વધતી જાય તેમ તેમ શુભાશુભભાવ પણ ટળતા જાય છે. બહારના લક્ષે જે વેદન થાય તે

બધું દુઃખરૂપ છે, અંદરમાં શાંતરસની મૂર્તિ આત્મા છે તેના લક્ષે જે વેદન થાય તે જ સુખ છે. સમ્યગ્દર્શન તે આત્માનો ગુણ છે, ગુણ તે ગુણીથી જુદો ન હોય. એક અખંડ પ્રતિભાસમય આત્માનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે.

## ❀ ભવ્યને ભલામણ ❀

હે ભવ્ય! આ આત્મકલ્યાણનો નાનામાં નાનો (બધાથી થઈ શકે તેવો) ઉપાય છે. બીજા બધા ઉપાય છોડીને આ જ કરવાનું છે. હિતનું સાધન બહારમાં લેશણાત્ર નથી, મોક્ષાર્થીએ સત્સમાગમે એક આત્માનો જ નિશ્ચય કરવો. વાસ્તવિક તત્ત્વની શ્રદ્ધા વગર અંદરના વેદનની રમઝટ નહિ જામે. પ્રથમ અંતરથી સત્‌નો હકાર આપ્યા વગર સત્‌સ્વરૂપનું જ્ઞાન થાય નહિ અને સત્‌સ્વરૂપના જ્ઞાન વગર ભવબંધનની બેડી તૂટે નહિ. ભવબંધનના અંત વગરનાં જીવન શા કામના? ભવના અંતની શ્રદ્ધા વગર કદાચ પુણ્ય કરે તો તેનું ફળ રાજ્યપદ કે દેવપદ મળે, પરંતુ તેમાં આત્માને શું? આત્માના ભાન વગરના તો એ પુણ્ય અને દેવપદ બધાંય ધૂળધાણી જ છે, તેમાં આત્માની શાંતિનો અંશ પણ નથી. માટે પહેલાં શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવનો દૃઢ નિશ્ચય કરતાં પ્રતીતમાં ભવની શંકા રહેતી નથી, અને જેટલી જ્ઞાનની દૃઢતા થાય તેટલી શાંતિ વધતી જાય છે.

ભાઈ, પ્રભુ! તું કેવો છો, તારી પ્રભુતાનો મહિમા કેવો છે એ તેં જાણ્યો નથી. તારી પ્રભુતાના ભાન વગર તું બહારમાં જેનાં-તેનાં ગાણાં ગાયા કરે તો તેમાં કંઈ તને તારી પ્રભુતાનો લાભ નથી. તેં પરનાં ગાણા ગાયા પણ પોતાના ગાણાં ગાયા નહિ; ભગવાનની પ્રતિમા સામે કહે કે 'હે નાથ, હે ભગવાન! આપ અનંતજ્ઞાનના ધણી છો' ત્યાં સામો પણ એવો જ પડઘો પડે કે 'હે નાથ, હે ભગવાન! આપ અનંતજ્ઞાનના ધણી છો...' એટલે કે જેવું પરમાત્માનું સ્વરૂપ છે એવું જ તારૂં સ્વરૂપ છે તેને તું ઓળખ.

શુદ્ધાત્મસ્વરૂપનું વેદન કહો, જ્ઞાન કહો, શ્રદ્ધા કહો, ચારિત્ર કહો, અનુભવ કહો કે સાક્ષાત્કાર કહો—જે કહો તે આ એક આત્મા જ છે.

વધારે શું કહેવું? જે કાંઈ છે તે આ એક આત્મા જ છે, તેને જ જુદા જુદા નામથી કહેવાય છે. કેવળીપદ, સિદ્ધપદ કે સાધુપદ એ બધા એક આત્મામાં જ સમાય છે. સમાધિમરણ, આરાધના, મોક્ષમાર્ગ એ વગેરે પણ શુદ્ધઆત્મામાં જ સમાય છે. આવા આત્મસ્વરૂપની સમજણ એ જ સમ્યગ્દર્શન છે અને એ સમ્યગ્દર્શન જ સર્વ ધર્મનું મૂળ છે.

*(શ્રી સમયસારજી ગાથા ૧૪૪ના વ્યાખ્યાનમાંથી)*

❁

## ❁ અવિરત સમ્યગ્દષ્ટિનું પરિણમન ❁

અવિરત સમ્યગ્દષ્ટિને અજ્ઞાનમય રાગ-દ્વેષ-મોહ હોતા નથી. મિથ્યાત્વ સહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે. સમ્યક્ત્વ સહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી.

સમ્યગ્દષ્ટિને નિરંતર જ્ઞાનમય જ પરિણમન હોય છે. તેને ચારિત્રની નબળાઈથી જે રાગાદિક થાય છે તેનું સ્વામીપણું તેને નથી. રાગાદિકને રોગ સમાન જાણીને તે પ્રવર્તે છે અને પોતાની શક્તિ અનુસાર તેમને કાપતો જાય છે. માટે જ્ઞાનીને જે રાગાદિક હોય છે તે વિદ્યમાન છતા અવિદ્યમાન જેવાં છે; તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતા નથી, માત્ર અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ કરે છે. આવા અલ્પ બંધને ગૌણ કરી બંધ ગણવામાં આવતો નથી. *(સમયસાર—આસ્રવ અધિકાર)*

# એકવાર પણ જે મિથ્યાત્વનો ત્યાગ કરે તે જરૂર મોક્ષ પામે

**પ્રશ્ન :**—આ જીવ જૈનનો દ્રવ્યલિંગી સાધુ અનેકવાર થયો, છતાં હજી કેમ તેનો મોક્ષ નથી થયો?

**ઉત્તર :**—જૈનનો દ્રવ્યલિંગી સાધુ અનંતવાર થયો, એ વાત ખરી, પરંતુ અંતરંગમાં મિથ્યાત્વરૂપ મહાપાપનો ત્યાગ એકેવાર કર્યો નથી, તેથી સંસાર ઊભો જ છે, કેમ કે સંસારનું કારણ મિથ્યાત્વ જ છે. સંસારનું કારણ છેદ્યા વિના મોક્ષ થાય નહિ.

**પ્રશ્ન :**—તો પછી ત્યાગી સાધુ થયો તેનું ફળ શું?

**ઉત્તર :**—બાહ્યમાં પરદ્રવ્યનો ત્યાગ થયો તેનું ફળ આત્માને નથી. પરંતુ 'હું આ પરદ્રવ્યને છોડું' એમ માને તો એવી પરદ્રવ્યની કર્તાબુદ્ધિમાં મિથ્યાત્વનું મહાનપાપ આત્માને છે અને તેનું ફળ સંસાર જ છે. અને કદાચ કોઈ જીવ બહારથી ત્યાગી ન દેખાય, પરંતુ જો તેણે સાચી સમજણ દ્વારા અંતરમાં પરદ્રવ્યની કર્તાબુદ્ધિરૂપ મિથ્યાત્વનું અનંત પાપ ત્યાગ્યું હોય તો તે ધર્મી છે અને તેના તે ત્યાગનું ફળ મોક્ષ છે. પ્રથમના દ્રવ્યલિંગી સાધુ કરતાં આ મિથ્યાત્વનો ત્યાગી ઉત્તમ છે. પહેલાને મિથ્યાત્વનો અત્યાગ હોવાથી તે સંસારમાં રખડશે અને બીજાને મિથ્યાત્વનો ત્યાગ હોવાથી તે અલ્પકાળમાં જરૂર મોક્ષ પામશે. નિર્મોહી-સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ તો મોક્ષમાર્ગી છે, પણ મિથ્યાદષ્ટિમુનિ મોક્ષમાર્ગી નથી—એમ સમન્તભદ્રસ્વામીએ કહ્યું છે.

**પ્રશ્ન :**—ત્યારે અમારે ત્યાગ ન કરવો ને?

**ઉત્તર :**—એ પ્રશ્નનો ઉત્તર ઉપરમાં જ આવી જાય છે. 'ત્યાગ ન કરવો' એમ ઉપરમાં ક્યાંય પણ કહ્યું નથી, ઊલટું ત્યાગનું ફળ મોક્ષ અને અત્યાગનું ફળ સંસાર એમ ઉપરમાં બતાવ્યું છે. પણ ત્યાગ કોનો?

મિથ્યાત્વનો કે પરવસ્તુનો? મિથ્યાત્વના જ ત્યાગનું ફળ મોક્ષ છે. પરવસ્તુનું ગ્રહણ-ત્યાગ કોઈ જીવ કરી શકતો જ નથી, પછી પરવસ્તુના ત્યાગનો પ્રશ્ન ઊઠે જ ક્યાંથી? બાહ્યમાં પરદ્રવ્યનો ત્યાગ થયો તેનું ફળ આત્માને નથી. પ્રથમ સમજણ દ્વારા પરદ્રવ્યમાં કર્તાપણાની બુદ્ધિ છોડવી; તે સમજણમાં જ અનંત પરદ્રવ્યના સ્વામીત્વનો ત્યાગ થયો છે. પરમાં કર્તાપણાની માન્યતાનો ત્યાગ કર્યા પછી જે જે પ્રકારના રાગભાવનો ત્યાગ કરે તે તે પ્રકારના બાહ્ય નિમિત્તો તેની મેળે ટળી જ જાય છે; બહારના નિમિત્તો ખસ્યાં તેનું ફળ આત્માને નથી, પણ અંદર જે રાગભાવનો ત્યાગ કર્યો તે ત્યાગનું ફળ આત્માને છે.

આથી સ્પષ્ટપણે એમ નક્કી થાય છે કે, સૌથી પહેલાં 'કોઈ પરદ્રવ્ય મારું નથી, હું પરદ્રવ્યનો કર્તા નથી'—એમ દૃષ્ટિમાં (અભિપ્રાયમાં, માન્યતામાં) સર્વ પરદ્રવ્યના સ્વામીત્વનો ત્યાગ થઈ જવો જોઈએ. આવી દૃષ્ટિ થાય ત્યારે જ ત્યાગની શરૂઆત થાય છે. અર્થાત્ સૌથી પહેલો ત્યાગ મિથ્યાત્વનો જ થાય છે. જ્યાં સુધી આવી દૃષ્ટિ ન હોય અને મિથ્યાત્વનો ત્યાગ ન થાય ત્યાં સુધી સાચો ત્યાગ જરાપણ હોઈ શકે નહિ. અને સાચી દૃષ્ટિ વડે મિથ્યાત્વનો ત્યાગ કર્યા પછી, ક્રમે ક્રમે જેમ જેમ સ્વરૂપની સ્થિરતા વડે રાગનો ત્યાગ કરે તેમ તેમ તે અનુસાર બાહ્ય સંયોગો સ્વયં છૂટતા જાય છે. પરદ્રવ્ય ઉપર આત્માનો પુરુષાર્થ ચાલતો નથી તેથી પરદ્રવ્યનું ગ્રહણ-ત્યાગ આત્માને નથી, પણ પોતાના ભાવમાં પોતાનો પુરુષાર્થ છે, અને પોતાના ભાવનું જ ફળ આત્માને છે.

જ્ઞાનીઓ કહે છે કે સૌથી પહેલાં પુરુષાર્થ વડે આત્માની સાચી સમજણ કરી મિથ્યાત્વભાવને છોડો...મિથ્યાત્વભાવનો ત્યાગ એ જ મોક્ષનું કારણ છે....મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શનની આરાધના જેણે પ્રગટ કરી તે જીવ અલ્પકાળમાં મોક્ષ પામશે.

❀

# શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની ભિન્ન ભિન્ન અપેક્ષાઓ

સમ્યગ્દર્શનનું પરમ માહાત્મ્ય છે. દૃષ્ટિનું માહાત્મ્ય બતાવવા માટે સમ્યગ્દૃષ્ટિના ભોગને પણ નિર્જરાનું કારણ કહ્યું છે. સમયસાર નિર્જરા અધિકારમાં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ ઈન્દ્રિયો વડે ચેતન તથા અચેતન દ્રવ્યનો જે ઉપભોગ કરે છે તે સર્વ નિર્જરાનું નિમિત્ત છે; અને મોક્ષ અધિકારમાં કહ્યું કે છઠ્ઠા ગુણસ્થાને મુનિને જે પ્રતિક્રમણાદિની શુભવૃત્તિ ઊઠે તે પણ વિષકુંભ છે. સમ્યગ્દૃષ્ટિનો ઉપભોગ તે નિર્જરાનું કારણ અને મુનિની શુભ લાગણી તે ઝેર—આનો મેળ કઈ રીતે છે?

જ્યાં સમ્યગ્દૃષ્ટિના ભોગને નિર્જરાનું કારણ કહ્યું છે ત્યાં ‘ભોગ સારા છે’ એમ બતાવવું નથી પણ દૃષ્ટિનું માહાત્મ્ય બતાવવું છે. અબંધસ્વભાવની દૃષ્ટિનું જોર બંધને સ્વીકારતું નથી–તેનો મહિમા કર્યો છે, એટલે કે દૃષ્ટિ અપેક્ષાએ તે વાત કરી છે. ભોગની લાગણી વખતે પણ શ્રદ્ધામાં બંધન નથી, શ્રદ્ધા અબંધસ્વભાવને સ્વીકારે છે, તે શ્રદ્ધા તો તે વખતે નિર્જરાનું જ કારણ છે.

અને જ્યાં મુનિની વ્રતાદિની શુભ લાગણીને ઝેર કહ્યું છે ત્યાં ચારિત્ર અપેક્ષાએ વાત કરી છે. અરે, મુનિ! તેં શુદ્ધાત્મચારિત્ર અંગીકાર કર્યું છે, પરમ કેવળજ્ઞાનની ઉત્કૃષ્ટ સાધકદશા પ્રાપ્ત કરી છે અને હવે જે પ્રતિક્રમણાદિની શુભ લાગણી ઊઠે તે તારા શુદ્ધાત્મચારિત્રને અને કેવળજ્ઞાનને રોકનાર છે માટે તે ઝેર છે.

સમ્યગ્દૃષ્ટિને સ્વભાવદૃષ્ટિનું જોર છે તે નિર્જરાનું કારણ છે, અને દૃષ્ટિમાં તેઓ બંધને પોતાનું સ્વરૂપ માનતા નથી, રાગના કર્તા પોતે થતા નથી તેથી તેમને અબંધ કહ્યા છે, પરંતુ ચારિત્ર અપેક્ષાએ તો તેમને બંધન છે. જો ભોગથી નિર્જરા થતી હોય તો વધારે ભોગથી વધારે નિર્જરા થાય! એમ તો હોય નહિ. સમ્યગ્દૃષ્ટિને જે રાગની વૃત્તિ ઊઠે

છે તેને દૃષ્ટિ અપેક્ષાએ તો તે પોતાની માનતા જ નથી, જ્ઞાન અપેક્ષાએ 'પોતાના પુરુષાર્થથી નબળાઈ છે તેથી રાગ થાય છે' એમ જાણે છે, અને ચારિત્ર અપેક્ષાએ તે રાગને ઝેર માને છે. દુઃખ—દુઃખ લાગે છે. આ રીતે દર્શન-જ્ઞાન અને ચારિત્રમાંથી જ્યારે દર્શનની મુખ્યતાથી વાત ચાલતી હોય ત્યારે સમ્યગ્દૃષ્ટિના ભોગને પણ નિર્જરાનું જ કારણ કહેવાય છે; કેમ કે સ્વભાવદૃષ્ટિના જોરે સમયે સમયે તેની પર્યાય નિર્મળ થતી જાય છે એટલે ક્ષણે ક્ષણે તે મુક્ત જ થતો જાય છે. રાગ થાય છે તેને જાણે છે ખરા, પરંતુ સ્વભાવમાં તેને અસ્તિપણે માનતા નથી; અને આ માન્યતાના જોરે જ સ્વરૂપમાં સ્થિરતા થઈ રાગનો સર્વથા અભાવ કરે છે. તેથી સાચી દૃષ્ટિનો અપાર મહિમા છે.

સાચી શ્રદ્ધા હોવા છતાં જે રાગ થાય છે તે રાગ ચારિત્રની શુદ્ધિને રોકે છે, પરંતુ સાચી શ્રદ્ધાને નુકશાન કરતો નથી, માટે શ્રદ્ધા અપેક્ષાએ તો સમ્યગ્દૃષ્ટિને રાગ થાય તે બંધનું કારણ નથી પણ નિર્જરાનું જ કારણ છે—એમ કહેવામાં આવે છે. પરંતુ શ્રદ્ધા સાથે ચારિત્રની અપેક્ષા ભૂલવી ન જોઈએ.

ચારિત્ર અપેક્ષાએ છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મુનિની શુભવૃત્તિને પણ ઝેર કહ્યું તો પછી સમ્યગ્દૃષ્ટિના ભોગના અશુભભાવની તો વાત જ શું? અહો! પરમ શુદ્ધસ્વભાવના ભાનમાં મુનિની શુભવૃત્તિને પણ જે ઝેર માને તે અશુભ લાગણીને તો સારી કેમ માને? જેણે સ્વભાવના ભાનમાં શુભવૃત્તિને પણ ઝેર માન્યું છે તે જીવ સ્વભાવના જોરે શુભવૃત્તિને તોડીને પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરશે, પરંતુ અશુભને તો કદાપિ આદરણીય નહિ માને.

સમ્યગ્દૃષ્ટિ જીવ શ્રદ્ધા અપેક્ષાએ તો પોતાને પૂર્ણ પરમાત્મા જ માને છે; છતાં ચારિત્ર અપેક્ષાએ, અધૂરી પર્યાય હોવાથી તરણાંતુલ્ય માને છે એટલે કે હજી અનંત અધૂરાશ છે, એમ જાણીને સ્વભાવની સ્થિરતાના પ્રયત્ન વડે તે ટાળવા માંગે છે; જ્ઞાન અપેક્ષાએ, જેટલો રાગ છે તેનો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાતા છે પણ રાગને નિર્જરા કે મોક્ષનું કારણ

**માનતા નથી, જેમ જેમ પર્યાયની શુદ્ધતા વધે છે તેમ તેમ રાગ ટળતો જાય છે, તેનું જ્ઞાન કરે છે. આ રીતે શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેની ભિન્ન-ભિન્ન વિવક્ષા સમજવી જોઈએ.**

*(સં. ૨૦૦૨ માગશર સુદ–૯ સમયસાર)*

❁

## ❁ કોણ પ્રશંસનીય છે? ❁

આ જગતમાં જે આત્મા નિર્મળ સમ્યગ્દર્શનમાં પોતાની બુદ્ધિ નિશ્ચળ રાખે છે તે, કદાચિત્ પૂર્વના પાપકર્મના ઉદયથી દુઃખિત પણ હોય અને એકલો પણ હોય તોપણ, ખરેખર પ્રશંસનીય છે. અને એથી ઊલટું, જે જીવ અત્યંત આનંદને દેનાર એવા સમ્યગ્દર્શનાદિ રત્નત્રયથી બાહ્ય છે અને મિથ્યામાર્ગમાં સ્થિત છે એવા મિથ્યાદૃષ્ટિ મનુષ્યો ભલે ઘણા હોય અને વર્તમાનમાં શુભકર્મના ઉદયથી પ્રસન્ન હોય તોપણ તેઓ પ્રશંસનીય નથી. માટે ભવ્યજીવોએ સમ્યગ્દર્શન ધારણ કરવાનો નિરંતર પ્રયત્ન કરવો જોઈએ. *(પદ્મનંદીપચ્ચીસી દેશોવ્રતોદ્યોતન અધિકાર–૨)*

## ❁ ભેદવિજ્ઞાનનો ઉલ્લાસ ❁

જે ચૈતન્યનું લક્ષણ નથી એવી સમસ્ત બંધભાવની લાગણીઓ મારાથી ભિન્ન છે—એમ બંધભાવથી ભિન્ન સ્વભાવનો નિર્ણય કરતાં ચૈતન્યને તે બંધભાવની લાગણીઓનો આધાર રહેતો નથી, એકલા આત્માનો જ આધાર રહે છે. આવા સ્વાશ્રયપણાની કબૂલાતમાં ચૈતન્યનું અનંતવીર્ય આવ્યું છે. પોતાની પ્રજ્ઞાશક્તિ દ્વારા જેણે બંધરહિત સ્વભાવનો નિર્ણય કર્યો તેને સ્વભાવની હોંશ અને પ્રમોદ આવે કે અહો! આ ચૈતન્યસ્વભાવ પોતે ભવરહિત છે, મેં તેનો આશ્રય કર્યો તેથી હવે મારે ભવના અંત નજીક આવ્યા અને મુક્તદશાનાં નગારાં વાગ્યાં. પોતાના નિર્ણયથી ચૈતન્યસ્વભાવમાં જે નિઃશંકતા કરે તેને ચૈતન્યપ્રદેશોમાં ઉલ્લાસ થાય અને તેને અલ્પકાળમાં મુક્તદશા થાય જ.

*(શ્રી સમયસાર–મોક્ષઅધિકારના વ્યાખ્યાનમાંથી)*

# સમ્યગ્દર્શન–ધર્મ

**પ્રશ્ન** :—આપ હંમેશાં સમ્યગ્દર્શનની જ વાત કરો છો?

**ઉત્તર** :—સમ્યગ્દર્શન એ જ મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન કહે છે કે 'મને ધારણ કર્યા પછી તારી ઈચ્છા હશે તોપણ તારાથી મલિનતા રાખી શકાશે નહીં, મોક્ષે આવવું જ પડશે!' મોક્ષનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન છે, તે વિનાના બધા હવાઈ કિલ્લા છે, કલ્પના છે; માટે પ્રથમ સમ્યગ્દર્શન એ જ કર્તવ્ય છે.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ જાણ્યા વિના દુનિયાએ તેને ઘર ઘરની ચીજ કરી નાંખી છે. મોટો ભાગ વીતરાગનો માર્ગ જ ભૂલી ગયો છે. દેહ-મન -વાણીની ક્રિયાથી રહિત જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા સ્વાભાવિક ગુણરત્નોની ખાણ છે, તેમાં અંદર લક્ષ કરે તો ગુણો પ્રગટે. જ્યાં હોય ત્યાં ખોદે તો નીકળેને! માટીની ખાણ ગમે તેટલી ખોદે તોપણ તેમાંથી અનાજ નીકળે નહીં, તેમ પુણ્ય-પાપના વિકારની ખાણ અનાદિથી ખોદે છે, પણ તે તો રાગ છે—વિકાર છે, તેમાંથી અવિકારી ધર્મ પ્રગટે નહીં. માવો જોઈતો હોય તો અફીણવાળાની દુકાને ન પૂછે પણ કંદોઈને ત્યાં જ જાય. એમાં ખબર પડે, પણ ધર્મ ક્યાં મળે? ધર્મની દુકાન ક્યાં છે? તેની ખબર ન મળે, કોઈ બહારના સ્થાનમાં ધર્મ નથી, ધર્મ તો આત્મામાં છે. આત્મા જ અંદર સ્વાભાવિક ગુણનો ઢગલો છે પણ તેની ખબર નથી, તેથી બહારમાં માન્યું છે કે—દયા કરી અથવા પર જીવને બચાવી લીધો એમાં ધર્મ થઈ ગયો; પણ એવા દયાદિના શુભભાવ તો અનંતવાર કરી ચૂક્યો, પરંતુ આત્માને ઓળખ્યો નહીં, અને આત્માને ઓળખ્યા વગર ધર્મ થયો નહિ.

❀

# હે જીવો! મિથ્યાત્વના મહાપાપને છોડો

"મિથ્યાત્વ સમાન અન્ય કોઈ પાપ નથી; મિથ્યાત્વનો સદ્‌ભાવ રહેતાં અન્ય અનેક ઉપાય કરવા છતાં પણ મોક્ષ થતો નથી. માટે હરકોઈ ઉપાય વડે પણ સર્વ પ્રકારથી એ મિથ્યાત્વનો નાશ કરવો યોગ્ય છે."

*(મોક્ષમાર્ગપ્રકાશક અધ્યાય–૭ પાનું ૨૭૦)*

"આ જીવ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અનાદિકાળથી પરિણમે છે અને એ જ પરિણમન વડે સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ ઉપજાવવાવાળાં કર્મોનો સંબંધ થાય છે. એ જ ભાવ સર્વ દુઃખોનું બીજ છે, અન્ય કોઈ નથી. માટે હે ભવ્ય! જો તું દુઃખથી મુક્ત થવા ઈચ્છે છે તો સમ્યગ્દર્શનાદિ વડે એ મિથ્યાદર્શનાદિક વિભાવોનો અભાવ કરવો એ જ કાર્ય છે, એ કાર્ય કરતાં તારું પરમ કલ્યાણ થશે" *(મોક્ષમાર્ગ પ્રકાશક, અધ્યાય–૪ પા. ૯૮)*

આ મોક્ષમાર્ગપ્રકાશકમાં અનેક પ્રકારે મિથ્યાદૃષ્ટિઓનું સ્વરૂપ નિરૂપણ કરવાનો હેતુ એ છે કે મિથ્યાત્વનું સ્વરૂપ સમજીને, જો પોતામાં તેવો મહા દોષ હોય તો તે ટાળવો. પોતે પોતાના દોષ ટાળીને સમ્યક્ત્વ ગ્રહણ કરવું. પણ બીજા જીવોમાં તેવો દોષ હોય તો તે જોઈને તે જીવ ઉપર કષાય કરવો નહિ. બીજા પ્રત્યે કષાયી બનવા માટે આ કહ્યું નથી. હા! ખરું કે બીજામાં તેવા મિથ્યાત્વાદિ દોષ હોય તો તેનો ધર્મબુદ્ધિથી આદર-વિનય ન કરવો, પરંતુ તેના ઉપર દ્વેષ કરવાનું કહ્યું નથી.

પોતામાં મિથ્યાત્વ હોય તેનો નાશ કરવા માટે જ અહીં મિથ્યાત્વનું સ્વરૂપ બતાવ્યું છે, કેમ કે અનંત જન્મ-મરણનું મૂળ કારણ જ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ વિનાના ક્રોધ-માન-માયા-લોભ-હિંસા-જુઠું-ચોરી એ કાંઈ અનંત સંસારનું કારણ નથી, તેથી ખરેખર તે મહા પાપ નથી; પણ ઊંધી માન્યતા એ જ અનંત અવતાર ફાટવાનું મૂળિયું છે, તેથી તે જ મહાન પાપ

છે અને તેમાં સર્વ પાપ સમાઈ જાય છે. મિથ્યાત્વ સમાન અન્ય કોઈ પાપ જગતમાં નથી. ઊંધી માન્યતામાં પોતાના સ્વભાવની હિંસાનું અનંત પાપ છે. કુદેવાદિને માન્યા તેમાં ગૃહીતમિથ્યાત્વનું અત્યંત સ્થૂળ મહાન પાપ છે.

અસ્થિરતાના બીજા પાપ કરતાં એક ક્ષણના મિથ્યાત્વસેવનનું પાપ અનંતગણું અધિક છે. સમકિતિ લડાઈમાં ઊભો હોય છતાં, તેને મિથ્યાત્વનું સેવન નથી, તેથી તે વખતે પણ તેને અનંત સંસારના કારણરૂપ બંધનનો અભાવ જ છે, સમ્યગ્દર્શન થતાં જ એકતાલીશ પ્રકારના કર્મનું બંધન તો થતું જ નથી. મિથ્યાત્વનું સેવન કરનાર મહા પાપી છે; જે મિથ્યાત્વનું સેવન કરે છે અને શરીરાદિની ક્રિયા પોતાને આધીન માને છે તે જીવ ત્યાગી થઈને પીંછી વડે પૂંજતો હોય તે વખતે પણ તેને અનંતસંસારનું બંધન જ પડે છે; અને 'શરીરની કોઈ ક્રિયા કે એક વિકલ્પ પણ મારું સ્વરૂપ નથી, હું તેનો કર્તા નથી પણ હું જ્ઞાનસ્વરૂપ છું'—એવા ભાન દ્વારા જેણે મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે તે જીવ લડાઈમાં હોય છતાં પણ તે વખતે તેને સંસારની વૃદ્ધિ થતી નથી અને એકતાલીસ પ્રકૃતિના બંધનો તો અભાવ જ છે. આ જગતમાં મિથ્યાત્વરૂપી ઊંધી માન્યતા સમાન પાપ અન્ય કોઈ નથી; અને સમ્યક્ત્વ સમાન ધર્મ કોઈ નથી.

જગતના જીવો સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનનું સ્વરૂપ સમજ્યા નથી. પાપનું માપ બહારના સંયોગ ઉપરથી કાઢે છે, પરંતુ ખરું પાપ મહાન પાપ તો એક સમયના ઊંધા અભિપ્રાયમાં છે, તે મિથ્યાત્વનું પાપ તો જગતના ખ્યાલમાં જ આવતું નથી. અને અપૂર્વ આત્મભાન પ્રગટતાં અનંત સંસાર કપાઈ ગયો અને અભિપ્રાયમાં સર્વ પાપ ટળી ગયાં—એ સમ્યક્દર્શન શું ચીજ છે તે જગતના જીવોએ યથાર્થપણે સાંભળ્યું પણ નથી.

મિથ્યાત્વરૂપી મહાનપાપના સદ્ભાવમાં જે જીવ વ્રત, તપ, દેવદર્શન ભક્તિ, પૂજા વગેરે શુભભાવ કરે છતાં તેને જરા પણ સંસાર ટળતો નથી. એક સમ્યગ્દર્શન (આત્માના સ્વરૂપની સાચી આળખાણ)ના ઉપાય સિવાય બીજા જે અનંત ઉપાય છે એ બધા ઉપાય કરવા છતાં ધર્મનો અંશ પણ થાય નહિ, અને જન્મ-મરણ એક પણ ટળે નહિ. માટે હરકોઈ ઉપાય વડે

—સર્વ પ્રકારે ઉદ્યમ કરીને મિથ્યાત્વનો નાશ કરી સમ્યક્ત્વ શીઘ્ર પ્રાપ્ત કરવું જરૂરી છે. સમ્યક્ત્વનો ઉપાય કરવો એ જ માનવજીવનનું મહા કર્તવ્ય છે.

**એ ખાસ ધ્યાન રાખવું કે કોઈપણ શુભભાવની ક્રિયા એ સમ્યક્ત્વ પ્રગટ કરવાનો ઉપાય નથી, પરંતુ પોતાના આત્મસ્વરૂપની સમજણ અને પોતાના આત્માની રુચિ તથા લક્ષપૂર્વક સત્સમાગમ એ જ તેનો ઉપાય છે.**

'હું પરનું કરી શકું, પર મારું કરી શકે અને પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય' એવા પ્રકારની મિથ્યાત્વની ઊંધી માન્યતામાં એક ક્ષણમાં અનંતી હિંસા છે, અનંત અસત્ય છે, અનંત ચોરી છે, અનંત અબ્રહ્મચર્ય છે અને અનંત પરિગ્રહ છે, કેમ કે અનંતાનુબંધી રાગ-દ્વેષનું સેવન એક મિથ્યાત્વમાં છે.

૧–'હું પરદ્રવ્યનું કરી શકું' એટલે જગતમાં અનંત પરદ્રવ્ય છે તે સર્વેને પરાધીન માન્યાં. અને 'પર મારું કરી શકે' એટલે પોતાના સ્વભાવને પરાધીન માન્યો.—આ માન્યતામાં જગતના અનંત પદાર્થો અને પોતાના અનંતસ્વભાવની સ્વાધીનતાનું ખૂન કર્યું,—તેથી તેમાં અનંત હિંસાનું મહાન પાપ આવ્યું.

૨–જગતના બધા પદાર્થો સ્વાધીન છે તેને બદલે બધાને પરાધીન —વિપરીતસ્વરૂપે માન્યા તથા જે પોતાનું સ્વરૂપ નથી તેને પોતાનું સ્વરૂપ માન્યું—એ માન્યતામાં અનંત અસત્‌સેવનનું મહાપાપ આવ્યું.

૩–પુણ્યનો એક વિકલ્પ કે કોઈ પણ પરવસ્તુ જેણે પોતાની (સ્વભાવરૂપ) માની તેને ત્રણે કાળના પરવસ્તુ અને વિકારભાવને પોતાનું સ્વરૂપ માનીને અનંતા પરદ્રવ્યની ચોરીનું મહાન પાપ કર્યું.

૪–એક દ્રવ્ય બીજાનું કંઈ પણ કરી શકે એમ માનનારે સ્વદ્રવ્ય-પરદ્રવ્યને ભિન્ન ન રાખતાં તે બે વચ્ચે વ્યભિચાર કરી, બેમાં એકપણું માન્યું, અને એવા અનંત પરદ્રવ્યો સાથે એકતારૂપ અબ્રહ્મસેવન કર્યું, એમાં અનંત મૈથુનસેવનનું મહાપાપ છે.

૫—એક રજકણ પણ પોતાનો નથી છતાં હું તેનું કરી શકું એમ જે માને છે તે પરદ્રવ્યને પોતાનું માને છે. ત્રણે જગતના જે પરપદાર્થો છે તે સર્વને પોતાના માને છે—એટલે આ માન્યતામાં અનંત પરિગ્રહનું મહાપાપ આવ્યું.

આ રીતે જગતના સર્વે મહાપાપો એક મિથ્યાત્વમાં સમાઈ જાય છે તેથી જગતનું સૌથી મહાન પાપ મિથ્યાત્વ જ છે. અને સમ્યગ્દર્શન થતાં ઉપરના સર્વે મહાપાપોનો અભાવ જ હોય છે, અનંતાનુબંધી રાગ-દ્વેષ સર્વથા છૂટી જાય છે.—તેથી જગતનો સૌથી પ્રથમ ધર્મ સમ્યક્ત્વ જ છે. માટે હે જીવો! જો તમે મહાપાપથી બચવા ચાહતા હો તો મિથ્યાત્વને છોડો, સમ્યક્ત્વ પ્રગટ કરો.

❄

## ❁ દુઃખનું ઔષધ ને સુખનું નિધાન ❁

સમ્યક્ત્વના મહિમા બાબત સારસમુચ્ચયમાં કહે છે કે જે પ્રાણી કષાયના આતાપથી તપ્ત છે, ઇન્દ્રિયવિષયરૂપી રોગથી મૂર્છિત છે અને ઇષ્ટવિયોગ તથા અનિષ્ટસંયોગથી ખેદખિન્ન છે તે બધાને માટે સમ્યક્ત્વ પરમ હિતકારી ઔષધ છે. સમ્યગ્દર્શનસહિત નરકવાસ પણ ભલો છે, પરંતુ સમ્યગ્દર્શન રહિત જીવનો સ્વર્ગમાં વાસ પણ શોભતો નથી; કેમ કે આત્મભાન વગર નરકમાં પણ તે દુઃખી છે. જ્યાં આત્મજ્ઞાન છે ત્યાં જ સાચું સુખ છે. શંકાદિ દોષોથી રહિત એવું સમ્યગ્દર્શન તે પરમ રત્ન છે; અને તે સંસારદુઃખરૂપી દરિદ્રતાનો જરૂર નાશ કરે છે. જે જીવ સમ્યક્ત્વથી ભૂષિત છે તે ચોક્કસપણે નિર્વાણને પામે છે; અને મિથ્યાદૃષ્ટિ જીવ સદા સંસારમાં પરિભ્રમણ કરે છે. *(ગાથા ૩૮ થી ૪૧)*

સમ્યક્ત્વની શુદ્ધિ વડે જે જીવ વિષયોના સંગથી રહિત છે અને કષાયોનો વિજયી છે તે જ જીવ ભવભયના દુઃખોને હણી નાખે છે *(ગાથા ૫૦)*

# દર્શન આચાર અને ચારિત્ર આચાર

પ્રત્યેક વસ્તુમાં પોતાના ભિન્ન-ભિન્ન અનંત ગુણો છે; આખી વસ્તુ એક જ ગુણ જેટલી નથી, તેમ જ એક ગુણ તે આખી વસ્તુરૂપ નથી. વસ્તુમાં કથંચિત્ ગુણગુણી ભેદ છે; આથી વસ્તુના દરેક ગુણ સ્વતંત્ર છે. જીવમાં શ્રદ્ધા અને ચારિત્રગુણ જુદા જુદા છે. ચારિત્રગુણમાં કષાય મંદ પાડે તેથી શ્રદ્ધાગુણમાં કાંઈ લાભ થાય–એમ બનતું નથી. કેમ કે શ્રદ્ધાગુણને અને ચારિત્રગુણને અન્યત્વ ભેદ છે. ચારિત્રના વિકારની મંદતા તે સમ્યક્શ્રદ્ધાનો ઉપાય નથી; પણ પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવની રુચિ કરવી તે જ શ્રદ્ધાનું કારણ છે.

શ્રદ્ધાગુણ પ્રગટવા છતાં ચારિત્રદશા તરત ન પણ પ્રગટે, કેમ કે શ્રદ્ધા અને ચારિત્રગુણ જુદા છે. ચારિત્રગુણના આચાર ઉપરથી જે જીવ સમ્યક્શ્રદ્ધાનું માપ કાઢવા માગે છે તેને વસ્તુસ્વરૂપના ગુણભેદની ખબર નથી, કેમ કે સમ્યગ્દર્શનના આચાર અને સમ્યક્ચારિત્રના આચાર જુદા -જુદા છે.

ચારિત્રદશા ન હોવા છતાં સમ્યગ્દર્શન હોય અને એકાવતારી હોય; અને કોઈને મંદ કષાય હોવા છતાં સમ્યગ્દર્શન હોય નહિ, ને અનંત સંસારી પણ હોય. અજ્ઞાનીએ ચારિત્રના વિકારની મંદતા કરીને પણ શુભરાગને ધર્મ માની લીધો, પણ તેને શ્રદ્ધાના સ્વરૂપનું ભાન નથી. પહેલાં સાચી શ્રદ્ધાની ખીલવટ વગર કદાપિ ભવનો અંત આવે નહિ. સાચી શ્રદ્ધા વગર ચારિત્રનો અંશ પણ ખીલે નહિ.

જ્ઞાનીને વિશેષ ચારિત્ર ન હોવા છતાં વસ્તુસ્વરૂપનું ભાન હોવાથી દર્શનઆચારમાં તે નિઃશંક હોય છે. મારા સ્વભાવમાં રાગનો અંશ પણ નથી, હું જ્ઞાનસ્વભાવી જ્ઞાતા જ છું–આવી જેણે પ્રતીત કરી છે તેને ચારિત્રદશા ન હોવા છતાં તેના દર્શન-આચાર સુધરી ગયા છે, શ્રદ્ધામાં તેને કદાપિ શંકા પડતી નથી. ‘રાગ થવાને લીધે મારા સમ્યગ્દર્શનમાં દોષ આવી

જતો હશે!' એવી શંકા જ્ઞાનીને હોય નહિ; કેમ કે તે જાણે છે કે રાગ થાય તે ચારિત્રનો દોષ છે, પણ ચારિત્રના દોષ વડે શ્રદ્ધાગુણમાં મલિનતા આવી જતી નથી. હા, જો રાગ થાય તેને પોતાનું સ્વરૂપ માને અથવા પરમાં સુખબુદ્ધિ કરે તો તેને શ્રદ્ધામાં દોષ આવે. સાચી પ્રતીતિની ભૂમિકામાં અશુભરાગ થઈ જાય તો તેનો પણ નકાર કરે છે અને જાણે છે કે આ દોષ ચારિત્રનો છે, તે મારી શ્રદ્ધાને નુકશાન કરવા સમર્થ નથી. —આવું દર્શનઆચારનું અપૂર્વ સામર્થ્ય છે.

દર્શનઆચાર (સમ્યગ્દર્શન) જ સૌથી પહેલો પવિત્ર ધર્મ છે. અનંત પરદ્રવ્યોના કામમાં હું કાંઈ કરી શકતો નથી, એટલે પરથી તો ભિન્ન, જ્ઞાતા જ છું; અને આસક્તિના જે રાગ-દ્વેષ છે તે પણ મારું સ્વરૂપ નથી, તે મારા શ્રદ્ધાસ્વરૂપને નુકશાન કરવા સમર્થ નથી.—આવું દર્શનાચારની પ્રતીતિનું જે જોર છે તે અલ્પકાળે મોક્ષ આપવાનું છે; અનંત ભવનો નાશ કરીને એકાવતારીપણું કરી દેવાની દર્શનાચારની તાકાત છે. અને આવા દર્શનાચાર વગર રાગ ઘટાડીને અનંતવાર બાહ્ય ચારિત્રાચારનું પાલન કરવા છતાં દર્શનાચારના અભાવે તેનું ભવભ્રમણ ટળ્યું નહિ. પહેલાં દર્શનાચાર વગર કદાપિ ધર્મ હોય નહિ.

પરથી ભિન્ન નિવૃત્તિસ્વરૂપ શ્રદ્ધામાં માન્યું એટલે તરત જ બધી રાગાદિની પ્રવૃત્તિ અને સંયોગ છૂટી જ જાય—એમ નથી, કેમ કે શ્રદ્ધાગુણ અને ચારિત્રગુણને કથંચિત્ જુદાપણું છે તેથી શ્રદ્ધાગુણની નિર્મળતા પ્રગટ થવા છતાં ચારિત્રગુણમાં કેટલીક અશુદ્ધતા પણ રહે છે. જો સર્વથા એક શ્રદ્ધાગુણરૂપ જ દ્રવ્યને માનવામાં આવે તો શ્રદ્ધાગુણ નિર્મળ થતાં આખું દ્રવ્ય જ સંપૂર્ણ શુદ્ધ થઈ જવું જોઈએ; પણ શ્રદ્ધાગુણને અને આત્માને સર્વથા એકપણું નથી, આત્મામાં શ્રદ્ધા ઉપરાંત જ્ઞાન-ચારિત્ર વગેરે ભિન્ન-ભિન્ન ગુણો છે. તેથી શ્રદ્ધાગુણના અને ચારિત્રગુણના વિકાસમાં ક્રમ પડે છે. આમ હોવા છતાં ગુણને અને દ્રવ્યને પ્રદેશભેદ ન માનવો; શ્રદ્ધા અને આત્મા પ્રદેશ અપેક્ષાએ તો એક જ છે. ગુણને અને દ્રવ્યને અન્યત્વભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી. વસ્તુમાં એક જ ગુણ નથી પણ અનંત ગુણ

છે અને તેમનામાં અન્યત્વ નામનો ભેદ છે, અને ગુણભેદે તેના વિકાસમાં પણ ભેદ પડે છે, તેથી જ શ્રદ્ધા થતાં તત્ક્ષણે પૂર્ણ ચારિત્ર કે કેવળજ્ઞાન થતું નથી. જો શ્રદ્ધા થતાં જ તે જ ક્ષણે કેવળજ્ઞાન થઈ જાય તો વચ્ચેના ગુણસ્થાનો જ સિદ્ધ થતાં નથી.

કેરીના દૃષ્ટાંતે અન્યત્વભેદનું સ્વરૂપ સમજાવે છે–કેરીમાં રંગ અને રસ ગુણ જુદા છે, રંગગુણ લીલીદશા પલટીને પીળીદશારૂપ થાય છતાં રસ તો ખાટો ને ખાટો જ રહે તેમજ રસગુણ પલટીને મીઠો થાય છતાં કેરીનો રંગ તો લીલો જ રહે,–કેમ કે રંગ અને રસગુણ જુદા છે. (આ દૃષ્ટાંત સમજવું.) તેમ વસ્તુમાં દર્શનગુણ ખીલે છતાં ચારિત્રગુણ ન ખીલે; પરંતુ એમ તો ન જ બને કે ચારિત્રગુણ ખીલે અને દર્શનગુણ ન ખીલે. એટલે એ ખાસ ધ્યાન રાખવું કે સમ્યગ્દર્શન વગર કદી પણ સમ્યક્ચારિત્ર હોઈ જ ન શકે.

**પ્રશ્ન** :–એમ શા માટે બને છે? શ્રદ્ધા અને ચારિત્ર બંને ગુણ તો સ્વતંત્ર છે.

**ઉત્તર** :–ગુણો સ્વતંત્ર છે એ વાત ખરી છે, પરંતુ શ્રદ્ધાગુણ કરતાં ચારિત્રમાં વિશેષ પુરુષાર્થની જરૂરિયાત છે અને શ્રદ્ધા કરતાં ચારિત્ર વિશેષ પૂજનીક છે, તેથી પહેલાં શ્રદ્ધા ખીલ્યા વગર ચારિત્રગુણ ખીલી જ ન શકે. જેનામાં શ્રદ્ધાગુણ માટેનો અલ્પ પુરુષાર્થ ન હોય તેનામાં ચારિત્રગુણનો ઘણો જ પુરુષાર્થ તો ક્યાંથી હોય? પ્રથમ સમ્યક્શ્રદ્ધા પ્રગટવાનો પુરુષાર્થ કર્યા પછી વિશેષ પુરુષાર્થ કરતાં ચારિત્રદશા પ્રગટે છે. શ્રદ્ધા કરતાં ચારિત્રનો પુરુષાર્થ વિશેષ છે. શ્રદ્ધાગુણની ક્ષાયિકશ્રદ્ધારૂપ પર્યાય હોવા છતાં જ્ઞાન અને ચારિત્રમાં અપૂર્ણતા હોય. આથી સિદ્ધ થાય છે કે વસ્તુમાં અનંતગુણો છે અને તે બધા સ્વતંત્ર છે; આ જ અન્યત્વભેદ છે.

જ્ઞાનીને ચારિત્રના દોષને લીધે રાગ-દ્વેષ થાય છતાં તેને અંતરથી નિરંતર સમાધાન વર્તે છે કે–આ રાગ-દ્વેષ મને પરવસ્તુના પરિણમનના કારણે નથી, તે મારા દોષથી થાય છે, છતાં તે મારું સ્વરૂપ નથી; ને મારી પર્યાયમાં રાગ-દ્વેષ થાય તેને લીધે પરમાં કાંઈ જ ફેરફાર થતો નથી.–આવી પ્રતીતિમાં

જ્ઞાનીને રાગ-દ્વેષનું સ્વામીત્વ ઊડી ગયું છે અને જ્ઞાતાપણાનો અપૂર્વ નિરાકુળ સંતોષ વર્તે છે; કેવળજ્ઞાન થવા છતાં અરિહંતપ્રભુના સૂક્ષ્મત્વ વગેરે ગુણની નિર્મળતા નથી પ્રગટી તેથી જ તેઓ સંસારમાં છે; અઘાતિકર્મની સત્તાને લીધે પ્રભુને સંસાર છે—એમ નથી; અન્યત્વ નામનો ભેદ હોવાને લીધે હજી પ્રદેશત્વ વગેરે ગુણનો વિકાર છે, તેથી જ સંસારમાં છે.

જેમ સમ્યગ્દર્શન થતાં ચારિત્ર ન થયું ત્યાં પોતાના ચારિત્રગુણની પર્યાયમાં દોષ છે; પણ શ્રદ્ધામાં દોષ નથી. ચારિત્રનો દોષ પોતાના પુરુષાર્થની નબળાઈને કારણે છે પણ કર્મના કારણે તે દોષ નથી; તેમ– કેવળજ્ઞાન થવા છતાં સૂક્ષ્મત્વ વગેરે ગુણની સત્તામાં વિકાર રહે છે તેનું કારણ એ છે કે બધા ગુણોમાં અન્યત્વ નામનો ભેદ છે. પર્યાયે પર્યાયની સત્તા સ્વતંત્ર છે. આ ગાથા દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્ર સત્તાને જેમ છે તેમ બતાવે છે. જ્ઞેયઅધિકાર છે તેથી દરેક પદાર્થોની અને ગુણની સત્તાની સ્વતંત્રતાનું ભાન કરાવે છે. જો દરેક ગુણસત્તા અને પર્યાયસત્તાની હેયાતિને જેમ છે તેમ જાણે તો જ્ઞાન સાચું છે. નિર્વિકારી પર્યાય કે વિકારી પર્યાય તે પણ સ્વતંત્ર પર્યાયસત્તા છે. તેને જેમ છે તેમ જાણવી જોઈએ. વિકાર પણ પર્યાયમાં સ્વતંત્રપણે જીવ કરે છે, તે પોતાની પર્યાયના દોષના કારણે છે. દરેક દ્રવ્ય-ગુણ-પર્યાયસત્તા સ્વતંત્ર છે પછી કર્મસત્તા આત્માની સત્તામાં શું કરે? કર્મ અને આત્મા એ બન્નેની સત્તામાં તો પ્રદેશભેદ જ છે; બે વસ્તુઓને તો સર્વથા પૃથક્ત્વભેદ છે.

અહીં તો એ બતાવે છે કે, એક ગુણ સાથે બીજા ગુણને પૃથક્ત્વભેદ (પ્રદેશભિન્નતા) ન હોવા છતાં પણ તેમને અન્યત્વભેદ છે, તેથી એક ગુણની સત્તામાં બીજા ગુણની સત્તા નથી. આ રીતે સ્વમાં જ અભેદપણું અને ભેદપણું આ ગાથા બતાવે છે. પ્રદેશભેદ નથી માટે અભેદ છે અને ગુણ-ગુણી અપેક્ષાએ ભેદ છે.

કોઈ પણ બે વસ્તુ લ્યો તો તે બે વસ્તુને પ્રદેશભેદ છે; પણ એક વસ્તુમાં જે અનંતગુણો છે તે ગુણોને એકબીજા સાથે અન્યપણું છે– અન્યત્વભેદ છે, પણ પૃથક્ત્વભેદ નથી.

આ બે પ્રકારના ભેદનું સ્વરૂપ સમજતાં અનંત પરદ્રવ્યનો અહંકાર ટળ્યો અને પરાશ્રયબુદ્ધિ ટળીને સ્વભાવની દ્રઢતા થઈ; તથા સાચી શ્રદ્ધા થતાં બધા ગુણોને સ્વતંત્ર માન્યા અને બધા જ ગુણો શુદ્ધ છે એવી પ્રતીતિપૂર્વક, હવે જે વિકાર થાય તેનો પણ જ્ઞાતા જ રહ્યો, એટલે તે જીવને વિકારના અને ભવના નાશની જ પ્રતીતિ થઈ ગઈ. આ જ સમજણનો અપૂર્વ લાભ છે. જ્ઞેય અધિકારમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું વર્ણન છે, દરેક ગુણ -પર્યાય જ્ઞેયરૂપ છે એટલે પોતાના બધાય ગુણ-પર્યાયનો અને અભેદદ્રવ્યનો જ્ઞાતા થઈ ગયો, જ્ઞાતા દ્રવ્ય પ્રતીતમાં આવ્યું.—આ જ સમ્યગ્દર્શનધર્મ છે.

*

**❁ અમૃત પીઓ ❁**

શ્રી આચાર્યદેવ કહે છે કે : હે જીવો! તમે આ સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીઓ. આ સમ્યગ્દર્શન અનુપમ સુખનો ભંડાર છે, સર્વ કલ્યાણનું બીજ છે, આ સંસાર-સમુદ્રથી તરવા માટે તે જહાજ છે, એક ભવ્ય જીવો જ તેને પામી શકે છે, પાપરૂપી વૃક્ષને કાપવા માટે તે કુહાડા સમાન છે, પવિત્ર તીર્થોમાં તે જ પ્રધાન તીર્થ છે અને મિથ્યાત્વને તે હણનાર છે.

*(જ્ઞાનાર્ણવ અ. ૬ ગા. ૫૯)*

# મિથ્યાદ્રષ્ટિનું વર્ણન

ધરમ ન જાનત વખાનત ભરમરૂપ;
ઠૌર ઠૌર ઠાનત લડાઈ પક્ષપાતકી,
ભૂલ્યો અભિમાનમેં ન પાંવ ધરે ધરનીમેં;
હિરદેમેં કરની વિચારે ઉતપાતકી.
ફિરૈ ડાંવાડોલસો કરમ કે કલોલનિ મેં;
હવૈ રહી અવસ્થા જ્યું બઘૂલે કૈસી પાતકી,
જાકી છાતી તાતી કારી કુટીલ કુવાતી ભારી;
એસો બ્રહ્મ-ઘાતી હૈ મિથ્યાતી મહા પાતકી.

*[નાટક સમયસાર]*

**અર્થ :**—જે પોતે ધર્મને જરાપણ જાણતો નથી અને ધર્મના સ્વરૂપનું ભ્રમરૂપ વ્યાખ્યાન કરે છે, ધર્મના નામે દરેક પ્રસંગે પક્ષપાતની લડાઈ કર્યા કરે છે, જે અભિમાનમાં મસ્ત થઈને ભાન ભૂલ્યો છે અને જમીન પર પગ મૂકતો નથી (અર્થાત્ પોતાને મહાન સમજે છે), જે પોતાના હૃદયમાં હંમેશાં ઉત્પાતની કરણી જ વિચારે છે, તૂફાનમાં પડેલા પાંદડાની જેમ જેની હાલત શુભાશુભ કર્મોના તરંગમાં ડામાડોળ થઈ રહી છે, પાપની આગથી જેનું અંતર તપી રહ્યું છે—એવો મહા દુષ્ટ, કુટિલ, પોતાના આત્મસ્વરૂપનો ઘાત કરવાવાળો મિથ્યાદૃષ્ટિ મહાપાતકી છે.

❁

જે જાણે શુદ્ધાત્મને, અશુચિ દેહથી ભિન્ન,
તે જ્ઞાતા સૌ શાસ્ત્રનો શાશ્વત સુખમાં લીન. (યોગસાર, ૯૫)

જે અશુચિરૂપ શરીરથી ભિન્ન શુદ્ધઆત્માને જાણે છે તે શાશ્વતસુખમાં લીન થયા થકા સમસ્ત શાસ્ત્રોને જાણી લે છે.

# સમ્યગ્દષ્ટિનું વર્ણન

ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ;
શીતલ ચિત્ત ભયો જિમ ચંદન,
કેલિ કરે શિવમારગમેં,
જગમાંહિ જિનેશ્વર કે લઘુનંદન.
સત્યસ્વરૂપ સદા જિન્હ કે;
પ્રગટ્યો અવદાત મિથ્યાત નિકંદન,
શાંતદશા તિનકી પહિચાની;
કરે કર જોરિ બનારસી વંદન.

*[નાટક સમયસાર]*

**અર્થ** :—જેના અંતરમાં ભેદવિજ્ઞાનનો પ્રકાશ પ્રગટ થયો છે, તેનું હૃદય ચંદન સમાન શીતળ થયું છે, તે મોક્ષમાર્ગમાં કેલિ કરે છે અને આ જગતમાં તે જિનેશ્વરદેવના લઘુનંદન (યુવરાજ) છે; વળી સમ્યગ્દર્શન વડે જેના આત્મામાં સત્યસ્વરૂપ પ્રકાશમાન થયું છે અને મિથ્યાત્વનું નિકંદન કાઢી નાખ્યું છે એવા સમ્યગ્દષ્ટિ ધર્માત્માની શાંતદશાને ઓળખીને પંડિત બનારસીદાસજી તેમને હાથ જોડીને નમસ્કાર કરે છે.

❁

જે સિધ્યા ને સિદ્ધશે, સિદ્ધ થતા ભગવાન,
તે આતમદર્શન થકી એમ જાણો નિર્ભ્રાંત.

જેઓ સિદ્ધ થઈ ગયા, ભવિષ્યમાં સિદ્ધ થશે ને વર્તમાનમાં સિદ્ધ થાય છે તે બધા નિશ્ચયથી આત્મદર્શન (સમ્યગ્દર્શન) વડે જ સિદ્ધ થાય છે—એમ નિઃશંકપણે જાણો.

# કોણ સમ્યગ્દષ્ટિ છે?

“શુદ્ધનય કતકફળના સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા હોવાથી સમ્યગ્દષ્ટિ છે પણ બીજા (જેઓ અશુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દષ્ટિ નથી. માટે કર્મથી ભિન્ન આત્માને દેખનારાઓએ વ્યવહારનય અનુસરવાયોગ્ય નથી”

*(સમયસાર ગા. ૧૧ ટીકા)*

“અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્‌વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે—ક્યાંક ક્યાંક છે; તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે—‘શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે, એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારનયમાં મગ્ન છે ત્યાં સુધી આત્માના જ્ઞાન-શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી, એમ આશય જાણવો.”

❁

જ્ઞાનીઓ કહે છે કે સૌથી પહેલાં પુરુષાર્થ વડે આત્માની સાચી સમજણ કરી મિથ્યાત્વભાવને છોડો...મિથ્યાત્વભાવનો ત્યાગ એ જ મોક્ષનું કારણ છે....મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શનની આરાધના જેણે પ્રગટ કરી તે જીવ અલ્પકાળમાં જરૂર મોક્ષ પામશે.

# સ્વભાવનો અનુભવ કરવાની રીત

(વીર સંવત ૨૪૭૩ : પ્ર. શ્રાવણ વદ ૮ શ્રી સમયસારજી
કળશ ૧૦૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના વ્યાખ્યાનનો ટૂંક સાર)

સિદ્ધ ભગવાન જ્ઞાનથી બધું માત્ર જાણે જ છે, જ્ઞાનમાં નથી તેમને વિકલ્પ, નથી રાગ-દ્વેષ, નથી કર્તૃત્વની માન્યતા, સિદ્ધની જેમ બધા જ આત્માનો સ્વભાવ જ્ઞાતાપણે માત્ર જાણવાનો છે;—એમ જે ઓળખે છે તે જીવ પોતાના જ્ઞાનસ્વભાવમાં ઢળીને વિકલ્પાદિ સર્વ પરભાવનો નિષેધ કરે છે; તેને જ્ઞાનસ્વભાવમાં એકતાબુદ્ધિ પ્રગટી છે, ને વિકલ્પમાં એકતાબુદ્ધિ તૂટી ગઈ છે; હવે જે વિકલ્પો આવે તે સર્વનો નિષેધ કરતો આગળ વધે છે. સાધક જીવ એમ જાણે છે કે સિદ્ધનો અને મારો સ્વભાવ સરખો જ છે. તો પછી સિદ્ધમાં વિકલ્પાદિ નથી તે મારા સ્વભાવમાં પણ નથી, તેથી હું અત્યારે જ મારા સ્વભાવના જોરે તેનો નિષેધ કરું છું. મારા જ્ઞાનમાં બધાય રાગાદિનો નિષેધ જ છે. જેમ સિદ્ધભગવાન એકલા ચૈતન્ય છે તેમ હું પણ એકલા ચૈતન્યને જ અંગીકાર કરું છું.

ગમે ત્યારે પણ સ્વસન્મુખ થઈને સર્વ પુણ્ય-પાપ વ્યવહારનો નિષેધ કરવો એ જ મોક્ષમાર્ગ છે, તો પછી હમણાં જ તેનો નિષેધ કરવોયોગ્ય છે; કેમ કે તેના નિષેધરૂપ સ્વભાવ હમણાં જ પૂરો છે. વર્તમાનમાં જ સ્વભાવની પ્રતીતિ કરતાં પુણ્ય-પાપાદિ વ્યવહારનો નિષેધ સ્વયં થઈ જાય છે. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો નિષેધ નથી કરતો પણ તેનો નિષેધ કરીશ—એમ જે માને છે તેના સ્વભાવની રુચિ નથી પણ પુણ્ય-પાપની જ રુચિ છે. જો તને સ્વભાવની રુચિ હોય અને સર્વે પુણ્ય-પાપ—વ્યવહારના નિષેધની રુચિ હોય તો સ્વભાવ સન્મુખ થઈને હમણાં જ નિષેધ કરવાયોગ્ય છે એમ નિર્ણય કર, રુચિને મુદત ન હોય. શ્રદ્ધા છે પણ શ્રદ્ધાનું કાર્ય નથી—એમ ન બને. શ્રદ્ધામાં નિષેધ કર્યા પછી પુણ્ય-પાપને ટળતાં થોડો કાળ લાગે તે જુદી વાત છે, પણ જેને સ્વભાવની રુચિ છે અને પુણ્ય

-પાપ નિષેધયોગ્ય છે—એવી ભાવના છે...તો તે શ્રદ્ધામાં પુણ્ય-પાપનો નિષેધ વર્તમાનમાં જ કરે. વર્તમાનમાં શ્રદ્ધામાં પુણ્ય-પાપનો આદર કરે તો તેને તેના નિષેધની શ્રદ્ધા જ ક્યાં રહી? શ્રદ્ધા તો પૂરેપૂરા સ્વભાવને વર્તમાન જ માને છે.

જેને સ્વભાવની રુચિ થઈ—સ્વભાવનો આદર થયો અને પુણ્ય-પાપ -વિકલ્પના નિષેધની રુચિ તથા આદર થયો, તેને અંતરમાંથી અધીરજ તૂટી ગઈ. હવે આખા સ્વભાવની રુચિમાં વચ્ચે જો કોઈ પણ રાગ-વિકલ્પ આવે તેનો નિષેધ કરીને સ્વભાવ તરફ ઢળવું...એ જ એક કાર્ય રહ્યું. સ્વભાવની શ્રદ્ધાના જોરે તેનો નિષેધ કર્યો તે કર્યો... હવે એવો કોઈ પણ વિકલ્પ કે રાગ ન આવે કે જેમાં એકતાબુદ્ધિ થાય. અને એકત્વબુદ્ધિ વગર થતાં જે પુણ્ય-પાપના વિકલ્પો છે તેને ટાળવા માટે શ્રદ્ધામાં અધીરજ થતી નથી, કેમ કે મારા સ્વભાવમાં તે કોઈ છે જ નહિ...એમ રુચિ થઈ પછી તેને ટાળવાની અધીરજ શેની રહે? સ્વભાવ તરફ ઢળીને તેનો નિષેધ કર્યો છે તેથી તે અલ્પકાળમાં ટળી જ જાય છે. 'તેનો નિષેધ કરું' એવો વિકલ્પ હોતો નથી પણ સ્વભાવમાં તે નિષેધરૂપ જ છે તેથી સ્વભાવનો અનુભવ -વિશ્વાસ કરતાં તેનો નિષેધ સ્વયં થઈ જાય છે.

જ્યાં આત્માના સ્વભાવની રુચિ થઈ ત્યાં જ પુણ્ય-પાપના નિષેધની શ્રદ્ધા થઈ ગઈ. આત્માના સ્વભાવમાં પુણ્ય-પાપ નથી તેથી આત્મામાં પુણ્ય -પાપનો નિષેધ કરવા જેવો છે—એવી રુચિ થઈ ત્યાં જ શ્રદ્ધામાં પુણ્ય-પાપ -વ્યવહારનો નિષેધ થઈ જ ગયો. રુચિ અને અનુભવ વચ્ચે વાર લાગે તેનો પણ નિષેધ જ છે, જેને સ્વભાવની રુચિ થઈ છે તેને વિકલ્પ તોડીને અનુભવ કરતાં વાર લાગે તોપણ તે વિકલ્પોનો તો તેને નિષેધ જ છે. જો વિકલ્પનો નિષેધ ન હોય તો સ્વભાવની રુચિ શેની? અને જો સ્વભાવની રુચિ વડે વિકલ્પનો નિષેધ વર્તે છે તો પછી તે વિકલ્પ તોડીને અનુભવ થવામાં તેને શંકા શેની? રુચિ થયા પછી જે વિકલ્પ રહે તેનો પણ રુચિ નિષેધ જ કરે છે તેથી રુચિ અને અનુભવ વચ્ચે કાળભેદનો સ્વીકાર નથી. જેને સ્વભાવની રુચિ થઈ છે તેને રુચિ અને અનુભવ વચ્ચે જે અલ્પકાળ

વિકલ્પ હોય તેનો રુચિમાં નિષેધ છે; એ રીતે જેને સ્વભાવની રુચિ થઈ છે તેને અંતરથી અધીરજ હોતી નથી, પણ સ્વભાવની રુચિના જોરે જ બાકીના વિકલ્પો તોડીને અલ્પકાળમાં સ્વભાવનો પ્રગટ અનુભવ કરે છે.

આત્માના સ્વભાવમાં વ્યવહારનો, રાગનો, વિકલ્પોનો નિષેધ છે—અભાવ છે, છતાં જે વ્યવહારને, રાગને કે વિકલ્પને આદરણીય માને છે તેને સ્વભાવની રુચિ નથી, અને તેથી તે જીવ વ્યવહારનો નિષેધ કરીને સ્વભાવમાં કદી ઢળી શકશે નહિ. સિદ્ધ ભગવાનને રાગાદિનો સર્વથા અભાવ થઈ ગયો છે તેથી તેમને હવે વ્યવહારનો નિષેધ કરીને સ્વભાવમાં ઢળવાનું રહ્યું નથી. પણ સાધક જીવને પર્યાયમાં રાગાદિ વિકલ્પો—વ્યવહાર વર્તે છે તેથી તે વ્યવહારનો નિષેધ કરીને સ્વભાવમાં ઢળવાનું છે.

હે જીવ, જો સ્વભાવમાં સર્વ પુણ્ય-પાપ વગેરેનો વ્યવહારનો નિષેધ જ છે તો પછી, 'હમણાં કાંઈક વ્યવહારનું અવલંબન કરી લઉં–પછી તેનો નિષેધ કરીશ' એવું આલંબન મોક્ષાર્થીને નથી, માટે પરાશ્રિત વ્યવહારનું આલંબન છોડીને તું સીધેસીધો ચૈતન્યને સ્પર્શે, કોઈ પણ વૃત્તિના આલંબનના શલ્યમાં ન અટક. સિદ્ધભગવાનની જેમ તારા સ્વભાવમાં એકલું ચૈતન્ય છે, તે ચૈતન્યસ્વભાવને જ સીધેસીધો સ્વીકાર, તેમાં ક્યાંય રાગાદિ દેખાતા જ નથી; રાગાદિ છે જ નહિ તો પછી તેના નિષેધનો વિકલ્પ કેવો? સ્વભાવની શ્રદ્ધાને કોઈપણ વિકલ્પનું અવલંબન નથી. જે સ્વભાવમાં રાગ નથી તેની શ્રદ્ધા પણ રાગથી થતી નથી. એ રીતે સિદ્ધસમાન પોતાના આત્માના ધ્યાન વડે એકલું ચૈતન્ય છૂટું અનુભવાય છે, ને ત્યાં સર્વ વ્યવહારનો નિષેધ સ્વયમેવ થઈ જાય છે. આ જ સાધકદશાનું સ્વરૂપ છે.

# પુનિત સમ્યક્દર્શન

“આત્મા છે, પરથી જુદો છે, પુણ્ય-પાપ રહિત જ્ઞાતા જ છે” એમ માત્ર પરલક્ષી જાણપણાથી સમ્યગ્દષ્ટિપણું થઈ શકતું નથી, કેમ કે એવું જાણપણું તો અજ્ઞાનીને પણ હોય છે, જાણપણું તે તો જ્ઞાનના ઉઘાડનું કાર્ય છે, તેની સાથે પરમાર્થે સમ્યગ્દર્શનનો સંબંધ નથી.

હું આત્મા છું અને પરથી જુદો છું—એટલું માત્ર માનવું તે યથાર્થ નથી, કેમ કે આત્મામાં માત્ર અસ્તિત્વપણું જ નથી, અને માત્ર જ્ઞાનપણું જ નથી, પરંતુ આત્મામાં તો જ્ઞાન, દર્શન, શ્રદ્ધા, સુખ, વીર્ય વગેરે અનંત ગુણો છે, તે અનંત ગુણોસ્વરૂપ આત્માના સ્વાનુભવ વડે જ્યાં સુધી આત્મસંતોષ ન થાય ત્યાં સુધી સમ્યગ્દષ્ટિપણું નથી.

નવતત્ત્વોનું જ્ઞાન, તેમજ પુણ્ય-પાપથી આત્મા જુદો છે એવું જ્ઞાન, તે બધાનું પ્રયોજન તો સ્વાનુભવ જ છે. હજી સ્વાનુભવની ગંધ પણ ન હોય અને ફક્ત વિકલ્પ વડે જ્ઞાનમાં જે જાણ્યું તેટલા જાણપણામાં જ સંતોષ માની લે અને પોતાને સમ્યગ્દષ્ટિ પોતે માને તો તે માન્યતામાં આખા પરમ આત્મસ્વભાવનો અનાદર છે. વિકલ્પરૂપ જાણપણાથી અધિક કશું જ ન હોવા છતાં જે જીવ પોતાને સમ્યગ્દષ્ટિપણું માની લ્યે તે જીવને પરમ કલ્યાણકારી સમ્યગ્દર્શનના સ્વરૂપની ખબર નથી. સમ્યગ્દર્શન અભૂતપૂર્વ ચીજ છે, તે વિકલ્પ વડે પ્રાપ્ત થઈ જાય એવું મફતિયું નથી, પરંતુ પરમ પવિત્ર સ્વભાવની સાથે પૂરેપૂરો સંબંધ ધરાવનારું સમ્યગ્દર્શન વિકલ્પોથી પેલે પાર સહજસ્વભાવના સ્વાનુભવ પ્રત્યક્ષપણા વડે પ્રાપ્ત થાય છે...જ્યાં સુધી સહજસ્વભાવનું સ્વાનુભવપણું સ્વભાવની સાક્ષીએ ન આવે ત્યાં સુધી તેટલામાં સંતોષ ન માની લેતાં સમ્યગ્દર્શન પ્રાપ્તિના પરમ ઉપાયમાં નિરંતર જાગૃત રહેવું—એ નિકટભવ્યાત્માઓનું કર્તવ્ય છે; પરંતુ ‘મને તો સમ્યગ્દર્શન થઈ ગયું છે, હવે તો ફક્ત ચારિત્રમોહ રહ્યો છે’ એમ માની બેસીને પુરુષાર્થહીનપણું—શુષ્કપણું ન સેવવું...જીવ જો એમ કરશે તો સ્વભાવ તેને

સાક્ષી નહિ આપે, અને સમ્યગ્દષ્ટિપણાની ખોટી ભ્રમણામાં જ જીવનું જીવન વ્યર્થ ચાલ્યું જશે...માટે જ્ઞાનીઓ ચેતવે છે કે–"જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણ ગુણોને ઉજ્જ્વળ કરનાર એવી એ સમ્યક્શ્રદ્ધા પ્રધાન આરાધના છે. બાકીની ત્રણ આરાધના એક સમ્યક્ત્વના વિદ્યમાનપણામાં જ આરાધકભાવે પ્રવર્તે છે; એ પ્રકારે સમ્યક્ત્વનો કોઈ અકથ્ય અને અપૂર્વ મહિમા જાણી તે પવિત્ર કલ્યાણમૂર્તિરૂપ સમ્યગ્દર્શનને આ અનંત અનંત દુઃખરૂપ એવા અનાદિ સંસારથી આત્યંતિક નિવૃત્તિ અર્થે હે ભવ્યો! તમે ભક્તિપૂર્વક અંગીકાર કરો, સમયે સમયે આરાધો!" (શ્રી આત્માનુશાસન પૃ. ૯) નિઃશંક સમ્યગ્દર્શન થયા પહેલાં સંતોષ માની લેવો અને તે આરાધનાને પડતી મૂકી દેવી–એમાં પોતાના આત્મસ્વભાવનો અને કલ્યાણમૂર્તિ શ્રી સમ્યગ્દર્શનનો મહા અપરાધ અને અભક્તિ છે–કે જેનું મહા દુઃખદાયી ફળ વર્ણવી શકાય તેમ નથી. જેમ સિદ્ધનું સુખ વર્ણવી શકાય તેમ નથી, તેમ મિથ્યાત્વનું દુઃખ વર્ણવી શકાય તેમ નથી.

આત્મવસ્તુ એકલી દ્રવ્યરૂપ નથી; પરંતુ દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણસ્વરૂપ છે. "આત્મા અખંડ શુદ્ધ છે" એમ તો સાંભળીને માને, પરંતુ પર્યાયને સમજે નહિ, અશુદ્ધ અને શુદ્ધપર્યાયનો વિવેક કરે નહિ–એને સમ્યક્ત્વ હોઈ ન શકે...કદાચિત્ જ્ઞાનના ઉઘાડ વડે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ (વિકલ્પજ્ઞાન વડે) જાણે-તોપણ તેટલા માત્રથી જીવનું સાચું પ્રયોજન સિદ્ધ થતું નથી. કેમ કે વસ્તુસ્વરૂપમાં એક જ્ઞાન ગુણ જ નથી; પરંતુ શ્રદ્ધા, સુખ વગેરે અનંત ગુણો છે અને જ્યારે તે બધાય ગુણો અંશે સ્વભાવરૂપ કાર્ય આપે ત્યારે જ જીવનું સમ્યગ્દર્શનરૂપી પ્રયોજન સિદ્ધ થાય છે. જ્ઞાનગુણે વિકલ્પ વડે આત્માને લક્ષમાં લીધો, પરંતુ શ્રદ્ધાગુણ તો મિથ્યાત્વરૂપ કાર્ય કરી રહ્યો છે, આનંદગુણ તો આકુળતાનું વેદન આપી રહ્યો છે–આ બધું ભૂલી જાય અને માત્ર વિકલ્પથી જ સંતોષ માની લ્યે તો તેમ માનનાર જીવ આખા આત્મદ્રવ્યને માત્ર એક વિકલ્પમાં જ વેચી દે છે.

ફક્ત દ્રવ્યથી સંતોષ ન માની લેવો,–કેમ કે દ્રવ્યનો ખરો મહિમા નિર્મળ પર્યાયથી જ લક્ષમાં આવે છે. દ્રવ્ય ગુણ તો સિદ્ધને અને નિગોદને

બંનેને છે, પણ નિગોદને નિર્મળ પર્યાય વગર દ્રવ્ય-ગુણના મહિમાની ખબર નથી. દ્રવ્ય-ગુણના મહિમાને પ્રસિદ્ધ કરનાર તો નિર્મળ પર્યાય છે. પર્યાયની શુદ્ધતા જ ભોગવવામાં કામ આવે છે, કાંઈ દ્રવ્ય-ગુણની શુદ્ધતા ભોગવવામાં કામ આવતી નથી—કેમ કે તે તો અપ્રગટરૂપ છે—શક્તિરૂપ છે. માટે પોતાની વર્તમાન પર્યાયમાં સંતોષાઈ ન જતાં, પર્યાયની શુદ્ધતા પ્રગટાવવા માટે પવિત્ર સમ્યક્દૃષ્ટિ પ્રાપ્ત કરવાનો અભ્યાસ કરવો; તે નિર્મળ પર્યાયમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે.

“અહો! હજી પર્યાયમાં તો તદ્દન પામરતા છે, મિથ્યાત્વને તો અનંતકાળની એંઠસમાન જાણીને આ જ ક્ષણે ઓકી નાખવાની જરૂર છે; જ્યાં સુધી એ જૂની એંઠ પડી હશે ત્યાં સુધી નવું મિષ્ટ ભોજન પચી નહિ શકે” આમ પોતાની પર્યાયની પામરતા જ્યાં સુધી જીવને ન ભાસે ત્યાં સુધી તેની દશા સમ્યક્ત્વસન્મુખ પણ નથી....

અરેરે! પરિણામોમાં અનેક પ્રકારના ઝંઝાવાત થતા હોય, પરિણતિનું સહજપણે આનંદમયપણું હોવાને બદલે એકલી કૃત્રિમતા અને ભય-શંકામાં ઝોક થતા હોય, એકેએક ક્ષણેક્ષણની પરિણતિ વિકારના ભાર નીચે દટાયેલી જ હોય, કદાપિ શાંતિ—આત્મસંતોષનો લવલેશ પણ અંતરમાં વર્તતો ન હોય છતાં પોતાને સમ્યગ્દર્શન માની લેવું એ તો કેવો દંભ! કેવી અજ્ઞાનતા અને સ્વ-આત્માની કેવી છેતરપીંડી?

અહા, કેવળીપ્રભુજીનું આત્મપરિણમન સહજપણે કેવળજ્ઞાનમય પરમસુખદશાપણે જ પરિણમી રહ્યું છે, એ સહજપણે પરિણમતા કેવળજ્ઞાનનું મૂળ કારણ સમ્યક્ત્વ જ છે...તો પછી તે સમ્યક્ત્વસહિત જીવનું પરિણમન કેટલું સહજ હશે! નિરંતર એની આત્મજાગૃતિ કેવી વર્તતી હશે!!!

જે અલ્પકાળે કેવળજ્ઞાન જેવી પરમ સહજ દશાની પ્રાપ્તિ કરાવે એવું આ કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન—તેને કલ્પના વડે કલ્પી લેવું એમાં તો અનંત કેવળીપ્રભુઓનો અને સમ્યગ્દૃષ્ટિઓનો કેટલો બધો અનાદર છે? ખરેખર તો એ પોતાના આત્માની પરમ પવિત્રદશાઓનો જ અનાદર છે.

સમ્યક્ત્વદશાની પ્રતીતિમાં આખો આત્મા આવી જાય છે; તે સમ્યક્ત્વ દશા થતાં પોતાને આત્મસાક્ષીએ સંતોષ આવે છે, નિરંતર આત્મજાગૃતિ વર્તે છે, ક્યાંય પણ તેની આત્મપરિણતિ ફસાતી નથી; એના ભાવોમાં કદી પણ આત્મા સિવાય અન્યત્ર ક્યાંય આત્મઅર્પણતા આવી જતી નથી...આવી દશાનું ભાન પણ ન હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ નહિ.

ઘણા જીવો તો કુધર્મમાં જ અટક્યા છે; અહા, પરમ સત્યસ્વરૂપ સાંભળવા છતાં–વિકલ્પજ્ઞાનથી જાણવા છતાં—અને આ જ સત્ય છે એવી વ્યવહારપ્રતીત લાવીને પણ, પોતાનું અંતરપરિણમન તે-રૂપ કર્યા વગર સમ્યક્ત્વની પવિત્ર આરાધનાને અધૂરી મૂકીને તેમાં જ સંતોષ માની લેનારા જીવો પણ તત્ત્વનો અપૂર્વ લાભ પામી શકતા નથી...

માટે હે જીવ! હવે આત્માની દરકાર કરી પોતાની વર્તમાન વર્તતી યથાર્થદશા કેવી છે તે નક્કી કર અને ભ્રમ ટાળી રત્નત્રયીની આરાધનામાં નિરંતર પ્રવર્ત, એ પરમ પાવનકારી છે.....

❀

## ❀ સાધકનો અપૂર્વ પુરુષાર્થ ❀

જેણે સમ્યગ્દર્શન પ્રગટાવવાનો પૂર્વે કદી નહિ કરેલો એવો અનંતો સમ્યક્ પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે અને એ રીતે સંપૂર્ણ સ્વરૂપનો સાધક થયો છે તે જીવ કોઈપણ સંયોગમાં, ભયથી, લજ્જાથી, લાલચથી કે કોઈપણ કારણથી અસત્‌ને પોષણ નહિ જ આપે...એ માટે કદાચ કોઈ વાર દેહ છૂટવા સુધીની પ્રતિકૂળતા આવી પડે તોપણ સત્‌થી ચ્યુત નહિ થાય, અસત્‌નો આદર કદી નહિ કરે, સ્વરૂપના સાધકો નિઃશંક અને નિડર હોય છે. સત્ સ્વરૂપની શ્રદ્ધાના જોરમાં અને સત્‌ના માહાત્મ્ય પાસે તેને કોઈ પ્રતિકૂળતા છે જ નહિ. જો સત્‌થી જરાપણ ચ્યુત થાય તો તેને પ્રતિકૂળતા આવી કહેવાય, પણ જે ક્ષણે ક્ષણે સત્‌માં વિશેષ દૃઢતા કરી રહ્યો છે તેને તો પોતાના બેહદ પુરુષાર્થ પાસે જગતમાં કાંઈપણ પ્રતિકૂળતા જ નથી. એ તો પરિપૂર્ણ સત્‌સ્વરૂપ સાથે અભેદ થઈ ગયો—તેને ડગાવવા ત્રણ જગતમાં કોણ સમર્થ? અહો! આવા સ્વરૂપના સાધકને ધન્ય છે!!

# સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તે કેમ પ્રગટે?

## (૧) સમ્યગ્દર્શન શું અને તેને કોનું અવલંબન

સમ્યગ્દર્શન પોતે આત્માના શ્રદ્ધાગુણની નિર્વિકારી પર્યાય છે. અખંડ આત્માના લક્ષે સમ્યગ્દર્શન પ્રગટે છે. સમ્યગ્દર્શનને કોઈ વિકલ્પનું અવલંબન નથી, પણ તે નિર્વિકલ્પ સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન પ્રગટે છે. આ સમ્યગ્દર્શન જ આત્માના સર્વ સુખનું કારણ છે. 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, બંધરહિત છું' આવો વિકલ્પ કરવો તે પણ શુભરાગ છે, તે શુભરાગનું અવલંબન પણ સમ્યગ્દર્શનને નથી; તે શુભવિકલ્પને અતિક્રમતાં સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન પોતે રાગ અને વિકલ્પરહિત નિર્મળભાવ છે, તેને કોઈ વિકારનું અવલંબન નથી, પણ આખા આત્માનું અવલંબન છે,—આખા આત્માને તે સ્વીકારે છે.

એકવાર વિકલ્પ રહિત થઈને અખંડ જ્ઞાયકસ્વભાવને લક્ષમાં લીધો ત્યાં સમ્યક્‌માન થયું. અખંડ સ્વભાવનું લક્ષ એ જ સ્વરૂપની શુદ્ધિ માટે કાર્યકારી છે. અખંડ સત્યસ્વરૂપને જાણ્યા વિના—શ્રદ્ધા કર્યા વિના 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, અબદ્ધસ્પૃષ્ટ છું' એ વગેરે વિકલ્પો પણ સ્વરૂપની શુદ્ધિ માટે કાર્યકારી નથી. એકવાર અખંડ જ્ઞાયક સ્વભાવનું લક્ષ કર્યું પછી જે વૃત્તિ ઊઠે તે વૃત્તિઓ અસ્થિરતાનું કાર્ય કરે, પરંતુ તે સ્વરૂપની પ્રતીતને રોકવા સમર્થ નથી, કેમ કે શ્રદ્ધામાં તો વૃત્તિ-વિકલ્પ રહિત સ્વરૂપ છે તેથી વૃત્તિ ઊઠે તે શ્રદ્ધાને ફેરવી શકે નહિ. જો વિકલ્પમાં જ અટકી જાય તો તે મિથ્યાદૃષ્ટિ છે. વિકલ્પરહિત થઈને અભેદનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન છે અને તે જ સમયસાર છે—એમ ગાથામાં કહે છે :—

**कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।**
**पक्खातिक्कंतो पुण भण्णदि जो सो समयसारो।।१४२।।**

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

'આત્મા કર્મથી બંધાયેલો છે કે આત્મા કર્મથી બંધાયેલો નથી' એવા બે પ્રકારના ભેદના વિચારમાં રોકાવું તે તો નયનો પક્ષ છે; 'હું આત્મા છું, પરથી જુદો છું' એવો વિકલ્પ તે પણ રાગ છે, એ રાગની વૃત્તિને–નયના પક્ષને ઓળંગે તો સમ્યગ્દર્શન પ્રગટે. ''હું બંધાયેલો છું અથવા હું બંધરહિત મુક્ત છું'' એવી વિચારશ્રેણીને ઓળંગી જઈને જે આત્માનો અનુભવ કરે છે તે જ સમ્યગ્દષ્ટિ છે અને તે જ સમયસાર અર્થાત્ શુદ્ધાત્મા છે.

'હું અબંધ છું, બંધ મારું સ્વરૂપ નથી' એવા ભંગની વિચારશ્રેણીના કાર્યમાં અટકે તો અજ્ઞાની છે, અને તે ભંગના વિચારને ઓળંગીને અભંગ ચૈતન્યસ્વરૂપને સ્પર્શી લેવું (અનુભવી લેવું) તે જ પહેલો આત્મધર્મ એટલે કે સમ્યગ્દર્શન છે. 'હું પરાશ્રય રહિત, અબંધ, શુદ્ધ છું' એવા નિશ્ચયનયના પડખાંનો વિકલ્પ તે રાગ છે, અને તે રાગમાં રોકાય (રાગને જ સમ્યગ્દર્શન માની લ્યે પણ રાગ રહિત સ્વરૂપને ન અનુભવે) તો તે મિથ્યાદૃષ્ટિ છે.

## (૨) ભેદના વિકલ્પ આવે ખરા છતાં તેનાથી સમ્યગ્દર્શન નથી.

અનાદિથી આત્મસ્વરૂપનો અનુભવ નથી, પરિચય નથી, તેથી આત્મનો અનુભવ કરવા જતાં પહેલાં તે સંબંધી વિકલ્પ આવ્યા વગર રહેતા નથી. અનાદિથી આત્માના સ્વરૂપનો અનુભવ નથી તેથી વૃત્તિઓનું ઉત્થાન થાય કે–હું આત્મા કર્મના સંબંધવાળો છું કે કર્મના સંબંધ વગરનો છું, આમ બે નયોના બે વિકલ્પ ઊઠે છે; પરંતુ –'કર્મના સંબંધવાળો કે કર્મના સંબંધ વગરનો એટલે કે બદ્ધ છું કે અબદ્ધ છું' એવા બે પ્રકારના ભેદનો પણ એક સ્વરૂપમાં ક્યાં અવકાશ છે? સ્વરૂપનો અનુભવ નયપક્ષથી પાર છે. હું શુભાશુભભાવરહિત છું એવા વિચારમાં અટકવું તે પણ પક્ષ છે, તેનાથી પણ પેલે પાર સ્વરૂપ છે, સ્વરૂપ તો પક્ષાતિક્રાંત છે, એ જ

સમ્યગ્દર્શનનો વિષય છે એટલે કે તેના જ લક્ષે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તે સિવાય બીજો કોઈ સમ્યગ્દર્શનનો ઉપાય નથી.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું? દેહની કોઈ ક્રિયાથી તો સમ્યગ્દર્શન નથી, જડ કર્મોથી નથી, અશુભ રાગ કે શુભરાગ થાય તેને લક્ષે પણ સમ્યગ્દર્શન નથી અને 'હું પુણ્ય-પાપના પરિણામોથી રહિત જ્ઞાયકસ્વરૂપ છું' એવો જે વિચાર તે પણ સ્વરૂપનો અનુભવ કરાવવા સમર્થ નથી. 'હું જ્ઞાયક છું' એવા વિચારમાં જે અટક્યો તે ભેદના વિચારમાં અટક્યો છે, તેને પણ સમ્યગ્દર્શન થતું નથી. સ્વરૂપ તો જ્ઞાતાદ્રષ્ટા છે, તેનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે. ભેદના વિચાર તે સમ્યગ્દર્શન નથી.

જે વસ્તુ છે તે પોતાથી પરિપૂર્ણ સ્વભાવે ભરેલ છે. આત્માનો સ્વભાવ પરની અપેક્ષા વિનાનો એકરૂપ છે. 'કર્મના સંબંધવાળો છું કે કર્મના સંબંધ વગરનો છું' એવા વિકલ્પથી તે સ્વભાવનું વેદન થતું નથી; જોકે આત્મસ્વભાવ તો અબંધ જ છે, પરંતુ 'હું અબંધ છું' એવા વિકલ્પને પણ છોડીને નિર્વિકલ્પ જ્ઞાતાદ્રષ્ટા નિરપેક્ષસ્વભાવમાં પરિણતિ વળતાં જ સમ્યગ્દર્શન પ્રગટે છે.

પ્રભુ! તારી પ્રભુતાનો મહિમા અંદર પરિપૂર્ણ છે, પણ અનાદિથી તેની સમ્યક્ત્વ પ્રતીતિ વગર તેનો અનુભવ નથી. અનાદિથી પરલક્ષ કર્યું છે માટે સ્વભાવનું લક્ષ કર્યું નથી. શરીરાદિમાં તો તારું સુખ નથી, માટે તે ભેદના વિચારમાં અટકવું તે પણ અજ્ઞાનીનું કાર્ય છે. અને તે નયપક્ષના ભેદનું લક્ષ મૂકી દઈને અભેદ જ્ઞાતાસ્વભાવનું લક્ષ કરવું તે જ સમ્યગ્દર્શન છે અને તેમાં જ સુખ છે. અભેદ સ્વભાવનું લક્ષ કહો કે જ્ઞાતાસ્વરૂપનો અનુભવ કહો, સુખ કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન કહો—તે આ જ છે.

## (૩) વિકલ્પ રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ

અખંડાનંદ અભેદ આત્માનું લક્ષ વિકલ્પરૂપ નય દ્વારા થતું નથી. કોઈ મહેલમાં જવા માટે મોટર ગમે તેવી દોડાવે, પણ તે બંગલાના બારણા સુધી આવી શકે, મોટર સહિત બંગલામાં પેસી શકાય નહિ. ગમે ત્યાં સુધી

આગળ લઈ જાય પણ છેવટે તો મોટરમાંથી ઉતરીને જાતે અંદર જવું પડે. તેવી રીતે નય-પક્ષના વિકલ્પોરૂપી મોટર ગમે તેટલી દોડાવે, 'હું જ્ઞાયક છું, અભેદ છું, શુદ્ધ છું' એવો વિકલ્પ કરે તોપણ તે વિકલ્પ સ્વરૂપના આંગણા સુધી લઈ જવાય, પરંતુ સ્વરૂપનો અનુભવ કરવા ટાણે તો તે બધા વિકલ્પ છોડી જ દેવા પડે, વિકલ્પ રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ; નયપક્ષોનું જ્ઞાન તે સ્વરૂપના આંગણે આવવા માટે જરૂરનું છે. "હું સ્વાધીન જ્ઞાનસ્વરૂપી આત્મા છું, કર્મો જડ છે, જડ કર્મો મારા સ્વરૂપને રોકી શકે નહિ, હું વિકાર કરું તો કર્મોને નિમિત્ત કહેવાય, પણ કર્મો મને વિકાર કરાવે નહિ, કેમ કે બંને દ્રવ્યો જુદાં છે, તે કોઈ એક બીજાનું કરી શકે નહિ. હું જડનું કાંઈ ન કરું, જડ મારું કાંઈ ન કરે. રાગ-દ્વેષ થાય તે કર્મ કરાવતું નથી તેમ જ પરવસ્તુમાં થતાં નથી પણ મારી અવસ્થામાં થાય છે, તે રાગ-દ્વેષ મારો સ્વભાવ નથી, નિશ્ચયથી મારો સ્વભાવ રાગ રહિત જ્ઞાનસ્વરૂપ છે." આ પ્રમાણે બધાં પડખાંનું જ્ઞાન પહેલાં કરવું જોઈએ, પરંતુ આટલું કરે ત્યાં સુધી પણ ભેદનું લક્ષ છે, ભેદના લક્ષથી અભેદ આત્મસ્વરૂપનો અનુભવ થતો નથી, છતાં પહેલાં તે ભેદ જાણવા જોઈએ. એટલું જાણે ત્યારે તે સ્વરૂપના આંગણા સુધી આવ્યો છે. પછી જ્યારે અભેદનું લક્ષ કરે ત્યારે ભેદનું લક્ષ છૂટી જાય અને સ્વરૂપનું અનુભવન થાય એટલે કે અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટે આ રીતે જોકે સ્વરૂપમાં ઢળતાં પહેલાં નય-પક્ષના વિચારો હોય છે ખરા, પરંતુ તે નય-પક્ષના કોઈપણ વિચારો સ્વરૂપના અનુભવમાં મદદગાર થતા નથી.

*(મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૨૫૬ : તા. ૧૭-૫-૪૫)*

## (૪) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંબંધ કોની સાથે છે?

સમ્યગ્દર્શન નિર્વિકલ્પ છે, તેને એકલા નિજસ્વભાવ સાથે જ સંબંધ છે; અખંડ દ્રવ્ય ભંગ-ભેદ રહિત છે તે જ સમ્યગ્દર્શનને માન્ય છે; સમ્યગ્દર્શન પર્યાયના ભેદને સ્વીકારતું નથી; પણ સમ્યગ્દર્શનની સાથે રહેતું જે સમ્યગ્જ્ઞાન છે તે નિશ્ચય-અખંડ સ્વભાવને તથા વ્યવહારમાં પર્યાયના જે ભંગ-ભેદ પડે છે, તે બધાને જાણી લે છે.

સમ્યગ્દર્શન એક નિર્મળ પર્યાય છે. પણ 'હું એક નિર્મળ પર્યાય છું' એમ સમ્યગ્દર્શન ભેદ પાડતું નથી. સમ્યગ્દર્શનનો અખંડ વિષય એક જ દ્રવ્ય છે.

**પ્રશ્ન :**—સમ્યગ્દર્શનનો વિષય અખંડ છે અને તે પર્યાયને સ્વીકારતું નથી તો પછી સમ્યગ્દર્શન વખતે પર્યાય ક્યાં ગઈ? સમ્યગ્દર્શન પોતે જ પર્યાય છે, શું પર્યાય દ્રવ્યથી જુદી પડી ગઈ?

**ઉત્તર :**—સમ્યગ્દર્શનનો વિષય તો અખંડ દ્રવ્ય જ છે. સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ વસ્તુ તે જ સમ્યગ્દર્શનને માન્ય છે. અભેદ વસ્તુનું લક્ષ કરતાં જે નિર્મળ પર્યાય પ્રગટી તે સામાન્ય વસ્તુ સાથે અભેદ થઈ જાય છે. સમ્યગ્દર્શનરૂપ જે પર્યાય છે તે પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શન સાથેનું સમ્યગ્જ્ઞાન પર્યાયને તથા નિમિત્તને પણ જાણે છે, સમ્યગ્દર્શનને પણ જાણનારું તો સમ્યગ્જ્ઞાન જ છે.

## (૫) શ્રદ્ધા અને જ્ઞાન ક્યારે સમ્યક્ થયાં?

ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશિમ કે ક્ષાયિકભાવ એ કોઈ સમ્યગ્દર્શનનો વિષય નથી કેમ કે તે બધી પર્યાય છે. સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ દ્રવ્ય છે. એકલી નિરપેક્ષ વસ્તુનું જ્યારે લક્ષ કર્યું ત્યારે શ્રદ્ધા સમ્યક્ થઈ, પરંતુ જ્ઞાન સમ્યક્ ક્યારે થયું? જ્ઞાનનો સ્વભાવ સામાન્ય-વિશેષ સર્વને જાણવાનો છે. જ્યારે જ્ઞાને આખા દ્રવ્યને, ઊઘડેલી પર્યાયને અને વિકારને જેમ છે તેમ જાણીને, 'પરિપૂર્ણ સ્વભાવ તે હું, વિકાર રહ્યો તે હું નહિ' એમ ભેદ પાડીને વિવેક કર્યો ત્યારે તે સમ્યક્ થયું. (૧) સમ્યગ્દર્શનરૂપ ઊઘડેલી પર્યાયને, (૨) સમ્યગ્દર્શનના વિષયભૂત પરિપૂર્ણ વસ્તુને, (૩) અને અવસ્થાની ઊણપને—એ ત્રણેને જેમ છે તેમ સમ્યગ્જ્ઞાન જાણે છે. સમ્યક્દર્શન તો એક અભેદ સ્વરૂપને જ સ્વીકારે છે અને સમ્યગ્દર્શનનું અવિનાભાવી (સાથે જ રહેતું) સમ્યગ્જ્ઞાન નિશ્ચય-વ્યવહાર બંનેને બરાબર જાણીને વિવેક કરે છે. નિશ્ચય-વ્યવહાર બંનેને ન જાણે તો જ્ઞાન પ્રમાણ (સમ્યક્) થતું નથી. વ્યવહારના

આશ્રયથી લાભ માને તો શ્રદ્ધા-જ્ઞાન બંને ખોટાં છે. જ્ઞાન નિશ્ચય-વ્યવહારનો વિવેક કરે છે, તેથી તે સમ્યક્ છે.

## (૬) સમ્યગ્દર્શનનો વિષય શું? મોક્ષનું પરમાર્થ કારણ કોણ?

સમ્યગ્દર્શનના વિષયમાં મોક્ષપર્યાય અને દ્રવ્ય એવા ભેદ નથી, દ્રવ્ય જે પરિપૂર્ણ છે તે સમ્યગ્દર્શનને માન્ય છે. બંધ-મોક્ષ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. બંધ-મોક્ષની પર્યાય, સાધકદશાના ભંગ-ભેદ એ બધાને સમ્યગ્જ્ઞાન જાણે છે. સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ દ્રવ્ય છે, તે જ મોક્ષનું પરમાર્થ કારણ છે. પંચમહાવ્રતાદિને કે વિકલ્પને મોક્ષનું કારણ કહેવું તે તો સ્થૂળ વ્યવહાર છે, અને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધક અવસ્થાને મોક્ષનું કારણ કહેવું તે પણ વ્યવહાર છે કેમ કે પૂર્વની સાધક અવસ્થાનો પણ જ્યારે અભાવ થાય છે ત્યારે મોક્ષદશા પ્રગટે છે, એટલે તે પણ અભાવરૂપ કારણ છે માટે વ્યવહાર છે.

ત્રિકાળી અખંડ વસ્તુ છે તે જ મોક્ષનું નિશ્ચયકારણ છે; પરંતુ પરમાર્થે તો વસ્તુમાં કારણ-કાર્યના ભેદ પણ નથી, કાર્ય-કારણના ભેદ પણ વ્યવહાર છે. એક અખંડ વસ્તુમાં કાર્ય-કારણના ભેદના વિચારથી વિકલ્પ આવે છે તેથી તે પણ વ્યવહાર છે; છતાં વ્યવહારપણે પણ કાર્ય-કારણ એવા ભેદ છે ખરા, જો કાર્ય-કારણ ભેદ સર્વથા ન જ હોય તો મોક્ષદશા પ્રગટાવવાનું પણ કહી શકાય નહિ. એટલે અવસ્થામાં સાધક-સાધ્યના ભેદ છે, પરંતુ અભેદના લક્ષ વખતે વ્યવહારનું લક્ષ હોય નહિ કેમ કે વ્યવહારના લક્ષમાં ભેદ આવે છે અને ભેદના લક્ષે પરમાર્થ-અભેદસ્વરૂપ લક્ષમાં આવતું નથી; સમ્યગ્દર્શનના વિષયમાં ભેદ નથી, એકરૂપ અભેદ વસ્તુ જ સમ્યગ્દર્શનનો વિષય છે.

## (૭) સમ્યગ્દર્શન એ જ શાંતિનો ઉપાય છે.

અનાદિથી આત્માના અખંડ રસને સમ્યગ્દર્શન વડે જાણ્યો નથી એટલે પરમાં વિકલ્પમાં જીવ રસ માની રહ્યો છે. પણ હે જીવ! હું અખંડ એકરૂપ સ્વભાવ છું, તેમાં જ મારો રસ છે, પરમાં ક્યાંય મારો રસ નથી

—એમ સ્વભાવદૃષ્ટિના જોરે એકવાર બધાને નીરસ બનાવી દે. શુભવિકલ્પ ઊઠે તે પણ મારી શાંતિનું સાધન નથી, મારી શાંતિ મારા સ્વરૂપમાં છે, આમ સ્વરૂપના રસના અનુભવમાં સમસ્ત સંસારને નીરસ બનાવી દે,—એમ કરવાથી તને સહજાનંદ સ્વરૂપના અમૃતરસની અપૂર્વ શાંતિનો અનુભવ પ્રગટ થશે. તેનો ઉપાય સમ્યગ્દર્શન જ છે.

## (૮) સંસારનો અભાવ સમ્યગ્દર્શનથી જ થાય છે.

અનંતકાળથી અનંત જીવો સંસારમાં રખડે છે અને અનંતકાળમાં અનંત જીવો સમ્યગ્દર્શન વડે પૂર્ણ સ્વરૂપનું ભાન કરીને મુક્તિ પામ્યા છે. જીવોએ સંસારપક્ષ તો અનાદિથી ગ્રહણ કર્યો છે, પરંતુ સિદ્ધનો પક્ષ કદી ગ્રહણ કર્યો નથી. હવે સિદ્ધનો પક્ષ કરીને એટલે કે પોતાના સિદ્ધસ્વરૂપને જાણીને તેના આશ્રયે સંસારનો અભાવ કરવાના ટાણાં આવ્યાં છે....અને તેનો ઉપાય એક માત્ર સમ્યગ્દર્શન જ છે.

❁

### ❁ સમ્યગ્દર્શનરૂપી પવિત્ર ભૂમિ ❁

**न दुःखबीजं शुभदर्शनक्षितौ कदाचन् क्षिप्रमपि प्ररोहति ।**
**सदाप्युनुप्तं सुखबीजमुत्तमं कुदर्शने तद्विपरीतमिष्यते ।।**

સમ્યગ્દર્શનરૂપી ભૂમિમાં કદાચિત્ દુઃખના બીજ પડી જાય તો પણ તે પવિત્રભૂમિમાં તે બીજ કદી પણ શીઘ્ર અંકુરિત થતા નથી, તેના અંકુર ઉત્પન્ન થયા પહેલાં જ તે પવિત્રભૂમિનો (સમ્યગ્દર્શનનો) પ્રતાપ તેને બાળી નાંખે છે; અને તે પાવનભૂમિમાં સુખનાં બીજ તો વાવ્યા વગર પણ સદાય ઉત્પન્ન થયા કરે છે, પરંતુ મિથ્યાદર્શનરૂપી કુભૂમિમાં બરાબર તેનાથી વિપરીત ફળ થાય છે. અર્થાત્ મિથ્યાદર્શનરૂપી ભૂમિમાં કદાચિત્ સુખના બીજ વાવવામાં આવે તો પણ તે અંકુરિત થતા નથી પણ બળી જાય છે અને દુઃખનાં બીજ તો વાવ્યા વગર પણ ઉત્પન્ન થાય છે.—માટે સુખને અર્થે સમ્યક્ત્વભૂમિનું સેવન કરવું. *(સાગરધર્મામૃત પૃ. ૨૫)*

# હે ભવ્ય! આટલું તો જરૂર કરજે

આચાર્યદેવ સમ્યગ્દર્શન ઉપર ખાસ ભાર મૂકીને કહે છે કે હે ભાઈ, તારાથી વિશેષ ન થાય તો ઓછામાં ઓછું તું સમ્યગ્દર્શન તો અવશ્ય કરજે. સમ્યગ્દર્શન વગર કોઈ રીતે તારું કલ્યાણ થવાનું નથી. ચારિત્ર કરતાં સમ્યગ્દર્શનમાં અલ્પ પુરુષાર્થ છે. માટે તું એ સમ્યગ્દર્શન તો અવશ્ય કરજે.

સમ્યગ્દર્શનનો એવો સ્વભાવ છે કે જે જીવ તેને ધારણ કરે તે જીવ ક્રમે ક્રમે શુદ્ધતા વધારીને અલ્પકાળે મુક્તદશા પ્રગટ કરે છે, જીવને તે લાંબો કાળ સંસારમાં રહેવા દેતું નથી. આત્મકલ્યાણનું મૂળ કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે પૂર્ણ મોક્ષમાર્ગ છે. હે ભાઈ, જો તારાથી સમ્યગ્દર્શનપૂર્વક રાગ છોડીને ચારિત્રદશા પ્રગટ થઈ શકે તો તે ઉત્તમ છે અને એ જ કરવાયોગ્ય છે; પણ જો તારાથી ચારિત્રદશા પ્રગટ ન થઈ શકે તો છેવટમાં છેવટ આત્મસ્વભાવની યથાર્થ શ્રદ્ધા તો જરૂર કરજે. એ શ્રદ્ધામાત્રથી પણ અવશ્ય તારું કલ્યાણ થશે.

સમ્યગ્દર્શન માત્રથી પણ તારું આરાધકપણું ચાલું રહેશે. વીતરાગદેવે કહેલા વ્યવહારની લાગણી ઊઠે તેને પણ બંધન માનજે. પર્યાયમાં રાગ થાય છતાં એમ પ્રતીત રાખજે કે રાગ મારો સ્વભાવ નથી અને એ રાગ વડે મને ધર્મ નથી. આમ રાગરહિત સ્વભાવની શ્રદ્ધાપૂર્વક જો રાગરહિત ચારિત્રદશા થઈ શકે તો તો તે પ્રગટ કરીને સ્વરૂપમાં ઠરી જજે; પણ જો તેમ ન થઈ શકે અને રાગ રહી જાય તો તે રાગને મોક્ષનો હેતુ ન માનીશ, રાગથી ભિન્ન તારા ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા રાખજે.

કોઈ એમ માને કે પર્યાયમાં રાગ હોય ત્યાં સુધી રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કેમ થઈ શકે? પહેલાં રાગ ટળી જાય પછી રાગરહિત સ્વભાવની શ્રદ્ધા થાય. એ રીતે જે જીવ રાગને જ પોતાનું સ્વરૂપ માનીને

સમ્યક્શ્રદ્ધા પણ કરતો નથી તેને આચાર્ય ભગવાન કહે છે કે હે જીવ! તું પર્યાયદૃષ્ટિથી રાગને તારું સ્વરૂપ માની રહ્યો છે; પણ પર્યાયમાં રાગ હોવા છતાં તું પર્યાયદૃષ્ટિ છોડીને સ્વભાવદૃષ્ટિથી જો, તો તારા રાગરહિત સ્વરૂપનો તને અનુભવ થાય; જે વખતે ક્ષણિક પર્યાયમાં રાગ છે તે વખતે જ રાગરહિત ત્રિકાળીસ્વભાવ છે. તે સ્વભાવની તું પ્રતીતિ રાખજે. એ પ્રતીતિના જોરે રાગ અલ્પકાળે ટળી જશે, પણ એ પ્રતીતિ વગર રાગ ટળવાનો નથી.

'પહેલાં રાગ ટળી જાય તો હું રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કરું' —એમ નહિ. પણ આચાર્યદેવ કહે છે કે પહેલાં તું રાગરહિતસ્વભાવની શ્રદ્ધા કર તો તે સ્વભાવની એકાગ્રતા વડે રાગ ટળે. 'રાગ ટળે તો શુદ્ધાત્માની શ્રદ્ધા કરું, એવી જેની માન્યતા છે તેને સ્વભાવદૃષ્ટિ નથી, અને તે મોક્ષમાર્ગના ક્રમને જાણતો નથી; કેમ કે તે સમ્યક્શ્રદ્ધા પહેલાં સમ્યક્ચારિત્રને ઈચ્છે છે. રાગરહિત સ્વભાવની પ્રતીતિ કરે, તો રાગ ટળે; મારો સ્વભાવ રાગરહિત છે એવા વીતરાગી અભિપ્રાયપૂર્વક (સ્વભાવના લક્ષે અર્થાત્ દ્રવ્યદૃષ્ટિથી) જે પરિણમન થયું તેમાં ક્ષણે ક્ષણે રાગ તૂટતો જાય છે, અને રાગનો અલ્પકાળે નાશ થાય છે; એ સમ્યગ્દર્શનનો મહિમા છે. પણ જો પર્યાયદૃષ્ટિ જ રાખીને પોતાને રાગવાળો માની લ્યે તો રાગ ટળે કઈ રીતે? 'હું રાગી છું' એવા રાગીપણાના અભિપ્રાયપૂર્વક (વિકારના લક્ષે અર્થાત્ પર્યાયદૃષ્ટિથી) જે પરિણમન થાય તેમાં તો રાગની જ ઉત્પત્તિ થયા કરે, પણ રાગ ટળે નહિ. તેથી પર્યાયમાં રાગ હોવા છતાં તે જ વખતે પર્યાયદૃષ્ટિ છોડીને સ્વભાવદૃષ્ટિથી રાગરહિત ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા કરવાનું આચાર્ય ભગવાન જણાવે છે; અને એ જ મોક્ષમાર્ગનો ક્રમ છે.

આત્માર્થીનું પહેલું કર્તવ્ય એ છે કે પર્યાયમાં રાગ ન છૂટી શકે તોપણ 'મારું સ્વરૂપ રાગરહિત જ છે' એવી શ્રદ્ધા તો અવશ્ય કરે. આચાર્યદેવ કહે છે કે જો તારાથી થઈ શકે તો સમ્યગ્દર્શન જ્ઞાન ઉપરાંત ચારિત્રદશા પણ ધારણ કરજે પણ જો ચારિત્ર ન થઈ શકે તો શ્રદ્ધામાં

ગોટા વાળીશ નહિ, તારા સ્વભાવને અન્યથા માનીશ નહિ, રાગને મોક્ષમાર્ગ માની ન લઈશ. રાગ હોય તે અલ્પદોષ છે, ને રાગને મોક્ષમાર્ગ માનવો તે તો મિથ્યાત્વરૂપ મહાદોષ છે.

હે જીવ! તું તારા સ્વભાવને તો સ્વીકાર, જેવો સ્વભાવ છે તેવો માન તો ખરો. જેણે પૂરા સ્વભાવને સ્વીકારીને સમ્યગ્દર્શનને જાળવી રાખ્યું છે તે જીવ અલ્પકાળે સ્વભાવના જોરે સ્થિરતા પ્રગટ કરી મુક્ત થશે.

ખાસ પંચમકાળના જીવોને સંબોધીને આચાર્યભગવાન કહે છે કે, આ દગ્ધપંચમકાળમાં તું શક્તિરહિત હો તો પણ કેવળ શુદ્ધાત્મસ્વરૂપનું શ્રદ્ધાન તો અવશ્ય કરજે. આ પંચમકાળમાં સાક્ષાત્ મુક્તિ નથી પણ ભવભયનો નાશ કરનાર એવો પોતાનો સ્વભાવ છે, તેની શ્રદ્ધા કરવી એ નિર્મળ બુદ્ધિમાન જીવોનું કર્તવ્ય છે. તારા ભવરહિત સ્વભાવની શ્રદ્ધાથી તું અલ્પકાળમાં ભવરહિત થઈ જઈશ. માટે હે ભાઈ! પહેલાં તું કોઈપણ ઉપાયે–પરમ પુરુષાર્થ વડે સમ્યગ્દર્શન પ્રગટ કર.

**પ્રશ્ન** :–આપ સમ્યગ્દર્શનનું અપાર માહાત્મ્ય બતાવો છો એ તો બરાબર છે, એ જ કરવા જેવું છે, પણ એનું સ્વરૂપ ન સમજાય તો શું કરવું?

**ઉત્તર** :–સમ્યગ્દર્શન વગર આત્મકલ્યાણનો બીજો કોઈ ઉપાય ત્રણકાળ, ત્રણલોકમાં નથી; માટે જ્યાં સુધી સમ્યગ્દર્શનનું સ્વરૂપ ન સમજાય ત્યાં સુધી એનો જ અભ્યાસ નિરંતર કર્યા કરવો, આત્મસ્વભાવની સાચી સમજણનો જ પ્રયત્ન કર્યા કરવો એ જ સરળ અને સાચો ઉપાય છે. જો તને આત્મસ્વભાવની સાચી રુચિ છે અને સમ્યગ્દર્શનનો મહિમા જાણીને તેની ઝંખના થઈ છે તો તારો સમજણનો પ્રયત્ન નકામો નહિ જાય. સ્વભાવની રુચિપૂર્વક જે જીવ સત્ સમજવાનો અભ્યાસ કરે છે તે જીવને ક્ષણે ક્ષણે મિથ્યાત્વભાવ મંદ પડતો જાય છે. એક ક્ષણ પણ સમજણનો પ્રયત્ન નિષ્ફળ જતો નથી, પણ ક્ષણે ક્ષણે તેનું કાર્ય થયા જ કરે છે. સ્વભાવની હોંશથી જે સમજવા માગે છે

**તે જીવને અનંતકાળે નહિ થયેલી એવી નિર્જરા શરૂ થાય છે. શ્રી પદ્મનંદી આચાર્યદેવે તો કહ્યું છે કે—આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ જે જીવે પ્રસન્નચિત્તથી સાંભળી છે તે જીવ મુક્તિને લાયક છે.**

**માટે હે ભવ્ય! એટલું તો જરૂર કરજે.**

❁

## ❁ ધર્માત્માની સ્વરૂપ જાગૃતિ ❁

સમ્યગ્દષ્ટિ જીવને તો સદાય સ્વરૂપ જાગૃતિ વર્તતી હોય છે. સમ્યગ્દર્શન થયા પછી ગમે તેવા પ્રસંગમાં વર્તતા હોવા છતાં તે જીવને સ્વરૂપની અનાકુળતાનું અંશે વેદન તો થયા જ કરે છે; કોઈ પણ પ્રસંગમાં પરિણામનો વેગ એવો નથી હોતો કે જેથી નિરાકુળસ્વભાવના વેદનને તદ્દન ઢાંકીને એકલી આકુળતાનું જ વેદન રહે, સમ્યગ્દષ્ટિને પ્રતિક્ષણે નિરાકુળસ્વભાવ અને આકુળતા વચ્ચે ભેદજ્ઞાન વર્તે છે અને તેના ફળરૂપે પ્રતિક્ષણે નિરાકુળસ્વભાવ અને આકુળતા વચ્ચે ભેદજ્ઞાન વર્તે છે અને તેના ફળરૂપે પ્રતિક્ષણે નિરાકુળસ્વરૂપનું અંશે વેદન તેઓ કરે છે. આવું ચોથા ગુણસ્થાને વર્તતા ધર્માત્માનું સ્વરૂપ છે. બહારની ક્રિયા ઉપરથી સ્વરૂપજાગૃતિનું માપ કાઢી શકાતું નથી. શરીરથી શાંત બેઠો હોય તો જ અનાકુળતા કહેવાય અને લડાઈ કરતા દેખાય તે વખતે અનાકુળતા જરાય હોઈ જ ન શકે—એમ નથી. અજ્ઞાની જીવ બહારથી શાંત બેઠેલો દેખાય છતાં અંતરમાં તો તે વિકારમાં જ તન્મય વર્તતો હોવાથી એકાંતપણે આકુળતા જ સ્વરૂપજાગૃતિ જરાય નથી. અને જ્ઞાની જીવો લડાઈ વખતે પણ અંતરમાં તે ભોગવે છે,—તેને વિકારભાવ સાથે તન્મયપણે વર્તતા નથી, તેથી તે વખતે પણ તેમને અંશે આકુળતારહિત શાંતિનું વેદન હોય છે —એટલી સ્વરૂપજાગૃતિ તો ધર્માત્માને વર્તતી જ હોય છે. આવી સ્વરૂપ-જાગૃતિ તે ધર્મ છે.

# મિથ્યાત્વનું મહાપાપ તે કેમ ટળે?

પરદ્રવ્ય પ્રત્યે એકત્વબુદ્ધિથી રાગ હોવા છતાં જે જીવ 'હું સમ્યગ્દષ્ટિ છું, મને બંધ થતો નથી' એમ માને છે તેને સમ્યક્ત્વ કેવું? તે વ્રત-સમિતિ પાળે તોપણ સ્વ-પરનું જ્ઞાન નહિ હોવાથી તે પાપી જ છે, કેમ કે મિથ્યાત્વનું મહાપાપ તેને ટળતું નથી. પોતાને બંધ નથી થતો એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તે તે વળી સમ્યગ્દષ્ટિ કેવો?

અહીં, કોઈ પૂછે કે "વ્રત-સમિતિ તો શુભ કાર્ય છે, તો પછી વ્રત -સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો?" તેનું સમાધાન :– સિદ્ધાંતમાં મોટું પાપ મિથ્યાત્વને જ કહ્યું છે; જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે. વળી, વ્યવહારનયની પ્રધાનતામાં વ્યવહારી જીવોને અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભ ક્રિયાને કથંચિત્ પુણ્ય પણ કહેવાય છે. આમ કહેવાથી સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.

સાચા દેવ-ગુરુ-ધર્મને માટે તન-મન-ધન સર્વસ્વ અર્પણ કરે, માથું કપાઈ જાય તો ય કુદેવ-કુગુરુ-કુધર્મને ન માને, શરીર બાળી નાખે તોય મનમાં ક્રોધ ન કરે અને પરિગ્રહમાં વસ્ત્રનો તાણોય ન રાખે–છતાં –આત્માની ઓળખાણ વગર જીવની દૃષ્ટિ પર ઉપર અને શુભરાગ ઉપર રહી જાય છે તેથી તેને મિથ્યાત્વનું મહાપાપ ટળતું નથી. સ્વભાવને અને રાગને તેમનાં ચોક્કસ લક્ષણો વડે જુદા ઓળખવા તે જ સમ્યગ્દર્શનનું સાચું કારણ છે. નિમિત્તને અનુસરતો ભાવ અને ઉપાદાનને અનુસરતો ભાવ તે બંને જુદા છે. શરૂઆતમાં કહ્યા તે બધા ભાવો નિમિત્તને અનુસરતા છે, નિમિત્ત ફર્યું તેથી સમ્યગ્દર્શન થતું નથી પણ નિમિત્તના લક્ષને ફેરવીને શુદ્ધ ઉપાદાનમાં લક્ષ કરે તો સમ્યગ્દર્શન થાય છે, ને મિથ્યાત્વનું મહાપાપ ટળે છે. નિમિત્તના લક્ષે બંધન છે, ઉપાદાનના લક્ષે મુક્તિ છે.

*(માગશર સુદ ૯ સં. ૨૦૦૨ સમયસાર પા. ૨૫૬)*

# સમ્યગ્દર્શન વગર બધું કર્યું... ...પણ તેથી શું?

(આત્મ-અનુભવ પ્રગટ કરવાનો ઉપાય બતાવતું
સમયસાર ગાથા ૧૪૨ ઉપરનું એક સુંદર વ્યાખ્યાન)

આત્મકલ્યાણનો ઉપાય શું છે તે બતાવાય છે. વિકલ્પમાત્રનું અવલંબન છોડીને શુદ્ધાત્મસ્વભાવના અનુભવ દ્વારા જ્યાં સુધી જીવ સમ્યગ્દર્શન પ્રગટ ન કરે ત્યાં સુધી તેનું કલ્યાણ થાય નહિ. શુદ્ધાત્મસ્વરૂપનો અનુભવ કર્યા વગર જીવ જે કાંઈ કરે તે બધું વ્યર્થ છે, તેનાથી આત્મકલ્યાણ થતું નથી. માટે હે જીવો! આ માનવજીવનની સફળતા કરવા સત્સમાગમે નિરંતર સમ્યક્ત્વનો અતીવ ઉદ્યમ કરો.

કોઈ જીવો એમ માને કે આપણને પાંચ લાખ રૂપિયા મળી જાય તો આપણે સુખી થઈએ. પણ જ્ઞાની કહે છે કે ભાઈ, પાંચ લાખ રૂપિયા મળ્યા તેથી આત્માને શું? શું રૂપિયામાં આત્માનું સુખ છે? રૂપિયા તો જડ છે, તે કાંઈ આત્મામાં પ્રવેશી જતાં નથી, ને તેમાં કાંઈ આત્માનું સુખ નથી. સુખ તો આત્મસ્વભાવમાં છે, તે સ્વભાવને અનુભવ્યો નથી તો રૂપિયા મળે તેથી શું? આત્માના સ્વભાવનું ભાન નથી તેથી રૂપિયામાં જ સુખ માનીને રૂપિયાના લક્ષે ઊલટો આકુળતાનું જ વેદન કરીને દુઃખી થશે.

**પ્રશ્ન** :—આત્માનો અનુભવ ન થાય ત્યાં સુધી વ્રત-તપ કરે તો કલ્યાણ થાય ને?

**ઉત્તર** :—આત્માના ભાન વગર વ્રત-તપાદિના શુભરાગ કરે તેથી શું? એ તો રાગ છે, તેનાથી આત્માને બંધન છે. તેમાં ધર્મ માનવાથી

મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. આત્માના અનુભવ વગર કોઈ રીતે સુખ નથી, ધર્મ નથી, કલ્યાણ નથી.

**પ્રશ્ન** :–બધી સગવડતાવાળા મોટા બંગલા કરાવીને તેમાં રહે તો સુખી થાય ને?

**ઉત્તર** :–મોટા બંગલામાં રહે તેથી શું? શું બંગલામાંથી આત્માનું સુખ આવે છે? બંગલો તો જડ પથરાનો છે, આત્મા કાંઈ તેમાં પ્રવેશી જતો નથી. આત્મા તો પોતાની પર્યાયમાં વિકારને ભોગવે છે, પોતાના સ્વભાવને ભૂલીને બંગલામાં સુખ માન્યું તે જ મહા પરાધીનતા ને દુઃખ છે; પછી તે જીવને બહારમાં મોટા બંગલાનો સંયોગ હોય તો તેથી આત્માને શું? કોઈ જીવ સમ્યગ્દર્શન વગર ત્યાગી થાય ને વ્રત અંગીકાર કરે, પણ તેથી શું? સમ્યગ્દર્શન વગર તેને ધર્મ નથી.

કોઈ જીવ શાસ્ત્રના જ્ઞાન વડે આત્માનું જાણપણું કરે, અર્થાત્ 'હું શુદ્ધ છું, સ્વરૂપમાં રાગ-દ્વેષ નથી, આત્મા પરદ્રવ્યથી જુદો છે ને પરનું કાંઈ કરી શકતો નથી' એ પ્રમાણે શાસ્ત્ર વાંચીને અને શ્રવણ કરીને જાણે, પણ વિકલ્પરહિત થઈને તેવો અનુભવ પ્રગટ ન કરે, તો આચાર્યભગવાન કહે છે કે તેથી શું? એ તો પરને લક્ષે જાણપણું થયું, એવું જાણપણું તો અનંતસંસારી અજ્ઞાની જીવ પણ કરે છે; સ્વસન્મુખ પુરુષાર્થ વડે વિકલ્પનું અવલંબન તોડીને પોતે જાતે સ્વાનુભવ ન કરે ત્યાં સુધી જીવને સમ્યગ્દર્શન થાય નહિ અને સમ્યગ્દર્શન વગર કલ્યાણ થાય નહિ.

સમયસારની ૧૪૧મી ગાથામાં કહ્યું કે–'જીવમાં કર્મ બંધાયેલું છે તથા સ્પર્શાયેલું છે એવું વ્યવહારનયનું કથન છે અને જીવમાં કર્મ અણબંધાયેલું, અણસ્પર્શાયેલું છે એવું શુદ્ધનયનું કથન છે.' 'ટીકા :.....જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે એવો વ્યવહારનયનો પક્ષ છે....જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે.' ''પણ તેથી શું? જે આત્મા તે બંને નયપક્ષોને ઓળંગી ગયો તે જ સમયસાર છે,–એમ હવે ૧૪૨મી ગાથામાં કહે છે :—

(આ ગાથા તથા તેની ટીકા સમયસારમાંથી વાંચી લેવી.)

પરદ્રવ્યોના સંયોગ-વિયોગથી આત્માને લાભ થાય—એ માન્યતાનો તો પહેલાં જ નકાર કર્યો. અને પુણ્યથી ધર્મ થાય એવી સ્થૂળ ખોટી માન્યતાનો પણ નકાર કર્યો; એ રીતે પર તરફના વિચારને અને સ્થૂળ ખોટી માન્યતાને પણ છોડીને હવે જે સ્વતરફ ઢળવા માંગે છે એવા જીવને વિકલ્પ છોડાવીને અનુભવ કરાવવા માટે આચાર્યદેવે આ (૧૪૨મી) ગાથા જણાવી છે. બીજા પદાર્થોનો વિચાર છોડીને એક આત્મામાં બે પડખાંના વિચારમાં રોકાણો, પણ આચાર્યદેવ કહે છે કે તેથી શું? જ્યાં સુધી તે વિકલ્પના અવલંબનમાં રોકાશે ત્યાં સુધી ધર્મ નથી, માટે જેવો સ્વભાવ છે તેવો જ અનુભવ કર. અનુભવ કરનારી પર્યાય પોતે દ્રવ્યમાં લીન-એકાકાર થઈ જાય છે અને તે વખતે વિકલ્પ તૂટી જાય છે; આવી દશા તે જ 'સમયસાર' છે, તે જ સમ્યગ્દર્શન છે ને તે જ સમ્યગ્જ્ઞાન છે.

પરવસ્તુમાં સુખ છે, કે પરનું કાર્ય હું કરી શકું ને મારું કાર્ય પરથી થાય—એ તો સ્થૂળ મિથ્યા માન્યતા છે; 'હું શુદ્ધ આત્મા છું ને રાગ મારું સ્વરૂપ નથી' એવા રાગમિશ્રિત વિચાર કરવા તે પણ ધર્મ નથી, એ રાગનું અવલંબન પણ છોડીને આત્મસ્વભાવનો અનુભવ કરવો તે ધર્મ છે. એક વખત વિકલ્પ તોડીને શુદ્ધસ્વભાવનો અનુભવ કર્યા પછી જે વિકલ્પ ઊઠે તે વિકલ્પોમાં સમ્યગ્દૃષ્ટિ જીવને એકત્વબુદ્ધિ હોતી નથી, તેથી તે વિકલ્પો માત્ર અસ્થિરતારૂપ દોષ છે, પરંતુ તે સમ્યગ્જ્ઞાનને મિથ્યા કરતા નથી; કેમ કે વિકલ્પ વખતે પણ સમ્યગ્દૃષ્ટિને તેનો નિષેધ વર્તે છે, ને શુદ્ધસ્વભાવમાં એકત્વ વર્તે છે.

કેટલાક અજ્ઞાનીઓ એમ શંકા કરે છે કે જો જીવને સમ્યગ્દર્શન થયું હોય, ને આત્માનું ભાન થયું હોય, તો ખાવા-પીવા વગેરેનો રાગ કેમ થાય? પણ જ્ઞાની કહે છે કે સમ્યગ્દૃષ્ટિને રાગ થાય તેથી શું?—એ રાગ વખતે તેનો નિષેધ કરનાર સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન વર્તે છે કે નહિ? જે રાગ થાય છે તે શ્રદ્ધા-જ્ઞાનને મિથ્યા કરતો નથી. જ્ઞાનીને ચારિત્રની કચાસથી રાગ થાય છે. ત્યાં અજ્ઞાની તે રાગને જ જુએ છે, પરંતુ રાગનો નિષેધ કરનાર શ્રદ્ધા-જ્ઞાનને તે ઓળખતો નથી.

મિથ્યાદૃષ્ટિ જીવ સ્વભાવનો અનુભવ કરવા માટે એમ વિચારે છે કે 'સ્વભાવથી હું અબંધ નિર્દોષ તત્ત્વ છું ને પર્યાયદૃષ્ટિથી બંધાયેલો છું'–એ રીતે મનના અવલંબને શાસ્ત્રના લક્ષે રાગરૂપ વૃત્તિનું ઉત્થાન કરે છે, પરંતુ સ્વભાવના અવલંબને તે રાગરૂપ વૃત્તિ તોડીને અનુભવ કરતો નથી, ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન થતું નથી.

કોઈ જીવ જૈનદર્શનના ઘણા શાસ્ત્રો ભણીને–વાંચીને મોટો પંડિત થયો, કે કોઈ જીવે ઘણા વખતથી ત્યાગી થઈને શુભરાગમાં ધર્મ માની લીધો, પણ જ્ઞાનીઓ કહે છે કે તેથી શું?–એમાં ક્યાં ધર્મ છે? સમ્યગ્દર્શન વગર કોઈ રીતે ધર્મ થતો નથી. પરના અવલંબનમાં અટકીને ધર્મ માનવો એ તો મિથ્યાદૃષ્ટિના કામ છે. રાગમાત્રનું અવલંબન છોડીને સ્વભાવના આશ્રયે નિર્ણય અને અનુભવ કરવો તે જ સમ્યગ્દૃષ્ટિનો ધર્મ છે. અને ત્યાર પછી જ ચારિત્રદશા હોય છે. રાગનું અવલંબન તોડીને આત્મસ્વભાવનો નિર્ણય અને અનુભવ ન કરે અને દાન, દયા, શીલ, તપ વગેરે બધુંય કરે તો તેથી શું? એ તો બધો રાગ છે, તેમાં ધર્મ નથી.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, રાગસ્વરૂપ નથી. જ્ઞાનસ્વરૂપમાં વૃત્તિનું ઉત્થાન જ નથી, 'હું ત્રિકાળ અબંધ છું' એવો વિકલ્પ પણ જ્ઞાનસ્વરૂપમાં નથી. જોકે નિશ્ચયથી આત્મા ત્રિકાળ અબંધસ્વરૂપ જ છે–એ વાત તો એમ જ છે, પરંતુ જે અબંધસ્વભાવ છે તે 'હું અબંધ છું' એવા વિકલ્પની અપેક્ષા રાખતો નથી, એટલે 'અબંધ છું' એવા વિકલ્પનું અવલંબન અબંધસ્વભાવની શ્રદ્ધાને નથી. વિકલ્પ તે તો રાગ છે, વિકાર છે, તે આત્મા નથી; તે વિકલ્પના અવલંબને આત્માનો અનુભવ થતો નથી.

'હું અબંધસ્વરૂપ છું' એવા વિચારોનું અવલંબન તે નિશ્ચયનયનો પક્ષ (રાગ) છે અને 'હું બંધાયેલો છું' એવા વિચારોનું અવલંબન તે વ્યવહારનો પક્ષ (રાગ) છે. આ નયપક્ષમાં અટકે ત્યાં સુધી મિથ્યાત્વ છે. આ વિકલ્પરૂપ નિશ્ચયનયનો પક્ષ જીવે પૂર્વે અનંતવાર કર્યો છે, પરંતુ સ્વભાવના આશ્રયરૂપ નિશ્ચયનય જીવને કદી પ્રગટ્યો નથી. સમયસારની ૧૧મી ગાથાના ભાવાર્થમાં કહ્યું છે કે 'જીવને શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો

નથી' ત્યા શુદ્ધનયનો પક્ષ, કહ્યો છે તે મિથ્યાત્વરૂપ કે રાગરૂપ નથી, કેમ કે ત્રિકાળ શુદ્ધસ્વભાવનો આશ્રય કરવો તેને જ ત્યાં 'શુદ્ધનયનો પક્ષ' કહ્યો છે અને તે જ સમ્યગ્દર્શન છે. ત્યાં જેને શુદ્ધનયનો પક્ષ કહ્યો છે તેને અહીં 'નયાતિક્રાંત' કહેલ છે, અને તે મુક્તિનું કારણ છે; તથા અગીયારમી ગાથામાં 'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિથી જ છે' એમ કહ્યું છે; ત્યાં જેને વયવહારનો પક્ષ કહ્યો છે તેમાં, આ ગાથામાં કહેલા બંને પક્ષનો સમાવેશ થઈ જાય છે. નિશ્ચયનયના વિકલ્પનો પક્ષ કરવો તે પણ ભેદરૂપ વ્યવહારનો જ પક્ષ છે, માટે તે પણ મિથ્યાત્વ છે. જેવો શુદ્ધસ્વભાવ છે તેવા સ્વભાવનો આશ્રય કરવો તે સમ્યગ્દર્શન છે, પણ 'શુદ્ધસ્વભાવ છું' એવા વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ કરવી તે મિથ્યાત્વ છે. આત્મા રાગસ્વરૂપ છે એવો પક્ષ તે તો વ્યવહારનો પક્ષ છે—સ્થૂળ મિથ્યાત્વ છે; અને 'આત્મા શુદ્ધસ્વરૂપ છે' એવા વિકલ્પમાં અટકવું તે વિકલ્પાત્મક નિશ્ચયનયનો પક્ષ છે—રાગનો પક્ષ છે. શ્રી આચાર્યદેવ કહે છે કે 'હું શુદ્ધ છું' એવા વિકલ્પના અવલંબને આત્માનો વિચાર કર્યો તેથી શું? આત્માનો સ્વભાવ તો વચન અને વિકલ્પાતીત છે. આત્મા શુદ્ધ ને પરિપૂર્ણ સ્વભાવી છે, તે સ્વભાવ પોતાથી જ છે, પણ શાસ્ત્રના આધારે કે વિકલ્પના આધારે તે સ્વભાવ નથી; અને તેથી તે સ્વભાવનો અનુભવ (નિર્ણય) કરવા માટે કોઈ શાસ્ત્રના લખાણ કે વિકલ્પના આશ્રયની જરૂર નથી, પણ સ્વભાવના જ આશ્રયની જરૂર છે. સ્વભાવનો અનુભવ કરવા જતાં 'હું શુદ્ધ છું' ઈત્યાદિ વિકલ્પ વચ્ચે આવી જાય છે, પરંતુ તે વિકલ્પમાં અટકે ત્યાં સુધી અનુભવ થતો નથી, જો વિકલ્પ તોડીને નયાતિક્રાંત થઈને સ્વભાવનો આશ્રય કરે તો સમ્યક્‌નિર્ણય ને અનુભવ થાય; તે જ ધર્મ છે.

જેમ તિજોરીમાં પડેલા લાખ રૂપિયા હિસાબ-નામાની અપેક્ષાથી કે ગણતરીના વિચારને લીધે ટકતા નથી, પણ જેટલા રૂપિયા છે તે સ્વયં જ છે; તેમ આત્મસ્વભાવનો અનુભવ શાસ્ત્રના આધારે નથી તેમ જ તેના વિકલ્પ વડે પણ થતો નથી. અનુભવ તો સ્વભાવના જ આશ્રયે છે. ખરેખર સ્વભાવ અને સ્વભાવની અનુભૂતિ અભેદ થવાથી એક જ છે, જુદાં નથી.

અને જેમ કોઈ પાસે રૂપિયાની મૂડી હોય નહિ પણ માત્ર નામું લખ્યા કરે ને વિચાર કર્યા કરે, તેથી કાંઈ તેની પાસે મૂડી થઈ જાય નહિ, તેમ આત્મસ્વભાવના આશ્રય વગર, માત્ર શાસ્ત્ર વાંચવાથી કે આત્માસંબંધી વિકલ્પ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે નહિ.

'શાસ્ત્રોમાં આત્માનો સ્વભાવ સિદ્ધ જેવો શુદ્ધ કહ્યો છે' એમ માત્ર શાસ્ત્રોથી માને તેને યથાર્થ નિર્ણય નથી, શાસ્ત્રોમાં કહ્યું છે માટે આત્મા શુદ્ધ છે–એમ નહિ; આત્માનો સ્વભાવ શુદ્ધ છે તેને શાસ્ત્રોની અપેક્ષા નથી. માટે સ્વભાવના જ આશ્રયે સ્વભાવનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન છે.

આત્મસ્વભાવને અનુભવ્યા વગર કર્મગ્રંથો ભણે તેથી શું?–અને અધ્યાત્મગ્રંથો વાંચી જાય તો તેથી પણ શું? એ કોઈ કાર્યથી આત્માનો ધર્મ થતો નથી. આત્મા કર્તા છે, તે કેવું કર્મ કરે (અર્થાત્ કેવું કાર્ય કરે) તો તેને ધર્મ થાય તે આ કર્તા-કર્મ અધિકારમાં બતાવ્યું છે. આત્મા જડકર્મ બાંધે અને કર્મો આત્માને નડે–એ વાત તો અહીં છે જ નહિ. પરંતુ 'હું શુદ્ધ છું' એવો જે મનનો વિકલ્પ તે પણ ધર્માત્માનું કાર્ય નથી. પણ સ્વભાવનો અનુભવ સ્વભાવના જ આશ્રયથી થાય છે, માટે શુદ્ધસ્વભાવનો આશ્રય તે જ ધર્માત્માનું કાર્ય છે.

'આત્મા શુદ્ધ છે, રાગ મારું સ્વરૂપ નથી' એવા વિચારરૂપ રાગનું અવલંબન પણ સમ્યગ્દર્શનમાં નથી, તો પછી દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના રાગથી સમ્યગ્દર્શન થાય એ વાત ક્યાં રહી? અને પુણ્ય કરતાં કરતાં આત્માની ઓળખાણ થઈ જાય, કે સારા નિમિત્તના અવલંબનથી આત્માને ધર્મમાં મદદ મળે–એવી મિથ્યામાન્યતા તે પણ સમ્યગ્દર્શનથી દૂર છે. જેટલા પર તરફના શુભભાવ છે તે બધા ખરેખર રાગના રસ્તા છે, તે કોઈના આશ્રયે આત્મસ્વભાવનો નિર્ણય થતો નથી, કેમ કે આત્મસ્વભાવનો નિર્ણય તો અરાગી શ્રદ્ધા-જ્ઞાનરૂપ છે; વીતરાગી ચારિત્રદશા પ્રગટ્યા પહેલાં વીતરાગીશ્રદ્ધા ને વીતરાગીજ્ઞાન વડે સ્વભાવનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે અને એવો અનુભવ કરનાર જીવ જ 'સમયસાર' છે. એવો અનુભવ પ્રગટ ન કર્યો અને પર તરફના દયા, દાન,

ભક્તિ, વ્રત, જાત્રા વગેરે બધું કર્યું, તો તેથી શું?—એનાથી કાંઈ ભવભ્રમણનો અંત આવતો નથી.

**પ્રશ્ન** :—'સમ્યગ્દર્શન વગર વ્રત, તપ, દાન, ભક્તિ વગેરે કર્યા; તેથી શું?—એમ 'તેથી શું—તેથી શું?' કહીને તે બધાને ઉડાડો છો, અર્થાત્ તે દયાદિમાં ધર્મ મનાવતા નથી; તો અમે પૂછીએ છીએ કે આત્માની ઓળખાણ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, તેથી શું? શું માત્ર સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તેમાં જ બધું આવી ગયું?

**ઉત્તર** :—ભાઈ, સમ્યગ્દર્શન થયું તેમાં જ આખો આત્મા આવી જાય છે; સમ્યગ્દર્શન થતાં પરિપૂર્ણ આત્મસ્વભાવનો અનુભવ થાય છે; અનંતકાળે નહિ થયેલી એવી અપૂર્વ આત્મશાંતિનું વેદન વર્તમાનમાં થાય છે. જેવો આનંદ સિદ્ધ ભગવાનનો છે તેવી જ જાતના આનંદનો અંશ પોતાને વર્તમાનમાં અનુભવાય છે. સમ્યગ્દર્શન થતાં અલ્પકાળમાં તે જીવ સિદ્ધ થવાનો જ. વર્તમાનમાં જ પોતાના પરિપૂર્ણ સ્વભાવને પામીને સમ્યગ્દ્રષ્ટિ કૃતકૃત્ય થઈ જાય છે, અને પર્યાયમાં ક્ષણે ક્ષણે વીતરાગી આનંદની વૃદ્ધિ થતી જાય છે. સ્વપ્ને પણ તેઓ પરપદાર્થને પોતાનું માનતા નથી, ને પરમાં કે વિકારમાં સુખબુદ્ધિ હોતી નથી. આવું અપાર માહાત્મ્ય સમ્યગ્દર્શનનું છે. એ સમ્યગ્દર્શન જ આત્માના ધર્મનું મૂળ છે. માટે જ્ઞાનીઓ કહે છે કે એ સમ્યગ્દર્શન વગર જીવે બધું કર્યું, તેથી શું? સમ્યગ્દર્શન વગર બધું થોથાં છે, રણમાં પોક સમાન છે, એકડા વગરના મીંડા સમાન છે. એ સમ્યગ્દર્શન કોઈપણ પરના આશ્રયે કે વિકલ્પના અવલંબને થતું નથી, પણ પોતાના શુદ્ધાત્મસ્વભાવના જ આશ્રયે થાય છે. સ્વભાવનો આશ્રય કરતાં જ વિકલ્પનો આશ્રય છૂટી જાય છે. પણ વિકલ્પના લક્ષે વિકલ્પનો આશ્રય ટાળવા માગે તો ટળી શકે નહિ.

ધર્મી જીવનો ધર્મ સ્વભાવના આશ્રયે ટકેલો છે, તેના સમ્યગ્દર્શનાદિ ધર્મને કોઈ પરનો આશ્રય નથી. આમ હોવાથી ધર્મી જીવને પૈસા-મકાન વગેરેનો સંયોગ ન હોય, તો તેથી શું? અને ઘણા શાસ્ત્રોનું જ્ઞાન ન હોય, તો તેથી શું? ધર્મી જીવને તે ન હોય તેથી કાંઈ તેના ધર્મને વાંધો આવતો

નથી. કેમ કે ધર્મીનો ધર્મ કોઈ પરના આશ્રયે, રાગના આશ્રયે કે શાસ્ત્રના જાણપણાના આશ્રયે ટકેલો નથી પણ પોતાના ત્રિકાળી સ્વભાવના જ આધારે ધર્મીનો ધર્મ પ્રગટ્યો છે, તેના જ આધારે ટક્યો છે ને તેના જ આધારે વૃદ્ધિગત થઈને પૂર્ણતા થાય છે.

એક માત્ર સમ્યગ્દર્શન સિવાય જીવ અનંતકાળમાં બધું કરી ચૂક્યો છે, પણ સમ્યગ્દર્શન કદી એક સેકંડ માત્ર પણ પ્રગટ કર્યું નથી. જો એક સેકંડ માત્ર પણ સમ્યગ્દર્શન પ્રગટ કરે તો તેની મુક્તિ થયા વગર રહે નહિ. માટે હે જીવો! આ માનવજીવનની સફળતા કરવા સત્સમાગમે નિરંતર સમ્યગ્દર્શનનો ઉદ્યમ કરો.

❁

## ❁ સમ્યગ્દર્શનરૂપી પવિત્ર ભૂમિ ❁

**न दुःखबीजं शुभदर्शनक्षितौ कदाचन् क्षिप्रमपि प्ररोहति।**
**सदाप्युनुप्तं सुखबीजमुत्तमं कुदर्शने तद्विपरीतमिष्यते।।**

સમ્યગ્દર્શનરૂપી ભૂમિમાં કદાચિત્ દુઃખના બીજ પડી જાય તો પણ તે પવિત્રભૂમિમાં તે બીજ કદી પણ શીઘ્ર અંકુરિત થતા નથી, તેના અંકુર ઉત્પન્ન થયા પહેલાં જ તે પવિત્રભૂમિનો (સમ્યગ્દર્શનનો) પ્રતાપ તેને બાળી નાંખે છે; અને તે પાવનભૂમિમાં સુખનાં બીજ તો વાવ્યા વગર પણ સદાય ઉત્પન્ન થયા કરે છે, પરંતુ મિથ્યાદર્શનરૂપી કુભૂમિમાં બરાબર તેનાથી વિપરીત ફળ થાય છે. અર્થાત્ મિથ્યાદર્શનરૂપી ભૂમિમાં કદાચિત્ સુખના બીજ વાવવામાં આવે તો પણ તે અંકુરિત થતા નથી પણ બળી જાય છે અને દુઃખનાં બીજ તો વાવ્યા વગર પણ ઉત્પન્ન થાય છે.–માટે સુખને અર્થે સમ્યક્ત્વભૂમિનું સેવન કરવું *(સાગરધર્મામૃત પૃ. ૨૫)*

## દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યગ્દૃષ્ટિ છે

**ગુણ-પર્યાયોના પિંડ તે દ્રવ્ય છે; આત્મદ્રવ્ય પોતાના સ્વભાવથી ટકેલું છે પણ રાગને લીધે તે ટકેલું નથી. આત્માના સ્વરૂપમાં રાગ નથી તેમ જ રાગ વડે આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. આવું જે સ્વદ્રવ્ય તેને દૃષ્ટિમાં લેનારી દૃષ્ટિ તે જ સાચી દૃષ્ટિ છે.**

ત્રિકાળી દ્રવ્યસ્વરૂપને સ્વીકાર્યા વગર સમ્યગ્દર્શન થાય નહિ; કેમ કે પર્યાય તો એક સમય પૂરતી જ છે, બીજા સમયે તો તેની નાસ્તિ થઈ જાય છે, તેથી પર્યાયના લક્ષે એકાગ્રતા કે સમ્યગ્દર્શન થઈ શકતું નથી. કેવળજ્ઞાન પણ એક સમય પૂરતી પર્યાય છે, એવી અનંત પર્યાયોને અભેદપણે સંઘરીને દ્રવ્ય પડ્યું છે, અર્થાત્ અનંતી કેવળજ્ઞાન પર્યાયો પ્રગટવાની શક્તિ દ્રવ્યમાં છે. દ્રવ્યસ્વભાવનું માહાત્મ્ય અનંતું છે. આ સમજવાનું પ્રયોજન એ છે કે પર્યાયમાં એકત્વબુદ્ધિ છોડીને દ્રવ્યસ્વભાવમાં એકત્વબુદ્ધિ કરવી એટલે 'આજ હું' એવી માન્યતા. પર્યાયના લક્ષે 'આજ હું' એમ પર્યાય જેટલો જ પોતાને ન માનતાં ત્રિકાળી દ્રવ્યના લક્ષે 'આ જ હું' એમ દ્રવ્યસ્વભાવની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે. પર્યાય જેટલો આત્માને માનવાથી સમ્યગ્દર્શન થતું નથી. જે દ્રવ્યસ્વભાવ છે તે ત્રિકાળ એકરૂપ સત્ અસ્તિરૂપે છે. કેવળજ્ઞાન પ્રગટ હો કે ન હો તેની પણ જેને અપેક્ષા નથી, એવા તે સ્વભાવને માનવાથી જ સમ્યગ્દર્શન પ્રગટે છે.

એક અવસ્થામાંથી બીજી અવસ્થા આવતી નથી, દ્રવ્યમાંથી જ આવે છે અર્થાત્ એક પર્યાય પોતે બીજી પર્યાયરૂપે પરિણમતી નથી પણ ક્રમબદ્ધ એક પછી એક પર્યાયરૂપે દ્રવ્યનું પરિણમન થાય છે. આવા સ્વદ્રવ્યની દૃષ્ટિ કરવાથી જ શુદ્ધતા પ્રગટે છે.

પર્યાય ખંડ-ખંડરૂપ છે, તે સદાય એક સરખી રહેતી નથી, અને દ્રવ્ય અખંડરૂપ છે, તે સદાય એકસરખું રહે છે. આવા દ્રવ્યની દૃષ્ટિથી શુદ્ધતા પ્રગટે છે. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાય અંતરસ્વભાવમાં તલ્લીન —એકાકાર થાય છે.

પર્યાય ક્રમવર્તીસ્વભાવવાળી હોવાથી એક સમયે એક જ હોય છે અને દ્રવ્ય તો અક્રમવર્તીસ્વભાવવાળું અનંત પર્યાયોનો અભેદ પિંડ છે, તે દરેક સમયે પૂરેપૂરું છે; છદ્મસ્થને વર્તમાન પર્યાય અપૂર્ણ છે અને દ્રવ્ય પૂરું છે; તેથી પરિપૂર્ણતાના લક્ષે જ સમ્યગ્દર્શન અને વીતરાગતા પ્રગટે છે અને અપૂર્ણતાના લક્ષે સમ્યગ્દર્શન કે વીતરાગતા પ્રગટતાં નથી, પરંતુ ઊલટો રાગ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન પછી પણ જીવને પરિપૂર્ણ સ્વભાવના આશ્રયે જ ક્રમે ક્રમે ચારિત્ર, વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટે છે.

મુમુક્ષુઓએ ઉપર પ્રમાણે દ્રવ્ય અને પર્યાયનું યથાર્થ જ્ઞાન કરીને, ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તરફ રુચિ (ઉપાદેયબુદ્ધિ) કરીને ત્યાં જ એકતા કરવી યોગ્ય છે, અને પર્યાયબુદ્ધિ છોડવી યોગ્ય છે. આ જ ધર્મનો ઉપાય છે.

જેને પર્યાયદૃષ્ટિ હોય તે જીવ રાગ વખતે પોતાને રાગ જેટલો જ માને, એટલે તે રાગને પોતાનું કર્તવ્ય માને જ અને રાગથી ધર્મ માને જ, કેમ કે પર્યાયદૃષ્ટિમાં તો રાગની જ ઉત્પત્તિ છે; અને રાગનો સંબંધ પરદ્રવ્યો સાથે જ હોવાથી, પર્યાયદૃષ્ટિવાળો જીવ પરદ્રવ્યો સાથે એકતાબુદ્ધિથી પરદ્રવ્યોનો પણ કર્તા પોતાને માને છે, આનું જ નામ મિથ્યાત્વ છે, આ જ અધર્મ છે. આ રીતે પર્યાયબુદ્ધિ તે મિથ્યાદૃષ્ટિ છે.

પણ જેને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ છે તે જીવ કદી રાગને પોતાનું કર્તવ્ય માને જ નહિ અને તેમાં ધર્મ માને જ નહિ, કેમ કે સ્વભાવમાં રાગનો અભાવ જ છે. પર્યાયના રાગનું કર્તાપણું જે ન માને તે પરદ્રવ્યનું તો કર્તાપણું માને જ કેમ? એટલે તેને પરથી અને

રાગથી ભિન્ન સ્વભાવની દૃષ્ટિમાં જ્ઞાન અને વીતરાગતાની જ ઉત્પત્તિ થયા કરે—આનું જ નામ સમ્યગ્દૃષ્ટિ છે, અને આ જ ધર્મ છે. આ રીતે દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે.

માટે બધાય આત્માર્થી જીવોએ સત્સમાગમે અધ્યાત્મતત્ત્વના અભ્યાસ વડે દ્રવ્યદૃષ્ટિ કરવી, એ જ પ્રયોજનભૂત છે. દ્રવ્યદૃષ્ટિ કહો કે શુદ્ધનયનું અવલંબન કહો, નિશ્ચયનયનો આશ્રય કહો—એ પરમાર્થે એક જ છે. *(નિયમસાર ઉપર પ્રવચનો વખતે ચર્ચામાંથી)*

## ❀ અહો! રત્નત્રય મહિમા ❀

'આ રત્નત્રય જ સિદ્ધાંતનું સર્વસ્વ છે તથા તે જ મુક્તિનું કારણ છે; વળી જીવોનું હિત તે જ છે અને પ્રધાનપદ તે જ છે.'

જે સંયમી મુનિઓ પૂર્વે મોક્ષ ગયા છે, વર્તમાનમાં જાય છે અને ભવિષ્યમાં જશે તેઓ ખરેખર આ અખંડિત રત્નત્રયને સમ્યક્ પ્રકારે આરાધીને જ ગયા છે, જાય છે અને જશે.

'આ સમ્યક્ રત્નત્રયને પ્રાપ્ત કર્યા વગર કરોડો—અબજો જન્મ ધારણ કરવા છતાં પણ કોઈ જીવ મોક્ષલક્ષ્મીના મુખકમળને સાક્ષાત્ દેખી શકતા નથી.' —*શ્રી શુભચન્દ્રાચાર્યદેવ*

# ધર્મની પહેલી ભૂમિકા (૧)

શ્રીમદ્ રાજચંદ્રજી 'આત્મસિદ્ધિ'ના મંગલાચરણમાં જ કહે છે કે—

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.

જીવ અનંત દુઃખ કેમ પામ્યો? કેમ કે સ્વરૂપની સમજણ ન કરી તેથી; તે અનંત દુઃખ કેમ મટે?—સ્વરૂપની સમજણ કરે તો; આત્માની સાચી ઓળખાણ વડે મિથ્યાત્વ ટાળ્યા વગર કદી કોઈ જીવને ધર્મની શરૂઆત થાય નહિ ને દુઃખ મટે નહિ.

આ જીવ અનાદિકાળથી અજ્ઞાનભાવે સંસારમાં રખડે છે ને ક્ષણે ક્ષણે ભાવમરણ કરી કરીને દુઃખી થઈ રહ્યો છે; તેનાથી છૂટવાનો ઉપાય સંતો બતાવે છે. કોઈ કહે છે કે જીવને પૈસા હોય, ખાવા-પીવાની સગવડ હોય, માન-સન્માન હોય, પછી તેને દુઃખી કેમ કહેવાય? ભાઈ, પરવસ્તુની ઇચ્છા એ જ દુઃખ છે. જો દુઃખ ન હોય તો ખાવા-પીવાની ઇચ્છા કેમ થઈ? પૈસાની ઇચ્છા કેમ થઈ? પરસામગ્રી હોય તો મને ઠીક થાય એવી જે ઇચ્છા થાય છે તે જ દુઃખ છે. જો દુઃખ ન હોય તો પરવસ્તુમાંથી સુખ લેવાની ઇચ્છા કેમ થાય? અને જ્યાં સુધી પરથી ભિન્ન નિજસ્વરૂપને ન જાણે ત્યાં સુધી જીવને દુઃખ અને પરની ઇચ્છા અટકે નહિ.

અહીં, મુખ્યપણે અજ્ઞાનપૂર્વકની ઇચ્છાની વાત છે; પરમાં સુખ માનીને જે ઇચ્છા થાય છે તે ઇચ્છા અજ્ઞાનીને જ થાય છે. અજ્ઞાન ટળ્યા પછી અસ્થિરતાને લઈને જે ઇચ્છા થાય છે તે અલ્પ છે

(અનંતાનુબંધી નથી) કેમ કે પરમાં સુખ માનીને તે ઈચ્છા થતી નથી, તેથી તેનું દુઃખ અલ્પ છે. મોટું દુઃખ અજ્ઞાન જ છે. અજ્ઞાન કહો, પરમાંથી સુખ લેવાની ઈચ્છા કહો, ઊંધી માન્યતા કહો, દુઃખ કહો, આકુળતા કહો, અધર્મ કહો, અકળામણ કહો, કે મુંઝવણ કહો,—એ બધાનો એક જ ભાવ છે. પોતાના સ્વરૂપનું અજ્ઞાન છે ત્યાં સુધી પરની ઈચ્છા વગર જીવનો એક સમય પણ જતો નથી; પોતાને ભૂલીને શુભ કે અશુભ બાહ્યસામગ્રી માટે નિરંતર ઝાવાં નાંખે છે, એ જ દુઃખ છે; તે દુઃખ કેમ ટળે તેની આ વાત છે.

પ્રથમ તો જેને પોતામાં આવું દુઃખ લાગે તે તેને મટાડવાનો ઉપાય શોધે. દુઃખનું મૂળ મિથ્યાત્વ છે તેથી મિથ્યાત્વ ટાળવું જોઈએ. જ્યાં મિથ્યાત્વ હોય ત્યાં જ્ઞાન ને આચરણ પણ ઊંધા જ હોય; ને ઊંધા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ જ સંસાર; સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે તેનો અભાવ કરવો તે મોક્ષ.

જ્યારથી જન્મું ત્યારથી મરું ત્યાં સુધીનો જ હું છું એવી માન્યતા તે ઊંધી છે; કેમ કે આત્મવસ્તુને કદી કોઈએ ઉત્પન્ન કરી નથી અને તેનો કદી નાશ પણ થતો નથી. મારા મરણ પછી લક્ષ્મી વગેરેનું શું થશે—એવી ચિંતા જીવ કરે છે, પણ આ દેહ છોડીને હું ક્યાંક બીજે જવાનો છું માટે મારા કલ્યાણનો ઉપાય કરું—એમ તે વિચારતો નથી. શરીર તે હું છું ને તેની ક્રિયાઓ હું કરું છું—એમ અજ્ઞાની જીવ માને છે, શરીરને પોતાનું માનતો હોવાથી બહારની અનુકૂળ સામગ્રી વડે તે સુખ લેવા માંગે છે એટલે તેના ઉપર એકત્વબુદ્ધિથી રાગ (એટલે કે અનંતાનુબંધી ઈચ્છા) કરે છે, તથા તે સામગ્રીના કારણરૂપ પુણ્યને અને શુભરાગને પણ તે સુખનું કારણ માને છે—એવું અનાદિનું મિથ્યાજ્ઞાન છે; તે સંસારનું ને દુઃખનું મૂળ છે આ મિથ્યાજ્ઞાન ટાળે તો જ દુઃખ ટળે ને સુખ થાય. હવે આત્માની ઓળખાણરૂપ સમ્યગ્દર્શન વગર કદી મિથ્યાજ્ઞાન ટળે નહિ ને ધર્માત્માપણું થાય નહિ. માટે જિજ્ઞાસુએ ધર્મની પ્રથમ ભૂમિકામાં સત્સમાગમે મિથ્યાત્વના ત્યાગ માટે સમ્યક્ત્વનો અભ્યાસ કરવો. આવો ઉદ્યમ તે આત્માર્થીનું કર્તવ્ય છે.

જીવ મિથ્યાત્વને લીધે વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ માનતો નથી પણ અન્યથા માને છે; તે જ ખરેખર અસત્ય છે. મિથ્યાત્વના સેવનમાં ક્ષણે ક્ષણે અહિંસાનું મહાન પાપ છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો!' ત્યાં મિથ્યાત્વને જ ભાવમરણ કહ્યું છે.

શરીર જડ—અજીવ છે, તે જાણવા-દેખવાનું કાંઈ કામ કરતું નથી છતાં તેને પોતાનું માનવું, તેનાં કાર્યોને પોતાના માનવા, શરીરના ઉત્પત્તિ-વિનાશથી પોતાના ઉત્પત્તિ-વિનાશ માનવા, તથા શરીર સંબંધી અનુકૂળ-પ્રતિકૂળ સંયોગથી પોતાને સુખ-દુઃખ માનવું—તે બધી માન્યતા સત્યથી વિરુદ્ધ હોવાથી મિથ્યા છે, ખોટી છે, ને સંસારનું કારણ છે. સાચી સમજણ કરીને તેનાથી છૂટવાનો આ અવસર આવ્યો છે.

એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો તો હિત-અહિતનો વિચાર કરવાની શક્તિ જ હારી ગયા છે; જીવનો ઘણો કાળ તો તેમાં જ વીત્યો છે. માંડમાંડ સંજ્ઞી થયો ત્યારે કષાયની મંદતાથી તથા જ્ઞાનના ઉઘાડથી હિત-અહિતનો વિચાર કરવાની કંઈક શક્તિ પ્રાપ્ત થઈ. ત્યારે પણ આત્માના હિત-અહિતનો વિવેક કરીને આત્મહિત સાધવાને બદલે અનાદિના મિથ્યાત્વભાવને જ સેવી રહ્યો છે, પોતાની વિચારશક્તિના દુરુપયોગથી અને ઊંધી માન્યતાવાળા જીવોના કુસંગથી જીવ અનેક પ્રકારની ઊંધી માન્યતાઓ સેવે છે અને દેવસંબંધી મૂઢતા, ગુરુસંબંધી મૂઢતા તથા ધર્મના સ્વરૂપ સંબંધી મૂઢતાને સેવે છે.

દેવમૂઢતા એટલે શું? રાગ-દ્વેષ-મોહ સહિત હોય એવા જીવને દેવ તરીકે માને, લોકનો સમૂહ અમુક કુદેવાદિને માનતો હોય ત્યાં પોતે પણ તેને માનવા લાગી જાય ને વંદન-પૂજન કરે, લૌકિક લાભના બહાને કુદેવાદિની માન્યતા કરે, સર્વજ્ઞ અરિહંતદેવને ભૂખ-તરસ-વસ્ત્ર-રોગ વગેરે મનાવે તે બધા દેવમૂઢતાના પ્રકારો છે; સર્વજ્ઞદેવને માને—પૂજે પણ તેમના સ્વરૂપનો નિર્ણય ન કરે તો તેને પણ દેવમૂઢતા છે. સર્વજ્ઞદેવનું જેવું સ્વરૂપ છે તેવું ઓળખીને આદરે ત્યારે જ દેવમૂઢતા ટળે.

ગુરુ એટલે મોક્ષના સાધક વીતરાગી મુનિરાજ; જેને અંતરમાં મિથ્યાત્વાદિ પરિગ્રહ નથી ને બહારમાં વસ્ત્રાદિ પરિગ્રહ નથી; આવા ગુરુનું સ્વરૂપ ઓળખે નહિ અને વિપરીત માને, અજ્ઞાનીને કે પરિગ્રહસહિતને ગુરુ માને, ગમે તેવી વિપરીત તત્ત્વપ્રરૂપણા કરતા હોય છતાં તેને ગુરુ માને, જે કુળમાં જન્મ્યો તે કુળમાં મનાતા ગુરુને રૂઢિગત ગુરુ તરીકે માની લ્યે—એ ગુરુમૂઢતા છે.

પશુહિંસા વગેરેમાં ધર્મ માનવો તે ધર્મમૂઢતા અથવા લોકમૂઢતા છે; નદીસ્નાન, સમુદ્રસ્નાન વગેરેમાં ધર્મ માનવો તે પણ ધર્મમૂઢતા છે. અને, શુભરાગમાં પણ આત્માના ગુણો હણાય છે, તે રાગ વડે ધર્મ કે મોક્ષમાર્ગ માનવો તે પણ પરમાર્થે ધર્મમૂઢતા છે. સ્વભાવના વીતરાગભાવરૂપ ધર્મનું સ્વરૂપ જાણતાં ધર્મસંબંધી ભૂલ ટળે એટલે ધર્મમૂઢતા ટળે.

આ દેવ-ગુરુ ને ધર્મ સંબંધી જીવની મોટી ભૂલ તે મહા નુકશાનનું કારણ છે. સાચા જૈનકુળમાં આવીને પણ જ્યાં સુધી પોતે જાતે પરીક્ષા કરીને સાચા દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ ન ઓળખે ત્યાં સુધી ગૃહીત મિથ્યાત્વ છૂટતું નથી; અને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યા વગર જીવને ધર્મ પામવાની લાયકાત પણ થતી નથી.

આત્માનું ભાન કરીને અગૃહીત મિથ્યાત્વ જેણે ટાળ્યું તેને ગૃહીત મિથ્યાત્વ તો રહે જ નહિ. ગૃહીત મિથ્યાત્વ ટાળવા છતાં જ્યાં સુધી જીવ આત્મભાન ન કરે ત્યાં સુધી તેને અગૃહીત મિથ્યાત્વ ટળતું નથી. ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રને માનીને, વ્યવહારુ સ્થૂળ ભૂલનો (ગૃહીત મિથ્યાત્વનો) ત્યાગ તો જીવે ઘણીવાર કર્યો, અસત્ નિમિત્તોનું લક્ષ છોડીને સત્ નિમિત્તોના લક્ષે વ્યવહારશુદ્ધિ કરી, પરંતુ અનાદિની ચાલી આવેલી પોતાની આત્મસંબંધીની ભૂલ જીવે કદી ટાળી નહિ, નિજસ્વરૂપ સમજ્યો નહિ; સ્વરૂપની સમજણ વગર અગૃહીત મિથ્યાત્વ ટળ્યું નહિ ને સંસારભ્રમણ મટ્યું નહિ. ગૃહીત મિથ્યાત્વ છોડી, દ્રવ્યલિંગી સાધુ થઈને જીવે પંચમહાવ્રત શુભભાવથી અનંતવાર પાળ્યાં, પણ તે

શુભરાગથી ધર્મ માની લીધો તેથી આત્મા સંબંધી મહાન ભૂલ ટળી નહિ, અને સંસારમાં જ રખડ્યો. સાચા નિમિત્તોના સ્વીકાર વડે વ્યવહારનું જૂઠાપણું (ગૃહીત મિથ્યાત્વ) ટાળ્યું પણ પોતાના નિરાલંબી ચૈતન્યસ્વરૂપ આત્માનો સ્વીકાર કર્યા વિના નિશ્ચય જૂઠાપણું (અગૃહીત મિથ્યાત્વ) ટળ્યું નહિ. પોતાના શુદ્ધસ્વરૂપની ખબર નહિ હોવાથી અજ્ઞાનપણે જીવ નિમિત્તના આશ્રયે કે શુભરાગથી લાભ માને છે,— આ પરાશ્રિતબુદ્ધિનો અનાદિનો ભ્રમ મૂળમાંથી ટાળ્યા વગર, થોડા વખત માટે ગૃહીત મિથ્યાત્વ ટાળીને શુભરાગ વડે થોડો વખત ભલે નવમી ગ્રૈવેયક સુધીના દેવલોકમાં જાય, પણ મિથ્યાત્વનો સદ્ભાવ હોવાથી, રાગમાં એકત્વબુદ્ધિ હોવાથી, દેવપદમાં સુખ માનીને, ત્યાંનો કાળ પૂરો થતાં સંસારમાં રખડતો રખડતો એકેન્દ્રિયાદિ તુચ્છદશામાં અનંતકાળ ભમશે. પોતાનું સ્વરૂપ સમજવાની દરકાર ન કરવાથી અને સમ્યગ્જ્ઞાનનો તીવ્ર વિરોધ કરવાથી જીવ એવી હલકી નિગોદદશા પામે છે કે જ્યાં તેના અસ્તિત્વને પણ બીજા (સ્થૂળજ્ઞાનવાળા) જીવો ન સ્વીકારે. મનુષ્યપણું પામી, દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખી, સૂક્ષ્મદ્રષ્ટિથી પોતાના આત્મસ્વરૂપનો વિચાર કરી, નિર્ણય ને અનુભવ કરે તો જીવના ભવભ્રમણનો અંત આવે.

પોતાના સ્વરૂપની સાચી સમજણ વડે જેને સમ્યક્ત્વ પ્રગટ કરવું હોય તેણે આત્મજ્ઞાની સત્પુરુષ પાસેથી શુદ્ધાત્માનું સીધું શ્રવણ કરવું જોઈએ, અને તેનો જાતે અભ્યાસ કરવો જોઈએ. એ ધ્યાનમાં રાખવું કે માત્ર શ્રવણથી સમ્યક્ત્વ થાય નહિ પણ પોતાના સ્વભાવ સાથે મેળવણી કરીને જાતે નિર્ણય કરે અને તેવું પરિણમન પ્રગટ કરે ત્યારે સમ્યક્ત્વ થાય. તીર્થંકરપ્રભુના સમવસરણમાં બેઠો હોય ત્યાં પણ સ્વાશ્રયી પરિણામથી સ્વભાવની અનુભૂતિ કર્યા વગર કોઈ જીવ ધર્મ પામે નહિ. કંઈક પણ પરાશ્રયથી લાભની બુદ્ધિ રહે ત્યાં સુધી મિથ્યાત્વ ટળે નહિ ને ધર્મ થાય નહિ.

સત્યથી જ જીવને લાભ થાય; અસત્યથી કદી કોઈને લાભ ન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



થાય. સત્ સમજવા માટે શ્રી સર્વજ્ઞ–વીતરાગદેવ, નિર્ગ્રંથ રત્નત્રયધારી ગુરુ અને તેમનાં કહેલાં અનેકાન્તમય શાસ્ત્રોને બરાબર ઓળખવા જોઈએ. પોતે સત્ય સમજવાની જિજ્ઞાસા કરી જ્ઞાનીઓ પાસેથી શુદ્ધઆત્માનો ઉપદેશ સાંભળી, વિચાર દ્વારા હિત-અહિતનો નિર્ણય કરવો જોઈએ. ભગવાન અરિહંતદેવો શુદ્ધ સ્વરૂપની ઉપાસનાથી સમ્યક્ત્વ શ્રદ્ધા અને સ્થિરતા કરીને પૂર્ણદશા પામ્યા છે, તેમના દિવ્ય ઉપદેશમાં પણ પુરુષાર્થ વડે આત્માની સાચી શ્રદ્ધા અને સ્થિરતા કરવાનો ઉપદેશ આવ્યો છે. પોતાના આત્મસ્વભાવને ઓળખીને તેનો આશ્રય કરવો તે ભગવાનના સર્વ કથનનો સાર છે, ને તે જ ભગવાનનો પંથ છે, તે જ મોક્ષનો પંથ છે. આત્માનો સ્વભાવ શું, પરભાવ શું, વિકારી-અવિકારી દશા, સુખ-દુઃખનું કારણ સંસારમાર્ગ ને મોક્ષમાર્ગ, નવતત્ત્વ, ચૌદ ગુણસ્થાન, દેવ-ગુરુ-શાસ્ત્ર એ બધાનું સ્વરૂપ જિનોપદેશમાં આવ્યું છે, તે સમજીને પોતાના આત્માના સ્વરૂપનો નિર્ણય કરીને સ્વાનુભૂતિ કરવી, તે જ તાત્પર્ય છે.

સહજ ચિદાનંદ.

કેવળ એક આત્મા જ સમ્યગ્દર્શન છે, એ સિવાય અન્ય સર્વ વ્યવહાર છે; માટે હે યોગી! એક આત્મા જ ધ્યાન કરવા યોગ્ય છે, તે જ ત્રણલોકમાં સારભૂત છે. *પરમાત્મપ્રકાશ ૧–૯૬*

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ધર્મની પહેલી ભૂમિકા (૨)

ધર્મની પહેલી ભૂમિકામાં વર્તતો જીવ, એટલે કે સમ્યક્ત્વનો ઉદ્યમી જીવ, મિથ્યાત્વ ટાળવા ને સમ્યક્ત્વ પ્રગટ કરવા કેવો ઉદ્યમ કરે છે, તથા તેનામાં સામાન્યપણે કેવી લાયકાત હોય છે. તેને દેવ-ગુરુ-શાસ્ત્રનો તથા નવતત્ત્વ વગેરેનો કેવો નિર્ણય હોય છે—તેનું આ વર્ણન ચાલે છે.

જીવનો મૂળ જ્ઞાનસ્વભાવ છે, તેની પર્યાયમાં શુદ્ધ ને અશુદ્ધ એવા પ્રકારો છે; જીવ સિવાયનાં તત્ત્વો જ્ઞાન વગરનાં છે તે અજીવ છે. પુણ્ય-પાપ એ બંને વિકાર છે, મિથ્યાત્વાદિ ભાવોના નિમિત્તે કર્મનો આસ્રવ તથા બંધન થાય છે. આ પુણ્ય-પાપ-આસ્રવ ને બંધ એ ચારે તત્ત્વો જીવને સંસારના કારણ છે તેથી તે છોડવા જેવાં છે. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સંવર-નિર્જરા તથા મોક્ષ થાય છે; તે ત્રણે તત્ત્વો આત્માના હિતરૂપ છે તેથી આદરણીય છે. આમ નવે તત્ત્વોનું સ્વરૂપ સમજવું જોઈએ. જીવ ને અજીવ એ બે ત્રિકાળી સ્વતંત્ર દ્રવ્યો છે, ને બાકીનાં સાત તત્ત્વો પર્યાયરૂપ છે. પર્યાયમાં ભૂલ કરનાર જીવ છે ને તે ટાળનાર પણ જીવ છે; પોતે કરેલી ભૂલ પોતે ટાળી શકે છે.

જીવ પોતાના સ્વરૂપને ભૂલ્યો હોવાથી તેને પુણ્ય-પાપ-આસ્રવ ને બંધ થાય છે; પોતાનું સ્વરૂપ સમજીને તેમાં લીન થતાં સંવર-નિર્જરા ને મોક્ષ પ્રગટે છે. માટે સાચું સમજીને આત્માનું સમ્યક્દર્શન કરવું તે અપૂર્વધર્મની શરૂઆત છે.

સમ્યગ્દર્શન થતાં આત્મામાં ધર્મની ક્રિયા શરૂ થઈ જાય છે. મિથ્યાત્વ સહિતની ક્રિયા તે અસત્ક્રિયા છે, ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયા તે વીતરાગી સત્ક્રિયા છે. દેહની ક્રિયા તો જડ છે, તે પુદ્ગલની ક્રિયા

છે, તે જીવની ક્રિયા નથી. ધર્મની ક્રિયા સમ્યગ્દર્શન વગર હોઈ શકે નહિ.

**પ્રશ્ન** :—આવું સમ્યગ્દર્શન આત્માને કઈ ઉંમરે અને કઈ દશામાં પ્રગટે?

**ઉત્તર** :—ચારે ગતિના જીવો આવું સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે છે, ચારિત્રદશા ચારે ગતિમાં નથી હોતી પણ સમ્યગ્દર્શન તો ચારે ગતિમાં હોય છે. ગૃહસ્થદશામાંય આત્મભાન થાય છે. અરે, આઠ વર્ષના બાળક પણ નવું આત્મભાન કરી શકે છે, તિર્યંચ વગેરેમાં તો તેનાથી પણ ઘણી નાની ઉંમરે સમ્યગ્દર્શન થઈ શકે છે. દેવમાં, નરકમાં ને તિર્યંચમાં તો અસંખ્યાતા જીવો આવું સમ્યગ્દર્શન પામેલા સદાય હોય છે, મનુષ્યમાં સંખ્યાતા હોય છે જ્યારે જીવ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય. દરેક જીવે પહેલાં બરાબર નિઃશંક આત્મનિર્ણય કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ. સમ્યગ્દર્શન પછી કદાચ ચારિત્રદશારૂપ મુનિપણું લેતાં વાર લાગે તોપણ દર્શન-જ્ઞાનમાં કાંઈ મિથ્યાપણું થતું નથી.

આત્માનું સાચું જ્ઞાન થતાં જીવને એમ નક્કી થાય છે કે મારો સ્વભાવ શુદ્ધ નિર્દોષ છે છતાં અવસ્થામાં જેટલી અશુદ્ધતા ને વિકાર છે તેટલો મારો દોષ છે. હું જ્યારે મારા શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થઈશ ત્યારે તે દોષ ટળશે. પરાશ્રયે વિકાર થાય છે. નિજસ્વરૂપમાં લક્ષને ટકાવીને સ્થિર થતાં વિકાર ટળીને શુદ્ધતા પ્રગટે છે, વિકાર અનિત્ય છે, મારો સ્વભાવ નિત્ય છે. સમ્યગ્દર્શન થતાં જ ચારિત્રની પૂર્ણ શુદ્ધતા એકસાથે પ્રગટી જતી નથી, પણ ક્રમે ક્રમે પ્રગટે છે;—આવી સાધકદશા હોય છે શુદ્ધતા કેટલી પ્રગટે? કે સમ્યગ્દર્શન વડે જે આત્મસ્વભાવ પ્રતીતમાં લીધો છે તે સ્વભાવમાં જેટલા જોરથી લીનતા કરે તેટલી શુદ્ધતા પ્રગટે. આ રીતે શુદ્ધતાનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન છે; પછી વધી વધીને ચારિત્રના બળે પૂર્ણ શુદ્ધતા થતાં આત્મા સિદ્ધદશાના અક્ષય અનંત આત્મસુખને અનુભવે છે. સમ્યગ્દર્શનનું આ ઉત્તમ ફળ છે.

જીવ પોતાના જીવસ્વરૂપે સદાય ટકીને, પોતાની અવસ્થારૂપે બદલ્યા કરે છે. સંસારઅવસ્થા છોડીને જીવ સિદ્ધઅવસ્થારૂપે થાય છે, પણ ત્યાં

દ્રવ્યપણે તો તે જ જીવ નિત્ય છે. આ રીતે દ્રવ્યથી નિત્ય ને પર્યાયથી અનિત્ય એવા અનેકાન્તરૂપ જીવનું સ્વરૂપ છે. તેથી કહ્યું છે કે :–

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણનું જ્ઞાન એકને થાય.
ક્યારે કોઈ વસ્તુનો કેવળ હોય ન નાશ,
ચેતન પામે નાશ તો કેમાં ભળે તપાસ.

આત્મા ચેતનવસ્તુ છે તે કદી નાશ પામે નહિ તેમજ તે કદી અચેતનરૂપ થાય નહિ. પર્યાય બદલતાં કાંઈ મૂળ વસ્તુનો નાશ થઈ જતો નથી. વસ્તુ કદી પર્યાય વગરની હોતી નથી, ને પર્યાય કદી વસ્તુ વગરની હોતી નથી. આ રીતે સામાન્ય-વિશેષ વગર કોઈ પદાર્થ 'સત્' હોતો નથી. દ્રવ્ય તે સામાન્ય (એટલે કે ધ્રુવરૂપ) છે ને પર્યાય તે વિશેષ (એટલે કે ઉત્પાદ-વ્યયરૂપ) છે; આવા उत्पादव्ययध्रौव्ययुक्तं सत् છે જે વસ્તુ વર્તમાનમાં દેખાય છે તે વસ્તુ ત્રિકાળ છે, તેનું રૂપાંતર ભલે થાય પણ વસ્તુપણે તે કદી નાશ પામી જાય નહિ; આવું વસ્તુસ્વરૂપ છે.

**પ્રશ્ન** :–આ બધું શા માટે સમજવું?

**ઉત્તર** :–અનાદિના દુઃખનું મૂળ કારણ જે મિથ્યાત્વ તે મટાડવા અને અપૂર્વ આત્મિકસુખનું મૂળકારણ જે સમ્યક્ત્વ તે પ્રગટાવવા માટે સર્વજ્ઞદેવે કહેલું વસ્તુસ્વરૂપ સમજવું જોઈએ.

**પ્રશ્ન** :–આત્મા અને પરમાણુ તે વસ્તુ છે એમ કહ્યું, પરંતુ જો તે વસ્તુ હોય તો આંખથી દેખાતી કેમ નથી? જે વસ્તુ હોય તે આંખથી દેખાવી જોઈએ ને?

**ઉત્તર** :–આંખથી દેખાય તેને જ વસ્તુ માનવી એ સિદ્ધાંત બરાબર નથી. આત્મા વગેરે વસ્તુઓ એવી છે કે જે આંખથી ન દેખાય પણ જ્ઞાનથી જણાય. આત્માને અતીન્દ્રિય સ્વસન્મુખજ્ઞાનથી જ અનુભવી શકાય છે, એક પરમાણુ પણ અતીન્દ્રિય જ્ઞાનથી જ જણાય છે. આ જ્ઞાન થાય છે તે ઉપરથી આત્માનું અસ્તિત્વ નક્કી થાય છે; આત્મા ન હોય તો જ્ઞાન ક્યાંથી થાય?

અને, આ સોનું, લાકડું, લોઢું, શરીર વગેરે જે સ્થૂળ રૂપી કાર્યો નજરે પડે છે તે ઉપરથી તેના કારણરૂપ સૂક્ષ્મ રૂપી પુદ્‌ગલોનું અસ્તિત્વ નક્કી થાય છે. વર્ણાદિમાન જે કોઈ સ્થૂળ પદાર્થો દેખાય છે તે બધાય પરમાણુની જાતના છે, અનંત પરમાણુઓના સમૂહથી તે બનેલા છે. આ રીતે જીવાદિ વસ્તુનું હોવાપણું આંખ વડે નહિ પણ જ્ઞાન વડે જ નક્કી થાય છે. જે કોઈ વસ્તુ વર્તમાનમાં હોય તે દ્રવ્યપણે ત્રિકાળ ટકનાર હોય જ. (એક સમય તે સૌ સમય) જે વસ્તુ ત્રિકાળ ન હોય તેનું વર્તમાન પણ ન હોય. વર્તમાન અવસ્થા તે વસ્તુના ત્રિકાળી અસ્તિત્વને જાહેર કરે છે. કોઈ શંકા કરે કે 'આત્મા નથી', તો કહે છે કે—હે ભાઈ! 'આત્મા નથી' એવી આ શંકા આત્મા વિના કોણે કરી? એ શંકા કરનાર કોણ છે? એ શંકા કરનાર જે તત્ત્વ છે તે આત્મા જ છે, શંકા કાંઈ જડ તત્ત્વોમાં નથી જાગતી. આત્મા દેહથી ભિન્ન તત્ત્વ છે એટલે જન્મથી મરણ જેટલો જ તે નથી.

જીવ જાણનાર સ્વરૂપ છે ને જીવ સિવાયનાં બીજાં તત્ત્વો જાણપણા વગરનાં અચેતન છે. અચેતન પદાર્થો પાંચ પ્રકારના છે—પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. છઠ્ઠો જીવ—તે ચેતન; આમ કુલ છ દ્રવ્યસ્વરૂપ આ વિશ્વ છે. સંખ્યાથી જોતાં વિશ્વમાં જીવો અનંતાનંત છે. પુદ્‌ગલો તેના કરતાંય અનંતગુણા છે, કાળાણુ અસંખ્યાતા છે, ધર્માસ્તિ તથા અધર્માસ્તિ તે પ્રત્યેક લોકવ્યાપી એકેક છે, આકાશ સર્વવ્યાપી એક છે. આમાં પુદ્‌ગલ સિવાયના પાંચે દ્રવ્યો અરૂપી છે. ભગવાન સર્વજ્ઞદેવે આ છ દ્રવ્યોને પ્રત્યક્ષ જાણ્યા છે. સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય આ છ દ્રવ્યનું સાચું સ્વરૂપ હોય નહીં. માટે જિજ્ઞાસુએ આ છ દ્રવ્ય તથા નવ તત્ત્વ વગેરેનું સ્વરૂપ ઓળખીને તેની શ્રદ્ધા કરવી જોઈએ.

જગતમાં જીવ અને પુદ્‌ગલ બંને એક જગ્યાએ રહેલા હોવા છતાં બંનેના સ્વભાવ જુદા છે. શરીરનો એક ભાગ કપાઈ જવા છતાં જીવનું જ્ઞાન કપાઈ જતું નથી, જીવ તો આખો જ રહે છે. જીવ સદા પોતાના જાણનાર સ્વભાવમાં રહ્યો છે. પુદ્‌ગલ સદા પોતાના અચેતનસ્વભાવમાં કહ્યું છે.—એમ બંને જુદાં છે, બંનેના કામ પણ જુદાં છે. સ્વતંત્ર વસ્તુને બીજી

વસ્તુ કાંઈ કરી શકે નહિ; જો એક વસ્તુમાં બીજી વસ્તુ કાંઈ કરી શકતી હોય તો વસ્તુને સ્વતંત્ર કેમ કહેવાય?

વસ્તુની સ્વતંત્રતાનો જે નિર્ણય કરે તેને જ સ્વસન્મુખ થવાનો પ્રસંગ આવે; સ્વસન્મુખ થઈને જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરતાં બધા પદાર્થોનો નિર્ણય થઈ જાય છે, એવી સમ્યગ્જ્ઞાનની વિશાળતા છે; જ્ઞાનનો સ્વભાવ સર્વને જાણવાનો છે. એક દ્રવ્યને યથાર્થ જાણતાં છએ દ્રવ્યો જણાઈ જાય છે,—એમાં દ્રવ્યની પરાધીનતા નથી પણ જ્ઞાનનો મહિમા છે. જે પદાર્થ હોય તે પૂર્ણજ્ઞાનમાં જરૂર જણાય. પૂર્ણજ્ઞાનમાં જેટલું જણાયું તેના સિવાય અન્ય કાંઈ આ જગતમાં નથી. પૂર્ણજ્ઞાનમાં છ દ્રવ્યો ને તેના ત્રિકાળી ગુણ-પર્યાયો જણાયા છે, એનાથી અધિક બીજું કાંઈ નથી.

જગતમાં છ પ્રકારનાં દ્રવ્યો સ્વયંસિદ્ધ પોતાના સ્વભાવથી જ છે, કોઈ તેનો કર્તા નથી, કર્તા કહો તો શું ત્યાર પહેલાં દ્રવ્યો જગતમાં ન હતાં?—તો જગત શેનું બન્યું હતું? કર્તાને દ્રવ્યો શેમાંથી બનાવ્યા? કઈ રીતે બનાવ્યા? કર્તા પોતે શેનો બન્યો? કર્તાને કોણે બનાવ્યો? સ્વભાવથી સત્ દ્રવ્યોનો કોઈ કર્તા નથી. કર્તા તો નવા કાર્યનો હોય, દ્રવ્ય કાંઈ કાર્યરૂપ નથી કે કોઈ તેનો કર્તા હોય. કોઈ પણ પ્રયોગ વડે નવા જીવની કે નવા પરમાણુની ઉત્પત્તિ થઈ શકતી નથી. જે નવું કાર્ય થાય છે તે તો સત્ પદાર્થનું જ રૂપાંતર છે, સત્નું પરિણમન છે. સત્ ટકીને પોતાની અવસ્થાના ઉત્પાદવ્યયને કરે છે. જગતમાં છ દ્રવ્યોની જેટલી સંખ્યા છે તેમાં કદી એકપણ દ્રવ્ય વધે કે ઘટે નહિ.

દરેક દ્રવ્યમાં પોતાની ખાસ શક્તિ (—વિશેષ ગુણ) હોય છે, જે અન્ય દ્રવ્યોમાં નથી હોતી. જેમ કે જ્ઞાન, સુખ વગેરે જીવદ્રવ્યની ખાસ શક્તિઓ છે અને આ ઉપરાંત જે શક્તિ છએ દ્રવ્યોમાં છે તેને સામાન્ય ગુણ કહેવાય છે. જેમ કે :—

(૧) **અસ્તિત્વગુણ** બધા દ્રવ્યોમાં છે, તેને લીધે દરેક દ્રવ્ય સત્પણે ટકી રહે છે, તેનો કદી નાશ થતો નથી. અસ્તિત્વ ન હોય તો વસ્તુ જ ન હોય.

(૨) **વસ્તુત્વગુણ**થી દરેક વસ્તુ પોતે પોતાના ગુણ-પર્યાયોને ધારણ કરે છે; પોતાના ગુણ-પર્યાયોને ધારી રાખવા તે જ વસ્તુનું વસ્તુત્વ છે, તેને જ પ્રયોજનભૂત કાર્ય કહેવાય છે.

(૩) **દ્રવ્યત્વગુણ**ને લીધે દ્રવ્ય નિરંતર પોતાની અવસ્થાપણે દ્રવ્યા કરે છે—પ્રવહ્યા કરે છે, તે—રૂપ પરિણમ્યા કરે છે. દ્રવ્યો ત્રિકાળ અસ્તિરૂપ હોવા છતાં તેઓ સદા એકસરખાં નથી રહેતાં, પણ પ્રવાહી એટલે કે પરિણામી છે. જો દ્રવ્ય પરિણમતું ન હોય તો સંસારદશા છૂટીને મોક્ષદશા ક્યાંથી ઉત્પન્ન થાય? શરીરમાં બાલ્યદશામાંથી યુવાનદશા કેમ થાય? દ્રવ્યત્વશક્તિ વિશ્વના બધા દ્રવ્યોમાં હોવાથી બધાય દ્રવ્યો સ્વતંત્રપણે પોતપોતાની અવસ્થામાં પરિણમી રહ્યાં છે, તેને કોઈ બીજાની મદદ કે અસર નથી.

(૪) **પ્રમેયત્વગુણ**ને લીધે દ્રવ્યો જ્ઞાનમાં જણાય છે. છએ દ્રવ્યોમાં પ્રમેયત્વ શક્તિ હોવાથી, અને આત્મામાં જ્ઞાનશક્તિ હોવાથી, આત્મા છએ દ્રવ્યના સ્વરૂપનો તથા તેના સમસ્ત ગુણ-પર્યાયનો નિર્ણય કરી શકે છે. વસ્તુમાં જો પ્રમેયત્વ ન હોય તો 'આ વસ્તુ છે' એમ તેનું અસ્તિત્વ જ્ઞાનમાં કેવી રીતે જણાય? જગતનો કોઈ પદાર્થ જ્ઞાન દ્વારા અગમ્ય નથી. આત્મામાંય પ્રમેયત્વગુણ હોવાથી આત્મા પોતે પણ પોતાના જ્ઞાનમાં જણાય છે—પ્રમેય થાય છે.

(૫) **અગુરુલઘુત્વ ગુણ**ને લીધે દરેક વસ્તુ પોતપોતાના સ્વરૂપે ટકી રહે છે. જીવ બદલીને કદી પરમાણુરૂપ થઈ જતો નથી, પરમાણુ કદી જીવરૂપ થતા નથી. ચેતન સદાય ચેતનરૂપ રહે છે, જડ સદાય જડરૂપ રહે છે. વિકારદશામાં જ્ઞાનનો ઉઘાડ ઘટીને ગમે તેટલો ઓછો થાય તોપણ જીવદ્રવ્ય તદ્દન જ્ઞાન વગરનું (જડ) થઈ જાય, એમ કદી બનતું નથી અને કોઈ પણ પ્રયોગ વડે પરમાણુઓને ભેગા કરીને તેમાંથી જીવ બની શકતો નથી. વળી દ્રવ્યના ગુણો કદી છૂટા પડતા નથી તેમ જ કોઈ બે વસ્તુ એકરૂપ થઈને ત્રીજી નવી જાતની વસ્તુ ઉત્પન્ન થતી નથી, કેમ કે વસ્તુનું સ્વરૂપ કદી અન્યથા થતું નથી.

(૬) **પ્રદેશત્વગુણ**ને લીધે દરેક દ્રવ્યને પોતાનો આકાર હોય છે; સ્વ-પ્રદેશરૂપ સ્વ-આકારમાં જ તે રહે છે. સિદ્ધદશામાંય દરેક જીવ પોતાના સ્વપ્રદેશરૂપ સ્વઆકારમાં જ રહે છે. એકસાથે અનંતજીવો એકક્ષેત્રે હોવા છતાં દરેકનું સ્વક્ષેત્ર (સ્વપ્રદેશરૂપ આકાર) ભિન્ન છે.

આ છ સામાન્યગુણ મુખ્ય છે, આ સિવાય બીજા સામાન્યગુણો પણ છે. ગુણ દ્વારા વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ જાણી શકાય છે.

છ દ્રવ્યોમાંથી ચાર દ્રવ્યને તો સદા શુદ્ધ પરિણમન છે; જીવ ને પુદ્‌ગલમાં શુદ્ધ-અશુદ્ધરૂપ પરિણમન છે. તેમાંય પુદ્‌ગલને તો કાંઈ સુખ-દુઃખ નથી, તેનામાં સુખગુણ નથી એટલે તેની વિકૃતિરૂપ દુઃખ પણ નથી. જીવમાં સુખગુણ છે, પણ તેને ભૂલીને અજ્ઞાનથી તે દુઃખી છે; સાચા જ્ઞાન વડે દુઃખ ટળીને સુખ થાય છે. સુખ-દુઃખ કાંઈ શરીરમાં નથી, શરીર નીરોગી હો કે રોગી તેની સાથે જીવના સુખ-દુઃખનો સંબંધ નથી. પોતાના અજ્ઞાન અને મોહથી જ જીવ દુઃખી છે, સમ્યગ્જ્ઞાનાદિ વડે મોહ ટળતાં દુઃખ ટળે છે, ને સુખ થાય છે. આ રીતે જીવને સુખ માટે પરદ્રવ્ય સાથે પ્રયોજન નથી. પોતાની ભૂલથી પોતે દુઃખી ને પોતાની સમજણથી પોતે સુખી.

## ❀ અર્હન્તપદ, મુનિપદ, શ્રાવકપદ આત્મામાં જ છે ❀

અરિહંત અને સિદ્ધ તે દેવ છે, સાધક સન્ત મુનિ તે ગુરુ છે, તેઓનો ઉપદેશ તે શાસ્ત્ર છે. આવા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખતાં ગૃહીત મિથ્યાત્વ છૂટે છે. તે આવા દેવ-ગુરુ-શાસ્ત્રે કહેલા પોતાના આત્મસ્વરૂપનો નિર્ણય કરતાં અગૃહીત મિથ્યાત્વ ટળીને અપૂર્વ સમ્યગ્દર્શન થાય છે. ત્યારે જે જીવ સમ્યગ્દષ્ટિ, જ્ઞાની, ધર્મી, સુખી થયો, તેને મોક્ષમાર્ગની શરૂઆત થઈ. ત્યાર પછી સ્વરૂપમાં કંઈક સ્થિરતા વડે વિશેષ રાગ ટાળતાં શ્રાવકપણું પ્રગટે છે, પછી સર્વસંગપરિત્યાગી થઈને શુદ્ધોપયોગ વડે સ્વરૂપની નિર્વિકલ્પ રમણતામાં વારંવાર ઝૂલે તે સાધુ છે, અને સ્વરૂપમાં લીન થઈ, શુદ્ધતાની શ્રેણી ચડી, વીતરાગતા અને કેવળજ્ઞાન

જેણે પ્રગટ કર્યા તે સર્વજ્ઞદેવ કેવળીભગવાન છે; તેમાં જે શરીરસહિત દશામાં છે તે અરિહંત છે અને જે શરીરરહિત છે તે સિદ્ધ છે. અરિહંતદેવની વાણી અનુસાર રચાયેલાં જે શ્રુત તે શાસ્ત્ર છે. આ રીતે અરિહંતપદ, મુનિપદ, શ્રાવકપદ વગેરે પદો તે જીવની જ નિર્મળઅવસ્થા છે. આમાં અરિહંત અને સિદ્ધ એ સત્‌દેવ છે તેના સ્વરૂપમાં મોક્ષતત્ત્વનો સમાવેશ થાય છે, સંત-મુનિ વગેરે ધર્માત્માના સ્વરૂપમાં સંવર—નિર્જરાતત્ત્વનો સમાવેશ થાય છે; જેવું સિદ્ધનું સ્વરૂપ છે તેવું જ શુદ્ધ જીવ તત્ત્વનું સ્વરૂપ છે; અને મિથ્યાદૃષ્ટિ જીવમાં આસ્રવ તથા બંધતત્ત્વ આવી જાય છે. અજીવતત્ત્વ આત્માથી ભિન્ન છે. આમ બધા તત્ત્વોને જાણીને, અરિહંત—સિદ્ધ જેવો પોતાનો જે સ્વભાવ છે તે સ્વભાવરૂપે પરિણમવું તે ધર્મ છે. આ રીતે સાચા તત્ત્વાર્થશ્રદ્ધાન વડે સમ્યગ્દર્શન થાય છે. **હે જિજ્ઞાસુ! આ તારા જીવનનું મહાન કર્તવ્ય છે.**

❁

હે જીવ! ત્રણલોકમાં સૌથી ઉત્તમ મહિમાવંત પોતાનો આત્મા છે તેને તું ઉપાદેય જાણ; એ મહા સુંદર ને સુખરૂપ છે. જગતમાં સર્વોત્કૃષ્ટ એવા આત્માને તું સ્વાનુભવગમ્ય કર. તારો આત્મા જ તને આનંદરૂપ છે, કોઈ પરવસ્તુ તને આનંદરૂપ નથી. આત્માનો આનંદ જેણે અનુભવ્યો છે તે ધર્માત્માનું ચિત્ત બીજે ક્યાંય ઠરતું નથી, ફરી ફરીને આત્મા તરફ જ વળે છે. આત્માનું અસ્તિત્વ જેમાં નથી, આત્માનું જીવન જેમાં નથી એવા પરદ્રવ્યોમાં ધર્મીનું ચિત્ત કેમ ચોંટે? આનંદનો સમુદ્ર જ્યાં દેખ્યો છે ત્યાં જ તેનું ચિત્ત ચોંટ્યું છે.

# જિજ્ઞાસુની પાત્રતા અને ધર્મનું સાધન

દરેક જિજ્ઞાસુનું પહેલું કર્તવ્ય સત્સમાગમે સ્વભાવની યથાર્થ શ્રદ્ધા કરવાનું છે; તે જ નિશ્ચયથી ધર્મસાધન છે. આવા ધર્મના જિજ્ઞાસુને પ્રથમ પાત્રતા તરીકે બે વસ્તુ હોય છે (૧) ક્ષેત્રવિશુદ્ધિ અને (૨) યથાર્થ બીજ.

સંસારના અશુભનિમિત્તો પ્રત્યેની આસક્તિમાં મંદતા, બ્રહ્મચર્યાદિનો રંગ, કુદેવાદિના સેવનનો ત્યાગ, કષાયની મંદતા, દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિ-ઉલ્લાસ, સાધર્મીઓનો પ્રેમ, સત્‌ની રુચિ, આત્માની જિજ્ઞાસા—એવા ભાવોનું હોવું તે ક્ષેત્રવિશુદ્ધિ છે.—આવી ક્ષેત્રવિશુદ્ધિ વગર ધર્મનાં બીજ ઊગે નહિ.

મારો સ્વભાવ જ્ઞાન-આનંદમય, મારાથી પરિપૂર્ણ ને પરથી નિરપેક્ષ છે, સ્વાશ્રયભાવે જ મારી શુદ્ધતા પ્રગટે છે,—એમ સ્વાશ્રય તરફના વલણથી પોતાના સ્વભાવની શ્રદ્ધાનું વારંવાર ઘોલન તે યથાર્થ બીજ છે. તે અંતરનું સાધન છે.

આ રીતે ક્ષેત્રવિશુદ્ધિ અને યથાર્થ બીજ વડે પાત્ર જીવ સમ્યગ્દર્શનરૂપ ધર્મ પ્રગટ કરે છે. આવું સમ્યગ્દર્શન તે દરેક જિજ્ઞાસુનું પહેલું કર્તવ્ય છે. ભાઈ, અનંતકાળે દુર્લભ આવો મનુષ્ય અવતાર મળ્યો, ઉત્તમ જૈનધર્મ ને સત્સંગનો સુયોગ મળ્યો, તો હવે પાત્રતા પ્રગટાવી સ્વભાવની સંભાળ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર...આવા અવસરમાં પ્રમાદ ન કર. એકવાર સ્વાશ્રયનો ઉલ્લાસ લાવીને હા પાડ...ને અંતરમાં દૃષ્ટિ કરીને આત્માને દેખ...તારો આત્મા પ્રભુ છે. બધા આત્મા પ્રભુ છે, જેણે પોતાની પ્રભુતા સ્વીકારી તેઓ પ્રભુ થઈ ગયા.

❁

"સમ્યક્ત્વનો પ્રભાવ"

# કોણ પશુ ને કોણ માનવ?

नरत्वेऽपि पशुयन्ते मिथ्यात्वग्रस्तचेतसः।
पशुत्वेऽपि नरायन्ते सम्यक्त्वव्यक्तचेतनाः॥ *સાગારધર્મામૃત ગા. ૪*

જેનું ચિત્ત મિથ્યાત્વથી વ્યાપ્ત છે એવો મિથ્યાદૃષ્ટિ જીવ, મનુષ્યપણું હોવા છતાં પણ પશુસમાન અવિવેકી આચરણ કરતો હોવાથી પશુ છે; અને સમ્યક્ત્વ દ્વારા જેની ચૈતન્યસંપત્તિ વ્યક્ત થઈ ગઈ છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવ, પશુપણું હોવા છતાં મનુષ્યસમાન વિવેકી આચરણ કરતો હોવાથી મનુષ્ય છે.

**ભાવાર્થ** :—તત્ત્વોના વિપરીતશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વસહિત જીવ, ભલે બાહ્યશરીરથી મનુષ્ય હોય તોપણ, અંતરમાં તે હિત-અહિતના વિવેકથી રહિત હોવાને લીધે ભાવથી તો પશુ છે; અને જેને તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ દ્વારા ચૈતન્યની સ્વાનુભૂતિરૂપી સંપત્તિ પ્રગટ થઈ ગઈ છે એવા જીવ, ભલે બાહ્ય શરીરથી પશુ હોય તોપણ, અંતરમાં હિત-અહિતનો વિચાર કરવામાં ચતુર હોવાથી મનુષ્યસમાન છે.

જુઓ, સમ્યક્ત્વના સદ્ભાવથી પશુ પણ માનવ કહેવાય છે, અને તે સમ્યક્ત્વના અભાવથી માનવ પણ પશુ કહેવાય છે—આવો સમ્યક્ત્વનો પ્રભાવ છે.

જોકે બધા જીવોની અપેક્ષાએ મનુષ્ય સૌથી અધિક વિચારવાન ગણાય છે, પરંતુ તેનું જ્ઞાન પણ જો મિથ્યાત્વસહિત હોય તો તે હિત-અહિતનો વિચાર કરી શકતું નથી, એટલે મિથ્યાત્વના પ્રભાવથી તે મનુષ્ય પણ વિવેકરહિત પશુસમાન થઈ જાય છે, તો પછી બીજા પ્રાણીઓની તો વાત જ શું કરવી?

—અને પશુઓ મુખયપણે તો હિત-અહિતના વિવેકરહિત જ હોય

છે, પરંતુ કદાચિત્ કોઈ પશુનો આત્મા પણ જો સમ્યક્ત્વ સહિત હોય તો તેનું જ્ઞાન હેય-ઉપાદેય તત્ત્વોને જાણનારું થઈ જાય છે,તો પછી જે સમ્યક્ત્વસહિત મનુષ્ય હોય તેના મહિમાની તો શું વાત કરવી?

—એવું મહિમાવંત સમ્યગ્દર્શન આત્માનો સ્વભાવ છે.

✲ ✲ ✲

પરમ પુરુષપદ તે મોક્ષ છે. એવા પરમ પુરુષપદની પ્રાપ્તિના ઉપાયમાં જેનો આત્મા વિચરી રહ્યો છે તે જ ખરેખર પુરુષ છે. સમ્યગ્દષ્ટિ–પશુનો આત્મા પરમ પુરુષપદરૂપ મોક્ષના માર્ગમાં સ્થિત હોવાથી તે પુરુષ છે. અને મિથ્યાદષ્ટિ–માનવનો આત્મા પરમ પુરુષપદના માર્ગમાં સ્થિત નહિ હોવાથી તે પુરુષ નથી પણ પશુ છે.

## ❀ સમ્યગ્દષ્ટિની સંસારમુક્તિ ❀

જેણે પૂર્વે આયુષ્ય બાંધ્યું ન હોય એવા અવિરત સમ્યગ્દષ્ટિ વૈમાનિકદેવમાં અથવા ઉત્તમ મનુષ્યમાં જ જન્મે છે, એ સિવાય બીજે ક્યાંય જન્મતા નથી; તેથી ઉત્તમ દેવપણું અને ઉત્તમ મનુષ્યપણું–એ બેને છોડીને બાકીના સમસ્ત સંસારના ક્લેશથી તે મુક્ત છે. માટે સંસારના દુઃખોથી ભયભીત એવા ભવ્ય જીવોએ સમ્યગ્દર્શનની આરાધનામાં સદાય તત્પર રહેવું જોઈએ. *(સાગારધર્મામૃત પૃ. ૧૬)*

**પ્રશ્ન** :—સમ્યગ્દષ્ટિ સદાય મુક્ત કેમ છે?

**ઉત્તર** :—કેમ કે તેની દૃષ્ટિમાં સદાય પોતાના મુક્તસ્વરૂપનો જ આશ્રય હોવાથી ને બંધભાવનો નિષેધ હોવાથી તે મુક્ત જ છે.

# સમ્યગ્દર્શનરૂપી અમૃત પીઓ

(સમ્યગ્દર્શનનો મહિમા શાસ્ત્રોમાં ઠેરઠેર ભર્યો છે, તેમાંથી થોડોક નમૂનો)

☞ આ સમ્યગ્દર્શન મહાન રત્ન છે, સર્વ લોકના એક ભૂષણરૂપ છે અર્થાત્ સમ્યગ્દર્શન સર્વલોકમાં અત્યંત શોભાયમાન છે અને તે જ મોક્ષપર્યંત સુખ દેવામાં સમર્થ છે. *(જ્ઞાનાર્ણવ ૬—૫૩)*

☞ જ્ઞાન અને ચારિત્રનું બીજ સમ્યગ્દર્શન જ છે, યમ અને પ્રશમભાવનું જીવન સમ્યગ્દર્શન જ છે, અને તપ તથા સ્વાધ્યાયનો આધાર પણ સમ્યગ્દર્શન જ છે, એમ આચાર્યોએ કહ્યું છે. (૫૪)

☞ વિશેષ જ્ઞાન કે ચારિત્ર ન હોય છતાં, જો એકલું માત્ર સમ્યગ્દર્શન જ હોય તોપણ તે પ્રશંસનીય છે; પરંતુ મિથ્યાદર્શનરૂપી ઝેરથી દૂષિત થયેલા જ્ઞાન કે ચારિત્ર પ્રશંસનીય નથી. (૫૫)

☞ સૂત્રજ્ઞ આચાર્યદેવોએ કહ્યું છે કે યમ-નિયમ-તપ વગેરે અતિ અલ્પ હોય તોપણ, જો તે સમ્યગ્દર્શન સહિત હોય તો ભવસમુદ્રના ક્લેશના ભારને હળવો કરવા માટેની તે ઔષધિ છે. (૫૬)

☞ શ્રી આચાર્યદેવ કહે છે કે જેને દર્શનશુદ્ધિ થઈ ગઈ છે તે પવિત્ર આત્મા મુક્ત જ છે—એમ અમે જાણીએ છીએ; કેમ કે દર્શનશુદ્ધિને જ મોક્ષનું મુખ્ય કારણ કહેવામાં આવ્યું છે. (૫૭)

☞ આ જગતમાં જેઓ જ્ઞાન અને ચારિત્રના પાલનમાં પ્રસિદ્ધ થયા છે એવા જીવો પણ, સમ્યગ્દર્શન વગર મોક્ષને પામી શકતા નથી. આવું સમ્યગ્દર્શન એ સંસારથી તારનારું તીર્થ છે. (૫૮)

☞ આચાર્યદેવ કહે છે કે : હે જીવો! તમે આવા સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીઓ.

☞ સંક્ષેપથી મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર તે બંધનું કારણ છે, ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનું કારણ છે; તેનાથી અધિક જે

કાંઈ કહેવામાં આવે છે તે ત્રણનો જ વિસ્તાર છે.

☞ શ્રી ગણધરદેવોએ સમ્યગ્દર્શન–સંપન્ન ચંડાળને પણ દેવ સમાન કહ્યો છે, ભસ્મમાં છૂપાયેલ અગ્નિની ચિનગારીની જેમ તે આત્મા ચંડાળદેહમાં રહેલો હોવા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપથી પવિત્ર થઈ ગયો છે, તેથી તે દેવ છે. *(રત્નકરંડ શ્રાવકાચાર : ૨૮)*

☞ નિર્મોહી–સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ તો મોક્ષમાર્ગમાં રહેલો છે, પરંતુ મિથ્યાદષ્ટિ મુનિ મોક્ષમાર્ગી નથી; માટે મિથ્યાદષ્ટિ મુનિ કરતાં સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ શ્રેષ્ઠ છે. *(રત્નકરંડ શ્રાવકાચાર : ૩૩)*

☞ જેવી રીતે નગરીની શોભા દરવાજાથી છે, મુખની શોભા ચક્ષુથી છે, અને વૃક્ષની સ્થિરતા મૂળિયાથી છે તેવી રીતે જ્ઞાન-ચારિત્ર-તપ ને વીર્યની શોભા સમ્યગ્દર્શનથી છે. *(ભગવતી આરાધના : ૭૪૦)*

☞ શાન્તભાવ, જ્ઞાન, ચારિત્ર અને તપ એ બધાં જો સમ્યગ્દર્શન વગર હોય તો પુરુષને પત્થરની જેમ બોજા સમાન છે, પરંતુ તેઓ જ જો સમ્યગ્દર્શન સહિત હોય તો મહામણિસમાન પૂજ્ય છે, શોભારૂપ છે. *(આત્માનુશાસન : ૧૫)*

☞ હે જીવ! જો તું ચારગતિના ભ્રમણથી ડરતો હો તો પરભાવોનો ત્યાગ કર અને નિર્મળ આત્માનું ધ્યાન ધર, જેથી તને શિવસુખની પ્રાપ્તિ થશે. *(યોગસાર : ૫)*

☞ નિજસ્વરૂપને તો જે જાણતો નથી અને માત્ર પુણ્ય કરે છે તે જીવ પુણ્ય કરવા છતાં સંસારમાં જ ભમે છે, તે કદી મોક્ષસુખને પામતો નથી. *(યોગસાર : ૧૫)*

☞ હે વત્સ! એક પરમ આત્મદર્શન જ મોક્ષનું કારણ છે, એ સિવાય બીજું કાંઈપણ મોક્ષનું કારણ નથી–એમ તું નિશ્ચયથી જાણ.

*(યોગસાર : ૧૬)*

☞ ગૃહવ્યવહારમાં રહેવા છતાં જેને હેય-ઉપાદેયનો વિવેક છે અને જે

સદાય જિનપદને ધ્યાવે છે તે સમ્યગ્દષ્ટિ અલ્પકાળમાં મોક્ષ પામે છે. *(યોગસાર : ૧૮)*

☞ મોક્ષ પામવા માટે, હે યોગી! શુદ્ધાત્મામાં ને જિનવરમાં જરાપણ ભેદ નથી, એમ તું નિશ્ચયથી સમજ *(યોગસાર : ૨૦)*

☞ રે જીવ! અનાદિકાળથી તું ચોરાશી લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરી રહ્યો છે, પણ તેં સમ્યક્ત્વ કદી પ્રાપ્ત નથી કર્યું ; આમ જાણીને હવે તું સમ્યક્ત્વનો ઉદ્યમી થા. *(યોગસાર : ૨૫)*

☞ જ્યાં સુધી પરમ પવિત્ર એક શુદ્ધભાવને જીવ જાણતો નથી ત્યાં સુધી તે મૂઢના વ્રત-તપ-સંયમ વગેરે કાંઈ મોક્ષનું કારણ કેહવાતું નથી. *(યોગસાર : ૨૯)*

☞ અહો, તે ભગવાન જ્ઞાનીઓને ધન્ય છે કે જેઓ લોકાલોકપ્રકાશક નિર્મળસ્વભાવી આત્માને જાણીને સમસ્ત પરભાવોને છોડે છે. *(યોગસાર : ૬૪)*

☞ વિરલા જીવો જ શુદ્ધ આત્મતત્ત્વને જાણે છે; તેનું શ્રવણ પણ વિરલા જ કરે છે, વિરલા જ તેને ધ્યાવે છે ને વિરલા જ તેને ધારણ કરે છે. *(યોગસાર : ૬૬)*

☞ સમ્યગ્દષ્ટિ જીવ કુગતિમાં જતા નથી; કદાચિત્ (પૂર્વબદ્ધ આયુને કારણે) જાય તોપણ ત્યાં તેના સમ્યક્ત્વનો તો દોષ નથી, ઊલટું તેને પૂર્વકર્મનો ક્ષય થાય છે. *(યોગસાર : ૮૮)*

☞ સમસ્ત વ્યવહારને છોડીને જે નિજાત્મસ્વરૂપમાં રમે છે, એવા સમ્યગ્દષ્ટિ જીવ અલ્પકાળમાં ભવપાર કરે છે. *(યોગસાર : ૮૯)*

☞ શ્રી જિનેન્દ્રદેવે કહેલો મુક્તિમાર્ગ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન -સમ્યક્ચારિત્ર—એ ત્રણ સ્વરૂપ છે; તેનાથી જ સંવર-નિર્જરારૂપ ક્રિયા થાય છે. *(તત્ત્વાનુશાસન ૮-૨૪)*

☞ સમ્યક્ત્વરૂપ ભાવશુદ્ધિ વડે જે જીવ વિષયોના સંગથી રહિત છે અને

કષાયોનો વિજયી છે તે ભવભયના દુઃખોને હણે છે.

*(સારસમુચ્ચય : ૫૦)*

☞ શુદ્ધ ચૈતન્યસ્વભાવની પ્રાપ્તિ ભેદજ્ઞાનથી જ થાય છે; આ ભેદજ્ઞાન વગર કદી ક્યાંય કોઈ તપસ્વી કે શાસ્ત્રજ્ઞ પણ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવને પામી શકતા નથી.

☞ જેમ અગ્નિ ઘાસના ઢગલાને ક્ષણમાત્રમાં સળગાવી દે છે તેમ ભેદવિજ્ઞાની મહાત્મા ભેદજ્ઞાન વડે ચૈતન્યસ્વરૂપના પ્રતિઘાતક કર્મસમૂહને ક્ષણમાત્રમાં ક્ષય કરી નાંખે છે.

*(તત્ત્વજ્ઞાનતરંગિણી ૮, ૧૧–૧૨)*

☞ સંવર-નિર્જરા સાક્ષાત્ પોતાના આત્મજ્ઞાનથી થાય છે અને આત્મજ્ઞાન ભેદજ્ઞાનથી થાય છે, માટે મોક્ષાર્થીએ ભેદજ્ઞાન ભાવવાયોગ્ય છે. *(તત્ત્વજ્ઞાનતરંગિણી ૮-૧૪)*

☞ સ્વકીય શુદ્ધચિદ્રૂપમાં રુચિ તે નિશ્ચયથી સમ્યક્ત્વ છે, એમ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે. આ સમ્યક્ત્વ સર્વ કર્મરૂપી લાકડાને સળગાવવા માટે અગ્નિસમાન છે. (તત્ત્વજ્ઞાનતરંગિણી ૧૨-૮)

☞ પરદ્રવ્યનું ચિન્તન તે બંધનું કારણ છે ને માત્ર વિશુદ્ધ સ્વદ્રવ્યનું ચિન્તન જ મોક્ષનું કારણ છે. (તત્ત્વજ્ઞાનતરંગિણી ૧૫-૧૬)

**સમ્યક્ત્વનો અપાર મહિમા જાણીને**
**હે જીવ! તેની આરાધનામાં તારું જીવન જોડ.**

❀

# એકત્વમાં વર્તતો જીવ દુઃખથી છૂટે છે

(સમ્યગ્દર્શન પુસ્તક બીજું—તેમાંથી થોડોક નમૂનો)

શ્રોતા શા માટે સાંભળે છે?—કે સાંભળીને આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવાના હેતુથી સાંભળે છે, જેવું આત્મસ્વરૂપ સાંભળે છે તેવું જ શ્રદ્ધા-જ્ઞાન-અનુભવમાં લેવાનો ઉદ્યમ કરે છે; ઉદ્યમપૂર્વક અંતર્સ્વરૂપમાં જોડાણ કરીને કર્મ સાથેનું જોડાણ તોડી નાંખે છે. રાગ-દ્વેષપરિણતિ વડે કર્મબંધની પરંપરા ચાલતી હતી પણ જ્યાં અંતર્મુખ થઈને રાગ-દ્વેષપરિણતિને તોડી નાંખી ત્યાં જૂનાં અને નવા કર્મ વચ્ચેની સંધિ તૂટી ગઈ એટલે કે કર્મની પરંપરા અટકી ગઈ, ને તે જીવ ફદફદતા પાણી જેવા દુઃખથી મુક્ત થઈ ગયો.

સ્વભાવ સાથેના સંબંધથી કર્મ સાથેનું જોડાણ તોડીને તેની પરંપરાને જીવ છેદી નાંખે છે; એમ નથી કે જૂના કર્મો નવા બંધનું કારણ થયા જ કરે. જીવ જો રાગ-દ્વેષપરિણતિ વડે કર્મ સાથે જોડાય તો જ કર્મની પરંપરા ચાલુ રહે છે, પણ જો પોતાની પરિણતિને સ્વભાવ સાથે જોડીને રાગ-દ્વેષને છોડે તો કર્મની પરંપરા તૂટી જાય છે. જેમ પરમાણુ પોતાના સ્વરૂપમાં એકાકીપણે વર્તે છે તેમ સ્વરૂપમાં એકત્વપણે જોડાયેલો જીવ પણ રાગ-દ્વેષરહિત થયો થકો કર્મબંધરહિત એકાકીપણે—મુક્તપણે પરિણમે છે.

નિયમસારમાં કહે છે કે : જડસ્વરૂપ પુદ્ગલની સ્થિતિ પુદ્ગલમાં જ છે એમ જાણીને તે સિદ્ધભગવંતો પોતાના ચૈતન્યાત્મક સ્વરૂપમાં કેમ ન રહે? (વળી કહે છે કે—) જો પરમાણુ એક વર્ણાદિરૂપ પ્રકાશતા નિજગુણસમૂહમાં છે તો તેમાં મારી કાંઈ કાર્યસિદ્ધિ નથી; આમ નિજહૃદયમાં માનીને પરમ સુખપદનો અર્થી ભવ્યસમૂહ શુદ્ધ આત્માને એકને ભાવે. જેમ પરમાણુ જઘન્યસ્નેહરૂપ પરિણમે ત્યારે સ્કંધરૂપ બંધનથી તે છૂટો પડી જાય છે, તેમ આત્મા પરમાત્મભાવનાની ઉગ્રતા વડે એકત્વસ્વરૂપમાં પરિણમતો થકો કર્મબંધનથી છૂટો પડી જાય છે. આ રીતે

એક પરમાણુ અને સિદ્ધપરમાત્માની જેમ જે જીવ પોતાના એકત્વસ્વરૂપમાં વર્તે છે તેને નવું બંધન થતું નથી અને જૂનાં બંધાયેલાં કર્મો પણ છૂટી જાય છે, એટલે અશાંત–ફદફદતા દુઃખોથી તે મુક્ત થઈ જાય છે. જેમ ઠંડું જળ તો શાંત હોય પણ તે ઉકળતાં તેમાં ફદફદીયા પડીને તે અશાંત થાય છે; તેમ શાંત જળથી ભરેલું આ ચૈતન્યસરોવર તેમાં રાગ-દ્વેષનો ઉકળાટ થતાં દુઃખના ફદફદીયા ઊપડે છે, અશાંતિ થાય છે; ચૈતન્યસ્વભાવની ભાવના વડે રાગ-દ્વેષ ઉપશમી જતાં તે ફદફદતા અશાંતને દુઃખોથી જીવ મુક્ત થાય છે ને અતીન્દ્રિય શાંતિને–આનંદને અનુભવે છે.

——આ પંચાસ્તિકાયના અવબોધનું ફળ છે.

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મસ્વભાવનો નિર્ણય કરીને તેની સન્મુખ જે વર્તે છે તે જીવ બંધન રહિત થઈને, દુઃખથી મુક્ત થઈને, પરમ આનંદને પામે છે. સ્વરૂપની સન્મુખતા વગર અનાદિથી જીવો મહાદુઃખમાં શેકાઈ રહ્યા છે, કળકળતા તેલમાં શકરકંદ શેકાય તેમ ઘોર દુઃખના ખાડામાં રાગ -દ્વેષ-મોહથી જીવો ખદબદી રહ્યા છે, તે દુઃખથી મુક્ત થવાની રીત આચાર્યદેવે આ ૧૦૩મી ગાથામાં બતાવી.

જેઓ વનજંગલમાં વસનારા મહાન સંત છે, જેઓ વિદેહક્ષેત્રે જઈને સીમંધર પરમાત્માની વાણી સાંભળીને આવ્યા છે, જેમના ચારિત્રના પાવર ફાટી ગયા છે અને જેઓ ચૈતન્યના આનંદના ઝૂલણે ઝૂલી રહ્યા છે, આવા ભગવાન કુંદકુંદાચાર્યદેવનું આ કથન છે; જે જીવ આત્માર્થી થઈને સમજશે તે દુઃખથી પરિમુક્ત થઈને પરમાનંદને પામશે.

# પ્રે....ર....ણા

(સમ્યગ્દર્શન પુસ્તક ત્રીજું—તેમાંથી થોડોક નમૂનો)

રે ભાઈ! તું કોઈપણ રીતે તત્ત્વનો કૌતૂહલી થા. હિતની શિખામણ આપતાં આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! ગમે તેમ કરીને તું તત્ત્વનો જિજ્ઞાસુ થા... ને દેહથી ભિન્ન આત્માનો અનુભવ કર. દેહ સાથે તારે એકતા નથી પણ ભિન્નતા છે...તારા ચૈતન્યનો વિલાસ દેહથી જુદો છે. માટે તારા ઉપયોગને પર તરફથી છોડીને અંતરમાં વાળ.

પરમાં તારું નાસ્તિત્વ છે માટે તારા ઉપયોગને પર તરફથી પાછો વાળ. તારા ઉપયોગસ્વરૂપ આત્મામાં પરની પ્રતિકૂળતા નથી. મરણ જેટલું કષ્ટ (—બાહ્ય પ્રતિકૂળતા) આવે તોપણ તેની દૃષ્ટિ છોડીને અંતરમાં જીવતા ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ કર. ‘‘मृत्वा अपि એટલે કે મરીને પણ તું આત્માનો અનુભવ કર’’—આમ કહીને આચાર્યદેવે શિષ્યને પુરુષાર્થની પ્રેરણા આપી છે. વચ્ચે કંઈ પ્રતિકૂળતા આવે તો તારા પ્રયત્નને છોડી ન દઈશ, પરંતુ મરણ જેટલી પ્રતિકૂળતા સહન કરીને પણ તું આત્માનો તાગ લેજે...તેનો અનુભવ કરજે. મારે મારા આત્મામાં જ જવું છે...તેમાં વચ્ચે પરની ડખલગીરી કેવી? પ્રતિકૂળતા કેવી? બહારની પ્રતિકૂળતાનો આત્મામાં અભાવ છે—એમ ઉપયોગને પલટાવીને આત્મામાં વાળ,—આમ કરવાથી પર સાથે તારો એકતાબુદ્ધિરૂપ મોહ છૂટી જશે...ને તને પરથી ભિન્ન તારું ચૈતન્યતત્ત્વ આનંદના વિલાસસહિત અનુભવમાં આવશે.

૩૮ ગાથા સુધી પરથી ભિન્ન શુદ્ધ જીવનું સ્વરૂપ ઘણા ઘણા પ્રકારે સ્પષ્ટ કરીને સમજાવવા છતાં જે નહિ સમજે અને દેહાદિને આત્મા માનશે, તેને આચાર્યદેવ કડક સંબોધન કરીને સમજાવશે કે, અમે આટલું આટલું સમજાવ્યું છતાં જે જીવ દેહને-કર્મને તથા રાગને જ આત્માનું સ્વરૂપ માને છે તે જીવ મૂઢ છે, અજ્ઞાની છે, પુરુષાર્થહીન છે, પરને જ આત્મા માની માનીને તે આત્માના પુરુષાર્થને હારી બેઠો છે. રે પશુ જેવા મૂઢ! તું સમજ

રે સમજ! ભેદજ્ઞાન કરીને તારા આત્માને પરથી જુદો જાણ...રાગથી જુદા ચૈતન્યનો સ્વાદ લે.

—આ રીતે, જેમ માતા બાળકને શિખામણ આપે તેમ આચાર્યદેવ શિષ્યને અનેક પ્રકારે સમજાવે છે...તેમાં તેના હિતનો જ આશય છે.

આચાર્યદેવ કહે છે કે ભાઈ! જડની ક્રિયામાં તારો ધર્મ ગોતવો મૂકી દે. આ ચૈતન્યમાં તારો ધર્મ છે તે કોઈ દિવસ જડ થયો નથી. જડ ને ચૈતન્ય બંને દ્રવ્યના ભાગલા પાડીને હું તને કહું છું કે આ ચૈતન્યદ્રવ્ય જ તારું છે. માટે હવે જડથી ભિન્ન તારા શુદ્ધ ચૈતન્યતત્ત્વને જાણીને તું સર્વ પ્રકારે પ્રસન્ન થા...તરું ચિત્ત ઉજ્જવળ કરીને સાવધાન થા...અને “આ સ્વદ્રવ્ય જ મારું છે” એમ તું અનુભવ કર. અહા! આવું ચૈતન્યતત્ત્વ અમે તને દેખાડ્યું...હવે તું આનંદમાં આવ...પ્રસન્ન થા!

જેમ બે છોકરા કોઈ વસ્તુ મટે બાઝે તો માતા વચ્ચે પડીને ભાગ પાડી આપે છે ને સમાધાન કરાવે છે. તેમ અહીં આચાર્યદેવ જડ-ચેતનના ભાગ પાડીને, બાળક જેવા અજ્ઞાનીને સમજાવે છે કે લે, આ તારો ભાગ! જો...આ ચૈતન્ય છે તે તારો ભાગ છે ને આ જડ છે તે જડનો ભાગ છે. તારો ચૈતન્ય ભાગ એવો ને એવો આખેઆખો શુદ્ધ છે તેમાં કાંઈ બગડ્યું નથી; માટે તારો આ ચૈતન્ય ભાગ લઈને હવે તું પ્રસન્ન થા...આનંદિત થા...તારા મનનું સમાધાન કરીને તારા ચૈતન્યને આનંદથી ભોગવ...તેના અતીન્દ્રિયસુખના સ્વાદનો અનુભવ કર.

# સંતોની સાથે મોક્ષમાં જઈએ

અહો, સન્તો કેવા વહાલથી શિષ્યજનોને મોક્ષમાં લઈ જાય છે! એ વાત નિયમસાર કલશ ૧૩૩ ઉપરના પ્રવચનમાં ગુરુદેવે બતાવી...એ ભાવભીનાં પ્રવચન ઉપરથી કાવ્ય. (સહજ ગુણઆગરો...એ રાગ)

આચાર્યદેવ કહે છે કે—

હે સખા! ચાલને.....મારી સાથે મોક્ષમાં
છોડ પરભાવને.....ઝૂલ આનંદમાં....
નિજ સાથ મોક્ષમાં લઈ જવા ભવ્યને,
શ્રી મુનિરાજ સંબોધતા વ્હાલથી..... હે સખા!

સાંભળી બુદ્ધિને વાળીને અંતરે,
મગ્ન થા પ્રેમથી સુખના સાગરે;
નિજ સ્વ-રૂપને એકને ગ્રહ તું,
એ જ આગમ તણા મર્મનો સાર છે..... હે સખા!

સૂજ્ઞ પુરુષ તો સૂણી આ શિખને,
હર્ષથી ઉલ્લસી છોડે પર ભાવને;
પરમાનંદ-ભરપૂર નિજ પદ ગ્રહી,
શુદ્ધ સ્વરૂપમાં વેગથી તે વળે..... હે સખા!

અમે જશું મોક્ષમાં, કેમ તને છોડશું?
આવજે મોક્ષમાં તુંય અમ સાથમાં....
ભવ્ય નિજ પદને સાધજે ભાવથી,
શિખ આ સંતની શીઘ્ર તું માનજે..... હે સખા!

તીર્થપતિ મોક્ષમાં જાય છે જે ભવે,
ગણપતિ પણ જરૂર જાય છે તે ભવે;
શિષ્ય એ સંતના રત્નત્રય સાધીને....
સંતની સાથમાં મોક્ષમાં જાય છે..... હે સખા!

# નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાનનો પ્રયત્ન

દયાદિના પરિણામરૂપ લૌકિક શુભભાવ, અને આત્માને સાધવાની પૂર્વભૂમિકામાં વર્તતા વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાનાદિના વિશેષભાવ, એ બંનેના પ્રકારમાં ફેર છે. તે બતાવીને અહીં ગુરુદેવે નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન માટેના પ્રયત્નની પ્રેરણા કરી છે.

(વીર સં. ૨૪૭૩ આસો સુદ ત્રીજ)

દયા પાળવાના પરિણામવાળા ઘણા જીવો હોય છે, છતાં તેઓ બધા કાંઈ સમ્યગ્જ્ઞાન પામતા નથી; માટે દયારૂપ પરિણામ સમ્યક્જ્ઞાનનું કારણ નથી. તેવી જ રીતે સત્ય, પ્રામાણિકતા, બ્રહ્મચર્ય વગેરે શુભપરિણામ હોવા છતાં ઘણા જીવોને સમ્યગ્જ્ઞાન નથી હોતું. એટલે અહીં એમ બતાવ્યું કે મંદકષાયરૂપ પરિણામ તે શુદ્ધાત્માના જ્ઞાનનો ઉપાય નથી. (હિંસા, જૂઠું, ચોરી વગેરે તીવ્ર પાપભાવોમાં ડૂબેલા જીવોને તો આત્મહિતનો વિચાર જ નથી એટલે તેની તો અહીં વાત જ નથી.)

અત્યારે શુભપરિણામ કરું ને તેના વડે પછી સમ્યગ્જ્ઞાન થઈ જશે —એ મિથ્યા માન્યતા છે. અનંતવાર શુભપરિણામ કરીને સ્વર્ગમાં જઈ આવ્યો છતાં જીવ સમ્યગ્જ્ઞાન કેમ ન પામ્યો? વર્તમાનમાં પણ એવા અનેક જીવો દેખાય છે કે વ્રતાદિ શુભપરિણામ અને મંદકષાય વર્ષો સુધી હોવા છતાં શાસ્ત્રના સાચા અર્થને પણ જાણતા નથી, તે જ્ઞાનની વ્યવહારશુદ્ધિ પણ પામતા નથી, તો સમ્યગ્જ્ઞાન ક્યાંથી પામે? જ્ઞાનની શુદ્ધિ વગર ચારિત્રની શુદ્ધિ કરવા મથે છે તે જીવો જ્ઞાનનું કે ચારિત્રનું સ્વરૂપ સમજ્યા નથી. શુદ્ધાત્માના આશ્રય વગર કોઈ ઉપાયે જ્ઞાનની શુદ્ધિ થતી નથી.

સમ્યગ્જ્ઞાનમાં કોઈ પરાશ્રય નથી, સ્વભાવનો જ આશ્રય છે. વસ્તુસ્વભાવ સ્વતંત્ર ને પરિપૂર્ણ છે, તેને કોઈના આશ્રયની જરૂર નથી.

સ્વભાવના જ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. નવમી ગ્રૈવેયકે જનાર મિથ્યાદૃષ્ટિ જીવને દેવ-ગુરુ-શાસ્ત્રની ને નવતત્ત્વની શ્રદ્ધા, અગિયાર અંગનું જ્ઞાન ને પંચમહાવ્રતનું પાલન—એવા વ્યવહારના શુભ પરિણામ હોવા છતાં ચૈતન્યસ્વભાવના સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન કરવા માટે તેને તે પરિણામ કામ આવ્યા નહિ. સ્વભાવના લક્ષપૂર્વક મંદકષાય હોય ત્યાં પણ મંદકષાયની મુખ્યતા ન રહી પણ શુદ્ધસ્વભાવના લક્ષની મુખ્યતા રહી; એટલે સ્વભાવની શ્રદ્ધાને વ્યવહાર રત્નત્રયનીયે સહાય નથી.

શાસ્ત્રમાં જડ-ચેતનની સ્વાધીનતા, ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા બતાવી છે, એ સમજે નહિ ને વિપરીત માને તેને તો જ્ઞાનનો વ્યવહાર પણ સુધર્યો નથી, જેમ કુદેવાદિને માને તેને શ્રદ્ધાનો વ્યવહાર સુધર્યો નથી. ચૈતન્યસ્વભાવનું સમ્યગ્જ્ઞાન એ તો વ્યવહારજ્ઞાનથી પણ પાર છે. આત્મજ્ઞાન તે પરમાર્થજ્ઞાન છે, અને શાસ્ત્રના આશયનું જાણપણું તે જ્ઞાનનો વ્યવહાર છે. જેને જ્ઞાનનો વ્યવહાર પણ ખોટો છે એટલે કે શાસ્ત્રના કથનનો આશય પણ જે બરાબર સમજતો નથી ને વિપરીત માને છે તેને પરમાર્થજ્ઞાન કેવું? હજી શાસ્ત્રનો આશય બરાબર સમજે ત્યાર પછી પણ અનુભવજ્ઞાન જુદી ચીજ છે. આ રીતે બહારની ક્રિયા કે અંદરનો શુભરાગ તે ધર્મનો આધાર નથી; અને પરાલંબી શાસ્ત્રજ્ઞાન તે પણ અનુભવજ્ઞાનનું કારણ નથી. રાગનું અવલંબન તોડીને પોતાના પરમાત્મસ્વભાવને સ્વાલંબી જ્ઞાનથી જ્યારે અનુભવે ત્યારે જ સમ્યક્શ્રદ્ધા ને સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. જે સમયે રાગ અને જ્ઞાનની સંધિ તોડીને અંતર્મુખ જ્ઞાન વડે પરમાત્મસ્વભાવને જાણ્યો તે વખતે તે જ્ઞાનમાં સ્વકીય પરમાત્મા જ ઉપાદેય છે. આત્મા સ્વભાવથી તો ત્રિકાળ પરમાત્મા છે, પણ જ્યારે રાગરહિત થઈને તેને અનુભૂતિમાં લીધો ત્યારે તે ઉપાદેયરૂપ થયો કહેવાય છે, રાગ વડે તે જણાતો નથી એટલે કે ઉપાદેય થતો નથી કે અનુભવમાં આવતો નથી.

કોઈ શુભ પરિણામ એ કાંઈ સમ્યગ્જ્ઞાનનો વિધિ નથી પણ સ્વભાવને અનુલક્ષીને યથાર્થ અભ્યાસ કરવો તે જ સમ્યગ્જ્ઞાનનું સાધન છે. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનના વિધિને જ જાણે નહિ તો સમ્યગ્દર્શન ને

સમ્યગ્જ્ઞાન ક્યાંથી થાય? કોઈ જીવો આચરણના પરિણામ સુધારીને તે શુભને જ્ઞાનાદિનો ઉપાય માને છે, તેવા જીવો સમ્યગ્જ્ઞાનાદિના સાચા ઉપાયને સમજ્યા નથી. સર્વ પરભાવનો નિષેધ કરીને પરમાર્થ સ્વભાવને સમજ્યા વગર સમ્યગ્જ્ઞાનાદિ થાય નહિ.

કષાયની મંદતા વડે મિથ્યાત્વમાં જે મંદતા થાય છે તેને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય નહિ; પણ સ્વભાવને અનુલક્ષીને સ્વાનુભવ તરફનો પ્રયત્ન કરતાં કરતાં મિથ્યાત્વાદિનો ભાવ તૂટતો જાય છે તેને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય. દેવ-ગુરુ-શાસ્ત્ર કે નવતત્ત્વના લક્ષે રાગમાં અટકી રહે ત્યાં સુધી સમ્યગ્દર્શન થાય નહિ; જ્યારે ચિન્માત્ર નિજસ્વભાવ તરફ ઝૂકીને પોતાના શ્રદ્ધા-જ્ઞાન કરે ત્યારે જ સમ્યક્શ્રદ્ધા ને સમ્યગ્જ્ઞાન થાય છે. ચૈતન્યની શ્રદ્ધા ચૈતન્ય વડે જ થાય છે, રાગ વડે કે પરના અવલંબન વડે થતી નથી.

**પ્રશ્ન** :–કષાયની મંદતારૂપ શુભરાગ, કે મિથ્યાત્વની મંદતારૂપ વ્યવહારશ્રદ્ધા, એ બંનેમાંથી કોઈ મોક્ષમાર્ગરૂપ તો નથી, તો તે બંનેમાં શું ફેર છે?

**ઉત્તર** :–અહીં એ બંનેમાં એ ફેર બતાવવો છે કે કોઈ જીવને કષાયની મંદતા કરવા છતાં વ્યવહારશ્રદ્ધા નથી હોતી એટલે કષાયની મંદતાથી વ્યવહારશ્રદ્ધાનો પુરુષાર્થ કંઈક જુદો છે. બે જીવો દયાદિ શુભભાવ કરે છે, તેમાંથી કે જીવ પોતાની પર્યાયને સ્વતંત્ર માનતો નથી, પરના કારણે પોતાને રાગ-દ્વેષ થવાનું માને છે, અને બીજો જીવ શાસ્ત્રાદિના જ્ઞાન વડે પર્યાયની સ્વતંત્રતા સ્વીકારે છે, પરને કારણે રાગ-દ્વેષ થવાનું માનતો નથી, તો તે બેમાં પહેલાં જીવને કષાયની મંદતા હોવા છતાં વ્યવહારજ્ઞાન પણ ચોખ્ખું નથી; બીજા જીવને વ્યવહારશ્રદ્ધા છે, ને તેની સાથે કષાયની મંદતા પણ છે. આ અપેક્ષાએ બંનેના પુરુષાર્થમાં ફેર સમજવો. જ્યાં વ્યવહારશ્રદ્ધા છે ત્યાં તો કષાયની મંદતા પણ ભેગી છે જ, પણ જ્યાં કષાયની મંદતા હોય ત્યાં વ્યવહારશ્રદ્ધા હોય કે ન પણ હોય. વ્યવહારશ્રદ્ધા વગરની કષાયની મંદતા આઘી ચાલશે નહિ. પોતાની

પર્યાયની સ્વતંત્રતા સમજ્યા વગર ત્રિકાળીસ્વભાવમાં ઢળશે ક્યાંથી? વ્યવહારશ્રદ્ધામાં જે રાગ છે તે મોક્ષમાર્ગ નથી, પણ પર્યાયની સ્વતંત્રતાનું જ્ઞાન પોતાના શુદ્ધ સ્વભાવ તરફ ઢળવા માટે પ્રયોજનભૂત છે.

અહીં, તો એ બતાવવું છે કે માત્ર કષાયની અમુક હદની મંદતા તો ઘણા જીવોને હોય છે, પણ તેમાં ઘણાને તો તત્ત્વની વ્યવહારશ્રદ્ધાય સરખી હોતી નથી, તેમને મિથ્યાત્વના રસમાં ખરી મંદતા થતી નથી, તેમજ કષાયની મંદતા પણ અમુક હદથી વિશેષ આગળ જતી નથી એટલે ઉપલા સ્વર્ગોમાં કે ગ્રૈવેયકમાં જાય એવી મંદતા તેને હોતી નથી. જે જીવ પર્યાયની સ્વતંત્રતા જાણે છે તે જીવને કષાયની મંદતા તો હોય જ છે, છતાં તેટલાથી મોક્ષમાર્ગ થઈ જતો નથી. જ્યારે જ્ઞાનના ઉપયોગને અંતરમાં વાળીને, સ્વથી પરિપૂર્ણ ને વિભાવોથી શૂન્ય એવા પોતાના સ્વભાવને અનુભવમાં લ્યે ત્યારે સમ્યગ્દર્શન પ્રગટે છે ને મોક્ષમાર્ગ ઊઘડે છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે કોઈની શરમ રાખતું નથી. વસ્તુનું સ્વરૂપ એવું નથી કે શુભપરિણામ વડે સાધી શકાય.

પ્રથમ ગુણસ્થાનવર્તી જે સાચા દ્રવ્યલિંગી મુનિ છે તે પર્યાયને તો સ્વતંત્ર માને છે પણ પર્યાયબુદ્ધિ છોડતા નથી ને શુદ્ધસ્વભાવનો આશ્રય કરતા નથી, તેથી તેને મિથ્યાત્વ રહે છે. તેમણે શાસ્ત્ર અનુસાર જાણપણું તો કર્યું પણ સ્વમાં આવતા નથી, તેથી સમ્યક્ત્વ થતું નથી. પરલક્ષે પર્યાયની સ્વતંત્રતા માને છે પણ ખરેખર મારા સ્વભાવમાં રાગાદિ પણ નથી—એવી અનુભૂતિવાળી શ્રદ્ધા વગર સાચી શ્રદ્ધા કહેવાય નહિ. ‘કર્મો વિકાર કરાવે અથવા તો નિમિત્તને આધીન થઈને વિકાર કરવો પડે’ ઈત્યાદિ પ્રકારે જેણે પર્યાયને પરાધીન માની તેણે આત્માને પરાધીન માન્યો અને ઉપાદાન-નિમિત્તને એકમેક માન્યા. અને નિમિત્તને લીધે પર્યાય ન માને, સ્વતંત્ર છે એમ માને, પણ પર્યાયમાં જે વિકાર થાય તેને જ સ્વરૂપ માનીને તેમાં અટકે અથવા અંદરના વિકલ્પોમાં જ જ્ઞાનને રોકી રાખે ત્યાં સુધી સમ્યગ્દર્શન થાય નહિ. સમ્યગ્દર્શનની તૈયારીવાળા જીવની કષાયની મંદતા તથા વૈરાગ્યપરિણતિ કોઈ જુદી જાતની હોય છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ત્રિકાળી ચૈતન્યસ્વભાવ શુદ્ધ-પરિપૂર્ણ છે, તે વિકારી અંશ જેટલો નથી, સર્વ વિભાવરહિત ચૈતન્યસ્વભાવને અનુભૂતિમાં લઈને તેની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે, તેમાં અપૂર્વ પુરુષાર્થ છે ને તેનાથી જ મોક્ષમાર્ગનું ઉદ્‌ઘાટન થાય છે. મંદકષાયના પરિણામ તે કાંઈ અપૂર્વ નથી, તે તો અનંતવાર જીવે કરેલ છે, એટલે એ તો શીખવ્યા વગર જીવને આવડે છે, એમાં કાંઈ નવું નથી. પરંતુ જીવે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનો સાચો પ્રયત્ન કદી કર્યો નથી, તેથી તે જ અપૂર્વ છે અને એ જ કલ્યાણનું મૂળ કારણ છે.

**—આવું સમ્યગ્દર્શન કેમ થાય તે અહીં પૂ. ગુરુદેવે સમજાવ્યું છે, તે સમજીને હે સાધર્મીબંધુઓ! તમે સતત ઉદ્યમ વડે સમ્યક્ત્વ પામો.**

**સમ્યક્ત્વદાતા સમ્યક્ત્વધારક સન્તોને નમસ્કાર**

શું પ્રભુ ચરણ કને ધરું? આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250